ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર

પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ



અર્હ નમઃ

આત્મ-કમલ-વીર-દાન-પ્રેમ-રામચન્દ્ર-રવિચન્દ્રસૂરિસદ્ગુરુભ્યો નમઃ

જૈનં જયતિ શાસનમ્

ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર

(પ્રતિક્રમણનાં સૂત્રોમાંના જોડાક્ષરોવાળા કઠણ શબ્દોના સરળતાથી શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેનું માર્ગદર્શન કરાવતું અજોડ પ્રકાશન)

: લેખક :

પરમશાસનપ્રભાવક વ્યાખ્યાનવાચસ્પતિ ગચ્છાધિપતિ

સ્વ.પ.પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય રામચન્દ્રસૂરીશ્વરજી મહારાજાના

પટ્ટપ્રભાવક સમાધિનિષ્ઠ નીડરવક્તા સ્વ.પ.પૂ. આચાર્યદેવ

શ્રીમદ્ વિજય રવિચન્દ્રસૂરીશ્વરજી મહારાજના શિષ્યરત્ન

પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ

: પ્રકાશક :

જયપાલ મણિલાલ સંઘવી

C/o., અલકા ટ્રેડર્સ

૧૫૫૪, કાળુપુર રોડ,

મનસુખભાઈની પોળના નાકે,

અમદાવાદ-૩૮૦ ૦૦૧

આ પુસ્તક બુકસેલરોના વેચાણ માટે નથી.

મૂલ્ય : રૂ. ૬૦=૦૦

પ્રથમ આવૃત્તિ

નકલ : ૧૦૦૦

વીર સંવત ૨૫૩૩, વિક્રમ સંવત ૨૦૬૩, ઈ.સ. ૨૦૦૭

❉

: પ્રાપ્તિસ્થાન :

અલકા ટ્રેડર્સ

૧૫૫૪, કાળુપુર રોડ, જ્ઞાનમંદિર પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧

ફોન : ૨૨૧૩૧૬૧૩ (O), ૨૬૬૦૨૯૫૬ (R), ૯૩૭૬૧૦૫૬૬૦ (M)

❉

રૂપ્સ એન્ટરપ્રાઈઝ

શાંતિનાથ ઍસ્ટેટ, પહેલો માળ,
શેખનો પાડો, ઝવેરીવાડ સામે,
રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૩૦૩૪૪ (O)

વિસ્મિતભાઈ એમ. ખરીદિયા

વિસ્મિત ઇલેક્ટ્રીકલ્સ, ૮, સહજાનંદ કોમ્પ્લેક્સ,
માધવબાગ સામે, પાંચકુવા, અમદાવાદ-૨
ફોન : ૨૨૧૪૦૩૧૩ (O),
૩૨૯૩૧૬૬૧ (R), ૯૩૨૭૦૦૧૦૨૭ (M)

નિમિષકુમાર મ. કાપડિયા (એડ્વોકેટ)

"ઇન્દ્રાલય", ૫, બાળગાયત્રી સોસાયટી, વિભાગ-૨,
શ્યામલ ચાર રસ્તા પાસે, ૧૩૨ ફૂટ રીંગરોડ, અમદાવાદ-૩૮૦૦૫૧
ફોન : ૨૬૭૬૨૭૬૨, ૨૬૭૫૧૫૪૫, ૯૪૨૬૦૭૮૦૧૩ (M)

: લેસર કંપોઝ :

મનીષ ગજ્જર

૨૦૧, ઘનશ્યામ એવન્યુ, નારાયણનગર રોડ, પાલડી, અમદાવાદ-૭ ફોન : ૯૮૨૫૭૨૩૫૨૦

❉

: મુદ્રક :

સાબર પ્રિન્ટર્સ

૧૭, સિમંધર એસ્ટેટ, રુસ્તમ મિલની સામે, દૂધેશ્વર રોડ, અમદાવાદ-૪ ફોન : ૨૫૬૨૨૫૯૬

પ્રકાશકીય

પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજ દ્વારા લખાયેલું **'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર'** નામનું આ અગત્યનું અને અજોડ પુસ્તક શ્રી સંઘ સમક્ષ રજૂ કરતાં અમે અનહદ આનંદ અનુભવીએ છીએ.

આ પુસ્તકનું લખાણ તૈયાર કરવા પાછળ પૂજ્યશ્રીએ ઉઠાવેલા પરિશ્રમનો ખ્યાલ વિહંગાવલોકન કરનારને પણ આવશે.

આ પુસ્તકનો ઝીણવટભર્યો અભ્યાસ કરવા-કરાવવા દ્વારા ધાર્મિક શિક્ષકો, પાઠશાળાનાં બાલક-બાલિકાઓ અને શ્રાવક-શ્રાવિકાઓ ધાર્મિક સૂત્રો શુદ્ધ ઉચ્ચારપૂર્વક શીખવા-શીખવવા વડે તેમજ અતિચારમાં જણાવ્યા મુજબ સૂત્રની, અર્થની અને સૂત્રાર્થ ઉભયની અશુદ્ધિ ટાળવાનો પ્રયત્ન કરીને પોતાના જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા કરવા સાથે, સૂત્રોના અશુદ્ધ ઉચ્ચાર કરવાથી થતાં સ્વ-પરના જ્ઞાનાવરણીય કર્મના બંધને અટકાવી શીઘ્ર આત્મશ્રેય સાધે એ જ શુભાભિલાષા.

અશુદ્ધિ ટાળીને શુદ્ધિનો આગ્રહ રાખવારૂપ જ્ઞાનાચારના આરાધન માટે આ પુસ્તકને અત્યુપયોગી જ નહિ, અનિવાર્ય ગણવું જોઈએ એવો અનુરોધ કરીએ છીએ.

— **પ્રકાશક**

અસભ્યતા ટાળીએ, જ્ઞાનનો આદર કરીએ અને જ્ઞાનની આશાતનાથી બચવાનો પ્રયત્ન કરીએ.

પુસ્તકનાં પાનાં ફેરવવા માટે આંગળીને થૂંકવાળી કરાય નહિ. પવિત્ર જ્ઞાનને (પુસ્તકને) અપવિત્ર એવું થૂંક લગાડાય નહિ. આંગળીને થૂંકવાળી કરીને પુસ્તકનાં પાનાં ફેરવવાં એ અસભ્ય અને ગંદી-ગોબરી ટેવ છે. આ ગંદી ટેવ દેખાદેખીથી પડે છે. થૂંકવાળી આંગળી કરીને પુસ્તકનાં પાનાં ફેરવવાથી પૂજનીય જ્ઞાનની આશાતના થાય છે. આપણે આત્મહિતકર જ્ઞાનનો આદર કરીએ, આશાતના ટાળીએ, જ્ઞાનાવરણીય કર્મના બંધથી બચીએ અને આત્મહિત સાધીએ !

લેખકનું વક્તવ્ય

વૃક્ષની ફળફૂલ આદિ સંપત્તિનું ખરું કારણ જાણવા તેના મૂળ સુધી નજર દોડાવવી પડે છે; તેવી જ રીતે આ પુસ્તકમાં બતાવેલી ઉચ્ચારણશુદ્ધિની કળાનું મૂળ શોધવા માટે પણ મારે મારા ભૂતકાળ તરફ નજર દોડાવવી પડે તેમ છે.

ભૂતકાળ તરફ ડોકિયું કરતાં **સ્વ.પ.પૂ. પંન્યાસપ્રવરશ્રી કાન્તિવિજયજી ગણિવર**નો ઉપકાર યાદ આવ્યા વિના રહેતો નથી. મારા પરમ પુણ્યોદયે દીક્ષા લીધા પછી તરત જ મને તેઓશ્રીની પાવન નિશ્રામાં ત્રણેક વર્ષ જેટલો સમય રહેવાની તક મળી હતી. તેઓશ્રી ઉચ્ચારણશુદ્ધિના ખાસ આગ્રહી હતા, તેથી નવદીક્ષિત સાધુને સૌપ્રથમ સૂત્રો શુદ્ધ કરી લેવાની પ્રેરણા અવશ્ય કરતા, તે અંગેનું માર્ગદર્શન આપતા અને એમાં સહાય પણ કરતા.

પ્રતિક્રમણ ભણાવતી વખતે સૂત્રોમાં મારી કેટલીક ભૂલો અને અશુદ્ધિઓ જોઈને તેઓશ્રીએ તે તરફ મારું ધ્યાન દોરી ભૂલો સુધારી લેવાની અને ઉચ્ચારણશુદ્ધિ કરી લેવાની મને પ્રેરણા કરી હતી, પરંતુ ત્યાં સુધી તો હું એમ જ માનતો હતો કે સૂત્રોમાં મારી કોઈ ભૂલ નથી અને મારાં ઉચ્ચારણ પણ શુદ્ધ જ છે, કારણ કે સંસારીપણામાં સાથે પ્રતિક્રમણ કરનારા શ્રાવકો પણ એમ જ કહેતા કે તમારાં સૂત્રો બહુ શુદ્ધ છે, ઉચ્ચારણ પણ સ્પષ્ટ છે, પણ મારાં સૂત્રો ક્યાંક ક્યાંક ભૂલવાળાં છે અને ઉચ્ચારણ પણ અશુદ્ધ છે, એવું તો તે વખતે મને પ્રથમ વાર જ જાણવા મળ્યું. મેં ખુશ થઈને તરત જ તેઓશ્રીની પ્રેરણા ઝીલી લીધી અને તેઓશ્રીની પાસે ભૂલો સુધારવાની તેમ જ શુદ્ધ ઉચ્ચારણકળા શીખવાની શરૂઆત કરી દીધી. તેઓશ્રીએ મને શુદ્ધ ઉચ્ચારણપૂર્વક નવકારમન્ત્ર સંભળાવ્યો. તેઓશ્રીના પવિત્ર મુખેથી શુદ્ધ ઉચ્ચારણપૂર્વક નવકારમંત્રનું શ્રવણ કરવાથી મારાં જ્ઞાનાવરણીય કર્મનાં ગાઢ આવરણ કાંઈક આછાં થયાં, ક્ષયોપશમ ખીલ્યો અને તેઓશ્રીની કૃપાથી મને જોડાક્ષરોનાં શુદ્ધ ઉચ્ચારણ કરવાની કળા પ્રાપ્ત થઈ. પછી મેં સ્વયં બધાં સૂત્રોની મારી ભૂલોનું અને ઉચ્ચારણની અશુદ્ધિઓનું નિવારણ કરી, એક પણ ભૂલ વગર ખૂબ જ શુદ્ધિપૂર્વક બધાં સૂત્રો તેઓશ્રીને સંભળાવી દીધાં. એટલું જ નહિ, શુદ્ધ કરેલાં એ સૂત્રોને પ્રયત્નપૂર્વક હૃદયમાં સારી રીતે ધારણ પણ કરી રાખ્યાં, તેથી તેઓશ્રીનું ચિત્ત અત્યન્ત પ્રસન્ન થયું. એક પણ ભૂલ વિના શુદ્ધ ઉચ્ચારણપૂર્વક પ્રતિક્રમણ ભણાવવાથી મારા ઉપર તેઓશ્રીની કૃપા દિન-પ્રતિદિન વધતી જ રહી. એના ફળ તરીકે મારો

ક્ષયોપશમ રોજરોજ ખીલતો જ રહ્યો અને ઉચ્ચારણશુદ્ધિના વિષયમાં મને જાતજાતની સ્ફુરણાઓ પણ થવા લાગી. તે બધી સ્ફુરણાઓ આજે આ પુસ્તકરૂપે પ્રગટ થઈ રહી છે.

પાઠશાળામાં ભણવા આવતાં બાળકો સારી રીતે ભણી-ગણીને તૈયાર થાય, જિનશાસનનું ઊંડું તત્ત્વજ્ઞાન મેળવે, એના દ્વારા સ્વપર કલ્યાણ કરે અને જિનશાસનને દીપાવે એવું આપણે સૌ ઇચ્છીએ છીએ.

અહો ! પણ ઈચ્છાદેવી એકલી શું કરે ? પ્રયત્ન વિના તો એ પાંગળી છે. એટલે આપણી જે જાતની ઈચ્છા હોય એને અનુરૂપ આપણો પ્રયત્ન પણ હોવો જોઈએ. તો જ ઈષ્ટ ફળની સિદ્ધિ થાય ને અંતિમ મંજિલ સુધી પહોંચી શકાય. ઈચ્છા અને પ્રયત્ન એ બે સિદ્ધિનાં સોપાન છે.

આપણી ઈચ્છા તો ભવ્ય છે, પણ આપણો પ્રયત્ન પાંગળો છે. બાળકો જ્ઞાની બની જિનશાસનને દીપાવનારાં બને તે માટે તન-મન-ધનનો જે ભોગ આપવો જોઈએ, તે ભોગ આપવા માટેનું લક્ષ નહિવત જ હોય છે.

આપણી માતૃભાષા આપણને જન્મથી જ આત્મસાત્ થયેલી હોય છે. એટલે એ શીખવા માટે બાળકોને બહુ મહેનત કરવી પડતી નથી, પણ આપણાં પંચ પ્રતિક્રમણનાં મોટા ભાગનાં સૂત્રો પ્રાકૃત ભાષામાં છે, બહુ થોડાં સૂત્રો સંસ્કૃત ભાષામાં છે. આ સંસ્કૃત-પ્રાકૃત ભાષાના ઘણા જોડાક્ષરોવાળા કેટલાક શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ કરવાનું કામ ક્યારેક પંડિતોને માટે પણ કઠણ થઈ પડતું હોય છે, તો પછી અવિકસિત બુદ્ધિવાળાં બાળકોની શી વાત કરવી ?

આ એક મુશ્કેલી છે. જગતમાં જેમ મુશ્કેલીઓ હોય છે, તેમ એને દૂર કરવાના ઉપાયો પણ હોય છે જ. કઠિન શબ્દોના ઉચ્ચારણની આપણી મુશ્કેલીને દૂર કરવાનો સીધો, સાદો ને સુંદર ઉપાય એ છે કે આપણાં પંચ પ્રતિક્રમણનાં સૂત્રોમાં આવતા **'પાયચ્છિત્ત'**, **'કાઉસ્સગ્ગં'**, **'પચ્ચક્ખામિ'**, **'જવણિજ્જં ચ ભે'**, **'સમ્મદિટ્ઠિ'** જેવા કઠણ ઉચ્ચારણવાળા શબ્દોની એક અલગ યાદી તૈયાર કરવી જોઈએ અને તે બે પ્રતિક્રમણનાં અને પંચ પ્રતિક્રમણનાં સૂત્રોનાં સર્વ પુસ્તકોની પાછળ મોટા અક્ષરે છપાય તે જરૂરી છે. સૂત્રો કંઠસ્થ કરવા સાથે બાળકોની પાસે તે યાદીવાળા શબ્દો પણ શુદ્ધ ઉચ્ચારણ કરવાના માર્ગદર્શન મુજબ અલગ જ ગોખાવવા જોઈએ, જેથી સૂત્રો ગોખવાનું કાર્ય પણ સરળ બની જાય.

ધર્મની બાબતમાં **'એ તો બધું ચાલે', 'ગમે તેવું ગરબડિયું પણ ચાલે'** મનમાં ઘર કરી ગયેલી આવી માન્યતા દ્વારા ઉત્પન્ન થયેલી મનોદશાને કારણે ઘણી વાર મહત્ત્વની બાબતોને પણ સામાન્ય સમજીને તેની ભારોભાર ઉપેક્ષા કરવામાં આવતી હોય છે.

ભાષાની બાબતમાં પણ આપણે ગમે તેમ બોલીએ તોય ચાલે એવી એક માન્યતાને કારણે, ઉચ્ચારણશુદ્ધિની અવગણના કરીને એના પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાતું હોય છે. પોતાના ઉચ્ચારણની ખામીઓ પોતાને ખટકે જ નહિ, પછી એ દૂર થવાનો અવકાશ રહેતો નથી. અશુદ્ધ ઉચ્ચારણ કે લેખન, આપણું પોતાનું હોય કે ભલે પારકું હોય તોપણ આપણને એ આંખમાં પડેલા કણાની જેમ ખૂંચવું જોઈએ, પગમાં વાગેલા કાંટાની જેમ ખટકવું જોઈએ.

આવો ખટકો જેમને હતો એવા શ્રી વૃદ્ધવાદીસૂરિજીએ પોતાના વિદ્વાન શિષ્ય શ્રી સિદ્ધસેન દિવાકરસૂરિજીને ઉદ્દેશીને કહ્યું હતું કે, "મને બીજી કોઈ એવી પીડા નથી કે જેવી પીડા તારા **'बाधते'**ને બદલે **'बाधति'** એવા ખોટા શબ્દ-પ્રયોગની છે."

અશુદ્ધિઓ પ્રત્યેનો આવો ખટકો જો આપણામાં પણ આવી જાય તો ઉચ્ચારણશુદ્ધિ પ્રત્યે આપણું લક્ષ જરૂર વિશેષ પ્રકારે રહ્યા કરે.

પડતા કાળના પ્રભાવે સામાયિક-પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરનારો વર્ગ દિન-પ્રતિદિન કૃશ અને કૃશતર થતો જાય છે. જે એક નાનકડો વર્ગ પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓ કરે છે, તેમાં પણ વિશેષે કરીને વૃદ્ધો જ હોય છે. બાલ અને યુવાન વર્ગ તો નહિવત જ હોય છે. જે વૃદ્ધ શ્રાવકો થોડી-ઘણી ધર્મક્રિયાઓ કરે છે, તેમાંનો પણ મોટો ભાગ એવો છે કે જેમને સૂત્રો, વિધિ વગેરે કાંઈ પણ આવડતું હોતું નથી. જે થોડાક શ્રાવકોને સામાયિક-પ્રતિક્રમણ આદિની વિધિ અને સૂત્રો આવડે છે, તે પણ તેમણે માંડ-માંડ ગોખીને તૈયાર કરેલાં હોય છે અને યાદ પણ મહામુસીબતે રાખેલાં હોય છે. તેમાં ભૂલો અને અશુદ્ધિઓ પાર વગરની હોય છે. જોડાક્ષરોનું જ્ઞાન જોઈએ તેવું હોતું નથી. રેફ-અનુસ્વાર-વિસર્ગ વગેરેની અશુદ્ધિઓ પણ પારાવાર હોય છે, તેથી ઉચ્ચારણ ઘણાં અશુદ્ધ હોય છે. અશુદ્ધ ઉચ્ચારણનો આવો વારસો તેઓ ક્યારેક પરંપરામાંથી મેળવી લેતા હોય છે, તો ક્યારેક એમાં પોતાની બેદરકારી પણ કારણભૂત હોય છે.

આ પુણ્યાત્માઓને સૌપ્રથમ તો પોતાનાં સૂત્રો ઘણી ભૂલોવાળાં અને ઘણાં અશુદ્ધ ઉચ્ચારણવાળાં છે, એ વાત જ સમજમાં આવવી અને ગળે ઊતરવી એ મહાભારત કામ હોય છે. તેમને આ વાત સમજાઈ જાય અને ગળે ઊતરી જાય એ હજી બનવાજોગ છે, પણ તેઓ ભૂલો સુધારવાની મહેનત કરે અને મહેનત કરે તોય ભૂલો સુધારી શકે, ઉચ્ચારણની ખામીઓ દૂર કરી શકે એ વાત તો અશક્યપ્રાય થઈ પડી હોય એમ જણાય છે.

જીવોની યોગ્યતા દિન-પ્રતિદિન ઘટતી જતી હોવાને કારણે ભૂલો બતાવી શકાય એવી પણ પરિસ્થિતિ પ્રાયઃ રહેવા પામી નથી. આથી ઘણી વાર પૂજ્ય મુનિ ભગવંતો અને પાઠશાળાના અધ્યાપક પણ જાણવા છતાંય ભૂલો અને અશુદ્ધિઓની ઉપેક્ષા કરતા હોય છે, તેથી કેટલાકને તો રોજ સામાયિક-પ્રતિક્રમણ આદિ ધર્મક્રિયાઓનાં સૂત્રો બોલવા છતાંય, પોતાનાં સૂત્રોમાં ઘણી ભૂલો છે અને ઉચ્ચારણ પણ ઘણાં અશુદ્ધ છે, એ વાતની વરસો સુધી ખબર જ પડતી નથી.

ઉચ્ચારણની અશુદ્ધિઓનાં કારણ

વિચાર કરતાં ઉચ્ચારણની અશુદ્ધિઓનાં નીચે મુજબ અનેક કારણો જણાયાં છે :

૧. શાળાકીય શિક્ષણનું સ્તર દિન-પ્રતિદિન ઘણું નીચું ઊતરી રહ્યું છે, તેથી મોટા ભાગનાં બાળકો જોડાક્ષરોને સારી રીતે ઓળખી, વાંચી, બોલી કે લખી શકતાં નથી.

૨. મુદ્રણાલયોનાં બીબાં કે મરોડ પણ એવાં હોય છે કે બાળકો **'ઘ-ધ-દ્ય-દ-દ'** આદિ અક્ષરોનો ભેદ પારખી શકતાં નથી.

૩. બે પ્રતિક્રમણ આદિ સૂત્રોનાં પુસ્તકોમાં બિનજરૂરી અવગ્રહ ચિહ્નો (ऽ) મૂકવામાં આવ્યાં હોય છે, જેને બાળકો તો ડગલાનો 'ડ' જ સમજી લેતાં હોય છે.

૪. અડધી ગાથાના અન્તે જે '।' આવી ઊભી લીટી કરાય છે, તે મુદ્રણદોષના કારણે ઘણી વાર અક્ષરની એકદમ નજીક આવી જતી હોય છે, જેને બાળકો **'કાનો'** સમજી લેતાં હોય છે.

૫. કેટલાંક પુસ્તકોમાં કાગળની વધુ પડતી કરકસર કરવા માટે છાપકામ ઘણું ગીચોગીચ કરવામાં આવ્યું હોય છે. અતિચાર જેવાં સૂત્રોમાં ઘણી વાર યોગ્ય રીતે ફકરા પણ પાડવામાં આવ્યા હોતા નથી. બાળકોને આવું ગીચ લખાણ જરાય માફક આવતું નથી. તેમને છૂટું અને મોટા અક્ષરવાળું લખાણ જ માફક આવે છે.

૬. આજકાલ છપાતાં મોટા ભાગનાં પુસ્તકોમાં છાપ(પ્રૂફ)સંશોધન કાળજીપૂર્વક કરવામાં આવતું નથી. **'દ્'** કે **'દ્ર'**ને બદલે **'દ'**, **'દ'**ને બદલે **'દ્ર'** કે **'દ્'**, **'દ્ર'**ને બદલે **'દ્ર'**, **'ધ'**ને બદલે **'ઘ'**, **'દ્ધ'**ને બદલે **'દ્ધ'**, અવગ્રહ ચિહ્નને બદલે **'ડ'** - આમ એકને બદલે બીજા ભળતા જ અક્ષરો છપાયેલા હોય છે, તેમ જ બીજી પણ મુદ્રણ-વિષયક ભૂલો પાર વગરની હોય છે.

૭. સંસ્કૃત-પ્રાકૃત ભાષાના જ્ઞાનનો અભાવ તેમ જ અપૂરતા ભાષાકીય શિક્ષણના કારણે અને અમુક માણસો અમુક અક્ષરોનું સાચું ઉચ્ચારણ કરી શકતા નથી, આવાં કારણસર પણ ઉચ્ચારણો અશુદ્ધ બને છે.

૮. કેટલાક શિક્ષકો સંસ્કૃત-પ્રાકૃત ભાષાના જ્ઞાન વગરના હોય છે, તેથી તેમનાં પોતાનાં ઉચ્ચારણો જ અશુદ્ધ હોય છે. તેઓ બાળકોને અશુદ્ધ પાઠ આપે છે અને અશુદ્ધ પાઠ લે છે. આથી અશુદ્ધ ઉચ્ચારણોની પરંપરા ચાલતી રહે છે.

૯. બાળકો સૂત્રો ગોખતાં હોય ત્યારે તેઓ ખોટું ન ગોખે એનું ધ્યાન રાખવું જોઈએ, તે કાં તો રાખી શકાતું નથી કે રાખવામાં આવતું નથી. આમ ખોટું ગોખવાથી પણ ઉચ્ચારણો અશુદ્ધ બને છે.

આમ અનેક કારણસર ભણનારનાં મુખમાં શરૂઆતથી જ ઉચ્ચારણની ખામી રહી જવા પામે છે, જે જીવનપર્યંત રહે છે અને પરંપરામાં પણ વહેતી રહે છે.

જો બે પ્રતિક્રમણનાં અને પંચ પ્રતિક્રમણનાં સૂત્રોનાં પુસ્તક, તેમાં પદો, ગાથાઓ, ફકરા વગેરેની વ્યવસ્થિત ગોઠવણવાળાં, સૂત્રપાઠોના ભેદરહિત એટલે કે સર્વત્ર એકસરખા સૂત્રપાઠવાળાં, **'ઘ-ધ-દ્ઘ-દ્ર-દ'** આદિ અક્ષરોના ભેદ સહેલાઈથી જાણી શકાય એવાં સારા મુદ્રણવાળાં, સુસ્પષ્ટ અક્ષરોવાળાં,

સારી બાંધણી(બાઈન્ડિંગ)વાળાં ને ઊડીને આંખે વળગે એવાં આકર્ષક પ્રગટ થતાં રહે તેમ જ પાઠશાળાના અધ્યાપકો પણ શુદ્ધ ઉચ્ચારણનું જ્ઞાન ધરાવનારા બને તો ઉચ્ચારણ-દોષનું નિવારણ શક્ય બને ખરું.

જ્ઞાનપંચમી, મૌન એકાદશી, સંવત્સરી જેવાં મોટાં પર્વોના દિવસોમાં પ્રતિક્રમણ ઘણું શાંતિથી અને સારી રીતે થવું જોઈએ, પરંતુ પ્રાયઃ એ મોટાં પર્વોના દિવસોમાં જ પ્રતિક્રમણની સભામાં ગરબડ, ઘોંઘાટ ને ટીખળ થતાં જોવાય છે, એનાં કારણો અનેક છે. એમાંનું એક કારણ સૂત્રો બોલનારની ખામી પણ હોઈ શકે છે. સૂત્રો બોલવાનો આદેશ લેનારા ભાવિકો સૂત્રો બધાને સંભળાય એવા મોટા અવાજે ને શુદ્ધ ઉચ્ચારણપૂર્વક મધુરપણે બોલતા હોય તો કોઈ પણ જાતની ગરબડ કર્યા વિના આખી સભા શાંતિથી તે સાંભળે અને બોલનાર-સાંભળનાર સૌનાં હૃદયમાં સારા ભાવ પણ જાગે.

આવશ્યક ક્રિયાઓ જો સૂત્ર ને અર્થના શુદ્ધ આલંબનપૂર્વક કરાય તો તેનાથી અપૂર્વ કર્મનિર્જરા થાય. સૂત્રોના અર્થને નહિ જાણનાર પણ જો શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલે તો તે પણ નિઃશંકપણે અપૂર્વ કર્મનિર્જરાના હેતુભૂત થાય.

આ પુસ્તકની અંદર ઉચ્ચારણશુદ્ધિ અંગે શક્ય તેટલું માર્ગદર્શન આપવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

આ પુસ્તકનો લાભ ઉઠાવનાર વર્ગ ઘણો થોડો જ રહેવાનો. ૧૫-૧૬ વર્ષની વયના કુમારો ને નવયુવાનો તો હવે પાઠશાળામાં લગભગ જોવા મળતા જ નથી. પાઠશાળામાં ભણવા આવતાં બાળકો ઘણાં નાનાં હોય છે. એમને તો આ પુસ્તક સીધે સીધું ઉપયોગી થવાનો સંભવ જ નથી, કારણ કે આ પુસ્તકમાં લખેલી ઉચ્ચારણ-શુદ્ધિ અંગેની વાતો તેઓ સમજી શકે તેમ નથી. એટલે મોટે ભાગે તો પાઠશાળાના અધ્યાપકો જ આનો લાભ ઉઠાવી શકે તેમ છે, પણ બધા જ અધ્યાપક આનો લાભ ઉઠાવે એય બનવાજોગ નથી. આ પુસ્તકનો લાભ ઉઠાવનાર અધ્યાપક પણ ઘણા થોડા જ રહેવાના.

ઘણા થોડા પુણ્યાત્માઓને પણ આ પુસ્તક પોતાની ભૂલો અને ઉચ્ચારણ-દોષ દૂર કરવામાં ને શુદ્ધ ઉચ્ચારણ કરવામાં સહાયક બનશે, તોપણ મારો આ પ્રયત્ન નિઃશંક ફળદાયી બનેલો ગણાશે.

આ પુસ્તકનું લખાણ તૈયાર કરવામાં મને **પૂ.આ.ભા.શ્રી જગચ્ચંદ્રસૂરીશ્વરજી** મહારાજ, પૂ.આ.ભ.શ્રી **પૂર્ણચન્દ્રસૂરીશ્વરજી મહારાજ**, પૂ. આ.ભ.શ્રી **પ્રદ્યુમ્નસૂરીશ્વરજી મહારાજ**, આ.શ્રી **જયસુંદરસૂરિજી** તેમજ શ્રી **કે. કા. શાસ્ત્રી, ડૉ. નારાયણ કંસારા, ડૉ. ભારતી મોદી, પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય**, આદિનું સુંદર માર્ગદર્શન મળ્યું છે. તેઓશ્રી અત્યન્ત પ્રવૃત્તિશીલ હોવા છતાં આ પુસ્તક સંબંધી સર્વ કાર્યોમાં સંપૂર્ણ સહકાર આપતા રહ્યા છે.

અંતે વિનમ્રભાવે જણાવવાનું કે આ વિષયમાં આ પ્રાથમિક કહી શકાય એવો પ્રયાસ હોવાથી એમાં અનેક ત્રુટિઓ હોવાનો સંભવ છે. સહૃદયી અધ્યાપકો એ જણાવશે તો એનું નિવારણ કરવાનો પ્રયત્ન કરવામાં આવશે. મિત્રભાવે બતાવેલી ભૂલો તો મીઠી જ લાગે ! ભૂલો જાણવામાં આવે તો જ એનું નિવારણ થઈ શકે.

વળી વિદ્વાન કૃપાળુ મુનિગણને સાંજલિ પ્રાર્થના છે કે તેઓ આ પુસ્તકમાં રહી જવા પામેલી ક્ષતિઓ અવશ્ય જણાવે. સજ્જનોને આવી અભ્યર્થનાની જરૂર ખરી ?

વિ.સં. ૨૦૬૩, અક્ષયતૃતીયા — **હિતવિજય**
દાનસૂરિ-જ્ઞાનમંદિર, કાળુપુર,
અમદાવાદ - ૩૮૦૦૦૧

સ્વ.પૂ.પં.શ્રી કાન્તિવિજયજી ગણિવરને સાદર સમર્પણ !

પરમોપકારી પૂજ્યવર !

માગવાથી તો સૌ આપે. વગર માગ્યે તો કોઈક જ આપે. આપશ્રીએ કૃપા વરસાવીને વગર માગ્યે, સામેથી બોલાવીને આપશ્રીની ઉચ્ચારણશુદ્ધિકળા મને આપી. આપશ્રીની કળાનું એ અણમોલ રત્ન સદ્‌ભાગ્યે મારા વડે સચવાયું. આપશ્રીનું એ જ અણમોલ રત્ન આજે આ પુસ્તકરૂપી પેટીમાં મૂકીને એ રત્નપેટીને સંઘ સમક્ષ ખુલ્લી મૂકતાં પહેલાં આપશ્રીના જ કરકમલમાં સાદર સમર્પણ કરી કૃતાર્થતા અનુભવું છું.

આપશ્રીનું જ હતું ! આપશ્રીને જ અર્પણ કરું છું ! આપશ્રીના પુણ્યપ્રભાવે સૌને મળો !

હિતવિજય

શિક્ષકે પણ શીખીને શીખવવું પડે એવું પ્રકાશન !

આજથી થોડાં વરસ પહેલાં આપણી પાઠશાળાઓનાં શિરે બાળકોને માત્ર ધાર્મિક સૂત્રો કંઠસ્થ કરાવવાની એક જ મુખ્ય જવાબદારી હતી, કેમ કે ત્યારે નિશાળોમાં અપાતું વ્યાવહારિક શિક્ષણ આજના જેટલું કથળેલું નહોતું. એ કાળમાં બાળકોને નિશાળોમાંથી ભાષાકીય શુદ્ધ લેખન-ઉચ્ચારણ-વિષયક સારું એવું શિક્ષણ મળી રહેતું. હ્રસ્વ-દીર્ઘ સ્વરો, વ્યંજનો અને જોડાક્ષરો અંગેની જાણકારી પણ એ કાળમાં ઘણી સારી રીતે અપાતી. એથી પાઠશાળામાં ભણવા આવતાં આપણાં બાળકો સહેલાઈથી જોડાક્ષરવાળા શબ્દોના શુદ્ધ ઉચ્ચારણપૂર્વક ધાર્મિક સૂત્રો કંઠસ્થ કરી લેતાં, પરંતુ ધીમે ધીમે શિક્ષણનું સ્તર એટલું બધું નીચે ઊતરી ગયું કે મોટી ઉંમરના વિદ્યાર્થીઓ પણ **'ઘ-ધ'** જેવા અક્ષરોના ભેદ પારખી શકે નહિ અને જોડાક્ષરોને પણ સારી રીતે લખી-વાંચી શકે નહિ. જોડાક્ષરવાળા શબ્દોનું શુદ્ધ ઉચ્ચારણ એમને માટે ઘણું મુશ્કેલ બન્યું. પરિણામે મોટા ભાગનાં બાળકોનાં ધાર્મિક સૂત્રો ઘણાં અશુદ્ધ ઉચ્ચારણવાળાં બન્યાં. તેથી ધાર્મિક સૂત્રોનો પાઠ આપતાં પહેલાં એમને કેટલાક અક્ષરો અને જોડાક્ષરો પાઠશાળામાં જ સારી રીતે સમજાવવા પડે એવી પરિસ્થિતિનું નિર્માણ થયું. એ કારણથી પાઠશાળાના શિક્ષકો પોતે પણ અક્ષર-જોડાક્ષરોને સારી રીતે ઓળખી શકે તેમ જ બાળકોને પણ ઓળખાવી શકે, તેમજ જોડાક્ષરવાળા શબ્દોના શુદ્ધ ઉચ્ચારણની કળા શીખી લઈને બાળકોને પણ એ કળા શીખવી શકે એવા એક પુસ્તકની જરૂરિયાત ઊભી થઈ.

આ વાતને લક્ષમાં લઈ **મુનિશ્રી હિતવિજયજી**એ ઘણી મહેનતે સુંદર રીતે તૈયાર કરેલું **'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર'** નામનું આ પ્રકાશન ખૂબ જ મહત્ત્વનું બની રહે છે, કેમ કે આમાં મહત્ત્વના અક્ષર અને જોડાક્ષરોની સરળ શૈલીમાં સમજ આપવા સાથે શુદ્ધ ઉચ્ચારણની સુંદર કળા પણ બતાવવામાં આવી છે. શુદ્ધ ઉચ્ચારણના વિષયમાં **મુનિશ્રી હિતવિજયજી**ની વિદ્વત્તા ગુજરાતભરમાં વિખ્યાત છે. થોડા સમય પૂર્વે જ એમના સંયોજન-લેખન તળે પ્રગટ થયેલાં **'જોડાક્ષર-વિચાર', 'સંયુક્ત વ્યંજનો', 'ગુજરાતી લિપિ'** નામનાં મૂલ્યવાન પ્રકાશનોને અજૈન વિદ્વાનો દ્વારા પણ જે અંતરનો આવકાર મળ્યો છે, એ પણ મુનિશ્રીની વિદ્વત્તા અને વિખ્યાતિની ઝાંખી કરાવનારો છે.

વ્યાવહારિક શિક્ષણની વાત તો બાજુ પર રહી, પરંતુ આજના આપણા પાઠશાળાના શિક્ષણની દશા પણ કાંઈ ઓછી શોચનીય નથી ! એની શોચનીયતાના થોડા પ્રકારો વિચારી લઈએ :

બાળકોને શિક્ષણ અને સંસ્કાર આપવાની જવાબદારી વાલીઓની પોતાની જ છે. આમ છતાં આજે તો એ વાત જ સાવ ભુલાઈ ગઈ છે. એથી એ જવાબદારી સંઘે ઉઠાવી લીધી હોવા છતાં એમાં આર્થિક સહયોગ આપવાની વાત તો એક બાજુ રાખીએ, પરન્તુ પોતાનાં સંતાનોને પાઠશાળામાં નિયમિત ભણવા મોકલવા પૂરતો સહયોગ આપવાની વાત પણ મોટા ભાગના વાલીઓ વીસરી ગયા છે.

પાઠશાળાનું સંચાલન કરવા અંગેનો સંઘસમક્ષ રહેલો આર્થિક પ્રશ્ન પણ નાનો-સૂનો નથી ! અણઉકેલાયેલા આ પ્રશ્નને કારણે સારી રીતે ભણી-ગણીને તૈયાર થયેલા તેમ જ બાળકોનું સર્વાંગીણ ઘડતર કરી શકે અને જેમને લીધે બાળકો હોંશે હોંશે પાઠશાળામાં ભણવા દોડી આવે એવા ઉત્તમ શિક્ષકોને પાઠશાળામાં પ્રવેશ અપાવી શકાતો નથી. શાળાકીય શિક્ષણનો બોજ ને ટી.વી. આદિની મોજથી મુક્ત થઈને જે થોડાં-ઘણાં બાળકો પાઠશાળામાં પ્રવેશે છે, તેમને શુદ્ધ ધર્મશિક્ષણ આપી શકે એવા શિક્ષકોની સંખ્યા પણ સમાજમાં કેટલી ? આવી શોચનીય સ્થિતિ પર ઊંડાણથી વિચારીએ તો બીજા પણ અનેક પ્રકારો આમાં ઉમેરી શકાય.

આ બધી પરિસ્થિતિને નજર સમક્ષ રાખીને **મુનિશ્રી હિતવિજયજીએ 'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર'**નું શાબ્દિક ઘડતર કર્યું છે. એથી આ પ્રકાશન શિક્ષકની સાથે સાથે શિક્ષણની અને શિક્ષણની સાથે સાથે નિઃશંકપણે શિક્ષકની ગરજ સારનારું બની રહેશે. બાળકો માટેનું હોવા છતાં આ એક એવું પ્રકાશન છે કે જેના દ્વારા પ્રથમ તો શિક્ષકે જ શિક્ષણ લેવાનું છે અને પછી જ એ શિક્ષણને બાળકોમાં વિસ્તારવાનું છે.એથી જ શિક્ષકોએ પણ શીખીને શીખવવું પડે, એવા પાયાના એક પ્રકાશન તરીકે **'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર'**ને અવશ્ય બિરદાવી શકાય.

આ પુસ્તક પાઠશાળામાં જ નહિ, ઘર-ઘરમાં ઉપયોગી છે. એના વાચન, મનન, અધ્યયન દ્વારા ઘર-ઘરમાં અને ઘટ-ઘટમાં **'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર'**નો નાદ ગુંજી ઊઠે એ જ શુભાભિલાષા.

– આચાર્ય વિજય પૂર્ણચન્દ્રસૂરિ

પ્રાસ્તાવિક
અતિ આવકાર્ય પ્રયાસ

શ્રી જૈનદર્શનની શ્રેષ્ઠતા

જૈનદર્શન પોતાની મૂળભૂત વિશેષતાઓથી સઘળાંય આસ્તિક દર્શનોમાં આગવું સ્થાન ધરાવે છે. એ જેટલું વિશાળ છે, એટલું જ ગહન અને એટલું જ અણિશુદ્ધ પણ છે.

શ્રી તીર્થંકરદેવોએ ભાખેલા અને શ્રી ગણધર ભગવંતોએ ગૂંથેલા આગમ આ જૈનદર્શનનો પાયો છે. વિશ્વમાં અજોડ કહી શકાય એવું તત્ત્વજ્ઞાન એમાં સમાયેલું છે. વિદ્યાનો કોઈ એવો પ્રકાર નથી કે જેનું નિરૂપણ આ આગમગ્રંથોમાં થયું ન હોય. નિપુણ બુદ્ધિએ સ્થિરતાપૂર્વક એનું અવગાહન કરનાર આત્મા પળેપળે જે વર્ધમાન આત્મિક આનંદનો અનુભવ કરે છે તે ખરેખર, અનિર્વચનીય છે. આ આનંદની સરખામણી જગતના બીજા કોઈ આનંદની સાથે થઈ શકતી નથી. એથી જ આ લોકોત્તર જિનશાસનમાં થઈ ગયેલા વિદ્વાન મહાપુરુષો આ શાસનની ખૂબીઓ જાણી તેના ઉપર સાચે જ આફરીન થઈ ગયા છે. આ શાસનની અપૂર્વતાનો વિચાર કરતાં તેઓનાં મુખમાંથી એકાએક એવા શબ્દ સરી પડે છે કે **"न वीतरागात् परमस्ति दैवतं, न चाप्यनेकान्तमृते नयस्थितिः"** અર્થ : શ્રી વીતરાગ પરમાત્માથી ચડિયાતા બીજા કોઈ દેવ નથી અને અનેકાન્તવાદ સિવાય બીજો કોઈ નયમાર્ગ નથી.

આવું અણમોલ શાસન પ્રાપ્ત કરનાર આત્મા ખરેખર, મહાપુણ્યશાળી છે. ચક્રવર્તીની સાહ્યબી કરતાં પણ જ્ઞાનીઓએ આ શાસનને વધુ મૂલ્યવંતું જણાવ્યું છે.

આવા અણમોલ શાસનને પામ્યા પછી એની પ્રાપ્તિને સાર્થક કરવા શું શું કરવું જોઈએ એ વિચારવું ખૂબ જ જરૂરી છે. પૂજ્ય શ્રી ઉમાસ્વાતિ મહારાજના શબ્દોમાં કહીએ તો, અનાદિ કાળથી આત્માને વળગેલાં કર્મોનો ક્લેશ દૂર થાય એવો પ્રયત્ન કરવો એ જ જિનશાસનથી વાસિત એવા માનવ-ભવની પ્રાપ્તિનો પરમાર્થ છે.

અનાદિકાલીન એ કર્મક્લેશને દૂર કરવા માટે જરૂરી છે આશ્રવના ત્યાગ અને સંવરના સેવનરૂપ વિરતિમાર્ગની આરાધના અને એ વિરતિમાર્ગની સુવિશુદ્ધ આરાધના માટે જરૂરી છે શ્રદ્ધાપૂર્વકનું સાચું જ્ઞાન, શ્રદ્ધાપૂર્વકનું સાચું જ્ઞાન એટલે જ સમ્યગ્ જ્ઞાન. સમ્યગ્ જ્ઞાનના અભ્યાસ માટે જરૂરી છે જ્ઞાનની પરબ સમી પાઠશાળા આદિ સંસ્થાઓ.

આત્મોન્નતિનું પરમ સાધન : સમ્યગ્ જ્ઞાન

'ज्ञानक्रियाभ्यां मोक्षः' એ સુપ્રસિદ્ધ વાક્યમાં મોક્ષનાં સાધનભૂત ગણાતાં જ્ઞાન અને ક્રિયામાંથી જ્ઞાનને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે તે સહેતુક જ છે. જ્ઞાન વગરની એકલી જડરૂપ બનેલી ક્રિયા કર્મનિર્જરા સાધી શકતી નથી. એટલે ક્રિયાને સામર્થ્યવાળી બનાવવા માટે જ્ઞાનની અત્યન્ત આવશ્યકતા છે.

'पढमं नाणं तओ दया' એ પ્રસિદ્ધ સિદ્ધાન્તવાક્ય પણ જ્ઞાનની મુખ્યતા સિદ્ધ કરવા માટે પૂરતું છે.

વિધિપૂર્વક જ્ઞાનાભ્યાસની જરૂર

ગણધર ભગવંતો આદિ દ્વારા રચવામાં આવેલાં આપણાં આવશ્યક સૂત્રો મન્ત્રસ્વરૂપ અને મહાપ્રભાવસંપન્ન છે. એ સૂત્રો આદરપૂર્વક, વિધિપૂર્વક અને ઉચ્ચારણની શુદ્ધિપૂર્વક જ ગ્રહણ કરવાં જોઈએ. સૂત્રોમાંના અક્ષરો યોગ્ય રીતે બોલાય તો તે યથાર્થ ફળદાયી બને છે.

'શ-ષ-સ' આ ત્રણેય અક્ષરો ઉચ્ચારણ અને આકૃતિની દૃષ્ટિએ પણ એકબીજાથી સદંતર ભિન્ન છે. એથી એકના સ્થાને બીજો વપરાઈ જાય છે ત્યારે શબ્દાર્થમાં ઘણો મોટો તફાવત પડી જાય છે. અરે ! શબ્દના માથે એક નાનકડું મીંડું(અનુસ્વાર) પણ જ્યારે આવે છે અને જાય છે ત્યારે અર્થની ઊલટ-પાલટ કરી નાખે છે; જેમ કે, **'अधियउ'** એટલે **'ભણે'** અને **'अंधियउ'** એટલે **'આંધળો થાય'**.

આ કારણથી પ્રતિક્રમણ આદિ ક્રિયા કરતી વખતે સૂત્રોનું ઉચ્ચારણ ખૂબ કાળજી-પૂર્વક કરવું જોઈએ, પણ સૂત્રપાઠ લેવા-આપવામાં અને ગોખવામાં ચીવટના અભાવે ચૈત્યવંદન - ગુરુવંદન - સામાયિક - પ્રતિક્રમણ વગેરે ક્રિયાનાં સૂત્રોમાં ઉચ્ચારણ-શુદ્ધિ બહુ ઓછી જળવાય છે. ઓછી જળવાય છે એટલું જ નહિ, પણ 'એ તો બધું ચાલે, એમાં શું થઈ ગયું ?', 'એવી ઝીણી-ઝીણી ભૂલો તે જોવાતી હશે !' એવું માની-મનાવીને એના પ્રત્યે ભારે દુર્લક્ષ સેવાઈ રહ્યું છે.

જિનશાસનનું આવશ્યક અંગ : પાઠશાળા

શ્રી જિનશાસનનાં સર્વ અંગોના વિકાસના મૂળમાં પાઠશાળા એક ઘણું ઉપયોગી અંગ છે. એમાં કરાવવામાં આવતો અભ્યાસ તેમ જ આપવામાં આવતા ધર્મક્રિયા અને આચારના સુસંસ્કાર માનવજીવનરૂપી ઉત્તમ મહેલને માટે સુદૃઢ પાયાનું કામ કરે છે.

સખેદ કહેવું પડે છે કે વર્તમાનમાં પલટાયેલી શિક્ષણ-પદ્ધતિએ તેમ જ જીવન-પદ્ધતિએ પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવાની આપણી ઉત્તમ પ્રાચીન પ્રણાલિકાને ઘણું મોટું નુકસાન પહોંચાડ્યું છે. સાથે સાથે ધર્મક્રિયાઓ અને આચારોને પણ એટલું જ નુકસાન પહોંચાડ્યું છે.

શાળા-કૉલેજોના અભ્યાસમાં જ મોટા ભાગનો સમય વિતાવતાં બાળકો પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવા માટેનો સમય ફાળવી શકતાં નથી. ધાર્મિક અભ્યાસના અભાવે તેઓ જૈનદર્શનના આત્મહિતકર અમૂલ્ય તત્ત્વજ્ઞાનથી વંચિત રહે છે. એના કારણે વળી પરંપરાગત ચાલ્યા આવતા ધાર્મિક ક્રિયાઓના અને ધાર્મિક આચારોના મહામૂલ્યવાન વારસાને પણ ગુમાવી બેસે છે. એથી જીવન-મરણમાં સમાધિ અને પરલોકમાં સદ્‌ગતિ સાધી શકતાં નથી. અનાચારની ઊંડી ખીણમાં ધકેલાઈ જાય છે. આર્ત્ત-રૌદ્રધ્યાનમાં પડી જાય છે. અસમાધિમાં જીવે છે, અસમાધિમાં મરે છે, દુર્ગતિમાં પડે છે ને દુઃખના દાવાનળમાં હોમાઈ જાય છે. આવું ન બને તે માટે પાઠશાળામાં જઈને ધાર્મિક અભ્યાસ કરવાની વાતને પાયાનો પ્રશ્ન માનીને એ દિશામાં સંગીન પ્રયાસ કરવો એ શ્રમણસંઘના મોવડીઓનું પરમ કર્તવ્ય બની રહે છે. નિષ્ઠાપૂર્વક કરાયેલો પ્રયાસ સફળ બન્યા વગર રહેતો જ નથી.

જૈનધર્મના તાત્ત્વિક અભ્યાસ અને આચારોથી વંચિત રહેનારાં આજનાં બાળકોના હાથમાં આવતી કાલે જ્યારે સંઘનું સુકાન આવશે ત્યારે કેવી પરિસ્થિતિ સર્જાશે એ કલ્પવું મુશ્કેલ છે. આવી પરિસ્થિતિ સર્જાય એ પહેલાં જ સાવધ બનીને ધાર્મિક અભ્યાસના વિષયમાં જોરદાર પ્રયત્ન કરવા જરૂરી છે.

પાઠશાળામાં અભ્યાસ કરતાં બાલક-બાલિકાઓ શુદ્ધિપૂર્વક સૂત્રોનો અભ્યાસ કરે અને એમાં આગળ વધે એ માટે અપૂર્વ ધગશ ધરાવનાર મુનિશ્રી હિતવિજયજીએ કરેલો આ પ્રયાસ અતિ આવશ્યક અને અનુમોદનીય છે. આપણે ત્યાં ઘણા સમયથી ઉચ્ચારણશુદ્ધિ-વિષયક પુસ્તકની ઊણપ હતી, તે આજે આ પુસ્તકના પ્રકાશન દ્વારા દૂર થાય છે.

અધ્યાપકો અને અભ્યાસકો આ પુસ્તકની સહાયથી સૂત્રોનાં ઉચ્ચારણની શુદ્ધિ કેળવી, જ્ઞાનની આરાધના કરી આત્મશ્રેય સાધે એ જ અભ્યર્થના.

પૂ.આ.શ્રી વિજય દેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન
આચાર્ય વિજય હેમચન્દ્રસૂરિ

આજની વાત અને હિતવિજયજી મહારાજ

આપણાં ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેનો વિષય સંઘમાં ઘણા વખતથી ચર્ચાઈ રહ્યો છે અને એને માટેના નાના-મોટા પ્રયત્નો પણ થઈ રહ્યા છે, આમ છતાં પરિણામ સુખદ જણાતું નથી. ખરી વાત એ છે કે ઉચ્ચારશુદ્ધિનો વિષય પ્રથમ નંબરે તો પાઠશાળાના શિક્ષકોએ જ સારી રીતે જાણી - સમજીને શીખી લેવા યોગ્ય છે. શુદ્ધ ઉચ્ચાર શીખીને તૈયાર થયેલા શિક્ષકો શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રપાઠ આપે અને લે તો જ પાઠશાળાનાં બાળકો સૂત્રો શુદ્ધ ઉચ્ચારપૂર્વક શીખી અને બોલી શકે, પરંતુ આમ બનતું નથી એ અત્યંત ખેદ ઉપજાવનારી બાબત છે.

આપણા સંઘમાં હાલમાં તો ખાસ કરીને મુખ્યત્વે **મુનિશ્રી હિતવિજયજી** વરસોથી ઉચ્ચારશુદ્ધિ માટેના પ્રયત્નો કરતા રહ્યા છે, છતાં સંઘમાં એને અંગેની જાગૃતિ જોવા મળતી નથી, એથી 'ગૃહ' (ઘર)ના સ્થાને 'ગ્રહ' (સૂર્યાદિ ૯ ગ્રહ) જેવી અર્થનો ભારે અનર્થ કરનારી અશુદ્ધિઓ પણ ચાલ્યા જ કરે છે અને પરંપરામાં પણ વહેતી જ રહે છે.

પ્રતિક્રમણ આદિ રોજિંદી ધર્મક્રિયાઓ કરનારા કેટલાય પુણ્યાત્માઓનાં સૂત્રો તો અશુદ્ધિઓના ભરપુર ભંડાર સમા હોય છે. બાલવયમાં સૂત્રો એવી રીતે ગોખાયાં હોય કે એમાં અક્ષરો અને શબ્દો ઉપરાંત પદો પણ રહી જાય અને પ્રતિક્રમણ વગેરેની ક્રિયામાં મોટી સભામાં પણ એવી જ રીતે બોલાતાં હોય, છતાં પોતાને એનો લેશમાત્ર રંજ પણ ન હોય, વળી ભૂલ બતાવનાર પ્રત્યે પણ આદરનો અભાવ હોય.

વર્તમાન શ્રીસંઘમાં સૌથી વધુ ઉપેક્ષિત જ્ઞાનક્ષેત્ર જણાય છે. જ્યાં કેવળ ધનની બોલબોલા થતી હોય અને ધનવાનોનાં માન-સન્માન થતાં હોય ત્યાં જ્ઞાન બિનજરૂરી લાગે, પરંતુ શાસન સદા જ્ઞાનીઓથી ઝળહળે છે. જ્ઞાનીઓના અભાવે શાસન ઝાંખું બને અને જોખમમાં મુકાઈ જાય.

જે જૈનશાસનના પાયામાં જ કેવળજ્ઞાનનું ધ્યેય ધરાવતું શ્રુતજ્ઞાન છે અને જે જૈનશાસનની ઈમારતની પહેલી ઈંટ જ જ્ઞાન છે, ત્યાં જ્ઞાનને બદલે ધનનું સામ્રાજ્ય ફાલી-ફૂલી રહ્યું છે.

વર્તમાન સમયમાં પણ જાપાન દેશના કોઈ મોટા ધનકુબેર પાસે જઈને એને કોઈ એક વ્યક્તિનો પરિચય આપતાં એમ કહેવામાં આવે કે 'આ શ્રીમાન ભારતની પોતાની બજારનો રાજા છે.' તો એ કહેશે કે 'ઠીક છે,' પણ વ્યક્તિના પરિચયમાં એને એમ કહેવામાં આવે કે, 'આ શ્રીમાન અમુક

વિષયનું વિશિષ્ટ જ્ઞાન ધરાવનાર છે' તો તે સાંભળીને એ ધનકુબેર પોતાની ખુરસીમાંથી ઊભા થઈ જઈને એને માન-સન્માન આપશે. જાપાનમાં જ્ઞાનનો આવો મહિમા છે. એથી જ જાપાનનો ભૌતિક અભ્યુદય થયાનું મનાય છે. આ જ્ઞાન ભૌતિક છે અને અભ્યુદય પણ આધ્યાત્મિક નથી. આપણે તો જ્ઞાનનો મહિમા સમજવા માટે જ આ વાત વિચારવાની છે.

આપણે જ્ઞાનને અને જ્ઞાનદાતાને મહત્ત્વ આપવાને બદલે ધનને અને ધનવાનોને મહત્ત્વ આપી રહ્યા છીએ, એ આપણા માટે હિતકર બાબત નથી.

સંઘમાં સમ્યગ્જ્ઞાન જ્યારે આવી ઉપેક્ષિત સ્થિતિમાં છે, ત્યારે પણ જ્ઞાન અને એની શુદ્ધિ માટે સદાકાળ - સતત વધતા ઉલ્લાસ સાથે રચ્યા-પચ્યા રહેવું એ કામ તો માત્ર ને માત્ર **મુનિશ્રી હિતવિજયજી** જ કરી શકે.

જ્ઞાનક્ષેત્રની વાતમાં હું અને મુનિશ્રી હિતવિજયજી સમદુઃખિયા છીએ. જ્ઞાનક્ષેત્રના વિકાસની બાબતમાં હું ક્યારેક નિરાશ થઈ જાઉં છું અને સહાયની અપેક્ષા રાખું છું, જ્યારે શ્રી હિતવિજયજી જરાય નિરાશ થયા વિના સતત મંડ્યા જ રહે છે. આત્મહિતકર જ્ઞાનક્ષેત્ર માટે એમણે પોતાનું કામ પૂરી સચ્ચાઈથી કરતા રહીને પોતાના જ્ઞાનાવરણીય કર્મની અપૂર્વ નિર્જરા કરી છે.

હવે આગળનું કામ સંઘમાં શિબિર ચલાવનાર સાધુવર્ગ ઉપાડી લે એ જરૂરી છે. દર ચોમાસે પર્યુષણ પર્યંતની કે ઓળી સુધીની રવિવારીય શિબિરોમાં ઉચ્ચારશુદ્ધિના વિષયને મહત્ત્વનું સ્થાન અપાય તો શ્રી સંઘમાં સૂત્રોચ્ચારશુદ્ધિના પવનનો સંચાર થાય.

અશુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલવાથી જેમ જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, તેમ શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલવાથી જ્ઞાનાવરણીય કર્મની નિર્જરા થવા સાથે ક્ષયોપશમ પણ ખીલે છે. આટલી સમજ આવી જાય તો શ્રી સંઘ સમ્યગ્જ્ઞાનરૂપી સૂર્યના તેજથી ઝળહળી ઊઠે.

મહેસાણાની પાઠશાળાના અધ્યાપકો પણ જો સૂત્રોચ્ચાર શુદ્ધિના વિષયમાં વિશેષ રસ લેતા થઈ જાય તો પણ જરૂર સારું પરિણામ જોવા મળે.

ક્યારેક કોઈક પુણ્યાત્માના મુખેથી મને જ્યારે શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રો સાંભળવા મળે છે ત્યારે મારું મન ખૂબ પ્રસન્નતા અનુભવે છે. મને રોજરોજ શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલાતાં સૂત્રો સાંભળવા મળે અને શુદ્ધ ઉચ્ચાર માટેના મુનિશ્રી હિતવિજયજીના પ્રયત્નો સફળ થાય એવી હાર્દિક ભાવના સાથે વિરમું છું.

— આચાર્ય વિજય પ્રદ્યુમ્નસૂરિ

આમુખ

ચારે વેદોની ઋચાઓનાં ઉચ્ચારણો આજ સુધી પ્રાતિશાખ્યોમાં તેમજ શિક્ષાગ્રંથોમાં બતાવ્યા પ્રમાણે કરવામાં આવે છે. શુદ્ધ ઉચ્ચારણના વિષયમાં જૈન પરંપરામાં આવો કોઈ ગ્રંથ વર્તમાનમાં ઉપલબ્ધ નથી. એ દિશામાં પૂ.મુનિવર્યશ્રીનો આ ગ્રંથ શુદ્ધ ઉચ્ચારણોની દિશા દોરી આપતો હોવાથી ઘણો જ આવકાર્ય અને આદરણીય બની રહેશે. **આટલા ઊંડાણથી તો પ્રાતિશાખ્યો અને શિક્ષાગ્રંથોમાં પણ ચર્ચા-વિચારણા થઈ નથી.**

एकः शब्दः सम्यगुक्तः सम्यक् प्रयुक्तः स्वर्गे लोके च कामधुग् भवति । અર્થાત્ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ અને એનો શુદ્ધ પ્રયોગ હોય તો આ લોકમાં અને મરણ પછી સ્વર્ગમાં મનોવાંછિત આપનાર થાય છે અને एकः शब्दः स्वरतो वर्णतो वा मिथ्या प्रयुक्तो यजमानं हिनस्ति । અર્થાત્ એક શબ્દ સ્વરથી કે વર્ણાક્ષરથી ખોટો પ્રયોજાય તો યજમાનનો (વક્તાનો) નાશ કરે છે.

જીવતી ભાષામાં બે જાતના સ્વરભાર છે : બલાત્મક સ્વરભાર અને ગેયાત્મક સ્વરભાર. આમાંનો પહેલો છે એ સ્વર ઉપર વજન આપતો હોય છે, જ્યારે બીજા ગેયાત્મક સ્વરમાં, સ્વર ઊંચેથી, નીચેથી અને મધ્યમ રીતે બોલાતો હોય છે; જેમ કે, **'ઘેર-ઘેરથી આવ્યાં'** આ વાક્યમાં **'ઘે'** અને **'આવ્યાં'** ઉપર વજન(ભાર) આવે છે. **'કાં કેમ છો ?'** આ વાક્યમાં **'કાં', 'કે'** અને **'છો'** ઉદાત્ત અર્થાત્ ઊંચેથી બોલાય છે. **'હોય હોય એ તો એમ જ ચાલે'** આ વાક્યમાં **'હો'** અને **'એ'** ઉદાત્ત, **'એ'** સ્વરિત અને **'ચાલે'** સ્વરિત (મધ્યમ) છે.

આ ગ્રંથમાં મુનિશ્રીએ પાંચ ખંડ અક્ષરસ્થ કર્યા છે. એમાંના પ્રથમ ખંડમાં **'નવકાર'**થી માંડીને **'લોગસ્સ'** સુધીનાં પ્રતિક્રમણ - સૂત્રોમાંના સંયુક્ત વ્યંજનોવાળા કઠિન શબ્દોનાં શુદ્ધ ઉચ્ચારણો સરળતાથી કેમ કરી શકાય એને અંગેનું માર્ગદર્શન કરાવ્યું છે. જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં ત્યાં વિશેષ નોંધો લખીને પણ વિષયને વધુ સારી રીતે સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તેથી આ પ્રથમ ખંડ સમગ્ર ગ્રંથનાં પ્રાણ સ્વરૂપ બની રહ્યો છે.

આજના યાંત્રિક જમાનામાં લેખકો અને વાચકોને ઊંડાણમાં જવાનો સમય રહ્યો નથી, એવા યુગમાં ચીવટથી કરાવાયેલું માર્ગદર્શન પરમ ઉપકારી બની રહ્યું છે.

પછીના ચાર ખંડોમાં પાંચ પ્રતિક્રમણનાં કેટલાંક મહત્ત્વનાં પ્રાકૃત-સંસ્કૃત સૂત્રોમાંના કઠિન ઉચ્ચારણવાળા શબ્દોનાં સરળતાથી શુદ્ધ ઉચ્ચારણો કરવા અંગેનું માર્ગદર્શન, શુદ્ધ લેખન-ઉચ્ચારણ કરવાની બાબતમાં સંયુક્ત વ્યંજનો (જોડાક્ષરો)નું જ્ઞાન ખૂબ જરૂરી હોવાથી દેવનાગરી-ગુજરાતી લિપિમાં વપરાતા સંયુક્ત વ્યંજનોની મોટી આકૃતિઓ દ્વારા ઓળખ કરાવવા સાથે એના ઉચ્ચારણની તેમ સ્વરૂપની વિસ્તૃત ચર્ચા તથા સરળતાથી શુદ્ધ ઉચ્ચારણો કરવા અંગેની ઉચ્ચારણ પદ્ધતિ, ઉચ્ચારશુદ્ધિ અંગેનાં ભાષાવિશારદોનાં મંતવ્ય, **'વિસર્ગ'**નો વિશુદ્ધ ઉચ્ચાર કરવા અંગે અનેક વિદ્વાનોનાં મૂલ્યવાન મંતવ્યો વગેરે અનેક વિશિષ્ટ બાબતોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

આમ આ ગ્રંથમાં મુનિશ્રીએ સાંપ્રદાયિક સૂત્રોનાં શુદ્ધ ઉચ્ચારણ કરવાના વિષયની ઊંડાણથી વિચારણા રજૂ કરી છે. સમઝવામાં લેશ પણ અવ્યવસ્થા ન સરજાય, એવી રીતે પ્રત્યેક ઉદાહરણ પૂરી સૂક્ષ્મતાથી રજૂ કરી એની ચીવટથી સ્પષ્ટતા કરવાની જહેમત ઉઠાવી છે, તેથી પૂ.મુનિશ્રીનો આ પ્રયત્ન ખૂબ જ આદરપાત્ર બન્યો છે. એને માટે એઓશ્રીને જેટલા ધન્યવાદ આપિયે તેટલા ઓછા છે. (આ પ્રસ્તાવના શાસ્ત્રીજીએ પોતાની ઉંમરના ૧૦૦મા વરસે લખી આપી છે.)

વિ.સં. ૨૦૬૧, (ડૉ.) **કેશવરામ કા. શાસ્ત્રી** (અમદાવાદ)
માઘ વદિ ૧૧, રવિવાર

અભિનંદનીય વિરલ પ્રવૃત્તિ

ધાર્મિક સૂત્રોના ઉચ્ચારણની શુદ્ધતા અંગે ઝીણવટભરી વિચારણા કરીને આરાધકોને ખૂબ ઉપયોગી અને મોક્ષમાર્ગમાં પ્રયાણ કરવાની પ્રવૃત્તિનું એક આવશ્યક સાધન પૂરું પાડનારી ગ્રંથરચના **પૂ.શ્રી હિતવિજયજી મહારાજ સાહેબ** કરી રહ્યા છે. આ સ્વ-પર હિતકર પ્રવૃત્તિમાં એમનું હૃદય ઓતપ્રોત થયેલું છે. આ વિષયના અધ્યયન-અધ્યાપનમાં ઉપયોગી થાય એવાં **'જોડાક્ષર - વિચાર'**, **'સંયુક્ત વ્યંજનો'**, **'ગુજરાતી લિપિ'** આદિ એમનાં પ્રકાશનો એની સાબિતી છે. હવે તેઓશ્રી પોતાની આ સત્પ્રવૃત્તિની કલગી સ્વરૂપ **'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર-વિચાર'** નામનો આ વિશિષ્ટ ગ્રંથ આરાધકોના લાભાર્થે પ્રગટ કરી રહ્યા છે.

પોતાના આ નૂતન ગ્રંથમાં તેઓશ્રીએ શ્રી નમસ્કાર (પંચમંગલ) સૂત્ર, પંચિંદિય (ગુરુસ્થાપના) સૂત્ર, ખમાસમણ (પ્રણિપાત) સૂત્ર, ઈચ્છકાર (સુગુરુ સુખસાતા પૃચ્છા) સૂત્ર, અબ્ભુટ્ઠિઓ (ગુરુખામણા) સૂત્ર, ઈરિયાવહિયં (લઘુ પ્રતિક્રમણ) સૂત્ર, તસ્સ ઉત્તરી (વિશેષ પાપ આલોચન) સૂત્ર, અન્નત્થ (આગાર) સૂત્ર અને લોગસ્સ (નામસ્તવ) સૂત્રમાં આવતા જોડાક્ષરોવાળા કઠિન ઉચ્ચારણવાળા શબ્દોનાં સુવિશુદ્ધ ઉચ્ચારણો સરળતાથી કરવા અંગેનુ સામાન્ય બુદ્ધિવાળા પણ સમજી શકે એવું સરળ છતાં ઝીણવટભર્યું માર્ગદર્શન આપ્યું છે.

આ ઉપરાંત તેઓશ્રીએ આ ગ્રંથમાં પ્રતિક્રમણનાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાનાં કેટલાંક મહત્ત્વનાં સૂત્રોમાં આવતા ઘણા કઠણ ઉચ્ચારણવાળા શબ્દોના સામાન્ય બુદ્ધિવાળા અભ્યાસકો પણ સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ કરી શકે એવો પણ એક મહત્ત્વનો વિભાગ મૂકીને આ ગ્રંથને અતિ સમૃદ્ધ બનાવ્યો છે.

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચારણ માટે **'સંયુક્ત વ્યંજનો'** (જોડાક્ષરો)નો અભ્યાસ કરવો પણ જરૂરી હોવાથી પૂજ્યશ્રીએ પોતાની **'સંયુક્ત વ્યંજનો'** નામની પુસ્તિકાનો મોટો ભાગ તથા ઉચ્ચારશુદ્ધિ અંગેનાં ભાષાવિશારદોનાં મંતવ્યો પણ આ ગ્રંથમાં સામેલ કરીને આ ગ્રંથને પ્રમાણભૂત બનાવ્યો છે.

પૂ. મહારાજશ્રીની આ સ્વ-પર શ્રેયસ્કર પ્રવૃત્તિ ખૂબ જ આવશ્યક, ઉપયોગી અને વિરલ હોવાથી અભિનંદનને પાત્ર છે.

પૂજ્યશ્રીની આ પ્રવૃત્તિનો મોક્ષમાર્ગના પથિકો આદર કરે અને શુદ્ધ ઉચ્ચારણપૂર્વક જૈનધર્મની પ્રતિક્રમણ આદિ મોક્ષસાધક ક્રિયાઓ કરવા દ્વારા કર્મક્ષય કરીને શીઘ્ર આત્મહિત સાધે એવી શુભ મનોકામના !

– ડૉ. નારાયણ કંસારા (અમદાવાદ)
ડાયરેક્ટર : 'આર્ષ', અક્ષરધામ - ગાંધીનગર

૧. પાત્ર વિના વિદ્યા અપાય તે મર્કટને મદિરાપાન કરાવવા સમાન છે.
૨. જીવન જરૂરિયાતનો અતિરેક એટલે દુઃખને ભાવભર્યું નિમંત્રણ છે !

અમૂર્ત શક્તિની અભિવ્યક્તિ કરતું માધ્યમ ભાષા

આત્મામાં ઉત્પન્ન થતા ભાવો અમૂર્ત શકિતરૂપ છે. ભાષા એ અમૂર્ત શક્તિની અભિવ્યક્તિ કરતું એક માધ્યમ છે. વિશ્વપ્રવાસી ચૈતન્યનું વિવિધ આકારવાળું, મૂર્તિમંત, રહસ્યપૂર્ણ અને છબીઘર જેવું અબોલ છતાં સદૈવ બોલતું સ્વરૂપ એટલે જ ભાષા ! શબ્દોથી થઈ શકે એવા વ્યવહારોમાં ભાષા એટલે ઉચ્ચાર જ અતિ મહત્ત્વનો ભાગ ભજવે છે.

લોકોત્તર તત્ત્વવ્યવસ્થા જેમાં શબ્દાર્થ બની છે, એવાં ધાર્મિક સૂત્રોનું ભાષાકીય ઉચ્ચારણ આ દૃષ્ટિએ ખૂબ જ મહત્તા ધરાવતું હોવાથી ભાષાવિષયક સુવિશુદ્ધિને પણ અતિ મહત્ત્વની ગણવી જ જોઈએ. આ સ્વતઃ સિદ્ધ સત્ય છે.

પરમાર્થ-પ્રયોજક આવી ભાષાવિદ્યા કલાસ્પર્શી અંતરંગ બાબત છે. એને બહિરંગ સ્વરૂપ આપીને **પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજે** અકલ્પ્ય કોટિનું નજરાણું પ્રસ્તુત કર્યું છે. ભાષાવિષયક વિદ્યા અને કલાના તલસ્પર્શી વિદ્વાનો અને ધુરંધર સૂત્રધારોની મહત્ત્વની સલાહ સૂચનાઓને સાદર - સાનંદ સમાવિષ્ટ કરતું આ પ્રકાશન ભાષાશુદ્ધિ અંગેના વિચારકો - ચિંતકોને આ વિષયની વિચારણામાં સહચિંતન કરવામાં સહયોગી બનવા પ્રેરે એવું પણ છે.

ત્યાગ-વૈરાગ્યપ્રધાન શ્રમણ-સંસ્કૃતિના જ્યોતિર્ધરોની પરંપરામાં તેજસ્વી નક્ષત્ર જેવી આભા ધરાવતા પૂજ્યશ્રીની વિદ્યોપાસના અને અધ્યાત્મવિદ્યાની કલા અજૈન વિદ્વાનો માટે પણ જાણીતી-માણીતી છે. આજે લગભગ ગતાનુગતિક રીતે થઈ રહેલાં આવશ્યક અનુષ્ઠાનોમાં પ્રાણની પ્રતિષ્ઠા કરવા સમર્થ આ પ્રકાશન-પ્રયાસ સમજણપૂર્વકનું ઉચ્ચારણ કરાવવાની અનુપમ ફલશ્રુતિ જન્માવી શકે એમ છે.

ભાષા અને ભાષાના સંબંધનો સાક્ષાત્કાર કરાવતા આ પ્રકાશનનું મુદ્રણ સદૈવ આત્મચૈતન્યનો રસાસ્વાદ કરાવવાપૂર્વક પુણ્યાનુબંધી પુણ્યનો પ્રકાશ-પ્રકર્ષ પ્રગટાવનાર બની રહેશે એમ નિઃશંક કહી શકાય.

ગુરુમુખેથી ઉચ્ચારણનું શ્રવણ કરવા દ્વારા અધ્યેતા અલ્પ પ્રયત્ને વિદ્યાભ્યાસ કરી શકે એવા ગહન ઉચ્ચારણ વિષયક અતિ મહત્ત્વના આપશ્રીના આ પુસ્તકના પ્રકાશન પ્રસંગે હર્ષ વ્યક્ત કરું છું.

વૃત્તિ-પ્રવૃત્તિનો સુચારુ સમન્વય

યદ્યપિ મુદ્રણ અને ઉચ્ચારણ બંનેનાં ક્ષેત્રો-કાર્યો સર્વથા ભિન્ન છે. મુદ્રણ જડ સ્વરૂપ એટલે લિપિ-અક્ષરાત્મક છે, જ્યારે ઉચ્ચારણ તો જીવંત પ્રાણશક્તિનો દિવ્ય રણકાર છે.

પત્ર વ્યવહારમાં પ્રેષક તરીકે સ્થાન-સંકેતનું પૂર્ણતયા લેખન જેમ આવશ્યક છે, તેમ ઉચ્ચારણ સમયે ઉચ્ચાર્યમાણ ભાષાકીય બંધારણનું સુવ્યવસ્થિત જ્ઞાન-ભાન હોવું અનિવાર્ય રહે છે. એમાં પણ લોકોત્તર ધાર્મિક સૂત્રોનું ઉચ્ચારણ સવિશેષ ધ્યાન આપવા લાયક અને વિશિષ્ટ ઉચ્ચારણ શુદ્ધિ માગી લે છે.

અતિ ગહન આ વિષયમાં સિદ્ધહસ્ત શિલ્પી **પૂ.મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજશ્રીનું** પરિશ્રમ સાથેનું આ મનનીય પ્રદાન એક અનોખી શ્રુતોપાસના-સેવા છે.

કાષ્ઠશિલ્પી ટેબલ બનાવતાં પહેલાં શરૂઆતમાં જેમ એનાં ભિન્ન-ભિન્ન અંગોપાંગોનું અલગ-અલગ સુવ્યવસ્થિત ઘડતર કરીને પછી એને સમુચિત રીતે સંયુક્ત કરી દર્શનીય ટેબલ પ્રસ્તુત કરે છે, તેમ અહીં પણ લેખક મુનિશ્રી દ્વારા ઉચ્ચારણ સમયે સ્વર-વ્યંજનાત્મક સમુદાયને સુવ્યવસ્થિત રીતે સમજાય એવી સરળ શૈલીમાં રજૂ કરી, ઉચ્ચારણની ક્લિષ્ટતાનું નિવારણ કરવાપૂર્વક અત્યંત સરળતાથી સમજણ આપવામાં આવી છે. વિશુદ્ધ ઉચ્ચારણ પ્રણાલીના સિદ્ધહસ્ત અધ્યાપક સમા મુનિશ્રી પરોક્ષ હોવા છતાં જાણે વાચક-શિષ્ય એઓશ્રીની પ્રત્યક્ષ ઉપસ્થિતિ અનુભવી રહ્યો હોય એવી જીવંતતા આમાં અનુભવાય છે. પારદર્શક પરિશ્રમના પ્રભાવે ભાષાવિદ્ મર્મજ્ઞ મહાનુભાવો પણ સાનંદ આશ્ચર્યચક્તિ બની જાય એવી અદ્‌ભુત ગૂંથણી આ પુસ્તકની થવા પામી છે.

પૂજ્યશ્રીનો પ્રયાસ સ્તુત્ય, અનુમોદનીય છે. ખૂબ ખૂબ મહેનત કરીને તૈયાર કરેલું શુદ્ધ ઉચ્ચારણ વિષયક આ ધાર્મિક સૂત્ર સંકલન એક અપૂર્વ પ્રદાન છે. સાંભળતાં અને વાંચતાં જ વાચક કે શ્રોતા ભલે જ્ઞ, અજ્ઞ કે વિજ્ઞ હોય એ સૌને આશ્ચર્યપૂર્વક આનંદ આપી જતું, પૂજ્યશ્રીનું આ કાર્ય ખરેખર ખૂબ ખૂબ ઉપકારક અને ઉપયોગી નીવડશે એમ નિઃશંક કહી શકાય.

— શાસ્ત્રી/પંડિત વ્રજલાલ વાલજી ઉપાધ્યાય

વેદાન્તાચાર્ય : શાંતિભવન જૈન પાઠશાળા (જામનગર)

મનુષ્યની ભાષાના ત્રણ તબક્કા

મનુષ્યની ભાષાના અનુક્રમે બોલવું, વાંચવું અને લખવું - આ ત્રણ તબક્કા છે. ભાષાશુદ્ધિ માટે આ ત્રણેય તબક્કા ઉપરનું પ્રભુત્વ જરૂરી હોય છે. ભાષાના આ ત્રણેય તબક્કા ઉપરનું પ્રભુત્વ સામાન્ય જનો પ્રાપ્ત કરી શકતા નથી, પરંતુ શિક્ષિત જનોએ તો ઓછે-વત્તે અંશે પણ ભાષાના આ ત્રણેય તબક્કા ઉપર પ્રભુત્વ મેળવવું જોઈએ.

પૂ. મુનિશ્રી હિતવિજયજી મહારાજે પોતાનાં **'જોડાક્ષર વિચાર', 'સંયુક્ત વ્યંજનો'** તથા **'ગુજરાતી લિપિ'** આદિ પુસ્તકોમાં લેખન અને ઉચ્ચારણ શુદ્ધિ જાળવવા અંગેની વિગતે વિદ્વત્તાપૂર્ણ સમઝણ આપી છે.

મહારાજશ્રીએ પોતાના આ નૂતન પ્રકાશનમાં ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચારો કરવા અંગેનું સુવ્યવસ્થિત, સુંદર અને સરળ માર્ગદર્શન આપવાનો જે પ્રયત્ન કર્યો છે તે આવકાર્ય અને પ્રશંસનીય છે.

આપણા કોઈ પણ ઉચ્ચાર સ્પષ્ટ હોવા જોઈએ. ધાર્મિક સૂત્રોના ઉચ્ચારો તો વધારે કાળજીથી સુસ્પષ્ટ કરવા જોઈએ.

મહારાજશ્રી છેલ્લાં કેટલાંક વરસોથી ગુજરાતી ભાષાના પ્રતિપાલનું કામ કરી રહ્યા છે. તેઓશ્રી અક્ષમ્ય રીતે ઉપેક્ષિત એવી આપણી ભાષાનું ધ્યાન રાખવાનું કામ એકલે હાથે કરી રહ્યા છે તે માટે આપણો સમાજ ક્યારેક ભવિષ્યમાં પણ એમનું ઋણ સ્વીકારે એમ ઇચ્છું છું. મહારાજશ્રી જેવા ભાષાપ્રેમીઓ આપણી સમક્ષ છે તે આપણી ગુજરાતી પ્રજાનું સદ્ભાગ્ય છે એમ માનું છું.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

(નિવૃત્ત) હેડ, ભાષાવિજ્ઞાન વિભાગ, મ.સ. યુનિવર્સિટી-વડોદરા

૧. ધર્મ માટે મુસીબતોની, પરદુઃખ નિવારણ માટે પૈસાની ને રોગી માટે જાતની પરવા ન કરવી.
૨. પાપ થાય એવું કમાવું, માંદા પડીએ એવું ખાવું ને દેવું થાય એવું ખરચવું નહિ.

અભિનવ શિક્ષાગ્રંથ

વેદોનાં ૬ અંગોમાં **'શિક્ષા'** એક મહત્ત્વનું અંગ છે. **'શિક્ષા'** એટલે સ્વર-વ્યંજનોનાં સાચાં ઉચ્ચારણો શીખવતું શાસ્ત્ર. **'શિક્ષા'** વિનાનું જ્ઞાન પ્રાચીન કાળમાં અધૂરું જ ગણાતું અને આપણા શાસ્ત્રકારોએ અનુભૂતિ કરીને જે મંત્રો લખ્યા એનાં વિશિષ્ટ Vibrations (વાયબ્રેશનો) હોય છે, એટલે એના ઉચ્ચારણમાં ક્ષતિ નિભાવી ન જ લેવાય. આ ઉચ્ચારણશુદ્ધિ સંગીતશાસ્ત્રની પેઠે જ **'કાનનું શિક્ષણ'** છે. છાપખાનાની શોધ થયા પહેલાં શિષ્યો ગુરુમુખેથી ઉચ્ચારણો શીખતા.

પ્રત્યેક પ્રજા પોતાના ધર્મપુસ્તક પ્રત્યે પૂજ્યભાવ ધરાવે છે, એટલે એ પુસ્તકના લખાણના ઉચ્ચારણમાં કશી ક્ષતિ ન આવે તેમજ વ્યાકરણાનુસાર એની શુદ્ધિ જળવાય એની ખૂબ કાળજી રાખે છે. આવી કાળજી રાખવી જ જોઈએ. કારણ કે,

(૧) મંત્રો અને ધાર્મિકસૂત્રો સાથે એના કર્તાની અનુભૂતિનાં ચિરંતન કંપનો જોડાયેલાં હોય છે અને એ કંપનો એના ઉપાસકને સહાય કરતાં હોય છે.

(૨) મંત્રો અને ધર્મસૂત્રો આપણા સંચિત નિધિ સમા છે. એને અકબંધ જાળવવાની આપણી ફરજ છે.

(૩) એ ન જળવાય તો અર્થનો અનર્થ થઈ જવાનો પૂરો સંભવ છે.

(૪) ભાષાશાસ્ત્રની દૃષ્ટિએ પણ એ મંત્ર-સૂત્રોનું તુલનાત્મક અધ્યયન ખૂબ મહત્ત્વ ધરાવે છે.

(૫) મંત્ર-સૂત્રોનાં ઉચ્ચારણ, ઉચ્ચારણ શાસ્ત્ર પ્રમાણે ન થાય તો એનાથી **'વિવક્ષિત અર્થ'** નીકળતો નથી.

(૬) ઉચ્ચારણ-દોષવાળી વાણી વજ્ર પજ્ર થઈને એના યજમાન કે ઉપાસકની હિંસા કરે છે એવી આખ્યાયિકા છે.

(૭) ઉચ્ચારણશુદ્ધિ (શિક્ષા) મંત્રપુરુષનું નાક ગણાય છે. જેમ નાક વિનાનો માનવ શોભે નહિ, તેમ વિશુદ્ધ ઉચ્ચારણ વિના માનવ શોભે નહિ.

પૂર્વે જણાવ્યા પ્રમાણે ઉચ્ચારણ એ કાનનું શિક્ષણ છે, પરંતુ સંગીતમાં જેમ એની સહાયક લિપિ શોધાઈ છે, તેમ ઉચ્ચારણના પણ નિયમો લખાયા છે. ઉચ્ચારણની સ્મૃતિ અને એની જાળવણી માટે ઉચ્ચારણ-નિયમો ખૂબ જરૂરી છે. આપણે ત્યાં પાણિનીય શિક્ષા વગેરે શિક્ષાગ્રંથો હતા, પણ જેમ જેમ ભાષા બદલાતી ગઈ, એનો જેમ જેમ વિકાસ થતો ગયો, તેમ તેમ તદનુરૂપ શિક્ષાગ્રંથોની જરૂર પડતી ગઈ.

મુનિશ્રી હિતવિજયજી મહારાજના 'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર' ગ્રંથને આવો જ એક અભિનવ શિક્ષાગ્રંથ ગણી શકાય તેમ છે.

પૂજ્યશ્રીએ પોતાના આ ગ્રંથમાં ધૈર્યપૂર્વક અથાક પરિશ્રમ લઈને ખૂબ વિચારપૂર્વક નિર્ણયો લીધા છે, ભાષાશાસ્ત્રના અનેક વિદ્વાનોને પૂછ્યું છે અને ગ્રંથોના આધાર પણ લીધા છે. વળી પરંપરાનેય વછોડી નથી. લેખકશ્રીએ ગ્રંથને યથા સંભવ પરિપૂર્ણ બનાવવાનો પ્રશસ્ય પ્રયત્ન કર્યો છે.

આ માટે સર્વ ધર્મપ્રેમીઓ, ભાષાશાસ્ત્રીઓ, અભ્યાસકો અને જિજ્ઞાસુઓ એમના ઋણી રહેશે. તેઓ સર્વે આ અભિનવ ગ્રંથને અવશ્ય આવકારશે.

આવો અમૂલ્ય ગ્રંથ પ્રકાશિત કરવા બદલ હું મુનિશ્રીને સહર્ષ વધાવું છું.

— પં. કેશવલાલ વિ. શાસ્ત્રી (રાજકોટ)

મુખશોભા : વાણીવિશુદ્ધિ

ચંદ્ર જેવા ઉજ્જ્વળ હારો પુરુષને શોભાવતા નથી. સ્નાન, ચંદનાદિકનું વિલેપન અને પુષ્પો તથા અલંકૃત કરેલા કેશ પણ પુરુષને શોભાવતા નથી.

સંસ્કૃતા વાણી એટલે વ્યાકરણ આદિ દોષરહિત વાણી — આવી વાણી જ તેના બોલનાર પુરુષને અલંકૃત કરે છે — શોભાવે છે.

અનુક્રમણિકા

પ્રકરણ — ૧

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

'નવકાર'થી 'લોગસ્સ' સુધીનાં સૂત્રો અને એમાંના
ઘણા જોડાક્ષરોવાળા કઠણ શબ્દોના સરળતાથી
શુદ્ધ ઉચ્ચારણ કરવા અંગેનું માર્ગદર્શન — પૃષ્ઠ ૧થી ૩૨

પ્રકરણ — ૨

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

'જગચિંતામણિ'થી 'કલ્યાણમંદિર'
ઘણા જોડાક્ષરોવાળા કઠણ શબ્દોના સરળતાથી
શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેનું માર્ગદર્શન — ૩૩થી ૪૭

પ્રકરણ — ૩

૧.	ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેનાં ભાષાવિશારદોનાં મંતવ્ય	૪૮થી ૬૮
૨.	વિસર્ગ - વિસર્ગ વિષયક વિદ્વાનોનાં મંતવ્ય	૬૯થી ૮૪
૩.	ઉચ્ચારણ ગુણ - દોષ વિવેક	૮૫થી ૮૬
૪.	અવગ્રહ વગેરે	૮૭થી ૯૦

પ્રકરણ — ૪

૧.	સંયુક્ત વ્યંજનો (જોડાક્ષરો)	૯૧થી ૧૨૨

પ્રકરણ — ૫

ઉચ્ચારવિચાર — ૧૨૩થી ૧૬૬

૧.	ઉચ્ચારણ પદ્ધતિ	૧૨૩
૨.	ઉચ્ચારણશુદ્ધિનું માર્ગદર્શન	૧૨૫
૩.	શુદ્ધ ઉચ્ચારણ કોને કહેવાય ?	૧૩૩
૪.	પંચ પ્રતિક્રમણ : અશુદ્ધિ-શુદ્ધિ	૧૩૭
૫.	સૂત્રો અશુદ્ધ બોલવાથી થતા અર્થના અનર્થ	૧૫૨
૬.	મિચ્છા મિ દુક્કડં	૧૫૭
૭.	ધાર્મિક અભ્યાસ કેવી રીતે કરાવવો ?	૧૫૭
૮.	ગાથા ગોખવાની રીત	૧૫૮
૯.	પાઠશાળાના શિક્ષકો માટેની લાયકાત	૧૫૯

૧ ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. શ્રી નમસ્કાર (પંચમંગલ) સૂત્ર

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ-સાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ-પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં ॥ ૧ ॥

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કેમ કરવા એ બાબત સ્પષ્ટપણે મુખ દ્વારા બોલીને સમજાવી શકાય એવી છે, લખીને સ્પષ્ટપણે સમજાવી શકાય નહિ. પ્રત્યક્ષ શીખવા ન આવી શકે એને માટે જ લખીને સમજાવાય છે.

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **નમો અરિહંતાણં** : પ્રથમ **'નમો'** પદ બોલ્યા પછી **'અ'**નો સ્પષ્ટ ઉચ્ચાર થાય એ રીતે **'અરિ'** બોલવું. **'નમોરિ'** એવો ખોટો ઉચ્ચાર ન થઈ જાય એની સાવધાની રાખવી.

'અરિ' બોલ્યા પછી **'હ'** ઉપર બરાબર ભાર દઈને **'હંતાણં'** બોલવું.

વર્ગીય વ્યંજન પૂર્વે તે તે વર્ગના અનુનાસિક વ્યંજન સ્પષ્ટ થાય એ રીતે શબ્દની અંદર રહેલા અનુસ્વાર (•) સ્પષ્ટ બોલવા. દા.ત., **અરિહન્તાણમ્, પઞ્ચ, મઙ્ગલાણઞ્ચ**

'હંતાનં' એવું અશુદ્ધ બોલવું નહિ. **'હંતાણં'**નો છેલ્લો અક્ષર **'ણં'** બોલતી વખતે બે હોઠ ભેગા કરવા. જ્યાં જ્યાં શબ્દના છેલ્લા અક્ષર ઉપર અનુસ્વાર આવે ત્યાં ત્યાં સર્વત્ર બે હોઠ ભેગા કરવા. અક્ષરના માથે મુકાતા મીંડાને **'અનુસ્વાર'** કહેવાય છે. **(અરિ-હન્તાણમ્)**

૨. **સિદ્ધાણં** : આમાંના જોડાક્ષર **'દ્ધા'** **(દ્ + ધા)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે પ્રથમ **'સિ'** ઉપર ભાર દઈને **'સિદ્'** બોલ્યા પછી તરત **'ધાણં'** બોલવું.

જોડાક્ષર (સંયુક્ત વ્યંજન)નો પૂર્વનો અડધો (ખોડો) અક્ષર બોલ્યા પછી, પછીના પૂર્ણ અક્ષરથી બોલવાની શરૂઆત કરાય. આ વાત સામાન્યથી સર્વત્ર સમજી લેવી. **(સિદ્-ધાણમ્)**

૩. **આયરિયાણં** : વચમાં અટક્યા વિના આ આખું પદ સાથે જ બોલવું. **'યાણં'**ને બદલે **'આણં'** એવું અશુદ્ધ બોલવું નહિ. આ પદમાંનો એકે એક અક્ષર છૂટો ને સ્પષ્ટ બોલવો. **'આરિયાણં'** એવું અશુદ્ધ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી.

૪. **ઉવજ્ઝાયાણં** : આમાંના જોડાક્ષર **'જ્ઝા'** **(જ્ + ઝા)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'વ'** ઉપર ભાર આવે એ રીતે **'ઉ-વજ્'** બોલ્યા પછી તરત **'ઝાયાણં'** બોલવું. **(ઉ-વજ્-ઝાયાણમ્)**

'મજ્ઝ' શબ્દમાં રહેલા જોડાક્ષર 'જ્ઝ'માંના 'જ્' અને 'ઝ' બંને તાલવ્ય હોવાથી બંનેનું ઉચ્ચારણ તાળવાની મદદથી થાય છે, પરંતુ પૂર્વના 'જ્'નું શુદ્ધ ઉચ્ચારણ ઉપરના દાંતના પાછળના ભાગે જીભનો સ્પર્શ થવાથી થાય છે, જ્યારે પછીના 'ઝ'નું શુદ્ધ ઉચ્ચારણ જીભનો વચ્ચેનો ભાગ ઊંચો થઈને તાળવે ચોંટવાથી થાય છે.

'મજ્ઝ' શબ્દમાં તો જોડાક્ષર **'જ્ઝ'** પછી **'અ'** સ્વર આવે છે, પણ જો **'ઉ'** સ્વર આવતો હોય (દા.ત., **'જ્ઝુ'**) તો એના ઉચ્ચારણ વખતે જીભ તાળવામાં થોડીક પાછળ ખસે છે. વ્યંજન પછીના સ્વરનો પણ પ્રભાવ વ્યંજનના ઉચ્ચાર ઉપર પડે છે.

'જ્-ઝ'ના ઉચ્ચારણ સ્થાનના ભેદની આ વાત ઉચ્ચારણ શુદ્ધિમાં સહાયક હોવાથી ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

શુદ્ધ ઉચ્ચારો શીખવા-શીખવવા માટે **'ઉ-વજ્-ઝાયાણં'** એમ ત્રણ વિભાગ કરીને બોલાય, પણ સૂત્ર બોલતી વખતે આખો શબ્દ સાથે જ બોલાય. વાસ્તવમાં એક આખા શબ્દનું અખંડ ઉચ્ચારણ થવું જોઈએ.

૫. **સવ્વ-સાહૂણં** : આમાંના જોડાક્ષર **'વ્વ'** (**વ્ + વ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'સ'** ઉપર ભાર દઈને **'સવ્'** બોલ્યા પછી **'વ'** બોલવો અને પછી તરત **'સાહૂણં'** બોલવું. (**સવ્ - વ - સાહૂ-ણમ્**)

'સાહૂણં' શબ્દના **'હૂ'**માં દીર્ઘ ઊકાર છે. હ્રસ્વ સ્વરની ૧ માત્રા અને દીર્ઘ સ્વરની ૨ માત્રા હોવાથી દીર્ઘ સ્વર સહેજ લંબાવીને બોલાય. સહેજ લંબાવીને **'હૂ'** બોલ્યા પછી તરત **'ણં'** બોલવું. જેમ કે, **સાહૂ-ણં. 'હૂ'** પછી જે નાની લીટી (ડેશ) છે તે **'ણં'** અક્ષરને છૂટો પાડવા માટે નથી, પણ દીર્ઘ સ્વરને સહેજ લંબાવીને બોલાય એવું સમજાવવા માટે છે. આ પ્રમાણે આગળ પણ સર્વત્ર સમજી લેવું.

સ્વરમાત્રા એટલે સ્વરના ઉચ્ચારણમાં લાગતો સમય.

'સવસાહૂણં' કે **'સવસાહૂણાં'** (બે **'વ્વ'**ને બદલે એક **'વ'** અને **'ણં'**ને બદલે **'ણાં'**) એવું અશુદ્ધ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી.

૬. **નમુક્કારો** : આમાંના જોડાક્ષર '**ક્કા**' (**ક્ + કા**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**મુ**' ઉપર ભાર આવે એ રીતે '**ન-મુક્**' બોલ્યા પછી તરત '**કારો**' બોલવું. (**ન-મુક્-કારો**)

૭. **સવ્વ-પાવપ્પણાસણો** : આમાંના '**સવ્વ**' શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ કલમ ૫ માં બતાવ્યા પ્રમાણે કરવું. આમાંના જોડાક્ષર '**પ્પ**' (**પ્ + પ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે એની પૂર્વના '**વ**' ઉપર ભાર આવે એ રીતે **પા-વપ્**' બોલ્યા પછી તરત '**પણાસણો**' બોલવું. (**સવ્-વ-પા-વપ્-પણાસણો**) '**પાવ-પણાસણો**' એવું અશુદ્ધ બોલવું નહિ.

૮. **સવ્વેસિં** : આમાંના જોડાક્ષર '**વ્વે**' (**વ્ + વે**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**સ**' ઉપર ભાર દઈને '**સવ્**' બોલ્યા પછી તરત '**વેસિં**' બોલવું. (**સવ્-વેસિમ્**) '**સવ્વેસં**' ('**સિં**'ને બદલે '**સં**') એવું અશુદ્ધ બોલવું નહિ.

૯. **હવઇ** : આ શબ્દમાં અંતે રહેલો '**ઇ**' સ્વર હ્રસ્વ હોવાથી હ્રસ્વ જ લખાય અને હ્રસ્વ જ બોલાય. હ્રસ્વ '**ઇ**'ના સ્થાને દીર્ઘ '**ઈ**' લખાય પણ નહિ અને બોલાય પણ નહિ.

૧૦. **મંગલં** : આ શબ્દના અંતે રહેલા '**લ**' ઉપર પ્રાકૃત ભાષાના નિયમાનુસાર અનુસ્વાર (ઘનબિંદુ) જ લખાય. અનુસ્વારને બદલે '**મ્**' (**મંગલમ્**) પ્રાકૃતમાં લખાય નહિ. '**મંગલં**' શબ્દમાં '**લ**'ને બદલે '**ળ**' (**મંગળં**) લખાય પણ નહિ અને બોલાય પણ નહિ.

> **પૂ. મુનિવર્યશ્રીનો આ ગ્રંથ શુદ્ધ ઉચ્ચારણોની દિશા દોરી આપતો હોવાથી ઘણો આવકાર્ય અને આદરણીય બની રહેશે.**
>
> **– (ડૉ.) કે. કા. શાસ્ત્રી**

નમસ્કાર મહામંત્રના પદો ૯ છે, એની સંપદા ૮ છે. એમાં ૭ ગુરુ અક્ષર છે અને ૬૧ લઘુ અક્ષર છે. છંદ:શાસ્ત્ર મુજબ જોડાક્ષરો એ ગુરુ અક્ષર ગણાય છે અને બાકીના ૬૧ અક્ષરો લઘુ ગણાય છે.

નવકાર પ્રવાહથી અનાદિ છે અને તીર્થની અપેક્ષાએ શ્રીગણધરકૃત છે. તે અર્થથી પણ શાશ્વત છે અને શબ્દથી પણ શાશ્વત છે.

નવકાર એ પ્રાકૃત (અર્ધમાગધી) ભાષાનું શાશ્વત સૂત્ર હોવાથી એના સ્વરોમાં હ્રસ્વ સ્વરના સ્થાને દીર્ઘ સ્વર કે દીર્ઘ સ્વરના સ્થાને હ્રસ્વ સ્વર વગેરે ફેરફાર થઈ શકે નહિ અને એમાંના અક્ષરોમાં પણ વધારો-ઘટાડો કે ફેરફાર કરી શકાય નહિ.

આ શાશ્વત સૂત્રના સ્વરોમાં અને વ્યંજનોમાં ફેરફાર કરવાથી તેમજ એના અક્ષરોમાં વધારો-ઘટાડો કરવાથી શાશ્વત સૂત્રની આશાતના થાય છે.

નવકારમાં 'નમો' પદ છે અને 'ણમો' પદ પણ છે. પ્રસિદ્ધ વ્યવહાર 'નમો' બોલવાનો હોવાથી પ્રસિદ્ધ વ્યવહારને અનુસરવું.

'અરિહંતાણં', **'મંગલાણં ચ'** વગેરે શબ્દોમાં રહેલા અનુસ્વારો(ં)ના સ્થાને **'અરિહન્તાણમ્'**, **'મઙ્ગલાણઞ્ચ'** આમ અનુનાસિક વ્યંજનો લખી બતાવ્યા છે તે, તે શબ્દોના શુદ્ધ ઉચ્ચારો સમજાવવા માટે જ છે, પણ તે લેખનના વિકલ્પ રૂપે નથી, માટે સૂત્રમાં **'અરિહંતાણં'**, **'મંગલાણં ચ'** વગેરે શબ્દો **'અરિહન્તાણમ્'**, **'મઙ્ગલાણઞ્ચ'** આવી રીતે લખાય પણ નહિ અને છપાવાય પણ નહિ. **'નવકાર મંત્ર'**ના **'અરિહંતાણં'**, **'મંગલાણં ચ'** વગેરે શબ્દો પ્રાકૃત ભાષાના લેખનના નિયમાનુસાર આમ અનુસ્વારપૂર્વક જ લખાય. આ બાબત આગળ પણ સર્વત્ર સમજી લેવી.

નવકારનો મંત્ર રૂપે જપ કરવો હોય ત્યારે તેમજ ધૂન મચાવવી હોય ત્યારે એમાં **'ॐ'** **'હ્રીँ'** વગેરે મંત્રબીજો જોડી શકાય છે. એમાં દોષ નથી, પરંતુ ઉપધાનમાં નવકારની સૂત્ર રૂપે વાચના અપાય ત્યારે, પાઠશાળામાં સૂત્ર રૂપે ભણાવાય ત્યારે તેમજ સામાયિક, પ્રતિક્રમણ, પૌષધ વગેરેની ક્રિયાઓમાં સૂત્ર રૂપે બોલાય ત્યારે **'ॐ'** વગેરે મંત્રબીજો જોડીને નવકારનાં પદો બોલાય નહિ. એ રીતે બોલવામાં આવે તો અક્ષરસંખ્યા વૃદ્ધિનો દોષ લાગે.

'ઓમ્' અક્ષરનું જે 'ૐ' આવું ચિહ્ન લોકવ્યવહારમાં પ્રચલિત છે તે વૈદિક પરંપરાનું છે, જૈન પરંપરાનું નથી. જૈનોની લિપિમાં (**'ઓમ્'**) **'ॐ'** આ રીતે લખાય છે. પ્રાચીન યંત્રોમાં અને **'ॐકાર'** તીર્થમાં પણ આ રીતે જ આલેખાયેલો જોવા મળે છે. આ ભેદ માત્ર લિપિનો છે. એના ઉચ્ચાર આદિમાં ભેદ નથી. લિપિના ભેદથી ઉચ્ચારણમાં કે એની આધ્યાત્મિક અસરમાં અને સંસ્કૃતિમાં કશો જ ફરક પડતો નથી.

'નમસ્કાર' શબ્દ પરથી પ્રાકૃત ભાષામાં **'નમોક્કાર'**, **'નમુક્કાર'** તથા **'મ'**નો **'વ'** કરવાથી **'નવક્કાર'** અને **'નવકાર'** એવા શબ્દો પણ બને છે.

'પંચપરમેષ્ઠી'ને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર છે અને સર્વોત્તમ મંગળ છે. નવ લાખ નવકાર ગણનાર નિકટ મોક્ષગામી થાય છે.

વિદ્યાભ્યાસ, શાસ્ત્રપઠન, ધર્માનુષ્ઠાન અને ધર્મના ઉત્સવનો પ્રારંભ કરતી વખતે આ નમસ્કાર મહામંત્ર મંગળ રૂપે બોલાય છે. તદુપરાંત નગર આદિમાં પ્રવેશ કરતી વખતે, ભોજનાદિ સમયે, સૂતાં, જાગતાં, ભય, કષ્ટ આદિના સમયે અને વિશેષ પ્રકારે જીવનનો

અંત સમય નજીક આવતાં સમાધિ અને સદ્ગતિની પ્રાપ્તિ માટે આ નમસ્કાર મહામંત્રનું ભાવપૂર્વક એકાગ્ર ચિત્તે સ્મરણ કરાય છે.

નવકાર આદિ ધાર્મિક સૂત્રોના શબ્દોમાંનો અક્ષરે અક્ષર તેમજ એમાંના જોડાક્ષરોમાંના બધા અક્ષરો સુસ્પષ્ટ બોલાયાનો આપણને પોતાને પણ ખ્યાલ આવે અને સાંભળનારને પણ અક્ષરે અક્ષર બરાબર સંભળાય એ રીતે જ દરેક શબ્દના દરેક અક્ષરનું સુસ્પષ્ટ ઉચ્ચારણ થવું જોઈએ.

ઉપર જણાવ્યા પ્રમાણે શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલાય તો પ્રતિક્રમણ આદિ ક્રિયા કરનારા સર્વ પુણ્યાત્માઓને પ્રસન્નતાપૂર્વક એકાગ્ર ચિત્તે સૂત્રો સાંભળવાનું મન થાય છે.

સૂત્રપાઠ આપનાર શિક્ષક વગેરેએ ખૂબ કાળજી રાખીને શુદ્ધ સૂત્રપાઠ આપવો અને લેવો જોઈએ, તેમજ બાળકો પાઠ ગોખતાં હોય ત્યારે પણ તેઓ અશુદ્ધ પાઠ ન ગોખે એનું ધ્યાન રાખવું જોઈએ. બાળકો ખોટું ગોખી નાખે પછી એમની ભૂલો સુધારવાનું કામ ઘણું મુશ્કેલ થઈ પડે છે.

'ણ'ને બદલે **'ન'** બોલાય, **'અ'** ને બદલે **'ય'** બોલાય અને **'ય'**ને બદલે **'અ'** બોલાય. આવી ભૂલો બાળકોમાં વિશેષ પ્રકારે જોવામાં આવે છે. આવી ભૂલો ન થાય તે માટેની કાળજી સૂત્રપાઠ આપનાર-લેનાર બંનેએ રાખવી જોઈએ.

કોઈ પણ સૂત્ર સંસ્કૃત કે પ્રાકૃત જે ભાષામાં હોય તે ભાષામાં જ બોલવું જોઈએ. સંસ્કૃત ભાષાનું સૂત્ર અને એમાંના શબ્દો સંસ્કૃત ભાષામાં જ બોલાય અને પ્રાકૃત ભાષાનું સૂત્ર અને એમાંના શબ્દો પ્રાકૃત ભાષામાં જ બોલાય. આખું સૂત્ર અને એમાંના શબ્દો એ જે ભાષામાં હોય એ ભાષાને બદલે બીજી ભાષામાં બોલાય તો ઉચ્ચારણ અશુદ્ધ ગણાય.

કેટલુંક વિશેષ

સમાસ વગેરેમાં જોડાયેલા શબ્દો સાથે જ બોલવાના હોય છે. શબ્દોને છૂટા પાડીને બોલવાથી વ્યાકરણ સંબંધી **'જોગહીણં'**નો દોષ આવે અને અર્થનો અનર્થ થાય. દા.ત., **'ધમ્મસારહીણં'** આ પદમાં **'ધમ્મ'** અને **'સારહીણં'** આ બે શબ્દો જોડાયેલા છે. આ સામાસિક શબ્દોને વચમાં ક્યાંય અટક્યા વિના સાથે જ બોલવા જોઈએ. તો જ એનો **'ધર્મના સારથિને'** એવો સાચો અર્થ થાય, પરંતુ **'ધમ્મસાર'** અને **'હીણં'** આવા બે વિભાગ કરીને બોલવામાં આવે તો એના **'ધર્મના સારથિને'** એવા સાચા અર્થને બદલે **'ધર્મના સારથી રહિત'** એવો અસંગત અને અનિષ્ટ અર્થ થાય.

અનુસ્વાર અને અનુનાસિક

કોઈ પણ વર્ણને માથે બિંદુ-ટપકું (ं) હોય એને **'અનુસ્વાર'** કહે છે. **'ક-ચ-ટ-ત-પ'** આ પાંચ વર્ગમાં અંતે અનુનાસિક **'ઙ-ઞ-ણ-ન-મ'** આવેલા છે તેથી અનુસ્વારને બદલે પરસવર્ણ લખાય છે; જેમ કે, **'અંગ-અઙ્ગ, પંચ-પઞ્ચ, કંઠ-કણ્ઠ, અંધ-અન્ધ, સંપ-સમ્પ'**

અનુસ્વાર પછી **'શ-ષ-સ-હ'** આવે તો અનુસ્વારનું ઉચ્ચારણ બદલાય છે; જેમ કે, **અંશ (અઁવ્શ), વંશ (વઁવ્શ), હંસ (હઁવ્સ), હિંસા (હિઁવ્સા), કંસ (કઁવ્સ), બંસરી (બઁવ્સરી), સિંહ (સિઁવ્હ).**

આ બધા શબ્દોમાં મીંડાના સ્થાને **'ન'** કે **'મ'** બોલાતો નથી, પણ અનુનાસિક **'ઉઁ'** અડધાથીય ઓછો બોલાય છે અને પૂર્વસ્વર અનુનાસિક બને છે.

('અંશ'નાં 'અઉઁશ' અને 'અઁવ્શ' આ બંને ઉચ્ચારણો સાચાં છે.)

– (ડૉ.) કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૨. પંચિંદિય (ગુરુસ્થાપના) સૂત્ર

પંચિંદિય સંવરણો
તહ નવવિહ – બંભચેર – ગુત્તિધરો
ચઉવિહ - કસાય - મુક્કો
ઈઅ અટ્ઠારસ - ગુણેહિં સંજુત્તો ॥ ૧ ॥
પંચ – મહવ્વય – જુત્તો
પંચવિહાયાર – પાલણ – સમત્થો
પંચ – સમિઓ તિ – ગુત્તો
છત્તીસ – ગુણો ગુરુ મજ્ઝ ॥ ૨ ॥

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **પંચિંદિય** : આમાં છેલ્લો અક્ષર '**ય**' છે તે ધ્યાનમાં રાખવું. '**પંચિંદિઅ**' એવું અશુદ્ધ બોલવું નહિ.

૨. **સંવરણો** : આ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ '**સઁવ્વરણો**' છે. '**સમ્વરણો**' એવું અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી.

૩. **તહ નવવિહ** : '**નવવિહ**'ને બદલે '**નહવિહ**' એવું અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી.

૪. **ઈઅ અટ્ઠારસ** : આમાં '**ઈઅ**'ને બદલે '**ઈહ**'ન બોલાઈ જાય એની સાવધાની રાખવી. આમાંના જોડાક્ષર '**ટ્ઠા**' (**ટ્** + **ઠા**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**અ**' ઉપર ભાર દઈને '**અટ્**' બોલ્યા પછી '**ઠા**' બોલીને તરત '**રસ**' બોલવું. (**અટ્-ઠા-રસ**)

૫. **ગુણેહિં** : આમાં છેલ્લા **'હિં'** અક્ષર ઉપર અનુસ્વાર છે તે ધ્યાનમાં રાખવું અને છેલ્લે બે હોઠ ભેગા કરીને **'ગુણેહિમ્'** બોલવું. **'ગુણેહિ'** એવું અશુદ્ધ બોલવું નહિ.

૬. **સંજુત્તો** : આ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ **'સઞ્જુત્તો'** છે. **'સમ્જુત્તો'** એવું અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી.

આમાંના જોડાક્ષર **'ત્તો'** **(ત્ + તો)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'જુ'** ઉપર ભાર દઈને **'જુત્'** બોલ્યા પછી તરત **'તો'** બોલવું. **(સઞ્ - જુત્ - તો)**

૭. **પંચ મહવ્વય – જુત્તો** : આમાંના જોડાક્ષર **'વ્વ'** **(વ્ + વ)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'પંચ'** બોલ્યા પછી **'હ'** ઉપર ભાર આવે તે રીતે **'મ-હવ્'** બોલવું અને પછી તરત **'વય'** બોલવું. **(પઞ્ચ મ-હવ્-વય-જુત્-તો)** **'મહવ્વય'**ને બદલે **'મહાવય'** એવું અશુદ્ધ બોલવું નહિ.

૮. **પંચવિહાયાર** : **'વિહાયાર'**ને બદલે **'વિયાર'** એવું અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી. **(પઞ્ચ - વિહા - યાર)**

૯. **સમત્થો** : આમાનાં જોડાક્ષર **'ત્થો'** **(ત્ + થો)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'મ'** ઉપર ભાર દઈને **'મત્'** બોલીને તરત **'થો'** બોલવું. આ શબ્દમાં **'મ'** એક જ છે, બે નથી, માટે **'સમ્મત્થો'** એવું (બે **'મ્મ'** વાળું) અશુદ્ધ ઉચ્ચારણ કરવું નહિ. **(સ - મત્ - થો)**

૧૦. **છત્તીસ** : આમાંના જોડાક્ષર **'ત્તી'** **(ત્+તી)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'છત્'** બોલીને તરત **'તીસ'** બોલવું. **(છત્-તીસ)**

કેટલુંક વિશેષ

આ સૂત્રમાં પૂ. આચાર્ય ભગવંતના ૩૬ ગુણ બતાવ્યા છે.

ધર્મની આરાધના માટે કરાતી ક્રિયા કે કરાતા અનુષ્ઠાનને ધર્માનુષ્ઠાન કહેવાય છે. આવું ધર્માનુષ્ઠાન ગુરુની સમક્ષ, ગુરુની સાક્ષીએ, ગુરુની આજ્ઞાપૂર્વક તેમજ ગુરુનો વિનય જાળવીને કરવામાં આવે તો યથાર્થ ફળદાયી બને છે. માટે જ સર્વ ધર્માનુષ્ઠાનો **ગુરુસમક્ષ** કરાય છે. જ્યાં ગુરુનો યોગ ન હોય ત્યાં આ પંચિંદિય સૂત્ર બોલીને ગુરુની સ્થાપના કરાય છે. ધાર્મિક અનુષ્ઠાન સાક્ષાત્ ગુરુની સામે જ થતું હોય એમ માનીને એમની આજ્ઞા માગીને આરાધના કરાય છે.

આચાર્યની સ્થાપના કરવાની તથા ઉત્થાપવાની વિધિ

કોઈ પણ ધાર્મિક ક્રિયા કરવાના પ્રસંગે આચાર્ય ભગવંતની સ્થાપના કરવાની જરૂર હોય ત્યારે પાટલી, સાપડો વગેરે ઊંચા આસન પર પુસ્તક, નવકારવાળી અથવા સમ્યગ્ **જ્ઞાન - દર્શન - ચારિત્ર**નું કોઈ પણ ઉપકરણ મૂકી, એની સામે જમણા હાથની હથેળી રાખી (સંસ્થાપનાની મુદ્રા કરી) ૧ નવકાર બોલીને પંચિંદિય સૂત્ર કહેવું. ક્રિયા પૂરી થાય ત્યારે જમણા હાથની હથેળી પોતાના મુખ સામે રાખી (ઉત્થાપન મુદ્રા કરી) ૧ નવકાર ગણવો.

શ્રી જિનેશ્વર ભગવંતની સ્તુતિ કરવા માટેની અનેક સ્તુતિઓ પ્રસિદ્ધ છે અને બોલાય છે.

કોઈ પણ અમુક ગુરુભગવંતની નહિ, પરંતુ સર્વસામાન્ય ગુરુભગવંતની સ્તુતિ પણ જાણવી-બોલવી જરૂરી છે.

ગુણોનું વર્ણન કરવું એને સ્તુતિ કહેવાય. સર્વ સામાન્યપણે ગુરુભગવંતની સ્તુતિ કરવા માટે પંચમહાવ્રતધારી સદ્ગુરુઓને અને સવિશેષ ઉપકારી ધર્મદાતા સદ્ગુરુને નજર સમક્ષ રાખીને ગુરુસ્તુતિ રૂપે આ પંચિંદિય સૂત્ર બોલવા યોગ્ય છે.

– આચાર્ય વિજય જગચ્ચંદ્રસૂરિ

૩. ખમાસમણ (પ્રણિપાત) સૂત્ર

ઇચ્છામિ ખમાસમણો વંદિઉં,
જાવણિજ્જાએ, નિસીહિઆએ,
મત્થએણ વંદામિ ॥ ૧ ॥

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **ખમાસમણો** : આ શબ્દમાં ચોથા નંબરે રહેલા **'મ'** અક્ષરનું ઉચ્ચારણ બરાબર ઉપયોગ રાખીને કરવું. **'ખમાસમણો'**ને બદલે **'ખમાસણો'** એવું (પાંચ અક્ષરને બદલે ચાર અક્ષરવાળું) અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી.

૨. **વંદિઉં** : આમાંના છેલ્લા **'ઉ'** અક્ષર ઉપર અનુસ્વાર **(મીંડું)** છે એ ધ્યાનમાં રાખીને છેલ્લે બે હોઠ ભેગા કરીને **'ઉમ્'** બોલવું. **'વંદિઉમ્'**ને બદલે **'વંદિઉ'** એવું અશુદ્ધ બોલવું નહિ.

આ શબ્દમાં વચ્ચેનો અક્ષર **'દિ'** છે, પણ **'દે'** નથી એ ધ્યાનમાં રાખવું અને **'વંદિઉં'**ને બદલે **'વંદેઉં'** એવું ખોટું ઉચ્ચારણ કરવું નહિ.

૩. **જાવણિજ્જાએ** : આમાંના જોડાક્ષર **'જ્જા'** **(જ્ + જા)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ણિ'** અક્ષર ઉપર ભાર આવે એ રીતે **'જાવ-ણિજ્'** બોલીને તરત **'જાએ'** બોલવું. **(જાવ-ણિજ્-જાએ)**

૪. **નિસીહિઆએ** : આ શબ્દમાં એક પણ જોડાક્ષર નથી. પ્રથમના બે અક્ષર **'નિસી'** છે, પણ **'નિસ્સી'** નથી એ ધ્યાનમાં રાખીને, પ્રથમના **'નિ'** અક્ષર ઉપર સહેજ પણ ભાર આપ્યા વિના **'નિસી'** બોલીને તરત **'હિઆએ'** બોલવું. **(નિસી-હિઆએ)**

'નિસી' પછી કરેલી નાની લીટી **(ડેશ)** પછીના **'હિઆએ'** અક્ષરોને છૂટા પાડીને બોલવા માટે કરેલી નથી, પણ **'સી'**માં રહેલા દીર્ઘ **'ઈ'**ને સહેજ લંબાવીને બોલાય એવું સમજાવવા માટે જ કરેલી છે. આ પ્રમાણે આગળ પણ સર્વત્ર સમજી લેવું. **'નિસીઆએ'** કે **'નિસીહિયાએ'** એવું અશુદ્ધ બોલવું નહિ.

૫. **મત્થએણ** : આમાંના જોડાક્ષર **'ત્થ'** **(ત્ + થ)**ના શુદ્ધ ઉચ્ચારણ માટે પ્રથમના **'મ'** અક્ષર ઉપર ભાર દઈને **'મત્-થ'** બોલ્યા પછી તરત **'એણ'** બોલવું. **'મત્થએણ'**ને બદલે **'મથેણ'** કે **'મત્થેણ'** એવું અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી.

કેટલુંક વિશેષ

૧. લોકમુખે બોલાતી ભાષામાં જ્યાં બે સ્વર જોડાજોડ આવે છે ત્યાં બોલવાની ઝડપ તથા આદત આદિને કારણે ક્યાંક બેમાંથી એક જ સ્વર બોલાય છે. સાથેનો બીજો સ્વર લગભગ બોલાતો નથી. દા.ત., **'મત્થએણ'** શબ્દમાં **'થ'**માં **'અ'** સ્વર છે અને એની પછી તરત (લગોલગ) **'એ'** સ્વર આવવાથી **'થ'**માં રહેલો **'અ'** સ્વર બોલાતો નથી, તેથી જ **'મથેણ'** કે **'મત્થેણ'** એવું ખોટું ઉચ્ચારણ થાય છે. જ્યાં બે સ્વર જોડાજોડ આવતા હોય ત્યાં આપણે સાવધાની રાખીને સાચું ને શુદ્ધ ઉચ્ચારણ કરવાનો પ્રયત્ન કરવો જોઈએ.

(૧) **'ઈચ્છામિ ખમાસમણો'**, (૨) **'વંદિઉં જાવણિજ્જાએ'**, (૩) **'નિસીહિઆએ મત્થએણ વંદામિ'** આવા ખોટા વિભાગ પાડીને આ સૂત્ર બોલવું નહિ, પણ (૧) **'ઈચ્છામિ ખમાસમણો ! વંદિઉં'**, (૨) **'જાવણિજ્જાએ, નિસીહિઆએ'**, (૩) **'મત્થએણ વંદામિ'** આવી રીતે અર્થસંગત એવા ત્રણ સાચા વિભાગ પાડીને બોલવું. ખોટી ટેવ અવશ્ય સુધારવી.

૪. ઈચ્છકાર (સુગુરુ સુખસાતા પૃચ્છા) સૂત્ર

ઈચ્છકાર સુહરાઈ ? (સુહદેવસિ ?)
સુખતપ ? શરીર નિરાબાધ ?
સુખ-સંજમ-જાત્રા નિર્વહો છો જી ?
સ્વામી સાતા છે જી ?
ભાત-પાણીનો લાભ દેજોજી ॥૧॥

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **ઈચ્છકાર** : આમાંના જોડાક્ષર '**ચ્છ**' (**ચ્ + છ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ઈ**' ઉપર ભાર દઈને '**ઈચ્છ**' બોલ્યા પછી તરત '**કાર**' બોલવું. '**ઈચ્છકાર**' બોલવું, પણ '**ઈછકાર**' કે '**ઈચકાર**' એવું અશુદ્ધ બોલવું નહિ. (**ઈચ્-છ-કાર**)

૨. **નિર્વહો** : આમાંના જોડાક્ષર '**ર્વ**' (**ર્ + વ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**નિ**' ઉપર ભાર દઈને '**નિર્**' બોલ્યા પછી તરત '**વહો**' બોલવું. (**નિર્ + વહો**)

કેટલુંક વિશેષ

૧. દિવસના પૂર્વાર્ધમાં (૧૨ વાગ્યા સુધી) '**સુહરાઈ**' બોલવું અને ઉત્તરાર્ધમાં (૧૨ વાગ્યા પછી) '**સુહદેવસિ**' બોલવું. બંને શબ્દો સાથે બોલવા નહિ.

૨. સવારમાં પરમોપકારી ગુરુમહારાજને વંદન કર્યા વિના ખાવું-પીવું યોગ્ય નથી.

૫. અબ્ભુટ્ઠિઓ (ગુરુખામણા) સૂત્ર

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ !
અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈઅં (દેવસિઅં) ખામેઉં ?
ઇચ્છં, ખામેમિ રાઈઅં (દેવસિઅં)
જં કિંચિ અપત્તિઅં, પરપત્તિઅં, ભત્તે, પાણે,
વિણએ, વેયાવચ્ચે, આલાવે, સંલાવે,
ઉચ્ચાસણે, સમાસણે, અંતરભાસાએ, ઉવરિભાસાએ,
જં કિંચિ મજ્ઝ વિણય-પરિહીણં, સુહુમં વા બાયરં વા,
તુબ્ભે જાણહ, અહં ન જાણામિ તસ્સ મિચ્છા મિ દુક્કડં.

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **અબ્ભુટ્ઠિઓમિ** : આમાંના જોડાક્ષર **'બ્ભુ'** (**બ્** + **ભુ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'અ'** ઉપર ભાર દઈને **'અબ્'** બોલ્યા પછી જોડાક્ષર **'ટ્ઠિ'** (**ટ્** + **ઠિ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ભુ'** ઉપર ભાર દઈને **'ભુટ્'** બોલવું અને પછી તરત **'ઠિઓમિ'** બોલવું. (**અબ્-ભુટ્-ઠિઓમિ**) (**'અબ્ભુટ્ઠિઓહં'** એવો પાઠાંતર છે.)

૨. **અબ્ભિંતર** : આમાંના જોડાક્ષર **'બ્ભિં'** (**બ્** + **ભિં**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'અ'** ઉપર ભાર દઈને **'અબ્'** બોલ્યા પછી **'ભિન્'** બોલીને તરત **'તર'** બોલવું. (**અબ્-ભિન્-તર**) **'અભ્યંતર'** એવું અશુદ્ધ બોલવું નહિ.

૩. **ખામેઉં** : આમાંના છેલ્લા અક્ષર 'ઉ' ઉપર અનુસ્વાર (˙) હોવાથી છેલ્લે બે હોઠ ભેગા કરીને 'ઉમ્' બોલવું. **(ખામેઉમ્)** 'ખામેઉ' એવું અશુદ્ધ બોલવું નહિ.

૪. **અપત્તિઅં, પરપત્તિઅં** : આ બંને શબ્દોમાંના જોડાક્ષર 'ત્તિ' (ત્ + તિ)ના શુદ્ધ ઉચ્ચારણ માટે બંને શબ્દોમાંના જોડાક્ષરની પૂર્વના 'પ' ઉપર ભાર આવે એ રીતે 'અ-પત્', 'પર-પત્' બોલવું અને પછી તરત 'તિઅં' બોલવું. 'અરપત્તિઅં' એવું અશુદ્ધ બોલવું નહિ.

(અ-પત્-તિઅં, પર-પત્-તિઅં અથવા અ-પત્તિઅં, પર-પત્તિઅં)

૫. **ભત્તે** : આમાંના જોડાક્ષર 'ત્તે' (ત્ + તે)ના શુદ્ધ ઉચ્ચારણ માટે 'ભ' ઉપર ભાર દઈને 'ભત્' બોલ્યા પછી તરત 'તે' બોલવું. **(ભત્-તે)**

૬. **મજ્ઝ** : આમાંના જોડાક્ષર 'જ્ઝ' (જ્ + ઝ)ના શુદ્ધ ઉચ્ચારણ માટે 'મ' ઉપર ભાર દઈને 'મજ્' બોલ્યા પછી તરત 'ઝ' બોલવો. **(મજ્-ઝ)** 'મજ્ઝ'ને બદલે 'મુજ્ઝ' એવું અશુદ્ધ બોલવું નહિ.

૭. **સુહુમં વા** : આ શબ્દમાંના છેલ્લા 'મં' અક્ષરને છોડી દઈને 'સુહું વા' એવું અશુદ્ધ બોલવું નહિ.

૮. **તુબ્ભે** : આમાંના જોડાક્ષર 'બ્ભે' (બ્ + ભે)ના શુદ્ધ ઉચ્ચારણ માટે 'તુ' ઉપર ભાર દઈને 'તુબ્' બોલ્યા પછી તરત 'ભે' બોલવું. **(તુબ્-ભે)**

૯. **તસ્સ** : આમાંના જોડાક્ષર 'સ્સ' (સ્ + સ)ના શુદ્ધ ઉચ્ચારણ માટે 'ત' ઉપર ભાર દઈને 'તસ્' બોલ્યા પછી તરત 'સ' બોલવો. **(તસ્-સ)**

૧૦. **મિચ્છા** : આમાંના જોડાક્ષર '**ચ્છા**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**મિચ્**' બોલ્યા પછી તરત '**છા**' બોલવો. (**મિચ્-છા**)

૧૧. **દુક્કડં** : આમાંના જોડાક્ષર '**ક્ક**' (ક્ + ક)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**દુક્**' બોલ્યા પછી તરત '**કડં**' બોલવું. (દુક્-કડં)

કેટલુંક વિશેષ

૧. હ્રસ્વ-દીર્ઘ સ્વરોની અને વ્યંજન વગેરેની ભૂલ વિના તેમજ ત્રણ વિભાગપૂર્વક સાચી રીતે '**મિચ્છા મિ દુક્કડં**' આમ જ લખાય. '**મિચ્છા**'ની સાથે '**મિ**'ને જોડી દેવાય નહિ. બંને '**મિ**' આમ હ્રસ્વ ઇ (િ)વાળા જ લખાય. '**મિચ્છામી**' આમ લખાય નહિ. '**દુક્કડં**'માં પ્રાકૃત ભાષાના નિયમ પ્રમાણે 'ડં' લખાય, પરંતુ 'ડમ્' (**દુક્કડમ્**) (બોલાય, પણ) લખાય નહિ.

૨. ગુરુવંદનનાં આ ત્રણ સૂત્રો પૈકી પ્રથમ સૂત્રમાં ૨ હાથ, ૨ પગ અને મસ્તક એ પાંચ અંગોને ભૂમિ સાથે અડાડીને વંદન કરાય છે માટે એનું નામ '**પંચાંગ પ્રણિપાત**' સૂત્ર છે. બીજા '**ઇચ્છકાર**' સૂત્રમાં ભક્તિભાવપૂર્વક પરમોપકારી ગુરુમહારાજની સારસંભાળ લેવાની છે અને ત્રીજા '**અબ્ભુટ્ઠિઓ**' સૂત્ર દ્વારા ગુરુમહારાજ પ્રત્યે જાણતાં-અજાણતાં જે વિનયરહિત વર્તન કરાયું હોય તેની ક્ષમાપના કરાય છે.

"ગુરુમહારાજ પ્રત્યે વિનય-બહુમાનયુક્ત હાર્દિક ભક્તિભાવ રાખવો. યથાશક્તિ એમની સેવા-ચાકરી કરવી. એમનાથી નીચા આસને બેસવું. વાતચીતમાં વચ્ચે બોલવું નહિ. એમની સામે આપણી હોશિયારી બતાવવી નહિ. એમને અપ્રીતિ થાય એવું કાંઈ કરવું નહિ. એઓ પ્રસન્ન રહે એમ કરવું. પોતાની નાની-મોટી કોઈ ભૂલ થાય તો પશ્ચાત્તાપપૂર્વક એમની ક્ષમા માગવી. ઉપકારી ગુરુમહારાજ પ્રત્યેની ૩૩ આશાતનાઓ પ્રયત્નપૂર્વક વર્જવી."

– પં. પ્ર. બે પારેખ

૬. ઇરિયાવહિયં (લઘુ પ્રતિક્રમણ) સૂત્ર

ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! ઇરિયાવહિયં પડિક્કમામિ ? ઇચ્છં,
ઇચ્છામિ પડિક્કમિઉં ॥ ૧ ॥
ઇરિયાવહિયાએ વિરાહણાએ ॥ ૨ ॥
ગમણાગમણે ॥ ૩ ॥
પાણક્કમણે, બીયક્કમણે, હરિયક્કમણે, ઓસાઉત્તિંગ - પણગ - દગમટ્ટી - મક્કડા - સંતાણા-સંકમણે ॥ ૪ ॥
જે મે જીવા વિરાહિયા ॥ ૫ ॥
એગિંદિયા, બેઇંદિયા, તેઇંદિયા, ચઉરિંદિયા, પંચિંદિયા ॥ ૬ ॥
અભિહયા, વત્તિયા, લેસિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, પરિયાવિયા, કિલામિયા, ઉદ્દવિયા, ઠાણાઓ ઠાણં, સંકામિયા, જીવિયાઓ વવરોવિયા, તસ્સ મિચ્છા મિ દુક્કડં ॥ ૭ ॥

❀

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **પડિક્કમામિ** : આમાંના જોડાક્ષર **'ક્ક'** (**ક્ + ક**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ડિ'** ઉપર ભાર આવે એ રીતે **'પ - ડિક્'** બોલીને તરત **'કમામિ'** બોલવું. (**પ - ડિક્ - કમામિ**)

૨. **પડિક્કમિઉં** : ઉપર મુજબ **'પ-ડિક્'** બોલીને તરત **'કમિઉં'** બોલવું. **'ઉં'** અનુસ્વારવાળો હોવાથી છેલ્લે બે હોઠ ભેગા કરીને **'ઉમ્'** બોલવું. (**પ - ડિક્ - કમિઉમ્**)

૩. **પાણક્-કમણે, બીયક્-કમણે, હરિયક્-કમણે, મટ્-ટી, મક્-કડા** આ બધા શબ્દોના પણ આ રીતે શુદ્ધ ઉચ્ચાર કરવા.

૪. **પણગ-દગમટ્ટી-મક્કડા** : અર્થની અસંગતિ ન થાય તે માટે **'પણગદગ-મટ્ટી-મક્કડા'** આવા અસંગત વિભાગ કરીને બોલવું નહિ. અર્થની સંગતિ થાય તે માટે **'પણગ-દગમટ્ટી-મક્કડા'** આવા અર્થસંગત વિભાગ કરીને બોલવું. ગાથા આપતાં, લેતાં, ગોખતાં કાળજી રાખવી.

૫. **સંતાણા, સંકમણે, એગિંદિયા, સંઘાઇયા, સંઘટ્ટિયા, સંકામિયા** વગેરે શબ્દોમાંના અનુસ્વાર (મીંડા)નાં ઉચ્ચારણો તે તે વર્ગના અનુનાસિક વ્યંજનો સ્પષ્ટ થાય તે રીતે કરવાં, જેમ કે, **સન્તાણા, સઙ્કમણે, એગિન્દિયા, સઙ્ઘાઇયા, સઙ્ઘટ્ટિયા, સઙ્કામિયા.**

૬. **એગિંદિયા** : આ શબ્દનું **'એકિંદિયા'** એવું અશુદ્ધ ઉચ્ચારણ કરવું નહિ.

૭. **અભિહયા** : આ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ ઉપયોગ રાખીને કરવું. એનાં **'અભિહિયા', 'અભિહિઆ', 'અભિયા'** આવાં અશુદ્ધ ઉચ્ચારણો કરવાં નહિ.

૮. **વત્તિયા** : આમાંના જોડાક્ષર **'ત્તિ'** (**ત્ + તિ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'વ'** ઉપર ભાર દઈને **'વત્'** બોલીને તરત **'તિયા'** બોલવું. **(વત્-તિયા)**

૯. **સંઘટ્ટિયા** : આમાંના જોડાક્ષર **'ટ્ટિ'** (**ટ્ + ટિ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ઘ'** ઉપર ભાર આવે એ રીતે **'સઙ્-ઘટ્'** બોલીને તરત **'ટિયા'** બોલવું. **(સઙ્-ઘટ્-ટિયા)**

૧૦. **કિલામિયા** : **'કિલામિયા'**ને બદલે **'કિલ્લામિયા'** એવું (બે **'લ્લ'** વાળું) અશુદ્ધ ઉચ્ચારણ કરવું નહિ.

૧૧. **ઉદ્દવિયા** : આ શબ્દમાં '**દ્દ**' (**દ્ + દ**) જોડાક્ષર છે. દેવનાગરી લિપિના '**દ્ + દ**' ઉપર-નીચે જોડાઈને આ જોડાક્ષર બને છે. આ જોડાક્ષર '**દ્દ**' (**દ્ + દ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે 'ઉ' ઉપર ભાર દઈને '**ઉદ્**' (ઉદ્) બોલ્યા પછી તરત '**દવિયા**' (દવિયા) બોલવું. (**ઉદ્-દવિયા**)

૧૨. **તસ્સ મિચ્છા મિ દુક્કડં** : આનું શુદ્ધ ઉચ્ચારણ પૂર્વે અબ્ભુટ્ઠિઓ સૂત્રમાં બતાવ્યા પ્રમાણે કરવું. (જુઓ પાનું ૧૬-૧૭)

અનુનાસિક + વ્યંજન (ઞ્ + ચ) એક જ ઉચ્ચારણ સ્થાનેથી બોલાય તેથી બોલવાની સરળતા રહે. દા.ત., **પ + ઞ્ + ચ = પઞ્ચ,** '**દન્ત**' શબ્દમાં '**ત**' દન્ત્ય છે, તેથી એની પૂર્વનો અનુનાસિક વ્યંજન પણ સ્વાભાવિક રીતે દન્ત્ય જ રહે. જેમ કે, **દ + ન્ + ત = દન્ત.**

અશિક્ષિત મનુષ્ય પણ મુખના અવયવોને માટે જેવાં ઉચ્ચારણો સ્વાભાવિક હોય અને જે સહજ રીતે બોલી શકાતાં હોય એવાં જ ઉચ્ચારણો કરે.

'**તં ચ**', '**સુમઈ ચ**' આમ '**ચ**' જ્યારે એક જુદો શબ્દ હોય ત્યારે ઝડપથી બોલતાં એની પૂર્વના અનુસ્વાર સાથે એનો જોડાક્ષર બને તો એ જ વર્ગનો અનુનાસિક વ્યંજન કુદરતી રીતે બોલાય છે. દા.ત., **તઞ્ચ, સુમઈઞ્ચ.**

'**તં ચ**', '**જિણં ચ**', '**સુમઈ ચ**' વગેરેમાં પૂર્વ શબ્દના અંતિમ વ્યંજન '**મ્**'નો પછીના '**ચ**' શબ્દની સાથે જોડાક્ષર બનતો હોય, એટલે કે બોલનાર માણસ '**મ્**' અને '**ચ**' વચ્ચે અંતર રાખ્યા વિના જ બોલતો હોય તો બોલવાની ઝડપને કારણે '**તઞ્ચ, જિણઞ્ચ, સુમઈઞ્ચ**' એવાં સ્વાભાવિક ઉચ્ચારણોની શક્યતા રહે અને એ પણ માન્ય એવી એક જ સ્થાનેથી ઉચ્ચારાયેલી વ્યંજનોની શ્રેણિ બને.

'**તં ચ**', '**જિણં ચ**', '**સુમઈ ચ**' આમાં બે-બે શબ્દો છે. બે શબ્દો છે એનો ખ્યાલ રાખવામાં આવે અને પૂર્વનો શબ્દ બોલ્યા પછી સહેજ અંતર રાખીને પછીનો '**ચ**' શબ્દ બોલાય ત્યારે '**તમ્ ચ**', '**જિણમ્ ચ**', '**સુમઈમ્ ચ**' એવાં ઉચ્ચારણો થઈ શકે છે. '**પત્તાણં સંતિ**' તથા '**પાસં તહ**'ના બે શબ્દો જુદા પાડીને '**પત્તાણમ્ સંતિ**' અને '**પાસમ્ તહ**' એમ બોલાય.

'**મલ્લિં વંદે**', '**ચંદપ્પહં વંદે**'નાં '**મલ્લિઁવ્વઁદે**', '**ચન્દપ્પહઁવ્વઁદે**' આવાં ઉચ્ચારણો શુદ્ધ છે.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

૭. તસ્સ ઉત્તરી (વિશેષ પાપઆલોચન) સૂત્ર

તસ્સ ઉત્તરી-કરણેણં, પાયચ્છિત્ત-કરણેણં, વિસોહી-કરણેણં, વિસલ્લી-કરણેણં, પાવાણં કમ્માણં, નિઘાયણટ્ઠાએ ઠામિ કાઉસ્સગ્ગં ॥ ૧ ॥

❖

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **ઉત્તરી-કરણેણં** : આમાંના જોડાક્ષર **'ત્ત'** (**ત્ + ત**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ઉ'** ઉપર ભાર દઈને **'ઉત્'** બોલ્યા પછી તરત **'તરી'** બોલવું. **'ઉતરી'** એવું (એક **'ત'** વાળું) અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી. (**ઉત્-તરી**)

'કરણેણં' શબ્દમાં જોડાક્ષર નહિ હોવાથી એનું ઉચ્ચારણ સરળ લાગતું હોવા છતાં એના ઉચ્ચારણમાં વિશેષ સાવધાની રાખવી જરૂરી છે. **'કરણેણં'** શબ્દ બોલતી વખતે બોલવાની ઝડપને કારણે **'ર'**માં રહેલો **'અ'** સ્વર નીકળી જવાથી **'કર્ણેણં'** એવું અશુદ્ધ ઉચ્ચારણ થઈ જવાનો સંભવ રહે છે. આવા અશુદ્ધ ઉચ્ચારણના નિવારણ માટે પ્રથમ **'કર'** બોલવું. **'ર'**માં રહેલો **'અ'** સ્વર બરાબર બોલાયા પછી જ **'ણેણં'** બોલવું. (**કર-ણેણં**). આગળ પણ જ્યાં જ્યાં **'કરણેણં'** શબ્દ છે ત્યાં ત્યાં સર્વત્ર આ પ્રમાણે સાવધાની રાખીને શુદ્ધ ઉચ્ચારણ કરવું.

૨. **પાયચ્છિત્ત** : આમાં **'ચ્છિ'** (**ચ્ + છિ**) અને **'ત્ત'** (**ત્ + ત**) આ બે જોડાક્ષરો છે. પ્રથમના જોડાક્ષર **'ચ્છિ'**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ય'** ઉપર ભાર આવે એ રીતે **'પા-યચ્'** બોલ્યા પછી જોડાક્ષર **'ત્ત'**ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'છિ'** ઉપર ભાર દઈને **'છિત્'** બોલવું અને પછી તરત **'ત'** બોલવો. (**પા-યચ્-છિત્-ત**)

૩. **વિસલ્લી** : આમાંના જોડાક્ષર '**લ્લી**' (**લ્** + **લી**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**સ**' ઉપર ભાર આવે એ રીતે '**વિ-સલ્**' બોલ્યા પછી તરત '**લી**' બોલવું. (**વિ-સલ્-લી**) '**વિસલી**' એવું અશુદ્ધ બોલવું નહિ.

૪. **કમ્માણં** : આમાંના જોડાક્ષર '**મ્મા**' (**મ્** + **મા**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ક**' ઉપર ભાર દઈને '**કમ્**' બોલ્યા પછી તરત '**માણં**' બોલવું. (**કમ્-માણમ્**)

૫. **નિગ્ઘાયણટ્ઠાએ** : આમાં '**ગ્ઘા**' (**ગ્** + **ઘા**) અને '**ટ્ઠા**' (**ટ્** + **ઠા**) આ બે જોડાક્ષરો છે. પ્રથમના જોડાક્ષર '**ગ્ઘા**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**નિ**' ઉપર ભાર દઈને '**નિગ્**' બોલ્યા પછી તરત '**ઘા**' બોલવું. ત્યાર પછી જોડાક્ષર '**ટ્ઠા**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ણ**' ઉપર ભાર આવે એ રીતે '**યણટ્**' બોલીને તરત '**ઠાએ**' બોલવું. (**નિગ્-ઘા-યણટ્-ઠાએ**) '**નિગ્ઘા-યણટ્ઠાએ**' એવા ખોટા વિભાગ પાડીને આ શબ્દ બોલવો નહિ. આખો શબ્દ એક સાથે જ બોલવો.

૬. **કાઉસ્સગ્ગં** : આમાં '**સ્સ**' (**સ્** + **સ**) અને '**ગ્ગં**' (**ગ્** + **ગં**) આ બે જોડાક્ષરો છે. પ્રથમના જોડાક્ષર '**સ્સ**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ઉ**' ઉપર ભાર આવે એ રીતે '**કા-ઉસ્**' બોલીને જોડાક્ષર '**ગ્ગ**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**સ**' ઉપર ભાર દઈને '**સગ્**' બોલવું અને પછી તરત '**ગં**' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**કા-ઉસ્-સગ્-ગમ્**)

> '**અંશ**'નાં '**અઁવ્શ**' અને '**અઉઁશ**' આ બંને ઉચ્ચારણ સાચાં છે. '**અંહ્રિ**' શબ્દના ઉચ્ચારણની '**અઁવ્હ્રિ**' આવી સ્થિતિ છે. આના ઉચ્ચારણમાં હોઠ મરડાય છે તેથી વચ્ચે '**વ્**' શ્રુતિ સરજાય છે.
>
> –(ડૉ.) કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૮. અન્નત્થ (આગાર) સૂત્ર

અન્નત્થ ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાય-નિસગ્ગેણં, ભમલીએ, પિત્તમુચ્છાએ ॥ ૧ ॥

સુહુમેહિં અંગ-સંચાલેહિં, સુહુમેહિં, ખેલ-સંચાલેહિં,
સુહુમેહિં દિટ્ઠિ-સંચાલેહિં ॥ ૨ ॥

એવમાઈએહિં આગારેહિં, અભગ્ગો, અવિરાહિઓ હુજ્જ મે કાઉસ્સગ્ગો ॥ ૩ ॥

જાવ અરિહંતાણં ભગવંતાણં નમુક્કારેણં ન પારેમિ ॥ ૪ ॥

તાવ કાયં ઠાણેણં, મોણેણં, ઝાણેણં અપ્પાણં વોસિરામિ ॥ ૫ ॥

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **અન્નત્થ** : આમાં '**ન્ન**' (**ન્ + ન**) અને '**ત્થ**' (**ત્ + થ**) આ બે જોડાક્ષરો છે. જોડાક્ષર '**ન્ન**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**અ**' ઉપર ભાર દઈને '**અન્**' બોલ્યા પછી જોડાક્ષર '**ત્થ**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ન**' ઉપર ભાર દઈને '**નત્**' બોલવું અને પછી તરત '**થ**' બોલવો. (**અન્-નત્-થ**)

૨. **ઊસસિએણં** : આમાંનો પ્રથમ અક્ષર '**ઊ**' દીર્ઘ સ્વર છે માટે સહેજ લંબાવીને બોલવો. છેલ્લો અક્ષર '**ણં**' અનુસ્વારવાળો છે, માટે બોલતી વખતે બે હોઠ ભેગા કરવા. (**ઊ-સસિએણમ્**)

૩. **ખાસિએણં** : આ શબ્દમાં વધારાનો '**સ**' અક્ષર ઉમેરાઈને, આગળના '**નિસસિએણં**' શબ્દની જેમ '**ખાસસિએણં**' એવું અશુદ્ધ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી.

૪. **ઉડ્ડુએણં** : આમાંના જોડાક્ષર '**ડ્ડુ**' (ડ્ + ડુ)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ઉ**' ઉપર ભાર દઈને '**ઉડ્**' બોલ્યા પછી '**ડુ**' બોલીને તરત '**એણં**' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**ઉડ્-ડુ-એણમ્**)

૫. **વાયનિસગ્ગેણં** : આમાંના જોડાક્ષર '**ગ્ગે**' (ગ્ + ગે)ના શુદ્ધ ઉચ્ચારણ માટે પ્રથમ '**વાય**' બોલીને તરત '**સ**' ઉપર ભાર આવે એ રીતે '**નિ-સગ્**' બોલવું અને પછી તરત '**ગેણં**' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા (**વાય-નિ-સગ્-ગેણમ્**)

આ શબ્દમાં '**ન**' એક જ છે, બે નથી તે ધ્યાનમાં રાખવું અને '**વાયન્નિસગ્ગેણં**' એવું (બે '**ન્ન**'વાળું) અશુદ્ધ ઉચ્ચારણ ન થઈ જાય એની સાવધાની રાખવી.

આ શબ્દ '**વાયનિ—સગ્ગેણં**' એવા અસંગત વિભાગ પાડીને બોલવો નહિ, પણ '**વાય-નિસગ્ગેણં**' એવા સંગત વિભાગ પાડીને બોલવો.

૬. **ભમલીએ** : આ શબ્દમાં એકેય જોડાક્ષર નથી. '**મ**' એક જ છે તે ધ્યાનમાં રાખીને '**ભમ્મલીએ**' એવું (બે '**મ્મ**'વાળું) અશુદ્ધ ઉચ્ચારણ કરવું નહિ.

૭. **પિત્તમુચ્છાએ** : આમાં '**ત્ત**' (**ત્ + ત**) અને '**ચ્છા**' (**ચ્ + છા**) આ બે જોડાક્ષરો છે. પ્રથમના જોડાક્ષર '**ત્ત**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે પ્રથમ '**પિ**' ઉપર ભાર દઈને '**પિત્**' બોલ્યા પછી તરત '**ત**' બોલવો. પછીના જોડાક્ષર '**ચ્છા**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**મુ**' ઉપર ભાર દઈને '**મુચ્**' બોલવું અને પછી તરત '**છાએ**' બોલવું. (**પિત્-ત-મુચ્-છાએ**)

૮. **સુહુમેહિં** : આમાંનો બીજો અક્ષર '**હુ**' છે, પણ '**હ**' નથી તે ધ્યાનમાં રાખવું અને '**સુહુમેહિમ્**' એવું શુદ્ધ બોલવું. '**સુહમેહિમ્**' એવું અશુદ્ધ બોલવું નહિ. છેલ્લે બે હોઠ ભેગા કરવા.

૯. **અંગસંચાલેહિં** : વર્ગીય વ્યંજન પૂર્વે તે તે વર્ગના અનુનાસિક વ્યંજન સ્પષ્ટ થાય તે રીતે આ શબ્દની અંદરના બે અનુસ્વાર સ્પષ્ટ બોલવા. (**અઙ્ગ-સઞ્ચાલેહિમ્**) છેલ્લે બે હોઠ ભેગા કરવા.

૧૦. **દિટ્ઠિસંચાલેહિં** : આમાંના જોડાક્ષર '**ટ્ઠિ**' (**ટ્** + **ઠિ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**દિ**' ઉપર ભાર દઈને '**દિટ્**' બોલ્યા પછી તરત '**ઠિ**' બોલવો. (**દિટ્ - ઠિ - સઞ્ચાલેહિમ્**)

૧૧. **એવમાઈએહિં આગારેહિં** : '**એવમાઇ-એહિમ્-આગારેહિમ્**' આ પ્રમાણે વિભાગ પાડીને આ શબ્દો બોલવા અને વચ્ચેનો '**એહિં**' શબ્દ બોલવાનો રહી ન જાય એની સાવધાની રાખવી.

૧૨. **અભગ્ગો** : આમાંના જોડાક્ષર '**ગ્ગો**' (**ગ્** + **ગો**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ભ**' ઉપર ભાર આવે એ રીતે '**અ-ભગ્**' બોલ્યા પછી તરત '**ગો**' બોલવો. (**અ - ભગ્- ગો**)

૧૩. **હુજ્જ** : આમાંના જોડાક્ષર '**જ્જ**' (**જ્** + **જ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**હુ**' ઉપર ભાર દઈને '**હુજ્**' બોલ્યા પછી તરત '**જ**' બોલવો. (**હુજ્-જ**)

૧૪. **કાઉસ્સગ્ગો** : આમાં '**સ્સ**' (**સ્** + **સ**) અને '**ગ્ગો**' (**ગ્** + **ગો**) આ બે જોડાક્ષરો છે. પ્રથમના જોડાક્ષર '**સ્સ**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ઉ**' ઉપર ભાર આવે એ રીતે '**કા-ઉસ્**' બોલ્યા પછી જોડાક્ષર '**ગ્ગો**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**સ**' ઉપર ભાર દઈને '**સગ્**' બોલવું અને પછી તરત '**ગો**' બોલવો. (**કા - ઉસ્- સગ્- ગો**)

૧૫. **નમુક્કારેણં** : આમાંના જોડાક્ષર '**ક્કા**' (**ક્** + **કા**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**મુ**' ઉપર ભાર આવે એ રીતે '**ન-મુક્**' બોલ્યા પછી તરત '**કારેણં**' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**ન-મુક્-કારેણમ્**)

૧૬. **અપ્પાણં** : આમાંના જોડાક્ષર 'પ્પા' (પ્ + પા)ના શુદ્ધ ઉચ્ચારણ માટે 'અ' ઉપર ભાર દઈને 'અપ્' બોલ્યા પછી તરત 'પાણં' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવાં. (**અપ્-પાણમ્**)

૧૭. આ સૂત્રમાં **ઊસસિએણં, નીસસિએણં, ખાસિએણં, છીએણં, જંભાઈએણં, ઉડ્ડુએણં, વાયનિસગ્ગેણં, સુહુમેહિં, અંગસંચાલેહિં, સુહુમેહિં, ખેલસંચાલેહિં, સુહુમેહિં, દિટ્ઠિસંચાલેહિં, એવમાઈ-એહિં, આગારેહિં, અરિહંતાણં, ભગવંતાણં, નમુક્કારેણં, કાયં, ઠાણેણં, મોણેણં, ઝાણેણં અને અપ્પાણં** –

આ ૨૩ શબ્દો અંતે અનુસ્વાર(મીંડા)વાળા છે તે ધ્યાનમાં રાખીને એ બધા શબ્દોના છેલ્લા અક્ષરો બે હોઠ ભેગા કરીને બોલવા.

માનવના ભાષાકીય ઉચ્ચારો બે જાતના હોય છે :

એક વ્યાકરણના નિયમ મુજબનો શુદ્ધ ઉચ્ચાર અને બીજો બોલતાં બોલતાં નિષ્કાળજીને લીધે બદલાય તે અશુદ્ધ ઉચ્ચાર.

ઉચ્ચાર મુખથી થાય છે અને મુખના અવયવોની હિલચાલ કુદરતી છે. સંસ્કૃત વ્યાકરણ કુદરતી રીતે થતા ઉચ્ચારો અનુસાર રચાયેલું છે, તેથી સંસ્કૃત વ્યાકરણને અનુસરતા ઉચ્ચારો વૈજ્ઞાનિક છે. પરસવર્ણ ઉચ્ચારણ એ વૈજ્ઞાનિક પ્રક્રિયાત્મક સત્ય છે.

કુદરતી ઉચ્ચારણ મુજબ 'પંચ' શબ્દમાં 'ઞ્' અનુનાસિક છે. (પઞ્ચ) 'પઞ્ચ'ને બદલે 'પન્ચ' એવું ઉચ્ચારણ અશુદ્ધ ગણાય. તેથી 'પઞ્ચ' એવા શુદ્ધ ઉચ્ચારણના વિકલ્પ રૂપે 'પન્ચ' એવા અકુદરતી - અશુદ્ધ ઉચ્ચારણને બતાવાય નહિ.

ધ્વનિ ઉચ્ચાર માટેના જે અવયવો હોય તે અવયવો જ વાપરવા યોગ્ય ગણાય.

'પંચિંદિય' શબ્દમાં સ્વાભાવિક એવા 'પઞ્ચિ' ઉચ્ચારણને બદલે લખવામાં 'પન્ચિ' વપરાયું હોય તોપણ ઉચ્ચારણમાં તો આપોઆપ તાલવ્ય 'ઞ્' અનુનાસિક જ આવી જાય. 'પન્ચિ' એવું ઉચ્ચારણ સ્વાભાવિક રીતે શક્ય ન જ હોય, માટે 'પઞ્' (પન્) આવો વિકલ્પ બતાવવો યોગ્ય નથી.

૯. લોગસ્સ (નામસ્તવ) સૂત્ર

લોગસ્સ ઉજ્જોઅગરે, ધમ્મતિત્થયરે જિણે ।
અરિહંતે કિત્તઈસ્સં, ચઉવિસંપિ કેવલી ॥ ૧ ॥
ઉસભમજિઅં ચ વંદે, સંભવમભિણંદણં ચ સુમઈ ચ ।
પઉમપ્પહં સુપાસં, જિણં ચ ચંદપ્પહં વંદે ॥ ૨ ॥
સુવિહિં ચ પુપ્ફદંતં, સીઅલ સિજ્જંસ વાસુપુજ્જં ચ ।
વિમલમણંતં ચ જિણં, ધમ્મં સંતિં ચ વંદામિ ॥ ૩ ॥
કુંથું અરં ચ મલ્લિં, વંદે મુણિસુવ્વયં નમિજિણં ચ ।
વંદામિ રિટ્ઠનેમિં, પાસં તહ વદ્ધમાણં ચ ॥ ૪ ॥
એવં મએ અભિથુઆ, વિહુયરયમલા પહીણજરમરણા ।
ચઉવિસંપિ જિણવરા, તિત્થયરા મે પસીયંતુ ॥ ૫ ॥
કિત્તિય વંદિય મહિયા, જે એ લોગસ્સ ઉત્તમા સિદ્ધા ।
આરુગ્ગ બોહિલાભં, સમાહિવરમુત્તમં દિંતુ ॥ ૬ ॥
ચંદેસુ નિમ્મલયરા, આઈચ્ચેસુ અહિયં પયાસયરા ।
સાગરવરગંભીરા, સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ ॥ ૭ ॥

❖

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **લોગસ્સ** : આમાંના જોડાક્ષર **'સ્સ'** (**સ્ + સ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ગ'** ઉપર ભાર આવે એ રીતે **'લો-ગસ્'** બોલ્યા પછી તરત **'સ'** બોલવો. (**લો-ગસ્-સ**)

૨. **ઉજ્જોઅગરે** : આમાંના જોડાક્ષર '**જ્જો**' (**જ્ + જો**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ઉ**' ઉપર ભાર દઈને '**ઉજ્**' બોલીને '**જોઅ**' બોલવું અને પછી તરત 'ગરે' બોલવું. (**ઉજ્-જોઅ-ગરે**)

'**ઉજ્જો-અગરે**' એવો અસંગત વિભાગ પાડીને બોલવું નહિ, પણ '**ઉજ્જોઅ-ગરે**' એવો અર્થસંગત વિભાગ પાડીને બોલવું. '**ઉજ્જોગરે**' એવું અશુદ્ધ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી.

૩. **ધમ્મતિત્થયરે** : આમાં '**મ્મ**' (**મ્ + મ**) અને '**ત્થ**' (**ત્ + થ**) આ બે જોડાક્ષરો છે. પ્રથમના જોડાક્ષર '**મ્મ**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ધ**' ઉપર ભાર દઈને '**ધમ્**' બોલ્યા પછી તરત '**મ**' બોલવો. પછી જોડાક્ષર '**ત્થ**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**તિ**' ઉપર ભાર દઈને '**તિત્**' બોલવું અને પછી તરત '**થ**' બોલીને '**યરે**' બોલવું. (**ધમ્-મ-તિત્-થ-યરે**)

૪. **કિત્તઈસ્સં** : આમાં '**ત્ત**' (**ત્ + ત**) અને '**સ્સં**' (**સ્ + સં**) આ બે જોડાક્ષરો છે. પ્રથમના જોડાક્ષર '**ત્ત**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**કિ**' ઉપર ભાર દઈને '**કિત્**' બોલ્યા પછી તરત '**ત**' બોલવો. પછી જોડાક્ષર '**સ્સં**'ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ઈ**' ઉપર ભાર દઈને '**ઈસ્**' બોલ્યા પછી તરત '**સં**' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**કિત્-ત-ઈસ્-સમ્**)

૫. **સંભવમભિણંદણં ચ** : આ (સામાસિક) શબ્દના '**સંભવમભિ-ણંદણં ચ**' આવા વિભાગ પાડીને પાઠ આપવો, લેવો અને ગોખવો નહિ. '**ણંદણં**'ની આદિમાં રહેલા '**ણ**'નો શુદ્ધ ઉચ્ચાર કેમ કરવો એની સમજ બાળકોને હોતી નથી, તેથી એની પૂર્વમાં '**અ**' કે '**હ**' જોડી દઈને '**અણંદણં**' કે '**હણંદણં**' એવું અશુદ્ધ બોલે છે અને એવું જ ખોટું ગોખી નાખે છે. પછી એ ભૂલ સુધરતી નથી. એવું ન બને તે માટે '**સંભવ - મભિણં - દણં ચ**' આવી રીતે

વિભાગ પાડીને પાઠ આપવો, લેવો અને ગોખવો. **'મભિણં-દણં ચ'**ને બદલે **'મભિનં-દનં ચ'** એવું અશુદ્ધ બોલવું નહિ.

૬. **પઉમપ્પહં** : આમાંના જોડાક્ષર **'પ્પ'** (**પ્ + પ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'મ'** ઉપર ભાર આવે એ રીતે **'પઉ-મપ્'** બોલ્યા પછી તરત **'પહં'** બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**પઉ-મપ્-પહમ્**)

૭. **ચંદપ્પહં** : આમાંના જોડાક્ષર **'પ્પ'** (**પ્ + પ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'દ'** ઉપર ભાર આવે એ રીતે **'ચન્-દપ્'** બોલ્યા પછી તરત **'પહં'** બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**ચન્-દપ્-પહમ્**)

૮. **પુપ્ફદંતં** : આમાંના જોડાક્ષર **'પ્ફ'** (**પ્ + ફ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'પુ'** ઉપર ભાર દઈને **'પુપ્'** બોલવું અને પછી **'ફ'** બોલીને તરત **'દંતં'** બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**પુપ્-ફ-દન્તમ્**)

૯. **સિજ્જંસ** : આમાંના જોડાક્ષર **'જ્જં'** (**જ્ + જં**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'સિ'** ઉપર ભાર દઈને **'સિજ્'** બોલ્યા પછી તરત **'જંસ'** બોલવું. અહીં **'જ'** ઉપર અનુસ્વાર જ બોલવાનો છે, પણ અનુસ્વારના સ્થાને **'ન્'** (સિજ્જન્સ) બોલવાનો નથી. અનુસ્વારપૂર્વક **'સિજ્-જઉँસ'** એવો શુદ્ધ ઉચ્ચાર કરવો.

૧૦. **વાસુપુજ્જં ચ** : આમાંના જોડાક્ષર **'જ્જં'** (**જ + જં**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'વાસુ'** બોલ્યા પછી તરત **'પુ'** ઉપર ભાર દઈને **'પુજ્'** બોલવું અને પછી તરત **'જઞ્ચ'** બોલવું. (**વાસુ-પુજ્-જઞ્ચ**)

૧૧. **ધમ્મં** : આમાંના જોડાક્ષર **'મ્મં'** (**મ્ + મં**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ધ'** ઉપર ભાર દઈને **'ધમ્'** બોલ્યા પછી તરત **'મં'** બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**ધમ્-મમ્**)

૧૨. **મલ્લિં વંદે** : આમાંના જોડાક્ષર '**લ્લિં**' (લ્ + લિં)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**મ**' ઉપર ભાર દઈને '**મલ્**' બોલ્યા પછી તરત '**લિં**' બોલવું. અનુસ્વારનું ઉચ્ચારણ (**મલ્-લિઁવ્વઁદે**) કૌંસમાં બતાવ્યા પ્રમાણે થાય.

૧૩. **મુણિસુવ્વયં** : આમાંના જોડાક્ષર '**વ્વ**' (વ્ + વ)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**મુણિ**' બોલ્યા પછી '**સુ**' ઉપર ભાર દઈને '**સુવ્**' બોલવું અને પછી તરત '**વયં**' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**મુણિ-સુવ્-વયમ્**)

૧૪. **રિટ્ઠનેમિં** : આમાંના જોડાક્ષર '**ટ્ઠ**' (ટ્ + ઠ)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**રિ**' ઉપર ભાર દઈને '**રિટ્**' બોલ્યા પછી તરત '**ઠ**' બોલવો અને પછી તરત '**નેમિં**' બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. (**રિટ્-ઠ-નેમિમ્**)

૧૫. **વદ્ધમાણં ચ** : આમાંના જોડાક્ષર '**દ્ધ**' (દ્ + ધ)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**વ**' ઉપર ભાર દઈને **વદ્** (**વદ્**) બોલ્યા પછી તરત '**ધ**' બોલવો અને પછી તરત '**માણં**' બોલવું. (**વદ્-ધ-માણચ્ચ**) '**વદ્ધમાણં**'ને બદલે '**વર્ધમાનં**' બોલાય નહિ.

૧૬. **એવં મએ અભિથુઆ** : આમાંના '**મએ**' શબ્દના બદલે '**મહે**' એવો ખોટો શબ્દ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી. '**અભિથુઆ**' શબ્દ બોલતી વખતે '**ભિ**' ઉપર ભાર અપાઈ જાય તો '**અભિત્થુઆ**' એવું અશુદ્ધ ઉચ્ચારણ થઈ જવાનો સંભવ રહે છે. શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે '**ભિ**' ઉપર જરા પણ ભાર ન આવે તે રીતે પ્રથમ '**અભિ**' બોલવું અને પછી તરત '**થુઆ**' બોલવું. (**એવમ્-મએ-અભિ-થુઆ**)

૧૭. **વિહુય-રય-મલા** : આ શબ્દ બોલતી વખતે '**મ**' ઉપર ભાર અપાઈ જાય તો '**મલા**'ને બદલે '**મલ્લા**' એવું અશુદ્ધ બોલાઈ જવાનો

સંભવ રહે છે, માટે **'વિહુય-રય'** બોલ્યા પછી **'મ'** ઉપર જરા પણ ભાર આપ્યા વિના **'મલા'** બોલવું. (**વિહુય-રય-મલા**)

૧૮. **પહીણ-જર-મરણા** : આ સામાસિક શબ્દનું ઉચ્ચારણ કરતી વખતે બોલવાની ઝડપને કારણે એમાંના બે **'ર'**માં રહેલા **'અ'** સ્વર નીકળી જવાથી બંને **'ર'** ખોડા (ર્) થઈ જવાને કારણે **'જરમરણા'**ને બદલે **'જર્મર્ણા'** એવું અશુદ્ધ ઉચ્ચારણ થઈ જવાનો સંભવ રહે છે. આવા અશુદ્ધ ઉચ્ચારણના નિવારણ માટે **'પહીણ'** બોલ્યા પછી **'જર'** બોલવું. **'ર'**માં રહેલો **'અ'** સ્વર બરાબર બોલાયા પછી **'મર'** બોલવું. આમાં પણ **'ર'**માં રહેલો **'અ'** સ્વર બરાબર બોલવો અને પછી તરત **'ણા'** બોલવું. (**પહીણ-જર-મર-ણા**)

૧૯. **તિત્થયરા મે પસીયંતુ** : આ પદમાં અલગ અલગ ત્રણ શબ્દો છે. **'તિત્થયરા'** શબ્દની સાથે પછીના **'મે'** શબ્દને જોડી દઈને **'તિત્થયરામે'** એવું અસંગત બોલવું નહિ, પણ ત્રણેય શબ્દોને બરાબર જુદા પાડીને બોલવા. (**તિત્થયરા મે પસીયંતુ**)

૨૦. **કિત્તિય** : આમાંના જોડાક્ષર **'ત્તિ'** (**ત્** + **તિ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'કિ'** ઉપર ભાર દઈને **'કિત્'** બોલ્યા પછી તરત **'તિય'** બોલવું. (**કિત્-તિય**)

૨૧. **ઉત્તમા** : આમાંના જોડાક્ષર **'ત્ત'** (**ત્** + **ત**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'ઉ'** ઉપર ભાર દઈને **'ઉત્'** બોલ્યા પછી તરત **'તમા'** બોલવું. (**ઉત્-તમા**)

૨૨. **સિદ્ધા** : આમાંના જોડાક્ષર **'દ્ધા'** (**દ્** + **ધા**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે **'સિ'** ઉપર ભાર દઈને **'સિદ્ '** (**સિદ્**) બોલ્યા પછી તરત **'ધા'** બોલવો. (**સિદ્-ધા**)

૨૩. **આરુગ્ગ** : આમાંના જોડાક્ષર '**ગ્ગ**' (**ગ્ + ગ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**રુ**' ઉપર ભાર આવે એ રીતે '**આ-રુગ્**' બોલીને તરત '**ગ**' બોલવો. (**આ-રુગ્-ગ**)

૨૪. **સમાહિ-વર-મુત્તમં** : આમાંના જોડાક્ષર '**ત્ત**' (**ત્ + ત**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**મુત્**' બોલીને તરત '**તમં**' બોલવું. (**મુત્-તમમ્**) આ સામાસિક પદ '**સમાહિ-વરમુત્તમં**' આવા અસંગત વિભાગ પાડીને બોલવું નહિ, પણ '**સમાહિવર-મુત્તમં**' આવા અર્થ-સંગત વિભાગ પાડીને બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા.

૨૫. **નિમ્મલયરા** : આમાંના જોડાક્ષર '**મ્મ**' (**મ્ + મ**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**નિ**' ઉપર ભાર દઈને '**નિમ્**' બોલ્યા પછી '**મલ**' બોલીને તરત '**યરા**' બોલવું. (**નિમ્-મલ-યરા**) '**નિમલ્લયરા**' એવું (બે '**મ્મ**'ને બદલે બે '**લ્લ**'વાળું) અશુદ્ધ ઉચ્ચારણ કરવું નહિ.

૨૬. **આઈચ્ચેસુ** : આમાંના જોડાક્ષર '**ચ્ચે**' (**ચ્ + ચે**)ના શુદ્ધ ઉચ્ચારણ માટે '**ઈ**' ઉપર ભાર આવે એ રીતે '**આ-ઈચ્**' બોલીને તરત '**ચેસુ**' બોલવું. (**આ-ઈચ્-ચેસુ**)

૨૭. આ લોગસ્સ સૂત્રમાંના '**નિમ્મલયરા**', '**પયાસયરા**', '**મમ દિસંતુ**' આ શબ્દો બોલવાની અનુકૂળતા મુજબ '**નિમ્મ-લયરા**', '**પયા-સયરા**', '**મમદિ-સંતુ**' આ રીતે વિભાગ પાડીને બોલાય છે, પરંતુ અર્થની દૃષ્ટિએ અસંગતિ થતી હોવાથી આવાં ઉચ્ચારણો અશુદ્ધ ગણાય છે.

'**નિમ્મલ-યરા**' (**નિર્મલ-તરા**), '**પયાસ-યરા**' (**પ્રકાશ-કરા**), '**મમ દિસંતુ**' (**મને આપો**) આવી રીતે વિભાગ પાડીને કરાતાં ઉચ્ચારણો અર્થની દૃષ્ટિએ સંગત થતાં હોવાથી શુદ્ધ ગણાય છે માટે આ શબ્દો આવી જ રીતે વિભાગ પાડીને બોલવા.

૨ ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

કેટલાંક સૂત્રોમાંના જોડાક્ષરવાળા કઠણ શબ્દોના સરળતાથી શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેનું માર્ગદર્શન

(૧) જગચિંતામણિ

૧. કમ્મટ્ઠ - વિણાસણ : કમ્ - મટ્ - ઠ

૨. છપ્પન્ન : છપ્—પન્—ન

(૨) નમુત્થુ ણં (ન-મુત્-થુ-ણમ્)

૧. સવ્વન્નૂણં : સવ્—વન્—નૂણમ્

'સવ્વનૂણં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૨. ણાગએ કાલે : 'અણાગણે' કે 'હણાગએ' એવું અશુદ્ધ બોલવું નહિ, પણ 'ણાગએ' એવું શુદ્ધ જ બોલવું.

બાળકોને અને અશિક્ષિતજનોને શબ્દની આદિમાં રહેલા 'ણ' અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર કરતાં આવડતું નહિ હોવાથી, તેઓ 'ણ'ની પૂર્વે 'અ' કે 'હ' જોડી દઈને 'અણ' કે 'હણ' એવો અશુદ્ધ ઉચ્ચાર કરે છે. અશુદ્ધ ઉચ્ચારનો દોષ ન લાગે તે માટે જ્ઞાની ગુરુના મુખેથી શ્રવણ કરીને પૂર્વમાં 'અ' કે 'હ' જોડ્યા વિના 'ણ' અક્ષરનો શુદ્ધ ઉચ્ચાર કરતાં શીખી લેવું જોઈએ.

(૩) નમોર્હત્

૧. નમોર્હત્ : નમોર્ - હત્

૨. સિદ્ધાચાર્યોપાધ્યાય : સિદ્ - ધા - ચાર્ - યો - પાધ્યાય 'પાધ્યાય'ને બદલે 'પાધ્યાયે' એવું અશુદ્ધ બોલવું નહિ.

૩. સર્વસાધુભ્યઃ આ સામાસિક પદ 'સર્વસા - ધુભ્યઃ' એવા અસંગત વિભાગ પાડીને બોલવું નહિ, પણ 'સર્વ - સાધુભ્યઃ' એવા અર્થસંગત વિભાગ પાડીને જ બોલવું.

વિસર્ગનું ઉચ્ચારણ મોટા ભાગે ખોટું થતું જોવામાં આવે છે. વિસર્ગનું સાચું ઉચ્ચારણ જ્ઞાની ગુરુના મુખેથી શીખી લેવા યોગ્ય છે.

(વિસર્ગના સાચા ઉચ્ચારણ અંગે જુઓ પૃષ્ઠ ૬૯)

(૪) ઉવસગ્ગહરં (ઉવ-સગ્-ગ-હરમ્)

૧. 'મંગલ કલ્લાણ આવાસં' : 'કલ્લાણ'ને બદલે 'કલ્યાણ' એવું અશુદ્ધ બોલવું નહિ.

૨. સમ્મત્તે લદ્ધે : સમ્ - મત્ - તે લદ્ - ધે

૩. ઈઅ સંથુઓ મહાયસ : 'ઈઅ'ને બદલે 'ઈહ' એવું અશુદ્ધ બોલવું નહિ. 'મહાયસ'ને બદલે 'મહાયસ્સ' એવું અશુદ્ધ બોલવું નહિ.

૪. ભત્તિબ્ભર - નિબ્ભરેણ : ભત્ - તિબ્ - ભર - નિબ્ - ભ - રેણ

(૫) જય વીયરાય

૧. લોગ—વિરુદ્ધચ્ચાઓ : વિ - રુદ્ - ધચ્ - ચાઓ

૨. દુક્ખક્ખઓ કમ્મક્ખઓ : દુક્ - ખક્ - ખઓ, કમ્ - મક્ - ખઓ

૩. પણામ કરણેણં : 'પણામ'ને બદલે 'પ્રણામ' એવું અશુદ્ધ બોલવું નહિ.

બોલવાની ઝડપને કારણે 'કરણેણં' શબ્દમાંના 'ર'માંથી 'અ' સ્વર નીકળી જવાને કારણે 'કર્ણેણં' એવું અશુદ્ધ બોલાઈ ન જાય એની સાવધાની રાખવી.

૪. સર્વ ધર્માણાં : 'ધર્માણાં'ને બદલે 'ધર્માણં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૫. સર્વમંગલમાંગલ્યં : વચ્ચેના 'મંગલ' શબ્દને બદલે 'મંગલ્ય' એવું અશુદ્ધ બોલવું નહિ.

(૬) કલ્લાણકંદં

૧. પઢમં જિણિંદં : 'જિણિંદં'ને બદલે 'જિણંદં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૨. સુગુણિક્કઠાણં : સુ - ગુણિક્ - ક - ઠાણમ્

'સુગણિક્કઠાણં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૩. ભત્તીઈ : 'ભત્તીઈ'ને બદલે 'ભત્તીય' એવું અશુદ્ધ બોલવું નહિ.

(૭) પુક્ખરવરદીવડ્ઢે

૧. વિદ્ધંસણસ્સ : વિદ્ - ધઉઁ - સણસ્ - સ

૨. કિન્નરગણસ્સબ્ભૂઅ - ભાવચ્ચિએ :

કિન્ - નર - ગણસ્ - સબ્ - ભૂઅ - ભા - વચ્ - ચિએ

'કિન્નરગણ' પછી 'સ્સ' જોડાક્ષર છે તે ધ્યાનમાં રાખવું.

('સદ્ભૂત'ના 'સ'નો દ્વિર્ભાવ થયેલો છે. જુઓ પ્ર.ટી.પૃ. ૬૬૪)

૩. ધમ્મુત્તરં : ધમ્ - મુત્ - તરમ્

(૮) સિદ્ધાણં બુદ્ધાણં :

૧. તં ધમ્મચક્કવટ્ટિં : તં (તમ્)ને બદલે 'તમ' એવું અશુદ્ધ ન બોલાઈ જાય એની વિશેષ પ્રકારે સાવધાની રાખવા યોગ્ય છે.

ધમ્ - મ - ચક્ - ક - વટ્ - ટિમ્ (જુઓ પૃષ્ઠ ૧૫૫)

(૯) વેયાવચ્ચગરાણં

૧. સમ્મદિટ્ઠિ : સમ્ - મદ્ - દિટ્ - ઠિ

(૧૦) દેવસિઅ પડિક્કમણે ઠાઉં

૧. સવ્વસ્સ વિ : સવ્ - વસ્ - સ વિ

૨. દુચ્ચિંતિઅ : દુચ્ - ચિન્ - તિઅ

૩. દુચ્ચિટ્ઠિઅ : દુચ્ - ચિટ્ - ઠિઅ

(૧૧) ઈચ્છામિ ઠામિ

૧. ઉસ્સુત્તો ઉમ્મગ્ગો : ઉસ્ - સુત્ - તો, ઉમ્ - મગ્ - ગો

૨. તિણ્હં ચઉણ્હં : તિણ્ - હમ્, ચ - ઉણ્ - હમ્

૩. પંચણ્હમણુવ્વયાણં : પઞ્ - ચણ્ - હ - મણુવ્ - વયાણમ્

૪. ગુણવ્વયાણં : ગુણવ્ - વયાણમ્

૫. ધમ્મસ્સ : ધમ્ - મસ્ - સ

(૧૨) નાણંમિ

૧. અનિન્હવણે : અ - નિન્ - હવણે

૨. જહુત્ત માઉત્તો : જ - હુત્ - ત, મા - ઉત્ - તો

(૧૩) વાંદણાં

૧. જવણિજ્જં ચ ભે : ‘જવ - ણિજ્ - જં ચ ભે’

આમાંના બે ‘જ્જ’ બરાબર બોલવા અને ‘ચ’ ઉપર ભાર ન અપાઈ જાય એની સાવધાની રાખવી. ‘જવણિ જં ચબ્ભે’

('જ્જં'ને બદલે 'જં' અને 'ચબ્ભે'ને બદલે 'ચબ્ભે') આવું અશુદ્ધ બોલવું નહિ.

૨. વઈક્કમં : વ - ઈક્ - કમમ્, 'વઈકમ્મં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૩. તિત્તીસન્નયરાએ : તિત્ - તિ - સન્ - ન - યરાએ

૪. મણદુક્કડાએ : મણ - દુક્ - કડાએ

૫. વયદુક્કડાએ : વય - દુક્ - કડાએ

૬. કાયદુક્કડાએ : કાય - દુક્ - કડાએ

૭. સવ્વધમ્માઈક્કમણાએ : સવ્ - વ - ધમ્ - મા - ઈક્ - ક - મણાએ

(૧૪) વંદિત્તુ

૧. સમ્મત્તસ્સઈયારે : સમ્ - મત્ - તસ્ - સ - ઈયારે

૨. કેવલિપન્નત્તસ્સ : કેવલિ - પન્ - નત્ - તસ્ - સ

૩. અબ્ભુટ્ઠિઓમિ : અબ્ - ભુટ્ - ઠિઓમિ

(૧૫) નમોસ્તુ

૧. સદશૈરિતિ :

'સદશૈ'ને બદલે 'સદ્રશૈ' એવું ('દ' અક્ષરને બદલે 'દ્ર' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

૨. કષાયતાપાર્દિતજંતુનિર્વૃતિં : કષાય - તાપાર્ - દિત - જંતુ - નિર્ - વૃતિં । 'નિર્વૃતિં'ને બદલે 'નિવૃતિં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૩. શુક્રમાસોદ્‌ભવવૃષ્ટિસન્નિભો : 'શુક્ર - માસોદ્ - ભવ - વૃષ્ટિ - સન્ - નિભો' । 'વૃષ્ટિ'ને બદલે 'વ્રષ્ટિ' એવું ('વૃ' અક્ષરને બદલે 'વ્ર' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

(૧૬) વિશાલલોચન :

૧. પ્રોદ્યદ્દંતાંશુકેસરં : પ્રોદ્ - યદ્ - દન્ - તાઉઁશુ - કેસરમ્

૨. બુધૈર્નમસ્કૃતમ્ : બુ - ધૈર્ - નમસ્ - કૃતમ્

(૧૭) ખિત્તદેવયાએ

૧. ભૂયાન્નઃ : ભૂ - યાન્ - નઃ

(૧૮) અઢ્ઢાઈજ્જેસુ

૧. અઢ્ઢાઈજ્જેસુ : અડ્ - ઢા - ઈજ્ - જેસુ

(૧૯) વરકનક

વરકનક - શંખ - વિદ્રુમ, મરકતઘનસન્નિભં વિગતમોહમ્ ।

સપ્તતિશતં જિનાનાં, સર્વામર - પૂજિતં વંદે ॥ (સંસ્કૃત)

નોંધ : સાંજના પ્રતિક્રમણમાં વિધિ અનુસાર ઉપર મુજબનું સંસ્કૃત ભાષાનું જ વરકનક સૂત્ર બોલાય.

વરકણય - સંખવિદ્રુમ, મરગયઘણસન્નિહં વિગયમોહં ।

સત્તરિસયં જિણાણં, સવ્વામરપૂઈઅં વંદે ॥ (પ્રાકૃત)

નોંધ : ઉપર મુજબનું તિજયપહુત્ત સ્તોત્રનું પ્રાકૃત ભાષાનું 'વરકણય' પ્રતિક્રમણમાં બોલાય નહિ, તેમજ થોડું સંસ્કૃતનું

અને થોડું પ્રાકૃતનું એ રીતે બંને ભાષાનું મિશ્રણ કરીને પણ બોલાય નહિ. એવી રીતે બોલવાથી અવિધિ દોષ લાગે.

(૨૦) લઘુ શાંતિ

૧. ભગવતેર્હતે : ભગવતેર્ - હતે

૨. પ્રધાનવાક્યોપયોગ : 'પયોગ'ને બદલે 'પ્રયોગ' એવું અશુદ્ધ બોલવું નહિ. (વાક્ય + ઉપયોગ = વાક્યોપયોગ શબ્દ છે.)

૩. નિર્વૃતિ : નિર્ - વૃતિ

૪. નિત્યમુદ્યતે : નિત્ય - મુદ્ - યતે 'મુદ્યતે'ને બદલે 'મુધ્યતે' એવું ('દ્ય'ને બદલે 'ધ્ય' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

૫. યન્નામાક્ષર : 'યન્ - નામાક્ષર' આ પદ 'યન્ના - માક્ષર' એવા અસંગત વિભાગ પાડીને બોલવું નહિ, પણ 'યન્ - નામાક્ષર' એવા અર્થસંગત વિભાગ પાડીને બોલવું.

૬. યશ્ચૈનં : 'યશ્ - ચૈનમ્' । 'ચૈનં'ને બદલે 'ચેનં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૭. છિદ્યન્તે : 'છિદ્ - યન્ - તે' 'છિદ્યન્તે'ને બદલે 'છિધ્યન્તે' એવું ('દ્ય'ને બદલે 'ધ્ય' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

(૨૧) ચઉક્કસાય

૧. ચઉક્કસાયપડિમલ્લુલ્લૂરણુ : ચ - ઉક્ - કસાય - પડિમલ્ - લુલ્ - લૂરણુ

૨. પયચ્છઉ વંછિઉ : 'પ - યચ્ - છઉ'

'પયચ્છઉ'ને બદલે 'પયચ્છિઉ' એવું અશુદ્ધ બોલવું નહિ.

(૨૨) ભરહેસર

૧. કણ્હટ્ઠ : કણ્ - હટ્ - ઠ

(૨૩) મન્નહ જિણાણ

૧. ઉજ્જુત્તો : ઉજ્ - જુત્ - તો

(૨૪) સંતિકરં

૧. સૌં હ્રીઁ : 'હ્રીઁ' એ જોડાક્ષર છે. એમાં 'હ્ + રીઁ' આ બે વ્યંજનો જોડાયેલા છે. ઓછા શિક્ષણવાળા સામાન્યજનોને જોડાક્ષરની આદિમાં રહેલો મહાપ્રાણ 'હ્' બોલવો કઠણ પડતો હોવાથી 'હ્'નો ઉચ્ચાર છોડી દઈને તેઓ 'હ્રીઁ'ને બદલે 'રીઁ' એવું અશુદ્ધ બોલે છે. 'હ્રીઁ' એ મંત્રબીજ હોવાથી જ્ઞાની ગુરુના મુખેથી એનું સાચું ઉચ્ચારણ શીખી લઈને શુદ્ધ ઉચ્ચારણ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

(૨૫) સકલાર્હત્

૧. સકલાર્હત્ : સકલાર્ - હત્

૨. માર્હન્ત્યમ્ : માર્ - હન્ - ત્યમ્

૩. પુનતસ્ત્રિજગજ્જનં : પુનતસ્ - ત્રિ - જગજ્ - જનમ્

૪. સર્વસ્મિન્નર્હતઃ : સર્ - વસ્ - મિન્ - નર્ - હતઃ

૫. દ્યુસત્કિરીટશાણાગ્રોત્તેજિતાઙ્ઘ્રિનખાવલિઃ

દ્યુ - સત્ - કિરીટ - શાણા - ગ્રોત્ - તેજિતાઙ્ - ઘ્રિ - નખાવલિઃ

૬. સનાથોતિશયર્દ્ધિભિઃ : 'સનાથો - તિશયર્ - દ્ધિભિઃ

૭. ભગવાઁશ્ચતુર્થારનભોરવિઃ : ભગ - વાઉઁશ્ - ચતુર્ - થાર - નભોરવિઃ

(૨૬) સ્નાતસ્યા

૧. વિસ્મયાહતરસ : 'હતરસ' ને બદલે 'હ્રતરસ' એવું ('હ' અક્ષરને બદલે 'હ્ર' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

૨. ઉન્મૃષ્ટં : ઉન્ - મૃષ્ - ટમ્ । 'ઉન્મ્રષ્ટં' એવું ('મૃ' અક્ષરને બદલે 'મ્ર' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

૩. અર્હદ્વક્ત્રપ્રસૂતં : અર્ - હદ્ - વક્ - ત્ર - પ્રસૂતમ્

૪. બહ્વર્થયુક્તં : બહ્ - વર્ - થ - યુક્ - તમ્

૫. વૃષભૈર્ધારિતં : વૃષ - ભૈર્ - ધારિતમ્

'ધારિતં'ને બદલે 'ધ્વારિતં' એવું અશુદ્ધ બોલવું નહિ.

૬. બાલચન્દ્રાભદંષ્ટ્રં : બાલ - ચન્દ્રાભ - દઉઁષ્ - ટ્રમ્

૭. પ્રસૃતમદજલં : 'પ્રસૃત'ને બદલે 'પ્રસૂત' એવું અશુદ્ધ બોલવું નહિ.

૮. સર્વાનુભૂતિર્દિશતુ : સર્વાનુ - ભુતિર્ - દિશતુ

(૨૭) અજિતશાંતિ

૧. સવ્વદુક્ખપ્પસંતીણં : સવ્ - વ - દુક્ - ખપ્ - પસન્ - તીણમ્

૨. સવ્વપાવપ્પસંતીણં : સવ્ - વ - પા - વપ્ - પસન્ - તીણમ્

૩. સુહપ્પવત્તણં : સુ - હપ્ - પ - વત્ - તણમ્

૪. પાવઈ ન તં : આમાં 'તં' અક્ષર છે, પણ 'ત્તં' (ત્ + તં) જોડાક્ષર નથી, માટે 'ન' ઉપર જરા પણ ભાર ન આવે એ રીતે 'ન' બોલ્યા પછી 'તમ્' બોલવું. 'ન તમ્'ને બદલે 'નત્તમ્' એવું અશુદ્ધ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી.

૫. સંતિસુહપ્પવત્તયં : સન્ - તિ - સુ - હપ્ - પ - વત્ - તયમ્

૬. મંડણોડ્ડણપ્પગારએહિં : મંડ - ણોડ્ - ડણપ્ - પગારએહિમ્

૭. ભત્તિવસાગય પિંડિઅયાહિં : આમાં 'પિંડિઅયાહિં' પદ છે. ('પંડિઅયાહિં' નથી.) તે બરાબર ધ્યાનમાં રાખીને તે પ્રમાણે જ બોલવું.

૮. સુરવરરઈગુણ – પંડિઅયાહિં - આમાં 'પંડિઅયાહિં' પદ છે તે બરાબર ધ્યાનમાં રાખીને તે પ્રમાણે જ બોલવું.

૯. ગુણેહિં જિટ્ઠા, સિરીહિં ઈટ્ઠા : આ બંને પદોમાં 'હિં'ના બદલે 'હિમ' એવું (ખોડા 'મ્'ને બદલે આખા 'મ'વાળું) અશુદ્ધ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી.

૧૦. ચાઉમ્માસિઅ : 'ચા - ઉમ્ - માસિઅ'

'ચઉમાસિઅ' એવું અશુદ્ધ બોલવું નહિ.

૧૧. પુવ્વુપ્પન્ના : પુવ્ - વુપ્ - પન્ - ના

૧૨. તેલુક્કુદ્ધરણે : તે - લુક્ - કુધ્ - ધરણે

(૨૮) મોટી શાંતિ

૧. ત્રિભુવનગુરોરાર્હતા : ત્રિભુવન - ગુરો - રાર્ - હતા

૨. શાંતિર્ભવતુ : શાંતિર્ - ભવતુ. 'શાંતિર ભવતુ' એવું (અડધા 'ર્'ને બદલે આખા 'ર' વાળું) અશુદ્ધ ન બોલાઈ જાય

એની સાવધાની રાખવી જરૂરી છે. આ પ્રમાણે અન્યત્ર પણ સમજી લેવું.

૩. પુણ્યાહં : આમાં છેલ્લો અક્ષર 'હં' છે, પણ 'હાં' નથી તે ધ્યાનમાં રાખવું અને 'પુણ્યાહાં' એવું અશુદ્ધ ન બોલાઈ જાય એની સાવધાની રાખવી.

૪. સર્વદર્શિનસ્ત્રિલોકનાથાસ્ત્રિલોકમહિતાસ્ત્રિલોકપૂજ્યાસ્ત્રિ – લોકેશ્વરાસ્ત્રિલોકોદ્યોતકરાઃ : સર્ - વ - દર્ - શિ - નસ્, ત્રિલોક - નાથાસ્, ત્રિલોક - મહિતાસ્, ત્રિલોક - પૂજ્યાસ્, ત્રિલોકેશ્વરાસ્, ત્રિલોકોદ્યોતકરાઃ

૫. મેધાવિદ્યાસાધન : આ સામાસિક શબ્દમાંનો પ્રથમ શબ્દ 'મેધા' છે, પણ 'મેઘા' નથી, માટે 'મેધા'ને બદલે 'મેઘા' એવું ખોટું ઉચ્ચારણ કરવું નહિ. ('ઘ-ધ'ની આકૃતિના ભેદ માટે જુઓ પાનું ૧૨૧)

૬. સુગૃહીતનામાનો : 'સુગૃહીત'ને બદલે 'સુગ્રહીત' એવું ('ગૃ'અક્ષરને બદલે 'ગ્ર' જોડાક્ષરવાળું) ખોટું ઉચ્ચારણ કરવું નહિ. ('ૠ - ર'ના ભેદ માટે જુઓ પાનું ૧૧૫)

૭. સર્વાસ્ત્રમહાજ્વાલા : આ શુદ્ધ પાઠ બોલવો. 'સર્વાસ્ત્રા મહાજ્વાલા' એવો અશુદ્ધ પાઠ બોલવો નહિ.

૮. શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ : શાંતિર્ - ભવતુ, તુષ્ટિર્ ભવતુ.

આ બંનેમાં 'ર્' બોલાયા વગરનો ન રહી જાય એની સાવધાની રાખવી. શાંતિરભવતુ, તુષ્ટિરભવતુ એવું

(અડધા 'ર્'ને બદલે આખા 'ર' વાળું) અશુદ્ધ બોલવું નહિ. 'શ્રીશ્રમણસઙ્ઘસ્ય શાંતિર્ભવતુ' વગેરેમાં પણ આ પ્રમાણે સમજી લેવું.

૯. બૃહસ્પતિ : 'બૃહસ્પતિ'ને બદલે 'બ્રહસ્પતિ' એવું ('બૃ' અક્ષરને બદલે 'બ્ર' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

૧૦. કોષ્ઠાગારા : 'કોષ્ઠાગારા'ને બદલે 'કોષ્ટાગારા' એવું અશુદ્ધ બોલવું નહિ.

૧૧. ભ્રાતૃ સુહૃત્ : 'ભ્રાતૃ'ને બદલે 'ભાતૃ' એવું અશુદ્ધ બોલવું નહિ.

'સુહૃત્' 'સુહ્ - ઋત્' આવી રીતે 'હ્' પૂર્વક શુદ્ધ બોલવું. 'સુરુત્' એવું અશુદ્ધ બોલવું નહિ.

૧૨. અસ્મિંશ્ચ : અસ્ - મિઁશ્ - ચ

૧૩. માંગલ્યોત્સવાઃ : માઙ્ - ગલ્યોત્ - સવાઃ

૧૪. મુકુટાભ્યર્ચિતાઙ્ઘ્રયે : મુકુટા - ભ્યર્ - ચિતાઙ્ - ઘ્રયે

૧૫. યેષાં શાંતિર્ગૃહે ગૃહે : 'શાંતિર્ ગૃહે ગૃહે' એવું શુદ્ધ બોલવું. 'શાંતિ' પછીનો અડધો 'ર્' (રેફ) બોલવો રહી ન જાય એની સાવધાની રાખવી. 'ગૃહે ગૃહે'ને બદલે 'ગ્રહે ગ્રહે' એવું ('ગૃ' અક્ષરને બદલે 'ગ્ર' જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ. ('ગૃહ' શબ્દ અને 'ગ્રહ' શબ્દના અર્થમાં ઘણો મોટો તફાવત છે. જુઓ પાનું ૧૧૫)

૧૬. વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્ : વ્યા - હરણૈર્ - વ્યા - હરેચ્ - છાન્તિમ

(૨૯) તિજયપહુત્ત

૧. સમયક્ખિત્તઠિઆણં : સમ - યક્ - ખિત્ - ત - ઠિઆણમ્

૨. પન્નત્તરી : પન્ - નત્ - તરી

૩. અચ્છુત્તા : અચ્ - છુત્ - તા

૪. ઉપ્પન્નં : ઉપ્ - પન્ - નમ્

(૩૦) નમિઊણ

૧. નિદ્દઙ્ઢ : નિદ્ - દડ્ - ઢ

૨. પાયવપ્પત્તા : પાય - વપ્ - પત્ - તા

૩. અચ્ચાસન્નંપિ : અચ્ - ચા - સન્ - નમ્ - પિ

૪. દપ્પુદ્ધુર : દપ્ - પુદ્ - ધુર

૫. અટ્ટુત્તર : અટ્ - ટુત્ - તર

(૩૧) ભક્તામર

૧. સ્તોત્રૈર્જગત્ત્રિતય : સ્તોત્રૈર્ - જગત્ - ત્રિતય

૨. સહસ્રકિરણ : આ પદમાં ત્રીજા સ્થાને 'સ્ + ર'નો બનેલો '**સ્ર**' જોડાક્ષર છે, પણ 'સ્+ત્+ર' આ ત્રણ અક્ષરનો બનેલો 'સ્ત્ર' જોડાક્ષર નથી તે ધ્યાનમાં રાખીને 'સહસ્ર' એવું શુદ્ધ ઉચ્ચારણ કરવું, પણ 'સહસ્ત્ર' એવું અશુદ્ધ ઉચ્ચારણ કરવું નહિ. '**સ્ર** - સ્ત્ર'ના ભેદ માટે જુઓ પાનું ૧૨૦)

૩. ભૂતૈર્ગુણૈર્ભુવિ : ભૂતૈર્ - ગુણૈર્ - ભુવિ

૪. દૃષ્ટ્વા : ‘દૃષ્ટ્વા’ને બદલે ‘દ્રષ્ટ્વા’ એવું (‘દૃ’ અક્ષરને બદલે ‘દ્ર’ જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

(‘ઋ - ર’ના ભેદ માટે જુઓ પાનું ૧૧૫)

૫. ગુણાસ્ત્રિભુવનં : ગુણાસ્ - ત્રિ - ભુવનમ્

૬. સંશ્રિતાસ્ત્રિજગદીશ્વર : સઁશ્ - રિતાસ્ - ત્રિ - જગદીશ્વર

૭. શશિનાહ્નિ : શશિનાહ્ - નિ

૮. સહસ્રરશ્મિ : ‘સહસ્ર’ શબ્દના શુદ્ધ ઉચ્ચારણ માટે જુઓ કલમ - ૨

૯. ઉદ્યચ્છશાઙ્ક : ઉદ્ - યચ્ - છશાઙ્ક

૧૦. પર્યુલ્લસન્નખ : પર્ - યુલ્ - લસન્ - નખ

૧૧. ઉદ્યદ્દિવાકર : ઉદ્ - યદ્ - દિવાકર

૧૨. બૃહન્નિગડ : બૃ - હન્ - નિગડ । ‘બૃહન્નિગડ’ને બદલે ‘બ્રહન્નિગડ’ એવું (‘બૃ’ અક્ષરને બદલે ‘બ્ર’ જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

૧૩. મજસ્રં : ‘મજસ્રં’ને બદલે ‘મજસ્ત્રં’ એવું (બે અક્ષરવાળા ‘સ્રં’ જોડાક્ષરને બદલે ત્રણ અક્ષરવાળા ‘સ્ત્રં’ જોડાક્ષરવાળું) અશુદ્ધ બોલવું નહિ.

(૩૨) કલ્યાણમંદિર

૧. ધ્વસ્તોર્ધ્વ : ધ્વસ્ - તોર્ - ધ્વ

૨. ભક્ત્યોલ્લસત્પુલક : ભક્ - ત્યોલ્ - લસત્ - પુલક

૩. સાન્દ્રોલ્લસત્પુલક : સાન્ - દ્રોલ્ - લસત્ - પુલક

ગુજરાતી સ્વરચિહ્નોનાં નામ

ક્રમ	સ્વર	ચિહ્ન	નામ
૧.	**અ**	ા	આ ચિહ્નને દંડ કહે છે.
૨.	**આ**	ાા	બીજા દંડને કાનો કહે છે.
૩.	**ઇ**	િ	આ ચિહ્ન વ્યંજનની પૂર્વમાં પાછળની બાજુએ જોડાય છે અને એને **'હ્રસ્વ અજ્જુ'** કહે છે.
૪.	**ઈ**	ી	આ ચિહ્ન વ્યંજનની ઉત્તરમાં આગળની બાજુએ જોડાય છે અને એને **'દીર્ઘ અજ્જુ'** કહે છે.
૫.	**ઉ**	ુ	આ ચિહ્ન વ્યંજનની નીચે જોડાય છે અને એને **'ડાબું વરડુ'** કે **'હ્રસ્વ વરડુ'** કહે છે.
૬.	**ઊ**	ૂ	આ ચિહ્ન વ્યંજનની નીચે જોડાય છે અને એને **'જમણું વરડુ'** કે **'દીર્ઘ વરડુ'** કહે છે.
૭.	**ઋ**	ૃ	આ ચિહ્ન વ્યંજનની નીચે જોડાય છે અને એને **'ઋકાર'** કહે છે. આ ચિહ્નની અન્ય કોઈ સંજ્ઞા નથી.
૮.	**એ**	ે	આ ચિહ્ન વ્યંજનની ઉપર મુકાય છે અને એને **'માત્રા'** કહે છે.
૯.	**ઐ**	ૈ	આ ચિહ્ન વ્યંજનની ઉપર મુકાય છે અને એને **'બે માત્રા'** કહે છે.
૧૦.	**ઓ**	ો	વ્યંજનની સાથે જોડાતા આ ચિહ્નને **'કાનો માત્રા'** કહે છે.
૧૧.	**ઔ**	ૌ	વ્યંજનની સાથે જોડાતા આ ચિહ્નને **'કાનો બે માત્રા'** કહે છે.

૩ ભાષા-વિશારદોનાં મંતવ્ય

(૧) આ પુસ્તકમાં આપવામાં આવેલાં વિદ્વાનોનાં મંતવ્ય એમના પોતાના એ બાબતના અભ્યાસ અને અનુભવના આધારે ઘણાં જ યોગ્ય અને સંગત લાગ્યાં છે.

(૨) અનુસ્વાર ઉત્તર વ્યંજનાનુસાર તે તે અનુનાસિકોચ્ચારને સ્વાભાવિક રીતે પકડતાં અનુભવાતો એનું અવધારણ, તેમજ સંયુક્ત વ્યંજનમાં ઉચ્ચાર વખતે પૂર્વ સ્વર ઉપર ભાર આપવો, એ સંયુક્ત વ્યંજનના શુદ્ધ ઉચ્ચાર માટે જરૂરી લાગતો એ પૂ. ગુરુદેવ આ.શ્રી ભુવનભાનુસૂરિ મ.સા.ના માર્ગદર્શનથી જાણવા મળેલ, પછી સ્વાનુભવથીય પ્રયોગ શુદ્ધ કરેલ અને કરાવેલ. ભાષાવિશારદોનાં મંતવ્યોમાં પણ એવી જ બધી વાતો હોવાથી એ બધું સુસંવાદિત લાગ્યું છે.

(૩) **'મંગલાણં ચ'**નું ઉચ્ચારણ કરતી વખતે અનુસ્વારની સાથે સહજ રીતે જે અનુનાસિક વ્યંજનનું ઉચ્ચારણ થતું હશે તે જ થવાનું, અર્થાત્ **'ઙ્-ઞ્'** અનુનાસિક વ્યંજનોપૂર્વકનું જ ઉચ્ચારણ થવાનું, પરંતુ લેખનમાં તો પ્રાકૃત ભાષાના નિયમાનુસાર અનુસ્વાર જ લખાતું આવ્યું છે.

(૪) **'પંચિંદિય, સંજુત્તો'** વગેરે શબ્દોમાં રહેલા અનુસ્વાર તે તે અનુનાસિક વ્યંજન રૂપે (પઞ્ચિન્દિય, સઞ્જુત્તો) સહજ રીતે બોલાય છે. અનુસ્વારનો ઉચ્ચાર કુદરતી રીતે જ તે તે અનુનાસિકમાં પરિણમે એમાં ઉચ્ચારણ દોષ લાગતો નથી.

(૫) ઉચ્ચારણશુદ્ધિ જળવાય એ માટે ગોખતી વખતે **'પઞ્-ચિન્-દિય'**, **'સઞ્-જુત્-તો'** એમ ત્રણ વિભાગ કરીને બોલાય, જે ગોખાઈને રૂઢ થયા પછી વિભાગ વિના એક સાથે આખો શબ્દ શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલી શકાય.

ઉચ્ચાર-શુદ્ધિ માટેનું આ માર્ગદર્શન સમસ્ત મૂળ સૂત્રો માટે વ્યાપક રીતે ઉપયોગી બને એવું છે. દા.ત., **'વિદ્ધંસણસ્સ'**ના **'વિદ્-ધઁવ્-સણસ્-સ'** અને **'વાગ્જ્યોત્સ્ના'**ના **'વાગ્-જ્યોત્-સ્ના'** આમ વિભાગ થાય. શરૂઆતમાં આમ વિભક્ત ઉચ્ચાર વડે ગોખાઈને રૂઢ થયા પછી એ સંમિલિત શુદ્ધ ઉચ્ચારમાં પરિણામ પામે.

— આચાર્ય વિજય જગચ્ચંદ્રસૂરિ

(૧) મૂળ લેખકે જ્યાં **'નમો'** અને **'પંથો'** પ્રયોગ કર્યો હોય ત્યાં મૂળ સૂત્રમાં ફેરફાર કરીને **'ણમો'** અને **'પન્થો'** આવો ફેરફાર કરી શકાય નહિ.

(૨) પ્રાકૃતમાં છઠ્ઠી વિભક્તિના **'ણં'** અને **'ણ'** આ બંને પ્રત્યયો હોવા છતાં મૂળ સૂત્રમાં જ્યાં **'ણં'** હોય ત્યાં **'ણ'** અને જ્યાં **'ણ'** હોય ત્યાં **'ણં'** એવો ફેરફાર બીજા કોઈનાથી કરી શકાય નહિ.

(૩) **'પંચ, મંગલાણં ચ, પંચિંદિય, સંજુત્તો'**નાં **'પઞ્ચ, મઙ્ગલાણઞ્ચ, પઞ્ચિન્દિય, સઞ્જુત્તો'** આમ અનુનાસિક વ્યંજનપૂર્વકનાં ઉચ્ચારણો સ્વાભાવિક જણાય છે. **'પમ્ચ', 'ણમ્ચ', 'પમ્ચિ-પન્ચિ', 'સમ્જુત્તો'** આવાં ઉચ્ચારણો સ્વાભાવિક (કુદરતી) લાગતાં નથી.

– આચાર્ય વિજય જયસુંદરસૂરિ

✡

ધાર્મિક સૂત્રોના અશુદ્ધ ઉચ્ચારો કરવાથી જ્ઞાનાચારમાં અતિચાર લાગે. અતિચાર ન લાગે એ માટે સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કરવા જોઈએ.

પ્રસ્તુત પુસ્તકમાં **મુનિશ્રી હિતવિજયજીએ** ધાર્મિક સૂત્રોમાંના અતિ કઠિન ઉચ્ચારવાળા શબ્દોના પણ સરળતાથી શુદ્ધ ઉચ્ચારો કેમ કરી શકાય એને અંગેનું સરળ ને સુંદર માર્ગદર્શન કરાવ્યું છે. આથી આ પુસ્તક શ્રી ચતુર્વિધ સંઘમાં અને વિશેષ કરીને પાઠશાળાના શિક્ષકોને તથા અભ્યાસકોને નિઃશંકપણે ખૂબ ઉપયોગી બને એવું છે.

– આચાર્ય વિજય રાજશેખરસૂરિ

✡

'म्' અને **'न्'**ના સ્થાને જ્યારે પર વ્યંજનના સ્થાનનો અનુનાસિક વિહિત હોય ત્યારે તે અનુનાસિક જ ઉચ્ચારવો જોઈએ. **गम् + ता = गन्ता । शक् + ता, शन् + क् + ता, शन् + क् + इ + ता = शङ्किता ।**

'शिड्ढेऽनुस्वारः' આ સૂત્રથી વિહિત અનુસ્વાર યથાસંભવ **'म्'** અને **'न्'**ના ઉચ્ચારવાળો હોય છે. પદાંતમાં પણ અનુસ્વાર સ્થાનની જેમ ઉચ્ચારવો જોઈએ. સંસ્કૃતમાં પદના અંતે અનુસ્વાર નહિ થાય. પ્રાકૃતમાં પદાંતે **'म्'**ની જેમ ઉચ્ચાર કરવો; દા.ત., **नीरं-नीरम् ।** પદાંત **'न्'**નો પ્રાકૃતમાં પણ અનુસ્વાર નહિ થાય.

– આચાર્ય વિજય ચંદ્રગુપ્તસૂરિ

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચારો કરવા અંગેનું સંપૂર્ણ લખાણ જોયું. આ પુસ્તકમાં અપાયેલા માર્ગદર્શન પ્રમાણે ધાર્મિક શિક્ષકો પાઠશાળાના બાળકોને શુદ્ધ ઉચ્ચાર શીખવવાનો પ્રયત્ન કરે તો દરેક બાળકના ઉચ્ચારો એટલા શુદ્ધ બની જાય કે એના મુખે બોલાયેલાં સૂત્રો સાંભળનારને સાનંદ સાશ્ચર્ય એમ પૂછવાનું મન થઈ જાય કે **'તમે આવા શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રો બોલતાં કોની પાસે શીખ્યા છો ?'**

ધાર્મિક સૂત્રોના અશુદ્ધ ઉચ્ચારો કરવાના કારણે ઊભા થનારા દોષોને ટાળવામાં આ પુસ્તક ખૂબ ખૂબ સહાયક બની શકશે એમ નિઃશંક કહી શકાય.

લેખકનો ઉચ્ચાર-શુદ્ધિ-વિષયક આ પ્રયત્ન, પોતાનાં જ્ઞાનાવરણીય કર્મોની નિર્જરા કરાવવા સાથે, અભ્યાસકોને પણ જ્ઞાનાવરણીય કર્મના બંધથી અટકાવનારો હોવાથી ખૂબ મહત્ત્વનો છે.

પૂર્વે પ્રગટ થયેલું તમારું ''સામાયિક સૂત્રો અને ઉચ્ચારવિચાર'' પુસ્તક બૃહદ્ મુંબઈના એક માનનીય શિક્ષકને ખૂબ ગમ્યું. ઉચ્ચારશુદ્ધિના તમારાં બંને પુસ્તકોનો ઉપયોગ પ્રથમ નંબરે શિક્ષકોએ કરવાનો છે. બીજા નંબરે બાળકોએ કરવાનો છે. ભણાવનાર – ભણનાર બંને માટે ઉપયોગી આ પ્રકાશનો ધાર્મિક શિક્ષણક્ષેત્રે ખૂબ જ આવકાર પામશે.

શિક્ષકો આ પુસ્તકને અપનાવશે તો બાળકોની ઉચ્ચાર શુદ્ધિમાં એક નવી જ ક્ષિતિજ ઉઘાડવામાં પોતે અનાયાસે સહજતાએ સફળતા પ્રાપ્ત કરી શકશે.

– આચાર્ય વિજય મુક્તિપ્રભસૂરિ

✡

આ પુસ્તકમાં ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચારો કરવા અંગેનો જે પ્રયાસ કરવામાં આવ્યો છે તે ઘણો જ સુંદર છે. આવો પ્રયત્ન જરૂરી પણ હતો, એમાં વળી આ પુસ્તકમાં ટાંકવામાં આવેલાં શુદ્ધ ઉચ્ચારણ સંબંધી ભાષાવિશારદોનાં મંતવ્યો (અભિપ્રાયો)ને કારણે તો આ પુસ્તકને યશકલગી લાગી ગઈ છે.

– આચાર્ય વિજય રત્નભૂષણસૂરિ

❀

ધન્યવાદને પાત્ર પ્રકાશન !

જૈન સંઘમાં આવશ્યક ક્રિયાનાં સૂત્રોના ઉચ્ચારની બાબતમાં ઘણી ગરબડ જોવા મળે છે. ઉચ્ચારણના ગોટાળાના નિવારણ માટે આવા સાહિત્યની ખૂબ ખૂબ જરૂર છે. એનાથી અપેક્ષિત સુધારો જરૂર થશે. **ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર શીખવા - શીખવવાની કળા બતાવનારાં તમારાં પ્રકાશનો ધન્યવાદને પાત્ર છે.**

'સામાયિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર' પુસ્તક જોયું. ધાર્મિક સૂત્રોના ઘણા જોડાક્ષરવાળા શબ્દોના સરળતાથી શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેની સમજાવટ ખરેખર દાદ માગી લે એવી છે.

આ પુસ્તકના આધારે ધાર્મિક સૂત્રો ભણવા-ભણાવવામાં આવે તો ઉચ્ચારણની અશુદ્ધિઓનું નિવારણ થયા સિવાય રહે જ નહિ એવું અમને સો ટકા લાગે છે.

તમે શુદ્ધ ઉચ્ચારપૂર્વકના ધાર્મિક સૂત્રોના અભ્યાસમાં ઉપયોગી થાય એવાં નાનાં-મોટાં અનેક પ્રકાશનો રજૂ કરી રહ્યા છો અને એને મોટી સાઈઝમાં અને મોટા સુંદર અક્ષરોમાં છપાવો છો તેથી તમારાં પ્રકાશનોની ઉપાદેયતા ખૂબ વધી જાય છે.

શ્રી દેવ-ગુરુની અસીમ કૃપાથી તમારી આ સાહિત્યયાત્રા નિર્વિઘ્ને સતત ચાલતી જ રહે એવા અમારા અંતરના આશીર્વાદ છે.

પૂ.આ.શ્રી વિજય દેવસૂરીશ્વરજી મ.સા.ના શિષ્યરત્ન

– આચાર્ય વિજય હેમચંદ્રસૂરિ

✡

'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચારવિચાર' પુસ્તક જોયું. આરાધક શ્રાવકો માટે આ એક અતિ ઉપયોગી પ્રકાશન છે. ધાર્મિક સૂત્રોની ઉચ્ચારણ-શુદ્ધિ માટેનો લેખકનો આગ્રહ સમુચિત હોવાથી ભાવિક શ્રાવકો માટે આ માર્ગદર્શન અતિ ઉપયોગી બની રહેશે.

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કરવા વિશે એમાં અપાયેલી સમજૂતી અક્ષરશઃ યથાર્થ છે. ઉદાહરણો દ્વારા આપનાં સર્વ વિધાન વાચકોને સ્પષ્ટ થાય એવાં છે.

(૧) પ્રાકૃતમાં 'ઙ્-ઞ્'ના સ્થાને લેખનમાં અનુસ્વાર છે એ લેખનની સરળતા માટે છે. ત્યાં ઉચ્ચારણ તો કુદરતી રીતે જ અનુનાસિક વ્યંજનનું થાય છે.

– ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

અનુસ્વાર અને અનુનાસિક સ્વર-વ્યંજન

'અનુ' એટલે **'પછી'** અને **'સ્વાર'** એટલે **'સ્વરને લગતો.'** **'અનુસ્વાર** એટલે **'સ્વર'** પછી વધીને થતો ઉચ્ચાર'. આ શબ્દાર્થ છે. ગુજરાતી ભાષામાં **'અનુસ્વાર'**નો સ્વરને ચપોચપ અડીને વધી પડતો તીવ્ર ઉચ્ચાર થાય છે, જેને કારણે અનુનાસિક વ્યંજન પોતે વર્ગીયતા સાચવે છે એ સાથે પૂર્વનો સ્વર નાસિક્ય અનુભવાય છે. લખવું હોય તો **'સઁઙ્ઘ', 'પઁઞ્ચ', 'કઁણ્ઠ', 'સઁન્ત', 'દઁમ્ભ'** એમ લખાય.

વેદકાળ પછી જ્યારે લિપિ અસ્તિત્વમાં આવી ત્યારે **'અનુનાસિક'** વ્યંજનો નિર્ધારાયા. બ્રાહ્મી એ જૂનામાં જૂની લિપિ છે, એમાં આ સંકેતો જોવા મળે છે. જ્યારે શબ્દાંતર્ગત ઉચ્ચારણ હોય છે ત્યારે સંસ્કૃત ભાષામાં ફરજિયાત **'सङ्घ', 'पञ्च', 'कण्ठ', 'सन्त', 'दम्भ'** લખાય છે; એકથી વધુ અંતર્ગત શબ્દ હોય અને પૂર્વ શબ્દમાં છેલ્લો અનુનાસિક વ્યંજન હોય તો પૂર્વસ્વર નાસિક્ય બન્યો હોય છે, ત્યાં અનુસ્વાર વિકલ્પે લખાય; જેમકે **'संघात, सङ्घात', 'संचय, सञ्चय', 'संदर्भ, सन्दर्भ', 'संपात, सम्पात'.** **'य-र-ल-व'**ની પૂર્વે અનુસ્વાર આવે ત્યારે **'य-र-ल-व'** વિકલ્પે બેવડાય; જેમકે **'संयम - संय्यम', 'संरम्भ - संर्रम्भ', 'संलाप - संल्लाप', 'संवाद - संव्वाद'**; **'श-ष-स-ह'**ની પૂર્વે અનુસ્વારનું બિંદુ સ્વર પર આવે; જેમકે **संशय, संसार, संहार**

પાલી - પ્રાકૃતો - અપભ્રંશો આ ભાષાઓમાં વર્ગીય અનુનાસિક વ્યંજનો, અર્ધસ્વરો **(य - र - ल - व)** અને મહાપ્રાણ વ્યંજનો **(श - ष - स - ह)** પૂર્વે અનુસ્વાર જ લખાતો આવ્યો છે.

સ્વરો અનુનાસિક કહિયે છિયે ત્યારે **'અનુનાસિક'** વિશેષણ છે, **'વ્યંજનો'** અનુનાસિક કહિયે છિયે ત્યારે પણ અનુનાસિક વિશેષણ જ છે; જ્યારે **'અનુસ્વાર'** સ્પષ્ટરૂપે માત્ર નામ છે.

'સારું' અને **'સાડા સાત'**ને બદલે **'હારું'** અને **'હાડા હાત'** બોલાય છે તેમાં **'હ'** નથી. એ તો **'સ'**નું કંઠ્ય ઉચ્ચારણ **'સ઼'** છે. **'સ'** (દંત્ય) અને **'સ઼'** (કંઠ્ય) આ બંને અઘોષ છે, જ્યારે **'હ'** (કંઠ્ય) ઘોષ છે.

❀

(૧) **'અનુસ્વાર'** સ્વરને આત્મસાત્ કરી પૂર્ણ માત્રા રોકે છે એટલે તો અનુસ્વારવાળો સ્વર નાસિક્ય બને છે અને લઘુસ્વર છંદઃશાસ્ત્ર પ્રમાણે ગુરુ બને છે. **'ક'** વર્ગ આદિ પાંચેય વર્ગોનો પાંચમો વ્યંજન અનુનાસિક વ્યંજન કહેવાય છે, એમાં પણ એની પૂર્વનો સ્વર નાસિક્ય બને છે અને વર્ગીય ત્રીજો વર્ણ લટકતો હોય એમ અનુભવાય છે. પાંચ અનુનાસિક વ્યંજનોમાંના **'ન-મ'** એકલા હોય તો નાસિક્ય નહિ સંભળાય, એની પૂર્વે સ્વર હોય તો એ અનિવાર્ય રીતે નાસિક્ય બને. **'નામ'** એ **'નાઁમ'** છે. **'નાના'**, **'મામા'** આ શબ્દો ઉચ્ચારતાં પૂર્વનો સ્વર નાસિક્ય અનુભવાતો નથી. આ જ કારણ છે કે **'ન-મ'**થી શરૂ થતા શબ્દો છે, પણ **'ઙ-ઞ-ણ'**થી શરૂ થતા શબ્દો નથી.

(૨) **અનુસ્વાર અને વિસર્ગ** : અનુસ્વાર (•) એ અનુનાસિક વ્યંજનનો પ્રતિનિધિ છે. **'અનુસ્વાર'**ને વ્યંજન પ્રકારનો વર્ણ કહી શકાય. એ માત્ર લેખનની સરળતા માટે છે, ઉચ્ચારણ તો વર્ગીય જ છે. **'વિસર્ગ'**માં મહાપ્રાણત્વ છે એવું બતાવવા માટે ' : ' આવો સંકેત છે.

(૩) **'અંશ'**નાં **'અઁવ્શ'** અને **'અઉઁશ'** આ બંને ઉચ્ચારણ સાચાં છે. **'અંહ્રિ'** શબ્દના ઉચ્ચારણની **'અઁવ્હ્રિ'** આવી સ્થિતિ છે. આના ઉચ્ચારણમાં હોઠ મરડાય છે તેથી વચ્ચે **'વ્'** શ્રુતિ સરજાય છે.

(૪) **'સંવરણો'** શબ્દનું **'સઁવ્વરણો'** ઉચ્ચારણ જ સાચું છે.

(૫) **'પંચિંદિય, સંજુત્તો, મંગલાણં ચ'**નાં **'પઞ્ચિન્દિય, સઞ્જુત્તો, મઙ્ગલાણઞ્ચ'** આ ઉચ્ચારણ સાચાં છે. **'પંચિંદિય'** વગેરે શબ્દના અનુસ્વાર સ્પષ્ટ બોલવા, એટલે કે વર્ગીય વ્યંજનો પૂર્વે તે તે વર્ગના અનુનાસિક સ્પષ્ટ થવા જોઇયે.

(૬) સંસ્કૃત **'સિદ્ધાનાં'** અને પ્રાકૃત **'સિદ્ધાણં'** આમાંના **'દ્ધ'**ને બદલે વિકલ્પે **'ધ્ધ'** (ધ્ + ધ) લખવાનું પાણિનિએ કહ્યું છે, પરંતુ સામાન્ય રીતે **'દ્ધ'** (દ્ + ધ)ને જ પ્રાધાન્ય અપાયું છે.

(૭) સંસ્કૃતમાં તેમ વૈદિક ભારતીય ભાષામાં વર્ગીય વ્યંજન પૂર્વે સામાસિક શબ્દના આંતરિક શબ્દોમાં તો અનુનાસિક વ્યંજન લખવો ફરજિયાત છે, દા.ત., (सम् + बन्ध) संबन्ध. 'सम्+बन्ध'માં ('सम्' એટલે) सम्बन्ध એમ વિકલ્પે લખાય. ત્યાં 'संबन्ध' લખતાં શબ્દાંતર્ગત હોઈ સંસ્કૃત લખાણમાં 'संबंध' ન જ લખી શકાય : ભલે સંસ્કૃતેતર ભાષામાં લખાતું હોય.

(૮) **'મત્થએણ'** શબ્દમાંના જોડાક્ષર **'ત્થ'**માંનો **'અ'** સ્વર હ્રસ્વ બોલાય છે. શબ્દને છેડે જોડાક્ષર હોય તો તેમાંનો છેલ્લો **'અ'** સ્વર હ્રસ્વ બોલવો પડે છે.

(૯) સંસ્કૃત ભાષામાં અનુસ્વાર માત્ર **'શ-ષ-સ-હ'**ની પૂર્વે જ **'अँव्'** જેવો ઉચ્ચરિત થાય છે, જો **'ક'**થી **'મ'** સુધીના વર્ગીય વ્યંજનોની પૂર્વે હોય તો અનુસ્વારને બદલે તે તે વર્ગનો પાંચમો અનુનાસિક વ્યંજન ઉચ્ચરિત થાય અને **'ય-ર-લ-વ'** હોય તો એઓ બેવડાય અને પૂર્વનો સ્વર નાસિક્ય બને; જેમ કે **'અઁય્, અઁર્, અઁલ્, અઁવ્'**

પાણિનિએ આ સ્પષ્ટતા ૨૬૦૦ વર્ષ પૂર્વે લિંગાનુશાસનમાંના વ્યાકરણ સૂત્રોમાં કરી જ છે.

(૧૦) જો 'म्' કે અનુસ્વાર બે શબ્દોમાંના પ્રથમ શબ્દને અંતે હોય તો અનુસ્વારને સ્થાને વિકલ્પે અનુનાસિક થાય, પણ **कङ्कण, पञ्च, कण्ठ, मन्द, जम्प** આમ શબ્દની અંતર્ગત સ્થિતિમાં તો ફરજિયાત વર્ગીય અનુનાસિક વ્યંજન થાય, પરંતુ **'वा पदान्ते'** (૮-૩-૫૮) એ સૂત્ર પ્રમાણે વિકલ્પે લખાય. शङ्कर-शंकर, सञ्चय - संचय, रामन्नयति - रामं नयति, फलम्प्राप्नोति - फलं प्राप्नोति, सँय्यम - संयम, सँल्लाप-संलाप, सँव्वाद-संवाद । अनुस्वारस्य ययि परसवर्णः (૮-૫-૫૮) એ સૂત્ર આ વાત કરે છે. **'वा पदान्ते'** એ સૂત્ર આ વાતને બળ આપે છે, જોડણીની દૃષ્ટિએ.

સંસ્કૃતમાં આ સિદ્ધ પરિસ્થિતિ છે. પાલી-પ્રાકૃતો-અપભ્રંશો અને પ્રાંતીય અપભ્રંશોમાંથી ઊતરી આવેલી પ્રાંતીય ભાષાઓમાં ઉપરના બધા સંયોગોમાં **'અનુસ્વાર'** લખાતો આવ્યો છે, વર્ગીય અનુનાસિક વ્યંજન

ક્યાંય જોવા મળતો નથી. ગુજરાતી, મારવાડી, મેવાડી, જૈપુરી, નિમાડી આ પ્રાંતીય બોલીઓ **'ગુર્જર અપભ્રંશ'**માંથી ઊતરેલી લખાતી આવી છે એટલે સર્વત્ર અનુસ્વાર લખાતો આવ્યો છે.

(૧૧) શબ્દમાં અન્તર્ગત બે શબ્દ હોય તો પૂર્વના શબ્દનો છેલ્લો અનુનાસિક તે તે વર્ગનો જ બોલાય, વિકલ્પે અનુસ્વાર લખાય એમ પાણિનિ વ્યાકરણમાં વિધાન છે. દા.ત., **'सम् + ताप'** આમાં બે શબ્દો છે માટે **'संताप'** લખાય અને વિકલ્પે **'सन्ताप'** પણ લખાય, પણ ગુજરાતીમાં રૂઢ **'संताप'** છે.

(૧૨) વિદ્વાનો ઉચ્ચારણો તો શુદ્ધ જ કરતા હોય છે. વિદ્વાન ન હોય એ પણ ઉચ્ચારણ તો સાધારણ શુદ્ધ જ કરે છે. લેખનમાં તો સરળતાનું કારણ છે માટે શુદ્ધ લખવાનું ત્યજાયું છે. 'ઙ-ઞ' આ બે અનુનાસિક વ્યંજનોનો ઉચ્ચાર સામાન્ય જન પણ કરતો જ હોય છે. **પ્રાકૃતમાં ઉચ્ચારણમાં 'ઙ-ઞ' આ બે અનુનાસિક વ્યંજનો નથી એમ ન જ કહેવાય. લેખનમાં ભલે ન હોય, ઉચ્ચારણમાં તો છે જ.**

(૧૩) પાલીથી લઈ છેક આજની આર્ય બોલીઓમાં લેખનમાં 'ઙ-ઞ' આ બે અનુનાસિક વ્યંજનોનો સ્વીકાર થયો નથી. આર્યકુળની કોઈ પણ ભાષામાં 'ઙ-ઞ' શબ્દારંભે આવતા નથી.

(૧૪) **'મંગલાણં ચ'**, **'પંચિંદિય'**, **'સંજુત્તો'** વગેરેમાં અનુનાસિક વ્યંજન સ્પષ્ટ બોલાય છે માટે વર્ગીય વ્યંજન પૂર્વે તે તે વર્ગની ઉપેક્ષા ન કરાય.

'તં ચ' વગેરે સ્થાનોમાં ઉચ્ચારણો સહજ રીતે પૂર્વના વ્યંજન અનુસાર થાય છે.

(૧૫) જોડાક્ષરની પૂર્વના અક્ષરનો સ્વર ભાર લે જ. આ સ્વરભાર આવે તો જ જોડાક્ષરનું સાચું ને શુદ્ધ ઉચ્ચારણ થાય.

(૧૬) **'णमो'** વગેરે **'ण'**થી શરૂ થતા શબ્દ અર્ધમાગધીમાં છે. **'ણ'** એકલો બોલિયે કે શબ્દના આરંભમાં બોલિયે તો નાકમાંથી બોલાતો નથી. શબ્દની વચ્ચે સંસ્કૃતમાં અને પ્રાકૃતો તેમજ આર્યકુળની ભારતીય ભાષાઓમાં **'न'**ને બદલે **'ण'** બોલાય છે; એની પૂર્વનો સ્વર નાસિક્ય કિંવા અનુનાસિક ઉચ્ચરિત થાય છે.

(૧૭) અવગ્રહ તો **'अ'**નું અદર્શન બતાવવા માટેનું ચિહ્ન છે, એ હસ્તલિખિત ગ્રંથોમાં હોતો નથી.

(૧૮) **'અનુસ્વાર'** એ નામ છે અને એ જે સ્વર ઉપર લખાય છે તેને સ્પષ્ટ રીતે અડીને ઉચ્ચારાતો હોય છે; જેમકે **'અંશ, કંસ'** વગેરેમાં **અઁવ્, કઁવ્** એમ પાછા 'ઁવ્' તરીકે ઉચ્ચરિત થાય છે, જે સમયે પૂર્વ સ્વર સહજ રીતે નાસિક્ય કિંવા અનુનાસિક હોય છે. આમ અનુનાસિક એ વિશેષણ છે.

(૧૯) ઉચ્ચાર-શુદ્ધિ-માર્ગદર્શન એકંદરે સારું લખાયું છે.

(૨૦) (જીવાયોનિ નહિ) **'જીવયોનિ'** શબ્દ સાચો છે. પુરાણોમાં **'જીવયોનિ'** કહેવાય છે.

(૨૧) **'નિમ્મલ-યરા'** (નિર્મલતરા), **'પયાસ-યરા'** (પ્રકાશકરા), **'મમ દિસંતુ'** (મને આપો) આવી રીતે વિભાગ પાડીને કરાતાં ઉચ્ચારણો અર્થસંગત હોવાથી શુદ્ધ છે. આપનું આ મંતવ્ય તદ્દન સાચું છે.

– (ડૉ.) કે. કા. **શાસ્ત્રી** (અમદાવાદ)

શુદ્ધ ઉચ્ચારણની સરળ રીત : એક દુષ્કર કાર્ય !

પૂ.મુનિશ્રી હિતવિજયજી મ. પ્રણીત **'સામાયિક સૂત્રો અને ઉચ્ચાર વિચાર'** પુસ્તક ૪૮ પાનાનું હોવા છતાં બૃહત્કાય છે. ગાગરમાં સાગર સમાન છે અને એ સાગરનું પાણી ખારું નહિ, પણ મીઠું છે.

સંસ્કૃત, પ્રાકૃત, અર્ધમાગધી ભાષાઓમાં રચાયેલાં ધાર્મિક-ક્રિયા-સૂત્રોનાં ઉચ્ચારણ આપણને કિલષ્ટ લાગે - કઠણ પડે એ સ્વાભાવિક છે, પરંતુ પ્રકૃતિના સ્વભાવથી ઉપર ઊઠીને આધ્યાત્મિકક્ષેત્રે આત્મપરાયણ થવું જરૂરી હોવાથી, આપણી સ્વાભાવિક ઉચ્ચારણ શિથિલતા અને ક્ષતિઓને જાણી લઈને એમાંથી બહાર નીકળવાનો પુરુષાર્થ આપણું પવિત્ર કર્તવ્ય બની રહે છે. આ પવિત્ર કર્તવ્ય બજાવવામાં સહાયરૂપ થવા **પૂ. મુનિશ્રી હિતવિજયજી** ખૂબ પ્રયત્નશીલ છે. પૂજ્યશ્રીના આ પ્રયત્નનું સુફળ આપણને આ ગ્રંથમાં જોવા મળે છે. કુશળ ભાષાશાસ્ત્રી સિવાય ઉચ્ચારણની આવી સૂક્ષ્મ બાબતો જ્યારે લક્ષમાં આવવી જ મુશ્કેલ હોય ત્યારે એના પ્રત્યે લક્ષ કેન્દ્રિત કરી, એની ઝીણવટભરી ચર્ચા કરીને શુદ્ધ ઉચ્ચારણની સરળ રીત બતાવવાનું દુષ્કર કાર્ય મુનિશ્રીએ આ **'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચારવિચાર'** નામના વિશદ પુસ્તકમાં સફળતાપૂર્વક પાર પાડ્યું છે.

આવા દુષ્કર કાર્યને સરળ બનાવી રજૂ કરવા બદલ હું મુનિશ્રીને ધન્યવાદ આપું છું.

પૂ. મુનિશ્રીની આ ગ્રંથમાં રજૂ થયેલી વિચારણા ખૂબ સૂક્ષ્મ, ગહન, વિચારસભર અને સર્વગ્રાહી છે. આશા છે કે આ ગ્રંથરત્નથી શ્રાવક-શ્રાવિકાઓ સાચી, સારી અને સફળ રીતે મંત્ર-ઉપાસનાનો લાભ પ્રાપ્ત કરી શકશે.

(૧) **'મંગલાણં ચ'**માં બે શબ્દો હોવાથી લેખનના નિયમ મુજબ બંને શબ્દો છૂટા લખાય છે. ઉચ્ચારણના નિયમ મુજબ યોગ્ય અંતર રાખીને બંને શબ્દો છૂટા જ બોલવા જોઈએ. આમ છતાં લોકોની ઝડપથી બોલવાની આદતને કારણે બંને શબ્દો ભેગા ઉચ્ચારાય છે. ઉચ્ચારણમાં બે શબ્દો ભેગા થઈ જાય છે માટે જ પરસવર્ણ થઈને **'મઙ્ગલાણઞ્ચ'** એવું ઉચ્ચારણ અનાયાસે થઈ જાય છે. ઉચ્ચારણમાં બે શબ્દો ભેગા થઈ જવાથી જ સંધિનો પ્રશ્ન ઉપસ્થિત થઈ જાય છે.

(૨) 'ઙ્-ઞ્'ના સ્થાને પ્રાકૃત ભાષાઓમાં સરળતા માટે લેખનમાં અનુસ્વાર છે, પરંતુ ઉચ્ચારણોને મુખના અવયવોનું બંધન હોવાથી અનુનાસિક પરસવર્ણ વ્યંજનોનો ઉચ્ચાર આપોઆપ જ થઈ જાય છે.

(૩) 'ઙ્-ઞ્'ના સ્થાને અનુસ્વારનું ઉચ્ચારણ શક્ય બને નહિ. ઉચ્ચારણ મુખથી થાય છે અને મુખના અવયવોની હિલચાલ કુદરતી છે, તેથી સંસ્કૃત ભાષાને અનુસરતાં ઉચ્ચારણો વૈજ્ઞાનિક છે.

(૪) પ્રાકૃતોમાં લેખનમાં ભલે અનુસ્વાર હોય, પણ ઉચ્ચારણમાં તો, તે તે વર્ગના અનુનાસિક વ્યંજનો જ સ્વાભાવિક બોલાય છે, કારણ કે પરસવર્ણ ઉચ્ચારણ એ વૈજ્ઞાનિક પ્રક્રિયાત્મક સત્ય છે.

(૫) તદ્ભવ ભાષા હોવાથી પોતપોતાની લઢણ મુજબનાં બધાં ઉચ્ચારણો સાચાં ગણાય. સંસ્કૃતની દૃષ્ટિએ આ બધાં અપભ્રષ્ટ ઉચ્ચારણો છે.

(૬) **'અનુસ્વાર'** એ રણકારના ધ્વનિ માટે યોજવામાં આવેલું ધ્વનિ-ચિહ્ન છે.

(૭) **'વિસર્ગ'** (:) એટલે શ્વાસવાયુનું ઉચ્ચારણાત્મક વિસર્જન.

(૮) **'સંવરણો'**નું **'સઁવ્વરણો'** એ ઉચ્ચારણ યજુર્વેદની વિશિષ્ટ દ્વિત્વયુક્ત **'યમ'** નામના ઉચ્ચારણની પરંપરાની રીત છે.

(૯) સમ્ + જુત્તો = **'સંજુત્તો'**નું **'સઞ્જુત્તો'** એવું ઉચ્ચારણ વક્તાની બોલવાની ઝડપને કારણે સ્વાભાવિક રીતે જ થઈ જાય છે.

(૧૦) **'સમ્+તાપ'** બોલવા જતાં એનું **'સન્તાપ'** એવું સ્વાભાવિક ઉચ્ચારણ થઈ જાય છે. **'સંતાપ'** લખનાર **'મ'**નો અનુસ્વાર કરે છે, તેથી એના **'સન્તાપ'** એવા સ્વાભાવિક ઉચ્ચારણ તરફ આંખમિચામણાં થાય છે.

(૧૧) **'અંશ'**નું **'અઁવ્શ'** એમ વચમાં **'વ્'** મૂકીને થતું ઉચ્ચારણ પણ એક ઉચ્ચારણ પરંપરાનું જ ઉદાહરણ છે, જેની સંસ્કૃત વૈયાકરણોએ નોંધ લીધી છે. એમાં **'વ્'** એ અંતઃસ્થ વર્ણ છે, અર્ધસ્વર છે. નાસિકામાંના અનુસ્વારના ઉચ્ચારણ પછી ઉષ્માક્ષર **'શ'**ના ઉચ્ચારણ માટે બંધ હોઠોને ખોલીને નવી પરિસ્થિતિ સર્જવા મુખના અવયવોની જે મથામણ થાય છે, તેમાં હોઠ મરડાવાથી **'વ્'** શ્રુતિ સરજાય છે. **'અંશ'નાં 'અઁવ્શ' અને 'અઉઁશ' આ બંને ઉચ્ચારણ એક પ્રકારની આગવી ખાસિયતો(લઢણો) હોવાથી સાચાં જ છે.**

(૧૨) **'સિદ્ધાણં'** એ સંસ્કૃત **'સિદ્ધાનામ્'**નું રૂપાંતર છે. એમાં મૂળ ધાતુ **'સિધ્'** છે. એનું કર્મણિ ભૂતકૃદંત થતાં **'ત'** પ્રત્યય લાગવાથી સંધિના નિયમ મુજબ **સિધ્+ત=સિધ્+દ=સિદ્+ધ='સિદ્ધ'** બને છે. એમાંના જોડાક્ષરમાં **'દ્+ધ'** છે, પણ પાણિનિએ **'ધ્ + ધ'** (સિધ્ધાણં) લખવાની વિકલ્પે છૂટ આપી છે.

(૧૩) પાણિનિએ સ્વરોના મુખ્યત્વે બે પ્રકાર ગણાવ્યા છે:

(૧) અનુનાસિક અને (૨) અનનુનાસિક. **'અઁ, ઈઁ, ઉઁ'** વગેરે ઉચ્ચારણો અનુનાસિક છે, જ્યારે **'અ, ઈ, ઉ'** વગેરે ઉચ્ચારણો અનનુનાસિક છે. આ પ્રાચીન પરંપરાની પાણિનિએ લિંગાનુશાસનમાં નોંધ લીધી જ છે. અનુનાસિક સ્વરના ઉચ્ચારણ પછી અંતઃસ્થ **'ય, ર, લ, વ'** કે ઉષ્માક્ષર **'શ, ષ, સ, હ'** ઉચ્ચારાય એનો વાંધો નથી.

(૧૪) **'ઋ'** સ્વરનું શાસ્ત્રીય શુદ્ધ ઉચ્ચારણ મૂર્ધન્ય સ્વર તરીકે કરી શકાય છે. **'રિ'** કે **'રુ'** એ તો માત્ર એના અશુદ્ધ આભાસો છે.

(૧૫) અવગ્રહ એટલે આંશિક અટકવાની ક્રિયા, ઝડપથી ઉચ્ચારણ કરતાં એવું આપોઆપ બને તે દર્શાવવા માટે એ ચિહ્ન છે, પણ તે વર્ણ નથી.

(૧૬) આ ઉચ્ચારણ-શુદ્ધિ-માર્ગદર્શન અદ્ભુત, અભૂતપૂર્વ, ખૂબ ચોક્સાઈભર્યું, અતિ આવશ્યક અને ઉપાસક આત્માઓ માટે કલ્યાણકારક છે.

— ડૉ. નારાયણ કંસારા

ડાયરેક્ટર : 'આર્ષ', અક્ષરધામ - ગાંધીનગર

(૧) પ્રાકૃત ભાષાના લેખનમાં 'ઙ-ઞ' આ બે અનુનાસિક વ્યંજનો નથી, પરંતુ ઉચ્ચારણમાં છે. **'મઙ્ગલાણઞ્ચ, વાસુપુજ્જઞ્ચ, તઞ્ચ, સુમઈઞ્ચ'** આ બધાં દૃષ્ટાંતોમાં 'ઙ-ઞ' આ બે અનુનાસિક વ્યંજન ઉચ્ચારાય છે. ભારતીય આર્યભાષાનો કોઈ પણ ભાષક **'અંગ, રંગ, પંચ, રંજક, મંજન'** જેવા શબ્દોમાં આ બે અનુનાસિક વ્યંજનોનો ઉચ્ચાર કરતો જ હોય છે. મનુષ્યના ઉચ્ચારણોને કેટલાંક ઉચ્ચારણ અવયવો ઉપર આવતાં કુદરતી બંધનો હોય છે, અર્થાત્ નાસિક્ય એની પછી આવતા વ્યંજન સાથે સમવર્ગીય બને. **'મઙ્ગલાણઞ્ચ, સુમઈઞ્ચ'** વગેરે ઉચ્ચારણો કુદરતી છે. એનાથી જુદાં ઉચ્ચારણો સાધારણ રીતે શક્ય ન હોય, હોય તો તે બીજાં કારણોને લીધે હોય.

(૨) અનુસ્વાર જ્યારે શબ્દના આંતરિક બંધારણનો ભાગ હોય ત્યારે અનુનાસિક બને છે. (સંબન્ધ)

(૩) જોડાક્ષરની પૂર્વના અક્ષરનો સ્વર અવશ્ય ભાર લે. સ્વર વડે જ અવાજ ઉત્પન્ન થાય છે. સ્વર જ નાદનો ભાર વહન કરી શકે છે. 'Vowel is the Voice carrier' **સ્વરભાર આવે તો જ જોડાક્ષરનું સાચું ને શુદ્ધ ઉચ્ચારણ થાય.** ધ્યાનથી વિચાર કરીએ તો સમઝાય કે બે વ્યંજન ભેગા થઈને જોડાક્ષર બને ત્યારે પ્રથમ વ્યંજનનું અક્ષરત્વ રહેતું નથી. આથી એની પૂર્વનો સ્વર ભાર લે જેથી જોડાક્ષરનું ઉચ્ચારણ સ્વચ્છ બને.

(૪) અંશ શબ્દનું **'અઁવ્શ'** આમ **'વ્'** મૂકીને થતું અનુસ્વારનું ઉચ્ચારણ સંસ્કૃતમાં થતા ઉચ્ચારણ પ્રમાણે છે, અર્થાત્ સંસ્કૃતમાં અનુસ્વાર પછી **'શ-ષ-સ-હ'** આવે ત્યારે **'અઁવ્'** એવો ઉચ્ચાર થાય. અહીં આવતો **'વ્'** એ અર્ધસ્વર છે. અનુસ્વાર પછી જો સ્પર્શ ધ્વનિ ન હોય તો તે અનુસ્વાર તરીકે જ રહે અને અર્ધસ્વર 'વ્' સાથે ઉચ્ચરિત થાય; જેમ કે, **'વ્ + અઁ + વ્ + શ્ + અ = વઁવ્શ'**, પરંતુ અનુસ્વાર પછી જો સ્પર્શ ધ્વનિ હોય તો અનુસ્વાર ન રહેતાં પછી આવતા વ્યંજનના વર્ગનો નાસિક્ય વ્યંજન બને; જેમ કે, **'ર્ + અ + ઙ્ + ગ્ + અ = રઙ્ગ'** (રંગ), **'પ્ + અ + ઞ્ + ચ્ + અ = પઞ્ચ'** (પંચ) અહીં નાસિક્ય વ્યંજન + પછી આવતો વ્યંજન મળીને જોડાક્ષર બને છે. નાસિક્ય વ્યંજન પણ સાચી રીતે સ્પર્શ વ્યંજન જ છે.

(૬) **'સંવરણો'**નું **'સઁવ્વરણો'** એ સંસ્કૃતનિષ્ઠ ઉચ્ચારણ છે. એનું **'સમ્વરણો'** એવું ઉચ્ચારણ એ સામાન્ય પ્રજાની ઉચ્ચારણની નિષ્કાળજીનું પરિણામ છે.

(૭) **'સંજુત્તો'**નું **'સઞ્જુત્તો'** ઉચ્ચારણ યોગ્ય ગણાય.

(૮) **'ઉચ્ચારણશુદ્ધિ માર્ગદર્શન' અંગેનું લખાણ પ્રાકૃત ભાષાનાં શુદ્ધ ઉચ્ચારણો થાય તે માટેનું છે અને એ ખાસ તો ધાર્મિક સૂત્રોના ઉચ્ચારણની શુદ્ધિ જાળવવાના આગ્રહથી યોગ્ય રીતે લખાયું છે. ધાર્મિક સૂત્રોનાં ઉચ્ચારણો શુદ્ધ જ હોવાં જોઈએ.**

(૯) ભારતીય આર્યભાષાઓની એક સમસ્યા એવી છે કે જ્યાં જ્યાં લેખનમાં અનુસ્વાર મુકાય છે, ત્યાં ત્યાં નાસિક્ય સ્વર છે કે નાસિક્ય + વ્યંજન એવો જોડાક્ષર છે તે સામાન્ય ભાષકને કોઈ પણ શિક્ષણક્રમમાં શીખવવામાં આવતું નથી; દા.ત., **'દ્ + આં + ત = દાંત'** (નાસિક્ય સ્વર), **'દ્ + અ + ન્ + ત = દન્ત'** (નાસિક્ય + વ્યંજન). આથી લખવાની પદ્ધતિમાં પ્રવેશેલી ક્ષતિનું ભાન સામાન્ય ભાષકને હોતું નથી. **આ બધો વિચાર કરતાં આ 'ઉચ્ચાર-શુદ્ધિ-માર્ગદર્શન' અંગેનું લખાણ ઘણું જ ઉપયોગી છે. આવું જ માર્ગદર્શન ભાષા શિક્ષકો માટે તૈયાર થાય તો ગુજરાતી ભાષા બોલનારા આટલી બધી અરાજકતામાં ડૂબી ન જાય.**

(૧૦) **'મંગલાણં ચ'**ના ઉચ્ચારણમાં બે શબ્દો છૂટા બોલાય તો તાલવ્ય-નાસિક્ય વડે સંધિ કરવાનો પ્રશ્ન ન રહે, પરંતુ આ માટે આપણી પાસે કોઈ શાસ્ત્રોક્ત નિયમ નથી.

(૧૧) પંચિંદિય સૂત્રના ઉચ્ચાર માટેના માર્ગદર્શનમાં અક્ષરભારની જે સૂચનાઓ કરવામાં આવેલી છે તે મહત્ત્વની છે. આને અંગેની સૂચનાઓ પ્રાતિશાખ્યમાં આપેલી છે. ત્યાં અભિધાનની પ્રક્રિયાની વાત કરેલી છે જ. તે સાથે જ શબ્દોમાં આવતા અક્ષરોનું વિભાજન કેવી રીતે કરવું તેના નિયમો પણ આપેલા છે. દા.ત., **'હાસ્ય'** શબ્દ લઈએ તો તેમાંનો **'સ્ય'** જોડાક્ષર બોલવા માટે **'સ્ + સ્'** (હ્+આ+સ્+સ્+ય્+અ) એમ વિભાજન કરાય. એટલે પહેલો અક્ષર **'હ્+આ+સ્'** અને બીજો અક્ષર **'સ્+ય્+અ'** એમ થાય. અહીં પહેલા અક્ષરનો છેલ્લો વ્યંજન અને બીજા અક્ષરનો પહેલો વ્યંજન એક **'સ્ + સ્'** છે.

(૧૨) અનુસ્વાર જે રીતે આપણે મૂકીએ છીએ એના બે પ્રકાર જુદા પાડીએ તો ઘણા પ્રશ્નો ઊકલી જાય.

(૧) અનુસ્વાર જ્યારે શબ્દના આંતરિક બંધારણનો ભાગ હોય ત્યારે અનુનાસિક બને છે. દા.ત., **રઙ્ગ, ચઞ્ચુ, ઘણ્ટ, સન્ત, કમ્પ**

(૨) બીજા પ્રકારમાં અનુનાસિક વ્યાકરણના ભાગ તરીકે આવે; જેમ કે, વિભક્તિના પ્રત્યયો **'નું', 'માં' 'માંથી'** વગેરે.

આ અનુનાસિક્યત્વ ધીમે ધીમે ઘસાતું આવ્યું છે, જ્યારે પ્રયત્નપૂર્વક બોલીએ ત્યારે જ એ સચવાઈ જાય છે. આમ અનુસ્વારના ઉચ્ચારો શિક્ષકે સમઝાવવા પડે.

(૧૩) અનુનાસિક + વ્યંજન (ઞ્ + ચ) એક જ ઉચ્ચારણ સ્થાનેથી બોલાય તેથી બોલવાની સરળતા રહે. દા.ત., **'દન્ત'** શબ્દમાં **'ત'** દન્ત્ય છે, તેથી એની પૂર્વનો અનુનાસિક વ્યંજન પણ સ્વાભાવિક રીતે દન્ત્ય જ રહે. જેમ કે, **દ + ન્ + ત = દન્ત.**

અશિક્ષિત મનુષ્ય પણ મુખના અવયવોને માટે જેવાં ઉચ્ચારણો સ્વાભાવિક હોય અને જે સહજ રીતે બોલી શકાતાં હોય એવાં જ ઉચ્ચારણો કરે.

(૧૪) **'તં ચ', 'સુમઈ ચ'** આમ **'ચ'** જ્યારે એક જુદો શબ્દ હોય ત્યારે ઝડપથી બોલતાં એની પૂર્વના અનુસ્વાર સાથે એનો જોડાક્ષર બને તો એ જ વર્ગનો અનુનાસિક વ્યંજન કુદરતી રીતે બોલાય છે. દા.ત., **તઞ્ચ, સુમઈઞ્ચ**

'તં ચ', 'જિણં ચ', 'સુમઈ ચ' વગેરેમાં પૂર્વ શબ્દના અંતિમ વ્યંજન **'મ્'**નો પછીના **'ચ'** શબ્દની સાથે જોડાક્ષર બનતો હોય, એટલે કે બોલનાર માણસ **'મ્'** અને **'ચ'** વચ્ચે અંતર રાખ્યા વિના જ બોલતો હોય તો બોલવાની ઝડપને કારણે **'તઞ્ચ, જિણઞ્ચ, સુમઈઞ્ચ'** એવાં સ્વાભાવિક ઉચ્ચારણોની શક્યતા રહે અને એ પણ માન્ય એવી એક જ સ્થાનેથી ઉચ્ચારાયેલી વ્યંજનોની શ્રેણિ બને.

'તં ચ', 'જિણં ચ', 'સુમઈ ચ' આમાં બે-બે શબ્દો છે. બે શબ્દો છે એનો ખ્યાલ રાખવામાં આવે અને પૂર્વનો શબ્દ બોલ્યા પછી સહેજ અંતર રાખીને પછીનો **'ચ'** શબ્દ બોલાય ત્યારે **'તમ્ ચ', 'જિણમ્ ચ', 'સુમઈમ્ ચ'** એવાં ઉચ્ચારણો થઈ શકે છે. **'પત્તાણં સંતિ'**માં તથા **'પાસં તહ'**માં પણ ઉપર મુજબ સમઝવું.

'મલ્લિ વંદે' 'ચંદપ્પહં વંદે'નાં 'મલ્લિઁવ્વઁદે', 'ચન્દપ્પહઁવ્વઁદે' આવાં ઉચ્ચારણો શુદ્ધ છે.

'ણં ચ'નું 'ણઞ્ચ' એવું ઉચ્ચારણ તો ઉચ્ચારણ અવયવોની સ્વાભાવિક અર્થાત્ **કુદરતી હલન-ચલન** પ્રક્રિયાનું પરિણામ છે.

(૧૫) **'અનુસ્વાર'** એ રચી કાઢેલું ચિહ્ન નહિ, પણ સરળતા માટેનો પ્રયત્ન છે. શ્રમનો બચાવ કરવો એ મનુષ્યની સ્વાભાવિક લાક્ષણિકતા છે.

(૧૬) અવગ્રહ (ઽ) ચિહ્ન દ્વારા એવું નિર્દિષ્ટ થાય છે કે અહીં સ્વરલોપ નથી, સ્વરનું અસ્તિત્વ છે.

માનવના ભાષાકીય ઉચ્ચારો બે જાતનાં હોય છે : એક વ્યાકરણના નિયમ મુજબનો શુદ્ધ ઉચ્ચાર અને બીજો બોલતાં બોલતાં નિષ્કાળજીને લીધે બદલાય તે અશુદ્ધ ઉચ્ચાર.

ઉચ્ચાર મુખથી થાય છે અને મુખના અવયવોની હિલચાલ કુદરતી છે. સંસ્કૃત વ્યાકરણ કુદરતી રીતે થતા ઉચ્ચારો અનુસાર રચાયેલું છે, તેથી સંસ્કૃત વ્યાકરણને અનુસરતા ઉચ્ચારો વૈજ્ઞાનિક છે. પરસવર્ણ ઉચ્ચારણ એ વૈજ્ઞાનિક પ્રક્રિયાત્મક સત્ય છે.

કુદરતી ઉચ્ચારણ મુજબ 'પંચ' શબ્દમાં 'ઞ્' અનુનાસિક છે. 'પઞ્ચ'ને બદલે 'પન્ચ' એવું ઉચ્ચારણ અશુદ્ધ ગણાય. તેથી 'પઞ્ચ' એવા શુદ્ધ ઉચ્ચારણના વિકલ્પ રૂપે 'પન્ચ' એવા અકુદરતી - અશુદ્ધ ઉચ્ચારણને બતાવાય નહિ.

ધ્વનિ ઉચ્ચાર માટેના જે અવયવો હોય તે અવયવો જ વાપરવા યોગ્ય ગણાય.

'પંચિંદિય' શબ્દમાં સ્વાભાવિક એવા 'પઞ્ચિ' ઉચ્ચારણને બદલે લખવામાં 'પન્ચિ' વપરાયું હોય તોપણ ઉચ્ચારણમાં તો આપોઆપ તાલવ્ય 'ઞ્' અનુનાસિક જ આવી જાય. 'પન્ચિ' એવું ઉચ્ચારણ સ્વાભાવિક રીતે શક્ય ન જ હોય, માટે 'પઞ્' (પન્) આવો વિકલ્પ બતાવવો યોગ્ય નથી.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

✡

(૧) **પઞ્ચ** (પન્ચ) આમ 'ન્' અનુનાસિક વ્યંજનને 'ઞ્' અનુનાસિક વ્યંજનનો વૈકલ્પિક ઉચ્ચાર કહેવા કરતાં આપણે એમ કહીએ કે ઉચ્ચાર બે જાતના હોય છે : એક વ્યાકરણનિષ્ઠ શુદ્ધ ઉચ્ચાર **'પઞ્ચ'** અને બીજો લોકમુખે બોલાતાં બોલાતાં બદલાયેલો અશુદ્ધ ઉચ્ચાર **'પન્ચ'**

'પઞ્ચ' શબ્દમાં રહેલા 'ઞ્' અનુનાસિક વ્યંજનનો 'ન્' કરવો એ અશુદ્ધ ગણાય. 'પન્ચ' એવા અશુદ્ધ ઉચ્ચારને શુદ્ધ ઉચ્ચારના વૈકલ્પિક ઉચ્ચાર તરીકે બતાવાય નહિ.

(૨) **'ચ'** શબ્દ જયારે જુદો હોય ત્યારે બોલતી વખતે પૂર્વના (શબ્દના) અક્ષર સાથે જો એનો જોડાક્ષર થાય તો સ્વાભાવિક રીતે એ **'ચ'** વર્ગનો જ અનુનાસિક વ્યંજન અર્થાત્ 'ઞ્' ઉચ્ચારાય છે. તેથી લખાય પણ એમ જ; દા.ત., **પઞ્ચ, જિણઞ્ચ**

(૩) **'હ-વ'**નું સાથે આવવું અને સાથે જ અનુનાસિક હોવું એ સ્થિતિ ઉચ્ચારણની દૃષ્ટિએ કાંઈક કિલષ્ટ જણાય છે. સાધારણ રીતે સંસ્કૃતમાં **'અઉઁ'** બોલાતું હોય છે; જેમકે ચન્દપ્પહ્ + અઉઁવ્ + વ્અઉઁદે (ચન્દપ્પહઁવ્વઉઁદે) આ નિયમનું પાલન મોટા ભાગની આર્યભાષાઓમાં થતું નથી, એથી જુદાં જુદાં તદ્ભવ ઉચ્ચારણો જોવા મળે છે. દા.ત., ગુજરાતીમાં **'સિંહ'**, બંગાળીમાં **'શિંઙ્ગો'** અને મરાઠીમાં સંસ્કૃત–નિષ્ઠ રહીને **'સિઉઁહ'** ઉચ્ચારાય છે. આથી ગુજરાતીમાં **'સિઁહ'** બોલાય તે અશુદ્ધ ન ગણાય, પરંતુ **ધાર્મિક સૂત્રોના ઉચ્ચારણમાં તો શક્ય તેટલી શુદ્ધિ જાળવવી જ જોઈએ.**

(૪) આપણે ગુજરાતીમાં **'વન્દે'** બોલીએ છીએ, પણ સંસ્કૃતમાં **'વ્અઉઁદે'** = **'વઉઁદે'** ઉચ્ચારાય છે.

(૫) 'ઠાઉઁ', 'કરુઁ'ના ઉચ્ચારણમાં ઠ્આઉઁ = 'ઠાંઉઁ', ક્અર્ઉઁ = 'કરુઁ' એમ હોય.

'ઠાઉઁ', 'કરુઁ'માં 'ઉ' નાસિક્ય સ્વર છે. 'ઉઁ' બોલતી વખતે હોઠ ગોળાકાર થઈને આગળ આવે. 'ઉ' સ્વર નાસિક્ય ન હોય તોય હોઠ તો ગોળાકાર થાય જ. 'ઉ' સ્વર નાસિક્ય બને ત્યારે ફરક એટલો જ પડે કે પોચું તાળવું નીચે ઊતરે અને નાકમાંથી હવાનો પ્રવાહ જવા માટેનો માર્ગ મોકળો થાય.

(૬) વિસર્ગ પછી આવતા જુદા જુદા વ્યંજનોને કારણે સંધિના નિયમ મુજબ વિસર્ગના **'અવગ્રહ'**, **'સ્'** **'રેફ'** વગેરે જેવાં વિવિધ સ્વરૂપો જોવા મળે છે.

(૭) આપણા ઉચ્ચારો શુદ્ધ હોવા જોઈએ એમ આપણે કહીએ છીએ ત્યારે આપણી સમક્ષ સંસ્કૃત તત્સમ શબ્દોના (Model) જેવા ઉચ્ચારો હોય. તેમાંથી ભારતીય આર્યભાષાઓમાં કાલાન્તરે તત્સમ શબ્દોનું તદ્ભવીકરણ થતું જાય છે. કેટલાક શબ્દોનું તદ્ભવીકરણ પૂર્વે થયેલું હોય છે અને કેટલાક શબ્દોનું પછી થતું રહે છે. તત્સમ શબ્દોનું તદ્ભવીકરણ તે તે આર્યભાષાના ધ્વનિસ્વરૂપને અનુરૂપ થતું હોય છે. જેમકે બંગાળી ભાષામાં **'સ'**નો લોપ થયો છે અને એ ભાષામાં બધા સંસ્કૃત શબ્દોમાં **'સ'**ના સ્થાને **'શ'** બોલાય છે. વળી બંગાળીમાં **'અ'** સ્વર પણ રહ્યો નથી. **'અ'**ના સ્થાને **'ઓ'** બોલાય છે. (અરવિંદને બદલે **'ઓરોબિન્દો'** બોલાય છે.)

મરાઠી – ગુજરાતીમાં **'ળ'** છે, પણ હિંદી – બંગાળીમાં નથી. આમ તે તે ભાષાનું સ્થાયી બનેલું ધ્વનિસ્વરૂપ જેવું હોય તે પ્રમાણે જ તે ભાષામાં ઉચ્ચારો કરવા પડે કે થાય.

ગુજરાતીમાં **'ળ'** છે માટે ગુજરાતીની ભરૂચી બોલીમાં જો **'ળ'**ને બદલે 'લ' બોલાતો હોય તો તેને અશુદ્ધ ગણવું પડે.

એવી જ રીતે સુરતી બોલીમાં **'શ-સ'**ને બદલે **'હ'** બોલાતો હોય તો એને પણ અશુદ્ધ ગણવું પડે.

હવે આપણે સર્વસામાન્યતયા વિચાર કરીએ તો ધ્વનિ ઉચ્ચાર માટેના જે અવયવો હોય તે જ અવયવો વાપરવા યોગ્ય ગણાય. આથી **'પંચ'** શબ્દનું **'પઞ્ચ'** એવું ઉચ્ચારણ જ યોગ્ય ગણાય. **'પઞ્ચ'**ને બદલે **'પન્ચ'** લખાયું હોય તો પણ જીભ આપોઆપ તાલવ્ય અનુનાસિક (ઞ) જ બોલી શકે. આ સિવાય બીજો કોઈ ઉચ્ચાર શક્ય જ ન હોય.

અભણ મનુષ્ય પણ મુખના અવયવોને માટે જે ઉચ્ચારણો સહજ - સ્વાભાવિક હોય એવાં ઉચ્ચારણો સ્વાભાવિક રીતે જ કરે. અનુનાસિક + વ્યંજન (ઞ્ + ચ) એક જ ઉચ્ચારણ–સ્થાનેથી બોલવા સરળ પડે છે.

(૮) **'તં ચ,' 'જિણં ચ'** અંગે : **'તં,' 'ણં'** માંના **'મ્'**નો પછીના **'ચ'** શબ્દ સાથે જોડાક્ષર બનતો હોય અર્થાત્ ભાષક પોતાની નિષ્કાળજીને લીધે **'મ્'** પછીનો **'ચ'** શબ્દ અંતર રાખ્યા વિના જોડાજોડ જ બોલતો હોય તો **'તઞ્ચ,' 'જિણઞ્ચ'** એવાં ઉચ્ચારણો સ્વાભાવિક રીતે શક્ય બને અને એ પણ માન્ય એવી એક જ સ્થાનેથી ઉચ્ચારાયેલી વ્યંજનોની શ્રેણિ બને. આમ છતાં **'તં ચ,' 'જિણં ચ'**માં **'ચ'** શબ્દ જુદો છે એમ સ્પષ્ટતયા સમઝી લઈને **'તમ્ ચ,' 'જિણમ્ ચ'** એમ **'મ્'** અનુનાસિકપૂર્વક બોલવા પ્રયત્ન કરવો જોઈએ.

'પાસં તહ'માં પણ **'તમ્ ચ'** જેવી સ્થિતિ છે. એવી જ રીતે **'પત્તાણં સંતિ'**માં પણ **'ણં'** પછીના **'સ'**ને લીધે **'પત્તાણઉં સંતિ'** એવું ઉચ્ચારણ શક્ય હોય, છતાં **'પત્તાણં'** અને **'સંતિ'** બંને શબ્દો જુદા હોવાથી **'પત્તાણમ્ સન્તિ'** બોલતાં શીખવું જોઈએ.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

✡

(૧) હું માનું છું કે જ્યારે બોલનાર વ્યક્તિ સમાસ બરાબર સમઝતી હોય ત્યારે એ પોતે જ બે શબ્દોની વચમાં અટકવું રાખે, આથી સમાસ સમઝવામાં સરળતા રહે.

(૨) અનુસ્વાર જ્યારે શબ્દની અંદર આવે ત્યારે એ પછીના વ્યંજનને અનુરૂપ બને. **'મંગ'**માં અનુસ્વારનું ઉચ્ચારણ **'મઙ્ગ'** થાય અને **'ણં ચ'**નું ઉચ્ચારણ **'ણઞ્ચ'** થાય.

(૩) **'પંચિંદિય'**નું ઉચ્ચારણ **'પઞ્ચિન્દિય'** અને **'સંજુત્તો'**નું **'સઞ્જુત્તો'** ઉચ્ચારણ થાય એમ હું માનું છું.

(૪) જ્યારે અર્ધસ્વર **'ય, ર, લ, વ'** અથવા **'સ, શ'** આવે ત્યારે એઓની પૂર્વનો સ્વર નાસિક્ય બનવાની શક્યતા રહે, આથી **'સંવરણો'**નું **'સઁવ્વરણો'** એવું ઉચ્ચારણ મને યોગ્ય લાગે છે.

– પ્રો. એમ. એ. મહેન્દળે (પૂના)

(૧) અર્વાચીન ભાષાશાસ્ત્રીની દૃષ્ટિએ, ઉચ્ચારણ મૂલક ધ્વનિશાસ્ત્રની દૃષ્ટિએ **'ચ-છ-જ-ઝ'** એ સ્પર્શ સંઘર્ષી ધ્વનિ છે. **'જ-ઝ'**ના ઉચ્ચારણમાં ફેર માત્ર અલ્પપ્રાણ-મહાપ્રાણનો છે. **'જ'** અલ્પપ્રાણ છે અને **'ઝ'** મહાપ્રાણ છે. આ સિવાયની બાકી બધી જ ગતિવિધિ બંનેના ઉચ્ચારણની સરખી છે. બંને ઘોષ ધ્વનિ છે, તાલવ્ય છે.

(૨) **'પંચિંદિય'** શબ્દનો સ્વાભાવિક ઉચ્ચાર **'પઞ્ચિન્દિય'** થાય.

(૩) **'તંચ, જિણં ચ, સુમઈ ચ'** વગેરેમાં પાછળ **'ચ'** શબ્દ હોવાથી એનાં **'તઞ્ચ', 'જિણઞ્ચ', 'સુમઈઞ્ચ'** એવાં સ્વાભાવિક ઉચ્ચારણો થાય.

(૪) પ્રાકૃતમાંથી અપભ્રંશમાં થતા કેટલાક ધ્વનિ-વિકારોમાં **'મ્'**નો **'વઁ'** થાય છે. એનાં પુષ્કળ ઉદાહરણો અપભ્રંશ વ્યાકરણમાં જોવા મળે છે. જેમકે, **'જાવઁ, તાવઁ, એવઁ, કેવઁ, જેવઁ, તેવઁ, જિવઁ, તિવઁ'** વગેરે.

એટલે **'ચંદપ્પહં'** શબ્દમાંના અંત્ય **'મ્'**નો **'વ્'** થઈ પાછળના **'વઁ'** સાથે ભળી જતાં **'વ્વઁ'** થાય. એવી જ રીતે **'મલ્લિં'**ના અંત્ય **'મ્'**નો પણ **'વ્'** થાય અને પાછલા **'વઁ'** સાથે ભળી જઈને **'વ્વઁ'** થાય. એથી **'ચન્દપ્પહવ્વઁદે'** અને **'મલ્લિવ્વઁદ'** એવાં સ્વાભાવિક ઉચ્ચારણો થાય, પણ અનુનાસિકતા આખા અક્ષર (syllable) ઉપર પથરાતું એવું તત્ત્વ છે, આથી એને છાંદસ્ તત્ત્વ તરીકે પણ ઓળખવામાં આવે છે. આ કારણથી ઉપરનાં ઉદાહરણોમાં **'વ્વઁ'** ઉપર આવતો અનુસ્વાર **'લ્લિ'** અને **'હ'** ઉપર પણ પથરાઈ જાય, એથી **'મલ્લિઁવ્વઁદે'** અને **'ચન્દપ્પહઁવ્વઁદે'** એવાં સ્વાભાવિક ઉચ્ચારણો થાય.

પ્રાતિશાખ્યમાં પણ આ જાતની ચર્ચા જોવા મળે છે.

— ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

✡

(૧) પ્રાકૃત ભાષામાં અનુનાસિક વ્યંજનોના સ્થાને સર્વત્ર અનુસ્વાર જ લખાયેલો જોવા મળે છે. પ્રાકૃતમાં 'ઙ-ઞ' લખાતા નથી, પરંતુ ઉચ્ચારણમાં તો છે જ. **'મંગલાણં ચ'**નું ઉચ્ચારણ **'મઙ્ગલાણઞ્ચ'** થાય. ધાર્મિક સૂત્રોના ઉચ્ચારણની શુદ્ધિ જાળવવી જરૂરી છે. હું શ્રી કે. કા. શાસ્ત્રીના અભિપ્રાય સાથે સહમત છું.

— ડૉ. પ્રીતિ પંચોલી

હસ્તપ્રત વિભાગ, લા.દ. ભારતીય સંસ્કૃતિ વિદ્યામંદિર, અમદાવાદ

ખૂબ ખૂબ મહેનત લઈને તૈયાર કરેલું અતિ સુંદર શુદ્ધ-ઉચ્ચારણ-વિષયક ધાર્મિક - સૂત્ર - સંકલન અપૂર્વ પ્રદાન છે.

ગળે ન ઊતરે એવું, સાંભળતાં-વાંચતાં જ વાચક, શ્રોતા, જ્ઞ, અજ્ઞ કે વિજ્ઞ સૌને અચંબો - આશ્ચર્ય અને આનંદ આપી જતું, લેખકનું ધગશવાળુ કાંઈક અસાધ્ય જેવું તથાપિ સુસાધ્ય કરી બતાવેલું શુદ્ધ-ઉચ્ચાર-વિષયક આ માર્ગદર્શન ધન્યવાદને પાત્ર છે.

યદ્યપિ ગુરુ-શિષ્યનું પ્રત્યક્ષ જ શુદ્ધ ઉચ્ચારણ માટેનું જીવંત કાર્ય છે તથાપિ લેખકશ્રીનું આ કાર્ય પણ જીવંત ભાસે છે.

વિશુદ્ધ ઉચ્ચારણ માટે ગુરુ-શિષ્ય સાન્નિધ્ય હોય તો સુવિધા રહે. આમ છતાં આધુનિક યુગમાં આપશ્રીનું સમજણ સાથેનું મૌલિક સાહિત્ય જીવંત ઉપદેશપ્રદ અતિ-અતિ આવશ્યક હોઈ અનુમોદનીય જ છે.

ગુરુ-શિષ્ય પ્રત્યક્ષ જે ઉચ્ચારવિશુદ્ધિનો વિષય છે તે પરોક્ષ-કેવળ-સચોટ-લખાણ દ્વારા પ્રસ્તુત કરી જીવંત અધ્યાપક-શિક્ષકનું કામ સહજ સ્વયંભૂ કરી બતાવ્યું છે, તે વાંચી આનંદ સાથે આશ્ચર્ય અનુભવ્યું. સમર્થ ભાષા રહસ્યવેત્તા પણ આપનું લખાણ વાંચી બે ઘડી સાનંદ સંતુષ્ટ થાય એટલું જ નહિ, કિન્તુ વિશદ છણાવટ સાથેનું જીવંત લખાણ, અધ્યાપક-શિક્ષકની અનુપસ્થિતિની ફરિયાદ રહેવા દેતું જ નથી, અવકાશ રહેવા દે જ નહિ.

— **પં. વ્રજલાલ વાલજી ઉપાધ્યાય** (જામનગર)

✡

(૧) પ્રાચીન કાળથી સરળતાના કારણે ખાસ કરીને પ્રાકૃત-અપભ્રંશ ગ્રંથોની હસ્તલિખિત પ્રતોમાં અનુનાસિક વ્યંજનોના સ્થાને અનુસ્વાર લખવાનું ચાલતું આવ્યું અને એને અનુસરીને ગુજરાતીમાં પણ એ જ પરંપરા રહી, પરંતુ વર્ગીય વ્યંજનો પૂર્વ તે તે વર્ગના અનુનાસિક વ્યંજનનો ઉચ્ચાર કુદરતી રીતે જ થાય છે. આથી પ્રાકૃત (અર્ધમાગધી) સૂત્રોનાં શુદ્ધ ઉચ્ચારણનો લેખકનો આગ્રહ અત્યંત વાજબી છે. **'પંચ'** અને **'મંગલાણં ચ'**નું ઉચ્ચારણ **'પઞ્ચ'** અને **'મઙ્ગલાણઞ્ચ'** જ થાય.

— **ડૉ. રમણીક કે. શાહ** (અમદાવાદ)

૧. કોઈ પણ મંત્ર તે જે ભાષામાં રચાયો હોય એ જ ભાષામાં બોલાવો જોઈએ, કેમકે અનુવાદ મંત્રોનું ફળ આપી શકતો નથી.

૨. ઉચ્ચારણ શુદ્ધિની ખેવના મંત્રોની જેમ ધાર્મિક સૂત્રોમાં પણ જરૂરી છે. ધાર્મિક સૂત્રોના ઉચ્ચાર કરવા અંગેનું માર્ગદર્શન ખૂબ ઉપયોગી છે.

૩. સૂત્રો કે મન્ત્રોના અર્થનો અનર્થ ન થઈ જાય તે માટે પૂ. મુનિશ્રીએ જે સ્વાધ્યાય-પરિશ્રમ કર્યો છે તે ખરેખર અભિનંદનીય છે. ધાર્મિક સૂત્રોનાં ઉચ્ચારણ સંબંધી મુનિશ્રીની સજાગતા-ચીવટ અને આરાધક વર્ગની જાગૃતિ અર્થે કરાયેલું આ કાર્ય સરાહનીય છે.

૪. મન્ત્રની રચના મન્ત્રદૃષ્ટાઓએ કરી છે. મન્ત્રના પ્રત્યેક વર્ણની શક્તિ, એનો રંગ તથા તત્ત્વ આદિનો, એમણે પોતાની Sixth Sence વડે અનુભવ કરેલો હોય છે અને એનો અર્ક વિવિધ મન્ત્રોમાં અનુસ્યૂત થયેલો હોય છે.

મન્ત્રોનું અક્ષરાત્મક સ્વરૂપ સઘન હોય છે. મન્ત્રમાં પ્રત્યેક અક્ષરનું વિશિષ્ટ મહત્ત્વ અને પ્રયોજન હોય છે. માટે એનો (અક્ષરનો) અનાવશ્યક ઉપયોગ ન હોય, અર્થાત્ મન્ત્રાન્તર્ગત અક્ષરોને વેડફી નખાય નહિ. વેડફી નાખવાથી તો મન્ત્રની શક્તિ ઘટે છે. તન્ત્રોમાં તો અક્ષરને મન્ત્ર દેવતાનો દેહ ગણ્યો છે. માટે કોઈ પણ મન્ત્રના અક્ષરોનું ઉચ્ચારણ ઉતાવળ, આળસ કે પ્રમાદને કારણે શિથિલ કે ઉતાવળિયું ન કરવું જોઈએ.

૫. વર્તમાન સમયમાં જ્યારે ચારે બાજુથી ધર્મ અને સંસ્કૃતિ ઉપર આક્રમણ થઈ રહ્યું છે, ત્યારે આવાં ધાર્મિક પ્રકાશનો એ આક્રમણને ખાળવામાં સહાયક બને એવાં છે.

– ડૉ. હર્ષદેવ માધવ
ડૉ. રવીન્દ્ર ખાંડવાળા
સંસ્કૃત વિભાગ : શ્રી એચ. કે આર્ટ્સ કૉલેજ, અમદાવાદ-૯

✡

પૂ. મુનિશ્રી હિતવિજયજી લિખિત **'ધાર્મિક સૂત્રો અને ઉચ્ચારવિચાર'** એક મહામૂલું પ્રકાશન છે. જૈન ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કેમ કરવા એ અહીં પૂરી વિશદતાથી સમજાવેલ છે.

મુનિશ્રીની ચીવટ અને શાસ્ત્રીય સમજ એમનાં અગાઉનાં પુસ્તકો જેટલી જ અહીં પણ દૃષ્ટિગોચર થાય છે.

– પ્રા. રતિલાલ સાં. નાયક (અમદાવાદ)

વિસર્ગ

વિસર્ગ એ સ્વરને અંતે ઉચ્ચારાતો ધ્વનિ છે. એ સ્વરનો સહચારી છે, પણ સ્વર નથી.

કોઈ સ્વરને અંતે પ્રયત્નપૂર્વક જોરથી જરા ઊંડો શ્વાસવાયુ છોડવામાં આવે છે ત્યારે છાતીમાં થડકાવાળો જે **'અહ્'** જેવો ઉચ્ચાર થાય છે તે **'વિસર્ગ'** છે. વિસર્ગનો ઉચ્ચાર દર્શાવવા માટે પૂર્વના સ્વરની બાજુમાં ઉપર-નીચે ' : ' આવાં બે ટપકાં કરાય છે; જેમ કે, નિઃશ્વાસઃ, પુનઃ

મહાપ્રાણ **'હ'** બોલવામાં શ્વાસવાયુને પ્રયત્નપૂર્વક જોર કરીને છોડવો પડતો નથી. તેથી 'હ' બોલતી વખતે છાતીમાં થડકો લાગતો નથી. 'હ' વર્ણ અને **'વિસર્ગ'**ના ઉચ્ચારણનો આ તફાવત ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

વર્ણના અંતે કરાતાં વિસર્ગસૂચક બે ટપકાં વર્ણની સમાંતર રહે, વર્ણની ઉપર કે નીચે ન જાય તેમજ વર્ણની નજીક પણ નહિ અને દૂર પણ નહિ એ રીતે અને ઉપર - નીચેનાં બંને ટપકાં વચ્ચે યોગ્ય અંતર જળવાય એ રીતે મુકાય છે.

નોંધ : ગુરુવિરામ ચિહ્ન પણ વિસર્ગનાં બે ટપકાં જેવું જ છે. બંનેની આકૃતિમાં ભેદ નથી, પણ લેખનમાં ભેદ છે.

વિસર્ગનાં બે ટપકાંને વર્ણની સહેજ નજીક મુકાય છે, જેમ કે, **'પુનઃ'**, જ્યારે ગુરુવિરામનાં બે ટપકાંને વર્ણથી થોડે દૂર મુકાય છે; જેમ કે, **અમે આવ્યા : તમે ગયા.**

ગુજરાતીમાં વિસર્ગ સંસ્કૃત તત્સમ **અંતઃકરણ** શબ્દમાં તથા **દુઃખ, દુઃસાહસ, દુઃશાસન** વગેરે 'દુઃ' ('દુસ્')થી શરૂ થતા આશરે દસેક અને **નિઃસંકોચ, નિઃશ્વાસ, નિઃશંક, નિઃસંદેહ, નિઃસંતાન** વગેરે **'નિઃ'** (નિસ્)થી શરૂ થતા આશરે ત્રીસેક શબ્દોમાં જોડણીની શુદ્ધિ માટે પ્રયોજાય છે.

વિસર્ગ અને ઉચ્ચાર વિચાર

વિસર્ગ એટલે શ્વાસવાયુનું વિસર્જન. વિસર્ગનો અર્થ ત્યાગ થાય છે. વિસર્ગ માટે પૂર્વે **'વિસર્જનીય'** શબ્દ વપરાતો હતો. શબ્દાંતે કે સ્વરાન્તે અર્થાત્ શબ્દના ઉચ્ચારણ પછી જ્યાં વિશ્રામ હોય ત્યાં ફેફસામાંથી આછા ધક્કા સાથે શ્વાસવાયુ છોડવાની આ ઉચ્ચારણ પ્રક્રિયા છે.

વિસર્ગ એ સ્વરનો અનુગામી છે, અર્થાત્ એનો ઉચ્ચાર સ્વરની પછી થાય છે; જેમકે અઃ = અહ્

આમ વિસર્ગ એ સ્વરને અંતે ઉચ્ચારાતો ધ્વનિ હોવાથી કોઈ સ્વરને અંતે પ્રયત્નપૂર્વક જરા જોર કરીને શ્વાસવાયુ છોડવામાં આવે છે ત્યારે છાતીમાં થડકો લાગવા સાથે **'અહ્, આહ્, ઈહ્, ઉહ્'** વગેરે જેવા રણકારવાળો જે ધ્વનિ પ્રગટ થાય છે એ જ વિસર્ગનો સાચો ઉચ્ચાર છે. ખરેખર ત્યાં **'હ્'** વ્યંજનનો ઉચ્ચાર નથી હોતો, પણ એના જેવો રણકો હોય છે.

વિસર્ગ એટલે માત્ર **'અઃ'** જ નથી. કોઈ પણ સ્વર પછી એ આવી શકે છે. रामः, देवः વગેરે 'अ'કારાન્ત શબ્દોમાં વિસર્ગનો ઉચ્ચાર 'अह्' જેવો થાય છે, જ્યારે 'रामाः, हरिः, गुरुः' વગેરે શબ્દોમાં 'आह्, इह्, उह्' વગેરે જેવો થાય છે; જેમકે रामः (अः=अह्), रामाः (आः=आह्), हरिः (इः=इह्), गुरुः (उः=उह्), हरेः (एः=एह्), रामैः (ऐः=ऐह्), रामयोः (ओः=ओह्), गौः (औः=औह्)

આમ વિસર્ગનું મુખમાં સ્થાન, એ જે સ્વરની પછી આવે એના જેવું હોય છે.

મહાપ્રાણ **'હ'** બોલવામાં શ્વાસવાયુને પ્રયત્નપૂર્વક જોર કરીને છોડવો પડતો નથી, જ્યારે વિસર્ગનો ઉચ્ચાર કરવામાં શ્વાસવાયુને પ્રયત્નપૂર્વક જોર કરીને છોડવો પડે છે.

'હ' વર્ણ અને વિસર્ગના ઉચ્ચારનો આ તફાવત છે. વિસર્ગનો સાચો ઉચ્ચાર વ્યાકરણવિદ્ વિદ્વાનોના મુખેથી શ્રવણ કરીને શીખવા યોગ્ય છે.

વિસર્ગ વિશે વિદ્વાનોનાં મંતવ્ય

(૧) વિસર્ગ એ પૂર્ણ કે હલ્ બેમાંથી એકેય વ્યંજન નથી. જો એમ હોત તો **'अकुहविसर्जनीयानां कण्ठः'** (અર્થ : અ, ક વર્ગ, હ અને વિસર્ગનું ઉચ્ચારણસ્થાન કંઠ છે.) એ ઉક્તિમાં 'હ' અને વિસર્ગનો પૃથક્ ઉલ્લેખ કરવાની જરૂર ન રહેત, અર્થાત્ વિસર્ગ કોઈ મૌલિક વ્યંજન નથી.

(૨) વિસર્ગ એ કોઈ મૌલિક (સ્વતંત્ર) ધ્વનિ નથી, પણ શબ્દના કે વર્ણના છેડાના **'ર્'** કે **'સ્'**ને બદલે મૂકવામાં આવે છે. એ એક વિલક્ષણ ધ્વનિવિશેષનું કાર્ય કરે છે.

(૩) **'હ'** અને **'વિસર્ગ'**માં ધ્વનિગત તફાવત નીચે મુજબ છે :

(૧) વિસર્ગ (:) અઘોષ ધ્વનિ છે, જ્યારે **'હ'** ઘોષ ધ્વનિ છે.

(૨) **'હ'** મહાપ્રાણ છે અને વિસર્ગ અલ્પપ્રાણ છે.

(૩) જિહ્વામૂલીય અને ઉપધ્માનીયનાં ઉચ્ચારણો થડકાર સંબંધે વિસર્ગને મળતાં આવે છે, એથી જ એને અર્ધવિસર્ગ કહ્યા છે.

જિહ્વામૂલીય, ઉપધ્માનીય અને વિસર્ગ વચ્ચેના ઉચ્ચારણના તફાવતથી, **'હ'** અને વિસર્ગ(:) વચ્ચેનો ઉચ્ચારણ તફાવત સમજવામાં સરળતા રહેશે.

(૪) **'अचः स्वराः'** એ સૂત્ર દ્વારા **'अच्'** પ્રત્યાહારમાં ફક્ત ૯ સ્વરોનો જ સમાવેશ કરાય છે, તેથી વિસર્ગનો સ્વરમાં પણ સમાવેશ થાય જ નહિ.

(૫) આમ વિસર્ગ એ સ્વર અને વ્યંજન બંનેથી ભિન્ન એવો અમૌલિક ધ્વનિ છે. શબ્દાંતે આવેલા **'ર્ - સ્'**ના સ્થાને મુકાતો એ એક ધ્વનિ વિશેષ છે. આમ સિદ્ધ થાય છે.

(૬) **વિસર્ગ સ્વરાનુગામી જણાય છે, વ્યંજનાનુગામી દેખાતો નથી.**

(૭) **'શું છે'** ને બદલે **'હું છે'** એમ બોલાય છે, એનો જેવો ઉચ્ચાર છે તેવો ઉચ્ચાર વિસર્ગનો થાય. આ **'હું'** એ ખરેખર **'હું'** નથી, પણ એક અલ્પપ્રાણ, અઘોષ, અમૌલિક ધ્વનિવિશેષ છે.

ઉપરના ઉદાહરણમાં પૂર્ણ ઉચ્ચાર બતાવાયો છે, પરંતુ વિસર્ગ તો એનાથીય જુદો છે. એનો પૂર્ણ ઉચ્ચાર થતો નથી એ ધ્યાનાર્હ છે. ઉદાહરણ તો થોડી સમાનતા પૂરતું જ છે.

(૮) સંસ્કૃત ભાષામાં આવા ધ્વનિવિશેષો બે છે: વિસર્ગ અને અનુસ્વાર (અનુનાસિક ँ સહિત) એટલા માટે ટ્રાન્સલિટરેશનમાં વિસર્ગ માટે 'H' ને બદલે 'Ḥ' અને અનુસ્વારને માટે 'M-N' ને બદલે 'Ṃ-Ṇ' મુકાય છે.

(૯) 'દુઃખ' શબ્દમાં પણ 'નિસ્‌શ્વાસ' શબ્દની જેમ જ **दुस्**+**'ख'** એમ ઉપસર્ગ + શબ્દ છે જ. એની વ્યુત્પત્તિ दुष्टानि खानि अस्मिन् इति दुःखम् । (અહીં **'ख'** એટલે જ્ઞાનેન્દ્રિય) અથવા **'दुस्'**(दुर् = निन्दितम्) खनति इति दुःखम् । (अन्येभ्योऽपि ૩-૨-૧૦૧થી **डः** પ્રત્યય લગાડીને) તાત્પર્યાર્થ એ છે કે વિસર્ગ એક સ્વતંત્ર ધ્વનિવિશેષ છે કે જે પદાન્ત **'र्-स्'**ને બદલે મુકાય છે અને વ્યાકરણના સંધિ નિયમ પ્રમાણે પ્રવર્તે છે.

(૧૦) વિસર્ગ પદાન્ત **'र्-स्'**ના સ્થાને મુકાતો હોવાથી એનો સંબંધ એ બે વ્યંજનો સાથે સંભવે, પણ 'હ' સાથે તો વિસર્ગને કશી લેવા–દેવા નથી.

(૧૧) વિસર્ગ એ **'હ'** નથી અને **'હ્'** પણ નથી. એ કોઈ સ્વર નથી અને વ્યંજન પણ નથી. એટલે ભારતીય વિચારધારા પ્રમાણે એ એક વિલક્ષણ, સ્વરાશ્રયી, અમૌલિક ધ્વનિવિશેષ જ છે. આ બધું એને માટે વપરાતા અલગ ચિહ્ન (:) પરથી પણ નક્કી થાય છે.

(૧૨) **વિસર્ગ સ્વરાશ્રિત જ હોય, વ્યંજનાશ્રિત કદાપિ ન હોય.** વિસર્ગનો આશ્રય એની પૂર્વનો સ્વર જ હોય. એની પછીનો વર્ણ તો વિસર્ગનો આશ્રિત કહેવાય. એને વિસર્ગનો આશ્રય ન કહેવાય.

વિસર્ગ **'अ'**કારાશ્રિત હોવાથી જ એનું ઉચ્ચારણસ્થાન કંઠ છે. વસ્તુતઃ વિસર્ગનું ઉચ્ચારણસ્થાન એના આશ્રયીભૂત વર્ણ પ્રમાણેનું જ હોય છે, અર્થાત્ એની પૂર્વના આશ્રયભૂત જે સ્વરના સંયોજનમાં એ આવે તે ધ્વનિનું ઉચ્ચારણ – સ્થાન તે વિસર્ગનું ઉચ્ચારણસ્થાન બને છે; દા.ત., **'कविः'**માં વિસર્ગ **'इकाराश्रित'** છે, એથી એનું ઉચ્ચારણસ્થાન તાલુ થશે.

(૧૩) **'अयोगवाहा विज्ञेया आश्रयस्थानभागिनः।'** અયોગવાહ પોતાના આશ્રયનું સ્થાન લેનારા હોય છે, અર્થાત્ પોતાના આશ્રયભૂત એવા પૂર્વ વર્ણનું સ્થાન પ્રાપ્ત કરનારા હોય છે.

(૧૪) વિસર્ગ સ્વરાનુગામી જ છે,વ્યંજનાનુગામી નથી. મહાપ્રાણ ધ્વનિઓમાં 'હ' લખેલો છે, વિસર્ગ લખેલો નથી.

(૧૫) વ્યંજન પછી પદાન્તે અવ્યવહિત રૂપે વિસર્ગ કદાપિ ન આવે. 'ખ ઘ છ ઝ ઠ ઢ થ ધ ફ ભ'નો સંબંધ 'હ' સાથે છે, વિસર્ગ સાથે કદાપિ નહિ. સ્પષ્ટ છે કે વિસર્ગ સ્વર પછી જ આવે.

(૧૬) વિસર્ગના **'अह्, इह्, उह्'** વગેરે ઉચ્ચારણો જેવા લાગતાં ઉચ્ચારણો થાય છે, કારણ કે 'હ' મહાપ્રાણ છે અને વિસર્ગ અલ્પપ્રાણ છે. એથી બંનેનાં ઉચ્ચારણોમાં સામાન્યજનથી ન પરખાય એવો ભેદ છે. क् + ह (મહાપ્રાણ) = ख, ग् + ह (મહાપ્રાણ) = घ । K+Ha = Kha (ખ), G + Ha = Gha (ઘ) આવા અંગ્રેજી મૂળાક્ષરો દ્વારા પણ આ મુદ્દો સ્પષ્ટ થાય છે. આ મહાપ્રાણ વ્યંજનોને વિસર્ગ સાથે કશી જ લેવા-દેવા નથી.

(૧૭) ઘોષ - અઘોષ ઉચ્ચારણને શ્વાસ સાથે સંબંધ ન હોય. શ્વાસ સાથે સંબંધ તો અલ્પપ્રાણ - મહાપ્રાણને જ હોઈ શકે.

(૧૮) જેનાં સ્થાન અને પ્રયત્ન નક્કી થયેલાં છે તે મૌલિક ધ્વનિઓ. જેના સ્થાન-પ્રયત્ન નક્કી થયેલાં નથી તે અમૌલિક ધ્વનિઓ. વિસર્ગનાં સ્થાન-પ્રયત્ન નક્કી થયેલાં નથી માટે વિસર્ગ અમૌલિક ધ્વનિ છે.

(૧૯) સ્વર પછી વિસર્ગ આવે ત્યારે એ જે સ્વરના સંયોજનમાં આવે તેનું ઉચ્ચારણસ્થાન ગ્રહણ કરતો હોવાથી 'अः = अह्, आः = आह्, इः = इह्, उः = उह्' વગેરે જેવો એનો ઉચ્ચાર થાય છે.

(૨૦) વિસર્ગ એ શ્વાસમાર્ગમાંથી ઉત્પન્ન થતો ધ્વનિ વિશેષ છે. કેટલાક વિદ્વાનોના મતે તે Chest sound અર્થાત્ **'उरसि विसर्जनीयः'** છે.

(૨૧) વિસર્ગ જો વાસ્તવમાં 'હ' જ હોય તો **'अकुहविसर्जनीयानां कण्ठः ।** એ વૃત્તિમાં એનો 'હ'કારથી પૃથક્ ઉલ્લેખ કરવાની જરૂર ન રહેત.

વળી ટ્રાન્સલિટરેશનમાં પણ '**ખ**'માં આપણે '**Kh**' એમ '**K**' સાથે '**h**' અર્થાત્ હકાર જ ઉમેરીએ છીએ. જો એમાં વિસર્ગ ઉમેરેલો હોત તો '**Kḥ**' એમ નીચે બિંદીવાળો '**ḥ**' મુકાતો હોત.

ત્રીજી વાત એ છે કે જો વિસર્ગ '**હ્**' જ હોત તો એના '**:**' આવા બીજા સંકેતની જરૂર પડી ન હોત.

– પં. કેશવલાલ વિ. શાસ્ત્રી (રાજકોટ)

વિસર્ગના સંધિજન્ય વિવિધ રૂપ–પરિવર્તનોનું વર્ણન કર્યા પછી '**શુક્લયજુર્વેદીય શિક્ષા**'માં વિસર્ગના ઉચ્ચારણ વિશે નિર્દેશ કર્યો છે કે '**વિસર્ગનું ઉચ્ચારણ બાળ સર્પના હલકા**(ધીમા) **ફુત્કાર સમાન કરવું જોઈએ.** (પા.શિ., ૧-૭૪), '**ह**'કારનું ઉચ્ચારણ પ્રતીત ન થવું જોઈએ.' (વા.સં., ૫-૫) (વા.પ્રા., ૪-૧૩૬).

આજકાલ વિસર્ગનું ઉચ્ચારણ પ્રાય: હકારની સાથે મળતું આવે એવું કરાય છે. વિસર્ગનો સાચો ઉચ્ચાર હલન્ત '**હ્**' જેવો છે.

પાણિનિ વ્યાકરણ અનુસાર વિસર્ગનો ઉચ્ચાર કંઠસ્થાનીય છે. પાણિનીય શિક્ષા(૪-૨)માં એમ પણ કહ્યું છે કે '**અયોગવાહ**' એટલે અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય તેમજ ઉપધ્માનીયનું ઉચ્ચારણસ્થાન તે હોય છે કે જે એમના આશ્રયીભૂત પૂર્વ વર્ણોનું હોય છે.

સંધિમાં વિસર્ગની આઠ પ્રકારની ગતિ હોય છે; જેમ કે, વિસર્ગનો 'ओ'ભાવ, વિસર્ગનો લોપ, વિસર્ગના '**શ્-ષ્-સ્**' તથા વિસર્ગનો રેફ, જિહ્વામૂલ તેમજ ઉપધ્માનીય (પા.શિ.૩-૪)

વિસર્ગ સ્વર કે વ્યંજન એ પ્રશ્ન બની રહે છે. વિસર્ગને જો સ્વર માનીએ તો તેનો વ્યંજનની જેમ '**હ્**' (હલન્ત) ઉચ્ચાર કેમ થાય એવો પ્રશ્ન ઊઠે, કારણ કે સ્વર તો પૂર્ણ છે, તે હલન્ત નથી.

આ સંદર્ભમાં અંગ્રેજી ભાષાની રોમન લિપિમાં 'राम:'નું 'Ramah' એમ ન લખાય, પરંતુ સ્વરાંકન (ડાયાક્રિટીકલ માર્ક્સ) સાથે 'Ramaḥ' એમ જ લખવું જોઈએ. 'ḥ' ('એચ'ની નીચે બિંદી) લખાય તો જ એનો સાચો ઉચ્ચાર '**હ્**' (હલન્ત) થાય છે.

વિસર્ગનો વિચાર કરતાં એ પણ ધ્યાનમાં રાખવું જોઈએ કે મૂળમાં 'સ્' કે 'ર્' હોય એનો વિસર્ગ થયો હોય છે. ત્યાર પછી સંધિ કરવાનો યોગ મળે છે. વિભક્તિ રૂપોનાં પ્રત્યયો જોતાં આ બાબતનો ખ્યાલ આવે છે.

— ડૉ.હંસાબહેન હિંડોચા

અધ્યક્ષા : સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, સંસ્કૃત ભવન–રાજકોટ

(૧) વિસંર્ગના સાચા ઉચ્ચારને નહિ જાણનારા વિસર્ગના સ્થાને '**ह**' વર્ણનો ઉચ્ચાર કરે છે; જેમકે, 'रामह, रामाहा, हरिहि, गुरुहु, हरेहे, रामैहि, गुरोहो, गौहु', પરંતુ આ બધાં ઉચ્ચારણો સાચાં નથી, કારણ કે આમાં પ્રથમ 'હ્' વ્યંજન બોલાય છે અને પછી સ્વર બોલાય છે. વિસર્ગ એ સ્વરનો અનુગામી હોવાથી પ્રથમ સ્વર બોલાવો જોઈએ અને પછી વિસર્ગ બોલાવો જોઈએ. એને બદલે આ ઉચ્ચારણોમાં પ્રથમ વ્યંજન બોલાય છે અને પછી સ્વર બોલાય છે.

(૨) વિસર્ગ અને અનુસ્વાર સ્વરના અંતે છે. સંધિમાં પૂર્વાપર અક્ષરના સંબંધથી વિસર્ગનો 'ओ'કાર થાય છે અને પછીના વ્યંજન સાથે મળીને 'श्-ष्-स्' રૂપે પણ થાય છે; જેમકે रामः = अटति रामोऽटति । रामः च = रामश्च, धनुः टङ्कारः = धनुष्टङ्कारः, रामः त्वम् = रामस्त्वम् ।

(૩) વિસર્ગનો પૂર્ણ 'હ' રૂપે ઉચ્ચાર કરનારા પંડિતો સંધિમાં 'रामशच' ('श' આખો) કેમ નથી લખતા ? 'रामश्च' કેમ લખે છે ? આના પરથી જ સિદ્ધ થાય છે કે વિસર્ગનો ઉચ્ચાર પૂર્ણ 'હ' રૂપે નથી, પણ હલન્ત 'હ્' જેવો છે.

(૪) વિસર્ગ જો પૂર્ણ '**ह**' રૂપે જ હોય તો 'अः, आः' વગેરે લખવાની જરૂર રહે જ નહિ, તેમજ વિસર્ગનો ઉચ્ચાર દર્શાવવા માટે ઉપર-નીચે બે ટપકાંવાળું ':' આવું ચિહ્ન કરવાની પણ જરૂર રહે નહિ. સીધે સીધું 'अह, आहा' જ લખાય.

(૫) દક્ષિણ ભારતના વેદ પંડિતો વિસર્ગના 'रामह, रामाहा' એવા ઉચ્ચાર કરે છે, પણ એ આપણી કે સંસ્કૃતની પરંપરા નથી.

(૬) બિહારી પંડિતો પણ જિહ્વાદોષને કારણે અમુક ઉચ્ચારો કરી શકતા નથી. તેઓ પોતાની ભાષાની આદતને લીધે 'रामह, रामाहा' એવું અશુદ્ધપ્રાયઃ ઉચ્ચારણ કરે છે, જે મૂળત : પાણિનિ સંમત નથી.

(૭) વિસર્ગ અને અનુસ્વાર બંને સ્વરના અંતે હોય, પણ એના પછી સ્વર ન આવવો જોઈએ. જેઓ વિસર્ગ પછી સ્વરનો ઉચ્ચાર કરે છે તેઓ અનુસ્વાર પછી સ્વરનો ઉચ્ચાર કેમ નથી કરતા?

(૮) વિસર્ગ અને અનુસ્વાર પછી વ્યંજન આવે તો સંધિના નિયમ મુજબ એ વ્યંજનમાં પલટાય, પણ બંનેના ઉચ્ચાર તો સ્વરના આધારે જ થાય, વ્યંજનના આધારે ન થાય.

(૯) **'નિઃશ્વાસ'**માં **'ઈ'** પછી અને **'દુઃખ'**માં **'ઉ'** પછી વિસર્ગનો ઉચ્ચાર થાય છે. સંધિમાં તરત પછી આવતા વ્યંજન સાથે એનો સંબંધ થાય છે, બાકી તો એ પૂર્વના સ્વર સાથે જ જોડાયો છે.

(૧૦) વિસર્ગનો ઉચ્ચાર હલન્ત **'હ્'** જેવો નથી, પણ **'હીરો** (રત્ન), હીરો (શીરો); **હરખો** (નામ), **હરખો** (સરખો); **હાક** (બૂમ), **હાક** (શાક) એના ઉચ્ચારમાં જે ફરક છે, તે ફરક હલન્ત **'હ્'** ના અને વિસર્ગના ઉચ્ચારમાં છે.

(૧૧) લોકબોલીમાં **'શ-સ'**ના બદલે જે **'હ'** બોલાય છે, એના ઉચ્ચારમાં અને વાસ્તવિક **'હ'**ના ઉચ્ચારમાં જે ફરક છે, તે ફરક **'હ્'**ના અને વિસર્ગના ઉચ્ચારમાં છે. વિસર્ગનો ઉચ્ચાર **'શ-સ'**ના બદલે કરાતા **'હ'**ના વિશિષ્ટ ઉચ્ચાર જેવો છે.

(૧૨) મહાપ્રાણ **'હ'** અને વિસર્ગ એ બંનેના ધ્વનિમાં ફરક છે. આપણી પરંપરા હલન્ત **'હ્'**નો આભાસ કરાવતા વિસર્ગના ઉચ્ચારની છે.

(૧૩) વિસર્ગ સ્વરાનુગામી જ હોવાથી સ્વરથી જુદા ઉચ્ચારણવાળો એક સ્વતંત્ર - સ્વરાતિરિક્ત એવો ધ્વનિવિશેષ છે.

(૧૪) આવા લક્ષણવાળા વિસર્ગ પછી (क्-ख्, प्-फ् સિવાય) કોઈ વ્યંજન આવે તો એના અને વિસર્ગના પુરોગામી સ્વરના સંબંધથી સંધિના નિયમાનુસાર એ વિસર્ગ રૂપે રહેતો નથી, એથી વિસર્ગનું ઉચ્ચારણ પણ રહેતું નથી. વિસર્ગ श्-ष्-स्-र्-उ (ओ) રૂપે થાય છે, અથવા એનો લોપ થાય છે. એટલે વિસર્ગ વ્યંજનાતિરિક્ત સ્વતંત્ર ધ્વનિ છે.

(૧૫) ભારતીય (સંસ્કૃતાનુસારી) વર્ણમાળામાં જેવી સ્થિતિ (અમૌલિકતા, ધ્વનિત્વ આદિ) વિસર્ગની છે એવી જ સ્થિતિ અનુસ્વારની પણ છે. વિસર્ગની પેઠે અનુસ્વાર પણ પશ્ચાદ્વર્તી વ્યંજન સાથે સંબંધ થતાં સંધિના નિયમો પ્રમાણે 'ઙ્-ઞ્-ણ્-ન્-મ્'નાં રૂપો ધારણ કરે છે.

(૧૬) વિસર્ગ અને અનુસ્વાર બંનેની સ્વરાનુગામિતા, અમૌલિકતા, સ્વતંત્રતા – આ ખાસિયતને જોઈને જ કદાચ બારાખડીમાં એ બંનેને છેલ્લું સ્થાન અપાયું હશે.

(સ્વ.પૂ.પં.શ્રી ભદ્રંકરવિજયજી ગણિવરના પ્રશિષ્ય)

– મુનિશ્રી ધુરંધરવિજયજી

વિસર્ગ એટલે માત્ર '**અઃ**' જ નથી, કોઈ પણ સ્વર પછી એ આવી શકે છે; જેમ કે **દેવઃ, હરિઃ, ગુરુઃ, હરેઃ, રૈઃ, ગૌઃ** ઇત્યાદિ.

– ડૉ. અ. ન. જાની

(૧) વિસર્ગ એટલે શ્વાસવાયુનું વિસર્જન. શબ્દાંતે કે વર્ણાન્તે અર્થાત્ શબ્દના ઉચ્ચારણ પછી જ્યાં વિશ્રામ હોય ત્યાં ફેફસામાંથી આછા ધક્કા સાથે મુખ દ્વારા શ્વાસવાયુ છોડવાની ઉચ્ચારણ પ્રક્રિયા થાય છે.

(૨) વિસર્ગને સ્વરનો અનુગામી કહેવા યોગ્ય છે, કારણ કે સ્વર વિના વિસર્ગનું ઉચ્ચારણ થઈ શકતું નથી.

(૩) વિસર્ગ એ 'હ'ની માફક ઉષ્મ વ્યંજન નથી, તેથી જ તેને સ્વરાંત હરોળમાં અનુનાસિક (=નાકમાંથી શ્વાસવાયુ છોડી દેવાની પ્રક્રિયા) પછી મૂકવામાં આવ્યો છે.

(૪) વિસર્ગ એ શ્વાસવાયુ – વિસર્જન સ્વરૂપનો અને શબ્દાંતે 'ર્-સ્'ના સ્થાને પરિવર્તન પામતો ધ્વનિ વિશેષ છે.

(૫) વિસર્ગ એ વિલક્ષણ મૌલિક ધ્વનિ છે. તેથી તો 'अकुह विसर्जनीयानां कण्ठः ।' એ ઉક્તિમાં 'હ' અને વિસર્ગનો પૃથક્ ઉલ્લેખ કરવાની જરૂર પડી છે.

– ડૉ. નારાયણ કંસારા (અમદાવાદ)

(૧) વિસર્ગ એ પૂર્ણ 'હ' પણ નથી અને હલન્ત 'હ્' પણ નથી. એ બંનેથી ભિન્ન એવો એક ધ્વનિવિશેષ છે. એ 'હ'ના જેવો ન તો ઉત્તરમાં સ્વર કે ન તો વ્યંજન એવો ઉચ્ચાર ધરાવતી સંજ્ઞા છે.

'હ' ની જેમ નાભિના ઊંડાણમાંથી એની ઉત્પત્તિ છે. ઊંડેથી આવવા-ઉપર ચડાવવા ધક્કો લગાવવો પડે એ સહજ છે. ધક્કા વગર 'હ' વ્યંજન ઉપર આવે, પણ વિસર્ગ ન આવે.

(૨) **'દુઃખ'** જેવા શબ્દોમાં એક સમાપ્તિ માનીને પછી **'ખ'** માનવો જોઈએ. 'નિઃશ્વાસ' જેવા શબ્દોમાં (ઉપસર્ગ + શબ્દ) બંને જુદા શબ્દો છે. **'પુનઃ'** વગેરેમાં પણ ઉત્તર શબ્દ જુદો આવવાનો. સંધિના નિયમથી ફેરફાર થાય એ તો અનુશાસન વ્યાકરણ સંધિ નિયમ પ્રમાણે સર્વત્ર પ્રવર્તે, એથી વિસર્ગનું સ્વાતન્ત્ર્ય નષ્ટ થતું નથી.

– આચાર્ય વિજય જગચ્ચંદ્રસૂરિ

જેમ સ્વરરહિત વ્યંજનનું સ્વતંત્ર ઉચ્ચારણ થઈ શકતું નથી. તેમ વિસર્ગનું સ્વતંત્ર ઉચ્ચારણ થઈ શકતું નથી. સ્વરોની સાથે એનો યોગ થાય તો જ એનું ઉચ્ચારણ સિદ્ધ થઈ શકે છે, તેથી તેને 'पराश्रय' (પાણિનિ શિક્ષા-૫) અથવા 'अयोगवाह' (પાણિનિ શિક્ષા - ૨૨) કહેવામાં આવે છે. (જુઓ : W.S.Allen : Phonetics in Ancient India PP. 16-17, 50)

– પ્રો. એમ.એ. મહેન્દળે (પૂના)

સ્વરોની અને વ્યંજનોની યાદીમાં વિસર્ગનું સ્થાન નથી, એટલે એને એક અલ્પપ્રાણ ધ્વનિ જ સમજવાનો રહે.

વૃત્તિમાં પણ કહ્યું છે કે 'अकुहविसर्जनीयानां कण्ठः।' આમ વિસર્ગનું ઉચ્ચારણસ્થાન કંઠ હોવાથી એને કંઠમાંથી આવતો અલ્પપ્રાણ ધ્વનિ જ સમજવા યોગ્ય છે.

–પ્રા. જયંત ન. રાવળ (રાજકોટ)

बहुभिर्वसुधा भुक्ता राजभिः सगरादिभिः । આવી પદ્યબદ્ધ પંક્તિઓમાં વિસર્ગનો ઉચ્ચાર જો પૂર્ણ **'ह, हा, हि'** જેવો થાય તો એક એક અક્ષર વધી જાય અને છંદના ચરણની સંખ્યામાં બાધ આવે, છંદોભંગ વગેરે ઘણા દોષો ઊભા થાય માટે વિસર્ગનો ઉચ્ચાર હલન્ત **'હ્'** જેવો જ થવો ઘટે.

ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)

'अकुहविसर्जनीयानां कण्ठः।' એ કૌમુદી વચન મુજબ વિસર્ગનું ઉચ્ચારણ સ્થાન કંઠ એટલે ગળાનો મધ્યભાગ હાડિયો છે. 'उरस्' એટલે હૃદય એ સંગીતમય મંદ્ર ઉચ્ચારણનું સ્થાન છે.

વૃત્તિ પ્રમાણે વિસર્ગ કંઠસ્થાનીય છે. વાસ્તવમાં વિસર્ગ જે ઉચ્ચારણ સ્થાનના સ્વર પછી આવે તે ઉચ્ચારણસ્થાનનો તે થઈ જાય છે.

૧. કંઠ સ્વર આશ્રયી વિસર્ગનું સ્થાન કંઠ થાય છે.
૨. તાલુ સ્વર આશ્રયી વિસર્ગનું સ્થાન તાલુ થાય છે.
૩. મૂર્ધ સ્વર આશ્રયી વિસર્ગનું સ્થાન મૂર્ધા થાય છે.
૪. દંત્ય સ્વર આશ્રયી વિસર્ગનું સ્થાન દંત્ય થાય છે.
૫. ઓષ્ઠ સ્વર આશ્રયી વિસર્ગનું સ્થાન ઓષ્ઠ થાય છે.

પં. કેશવલાલ વિ. શાસ્ત્રી (રાજકોટ)

વિસર્ગ એ સ્વરનો અનુગામી હોવાથી પ્રથમ સ્વરનું ઉચ્ચારણ થાય અને પછી વિસર્ગનું ઉચ્ચારણ થાય, તેથી 'रामः (अः=अह्), रामा : (आ :=आह्), हरिः (इः = इह्), गुरुः (उ : = उह्), हरेः (एः = एह्), रामैः (ऐः = ऐह्), गुरोः (ओः = ओह्), गौः (औः = औह्)' વિસર્ગનાં હલન્ત 'ह्' જેવાં ઉચ્ચારણવાળાં આ ઉચ્ચારણો સાચાં છે, કારણકે પૂર્વ સ્વરના ઉચ્ચારણ પછી શ્વાસવાયુનું વિસર્જન કરવામાં આવે છે.

અંગ્રેજી ભાષાની રોમન લિપિમાં સંસ્કૃત ભાષાનાં '**અનુસ્વાર**' અને '**વિસર્ગ**'નાં ચિહ્નો નહિ હોવાથી એના સ્થાને એ લિપિમાં 'N-H' લખાય છે, તેથી આપણી ભાષાનાં ઉચ્ચારણોમાં અશુદ્ધિ આવે છે; દા.ત. '**સિંહા**' શબ્દ અંગ્રેજીમાં '**Sinha**' આમ લખાતો હોવાથી જ એનું લેખન અને ઉચ્ચારણ '**સિન્હા**' એવું અશુદ્ધ થાય છે. 'रामः' શબ્દ અંગ્રેજીમાં '**Ramah**' આમ લખાતો હોવાથી 'रामह' એવો પૂર્ણ 'હ'વાળો ઉચ્ચાર અંગ્રેજી ભાષાભાષી લોકો દ્વારા આપણી ભાષામાં આવ્યો હોય એમ જણાય છે. ભાષા અને લિપિના જાણકારો તો '**Sinha**'નો ઉચ્ચાર '**સિંહા**' અને '**Ramah**'નો ઉચ્ચાર '**रामः** (रामह्)' જ કરે.

(ડૉ). કે.કા. શાસ્ત્રી (અમદાવાદ)
ડૉ. હરિપ્રસાદ શાસ્ત્રી (અમદાવાદ)
પં.કેશવલાલ વિ. શાસ્ત્રી (રાજકોટ)

વિસર્ગ, મહાપ્રાણ અને મર્મર

સંસ્કૃત પરંપરા પ્રમાણે વિસર્ગ એટલે મહાપ્રાણ. સામાન્ય રીતે શબ્દના ઉચ્ચારણને અંતે જ્યારે વિરામ આવે ત્યારે હવાનું નિસ્સરણ થાય અને મહાપ્રાણ ધ્વનિ નીપજે. (જુઓ : A Dictionary of Sanskrit Grammar By A. V. Abhayankar; Orient Institue, Baroda-1961, Page 337)

અલબત્ત, પાણિનિએ વિસર્ગને વર્ણમાળામાં સ્થાન આપ્યું નથી, પણ આ ધ્વન્યાત્મક તત્ત્વને વર્ણ (Letter) તરીકે શિક્ષા અને પ્રાતિશાખ્યમાં સ્થાન મળે છે. પતંજલિએ એને વર્ણમાળામાં સ્થાન આપવા હિમાયત કરી.

વિસર્ગ સ્વતંત્ર રીતે એકલો ઉચ્ચારાતો ધ્વનિ નથી, તેથી તે **'અયોગવાહ'** કહેવાય છે. તે બીજા ધ્વન્યાત્મક તત્ત્વના સંયોજનમાં ઉચ્ચારાતો ધ્વનિ છે.

અનુસ્વાર, વિસર્ગ, જિહ્વામૂલીય, ઉપધ્માનીય અને યમ—આ પાંચ **'અયોગવાહ'** કહેવાય છે, કારણ કે તેઓ હંમેશાં બીજાં ધ્વન્યાત્મક તત્ત્વો કે વર્ણો જેવા કે 'अ'ના સંયોજનમાં ઉચ્ચારાય છે. ક્યારેય સ્વતંત્ર રીતે ઉચ્ચારાતા નથી.

આ **'અયોગવાહ'** સ્વર તથા વ્યંજન બંનેનાં લક્ષણો ધરાવે છે.

अकारादिना वर्णसमाम्नायेन सहिता सन्तः, ये वहन्ति आत्मलाभं ते अयोगवाहाः ।

અર્થાત્ 'अ'કાર વગેરે વર્ણના સમૂહથી જે સંયોજન થાય અને જે આત્મલાભ મેળવે તે **'અયોગવાહા'** કહેવાય છે.

વિસર્ગને વિસર્જનીય પણ કહેવાય છે. વિસર્ગ એ સ્વર કે વ્યંજન જે ધ્વનિના સંયોજનમાં આવે તે ધ્વનિનું ઉચ્ચારણસ્થાન, તે વિસર્ગનું ઉચ્ચારણસ્થાન બને છે. સંસ્કૃત પરંપરા પ્રમાણે સ્વર કે વ્યંજન કોઈના પણ સંયોજનમાં વિસર્ગ આવે છે.

વિસર્ગ ધ્વનિની ઉત્પત્તિ નાદતંત્રીમાં થાય છે, તેથી તે નાદતંત્રીય (Glottal) ધ્વનિ છે. જો કે ઋક્ પ્રાતિશાખ્ય કહે છે કે અમુક વિદ્વાનો એને છાતીમાંથી ઉચ્ચારાતો (Chest Sound) ધ્વનિ કહે છે.

વિસર્ગ જ્યારે સ્વર પછી આવે છે ત્યારે એ જે સ્વરના સંયોજનમાં આવે તે સ્વરનું ઉચ્ચારણસ્થાન ગ્રહણ કરતો હોવાથી 'अः-**अह्**, आः-**आह्**, इः-**इह्**, उः-**उह्**' વગેરે ઉચ્ચાર થાય છે.

સ્વર પછી વિસર્ગ ':' આવા ચિહ્ન દ્વારા દર્શાવાય છે; જેમ કે, '**अः, इः, उः**'

અર્વાચીન ભાષાશાસ્ત્ર પ્રમાણે મહાપ્રાણનું ઉચ્ચારણ એટલે નાદતંત્રીમાંથી હવાનો વધારાનો જથ્થો ઘસારા સાથે આગળના ધ્વનિના ઉચ્ચારણ સાથે ભળે છે.

વ્યંજનની સાથે આ હવાનો જથ્થો ભળે ત્યારે હવાના નિસ્સરણ વખતે નાદતંત્રી અકંપિત હોય અને મહાપ્રાણ વ્યંજન ઉત્પન્ન થાય. સ્વર સાથે ભળે ત્યારે '**મર્મર**' સ્વર ઉત્પન્ન થાય.

મર્મર અને અનુસ્વાર પણ સ્વરની પછી આવતા અર્થાત્ અનુગામી ધ્વનિઓ નથી, પણ સ્વર-વ્યંજનની સાથે જ ઉચ્ચારાતા **Simultaneous** (સાયમલટેનિયસ એટલે એક સાથે કે એકીસમયે થતું કાર્ય) ધ્વનિઓ છે. જેને 'Suprasegmental Sounds' (સુપરાસેગમેન્ટલ સાઉન્ડ્સ) કે અતિખંડીય ધ્વનિઓ કહી શકાય. જેનું વિભાજન રૈખિક (Linear) રીતે શક્ય હોય નહિ. ઉદા. સ્વર ધ્વનિ '**સ્વ્અર્**' આમ એક પછી એક રેખામાં આવતા ધ્વનિઓ છે અને એનું વિભાજન રૈખિક રીતે શક્ય છે, તેથી તેને ખંડીય (Segmental) ધ્વનિ કહી શકાય; જ્યારે મર્મર અને અનુસ્વાર એક પછી એક રેખામાં આવતા ધ્વનિઓ નથી, તેથી તે ખંડીય નથી, પણ એક ધ્વનિની સાથોસાથ ઉચ્ચારાતા ધ્વનિઓ છે, માટે તે અતિખંડીય ધ્વનિઓ ગણાય. ઉદા., '**તાંત-તઑંત**' આમાં '**આ**'ની સાથે જ અનુસ્વાર ઉચ્ચારાય, આગળ-પાછળ નહિ, '**મ્હેલ-મ્એહલ**' આમાં '**એ**'ની સાથે જ મર્મર ઉચ્ચારાય, આગળ-પાછળ નહિ.

— ડૉ. ઊર્મિ દેસાઈ (મુંબઈ)

ખોટો અર્થ-ખોટો શબ્દ

જેમ શબ્દાર્થ સાચો કહેવો જોઈએ તેમ શબ્દ પણ
સાચો જ બોલવો અને લખવો જોઈએ,
જેમ ખોટો અર્થ તજવા યોગ્ય છે
તેમ ખોટો શબ્દ પણ તજવા યોગ્ય છે.

(१) **अकारादिना वर्णसमाम्नायेन सहिताः सन्तः, ये वहन्ति आत्मलाभं ते अयोगवाहाः ।**

અર્થ : '**अ**'કાર વગેરે વર્ણના સમૂહથી જે સંયોજન થાય અને જે આત્મલાભ એટલે સ્વરૂપની અર્થાત્ સ્વસ્થાનની પ્રાપ્તિ કરે તે અયોગવાહ કહેવાય.

अ - योग - वाहः । अ = '**अ**'કારાદિ, **योग** = યોગથી, **वाह** = જેનું વહન અર્થાત્ ઉચ્ચારણ થાય તે.

'**अ**'કારાદિવર્ણસમૂહ	**વિસર્ગ**	**આત્મલાભ**(સ્વરૂપપ્રાપ્તિ)	**દૃષ્ટાંત**
૧. **કંઠ** – '**अ**'કાર સાથે સંયોજિત	વિસર્ગ (:)નો	આત્મલાભ **કંઠ**	**रामः** – અકારાશ્રિત
૨. **તાલુ** – '**इ**'કાર સાથે સંયોજિત	વિસર્ગ (:)નો	આત્મલાભ **તાલુ**	**कविः** – ઈકારાશ્રિત
૩. **ઓષ્ઠ** – '**उ**'કાર સાથે સંયોજિત	વિસર્ગ (:)નો	આત્મલાભ **ઓષ્ઠ**	**गुरुः** – ઉકારાશ્રિત
૪. **મૂર્ધા** – '**ऋ**'કાર સાથે સંયોજિત	વિસર્ગ (:)નો	આત્મલાભ **મૂર્ધા**	**मातृः** – ઋકારાશ્રિત

વિસર્ગ કોઈ વર્ણથી અર્થાત્ કોઈ સ્વરથી સ્વતંત્ર રીતે આવી શકતો નથી, તેથી તેને અયોગવાહ કહેવાય છે.

❀

(૨) **अकुहविसर्जनीयानां कण्ठः** । અર્થ : અ, ક વર્ગ, હ અને વિસર્ગનું ઉચ્ચારણસ્થાન કંઠ છે.

(૩) **पराश्रय** : અર્થ - પારકાનો - અન્યનો - સ્વરનો આશ્રય લઈને જ જેનું ઉચ્ચારણ થઈ શકે, અન્યથા ન થઈ શકે તે.

(૪) જેનાં સ્થાન અને પ્રયત્ન નક્કી થયેલાં છે, તે મૌલિક ધ્વનિઓ અને જેનાં સ્થાન-પ્રયત્ન નક્કી થયેલાં નથી, તે અમૌલિક ધ્વનિઓ છે.

– પ. કેશવલાલ વિ. શાસ્ત્રી (રાજકોટ)

વિસર્ગ વિશેનાં પ્રાચીન - અર્વાચીન મંતવ્ય

(૧) વિસર્ગ વિશેનાં પ્રાચીન મંતવ્યો વ્યાકરણશાસ્ત્રને આધારિત જ ગણાય. આમાં પાણિનીય શિક્ષા કે પ્રાતિશાખ્ય જેવા ગ્રન્થો ઉચ્ચારશુદ્ધિ જાળવવાના નિયમો આપે છે. પ્રાતિશાખ્ય તો વાણી માટેના અવયવોમાં શિથિલતા પ્રવેશે તો ઉચ્ચારણના કેવા દોષો થાય તે પણ બતાવે છે.

આધુનિક ધ્વનિ–વિજ્ઞાનને સદ્ભાગ્યે ક્ષતિમુક્ત પરિણામો આપી શકે એવાં ચોક્કસાઈભર્યાં ઘણાં સાધનો પદાર્થવિજ્ઞાન (Physics) અને તંત્રવિજ્ઞાન (Technology)ને લીધે પ્રાપ્ત થયાં છે.

ભાષામાં પરિવર્તન થાય એ હકીકત જ છે. સંસ્કૃત - પ્રાકૃત - અપભ્રંશ - જૂની ગુજરાતીથી નવી ગુજરાતી સુધીમાં થતા ઉચ્ચાર - ભેદો વિસર્ગના ઉચ્ચારમાં પણ દેખા દે છે.

ફક્ત એક બાબત ધ્યાનમાં રહેવી જોઈએ કે ઉચ્ચારો ધોરણાત્મક અર્થાત્ સ્વીકાર્ય નિયમો પ્રમાણેના રહે એ રીતે એનું સંગોપન (=જાળવણી -રક્ષણ) કરવું જોઈએ.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

❈

સંસ્કૃત-પ્રાકૃત ભાષાનાં ધાર્મિક સૂત્રોનાં શુદ્ધ ઉચ્ચારણો સંસ્કૃત વ્યાકરણો, પ્રાતિશાખ્યો, શિક્ષા વગેરે ઉપર આધારિત રાખવાં પડે.

એક વાત લક્ષમાં લેવી જરૂરી છે કે સંસ્કૃતમાં ખાસ કરીને વેદાભ્યાસ માટે મૌખિક પ્રણાલિ રહી જેને લીધે ધ્વનિ ઉચ્ચારણની શુદ્ધિ માટેના વ્યવસ્થિત નિયમો વિદ્વાનોએ આપ્યા. પ્રાકૃત કે અપભ્રંશ માટે તેવો આધાર મળતો નથી.

– ડૉ. ભારતી મોદી (વડોદરા)

ભાષા સતત વહેતી નદી જેવી છે.

ભાષા સતત વહ્યા કરતી નદી જેવી છે. નદીના પ્રવાહને રોકીએ તો એના પાણીમાં ગંદકી થાય અને એને સ્વચ્છંદપણે વહેવા દઈએ તો કાંઠાનાં ગામડાંને એ ખેદાન-મેદાન કરી નાખે.

એવી જ રીતે ભાષાના ઉચ્ચારણાદિ વિકાસને રુંધવામાં અને એને છૂટો દોર આપવામાં પણ અતિરેકથી હાનિ થાય. એટલે એ બંને પરસ્પર વિરોધી બાબતોનું સમાધાન કરવા માટે અર્થાત્ ભાષાવિકાસ કરવા માટે સહજતા, સામુદાયિકતા, સ્વાભાવિકતા, મંદગામિતા, શિષ્ટસ્વીકૃતિ વગેરેનાં ધોરણો ચુસ્તપણે જાળવવાં જોઈએ. તો જ ભાષાની શિસ્ત અને સ્વાતન્ત્ર્ય એ બંને બુદ્ધના મધ્યમપ્રતિપદા માર્ગની જેમ સચવાય.

વૈદિક પ્રાચીન સમયથી માંડીને આજ સુધી ઉચ્ચારણના વિકાસની તબક્કાવાર ક્રમિક શ્રાવ્ય જાળવણી પણ થવી જોઈએ, કારણકે રેકોર્ડિંગ વગરના એ જમાનાના ઉચ્ચારણના ક્રમિક વિકાસ પરથી ભાષા વિકાસના કેટલાક જરૂરી નિયમો તારવી શકાય છે.

આમ એ જાળવણીનું ભાષાતત્ત્વીય, ઐતિહાસિક અને પુરાતત્ત્વીય મૂલ્ય છે. એ જાળવણી ન થાય તો ભાષાવિજ્ઞાનનું એક અગત્યનું પ્રમાણ નાશ પામી જાય.

આ તબક્કાનું મૂળ તે તે જમાનામાં રચાયેલ શાસ્ત્ર કે સાહિત્ય છે. જો ઉચ્ચારણોમાં તે તે સમયનાં ઉચ્ચારણો ન જળવાય તો ક્રમબદ્ધતા ન જળવાય અને ભાષાવિજ્ઞાનનો આખો મહેલ જ રેતી પર ચણાયેલા મકાન જેવો તકલાદી થઈ જાય. માટે પ્રાચીન-અર્વાચીન બંને શાસ્ત્રોનાં પોતપોતાનાં આગવાં ઉચ્ચારણો અનિવાર્યપણે જાળવી રાખવા યોગ્ય છે.

– પં. કેશવલાલ વિ. શાસ્ત્રી (રાજકોટ)

વિદ્વાનોના મુખની શોભા !

વિદ્વાનોનું મુખ શુદ્ધ પદ, શુદ્ધ વાક્ય અને
તર્કસંગત વાણી બોલવાથી શોભે છે.

ઉચ્ચારણ ગુણ-દોષ વિવેક

ઉચ્ચારણ ગુણ

પ્રસ્તોતા : **શ્રીધર સનાતનભાઈ વ્યાસ**

પાણિનીય શિક્ષા ઉચ્ચારણ ગુણ દર્શાવતાં કહે છે કે –

माधुर्यमक्षरव्यक्तिः पदच्छेदस्तु सुस्वरः ।

धैर्यं लयसमर्थं च षडेते पाठकाः गुणाः ॥

અહીં પાઠકના માધુર્યાદિ છ ગુણ દર્શાવ્યા છે.

'पाठका-गुणाः'નો અર્થ છે : उत्तमपाठकाश्रिताः गुणाः।

૬ ગુણ એટલે પાઠકની વાણીની ૬ વિશેષતા.

પ્રત્યેક ગુણનું દર્શન નીચે પ્રમાણે છે :

(૧) **माधुर्यम्** : आह्लादकत्वं माधुर्यं चित्तस्य द्रुतिकारणम् ।

અર્થ : આહ્લાદક હોવાથી સાંભળવા માત્રથી જ જે શ્રોતાના ચિત્તને આકર્ષે છે, પિગળાવે છે.

(૨) **अक्षरव्यक्तिः** પ્રત્યેક પદના ઘોષ-અઘોષ વગેરે વ્યંજનો સુસ્પષ્ટ બોલાવા જોઈએ.

(૩) **पदच्छेद** : પદોનું વિભાજન કરીને, દરેક પદ સ્પષ્ટ થાય તે પ્રમાણેનું ઉચ્ચારણ. ઉદાહરણ તરીકે કહ્યું છે કે – "જેમ મદોન્મત્ત હાથી પ્રત્યેક પગલું દર્શનીય રીતે મૂકે છે, તેમ વક્તાએ દરેક પદ સ્પષ્ટ રીતે બોલવું જોઈએ."

(૪) **सुस्वर** : ઉદાત્ત, અનુદાત્ત, સ્વરિત સ્વરો યોગ્યતા અનુસાર બોલાય તે સ્વરસૌષ્ઠવ. **'ગોળ'** શબ્દના ઉચ્ચારણ માટે અને તેના જેવા શબ્દોના ઉચ્ચારણના વિષયમાં આ બાબત ધ્યાનમાં રાખવી જ જોઈએ.

(૫) **धैर्यम्** : मनसः निर्विकारत्वं धैर्यं सत्स्वपि हेतुषु ।

અર્થ : ચિત્તની નિર્વિકારતા (= સ્થિરતા). ઉચ્ચારણ કાળે મન બીજે ક્યાંય ભટકતું ન હોવું જોઈએ. અન્ય હેતુઓ હોય તોપણ ધૈર્ય જોઈએ.

(૬) **लयसमर्थता** : કાળ અને ક્રિયાનું સામ્ય. એક માત્રા ઉચ્ચારતી વખતે જેટલો સમય લાગવો જોઈએ તેટલો જ સમય વાપરવો.

વ્યાસશિક્ષામાં પણ અન્ય ચાર ગુણ દર્શાવ્યા છે.

(૧) **न्यूनातिरिक्तराहित्यम्** : ઉચ્ચારણ કાળ ઓછો વત્તો જરૂરિયાત અનુસાર કરવો, પણ જરૂરિયાતથી ઓછો-વધારે કરવો નહિ.

(૨) **सुव्यक्तम्** : ઉચ્ચારણ સુસ્પષ્ટ હોવું જોઈએ.

(૩) **सुस्वरम्** : ઉચ્ચારણ માટેના સ્વરો સુયોગ્યતયા વિનિયુક્ત થયા હોવા જોઈએ.

(૪) **धैर्यम्** : ધીરજનો ભાવ જાળવવો, ઉતાવળથી બોલવું નહિ.

નારદીય શિક્ષામાં પણ નીચે મુજબ દસ ગુણ દર્શાવ્યા છે :

रक्तम्, पूर्णम्, अलङ्कृतम्, प्रसन्नम्, व्यक्तम्,

विकृष्टम्, श्लक्ष्णम्, समम्, सुकुमारम्, माधुर्यम् ।

❖

आचार्याः सममिच्छन्ति पदच्छेदस्तु पण्डिताः ।

स्त्रियो मधुरमिच्छन्ति विकृष्टमितरे जनाः ॥

(याज्ञवल्क्य शिक्षा का. ८४) (माण्डुक्य शिक्षा का. १७६)

અર્થ : આચાર્યો સમાન ઉચ્ચારણ ઇચ્છે છે, પંડિતો પદચ્છેદ સાથેના વાક્યોચ્ચારણ ઇચ્છે છે, સ્ત્રીઓ માધુર્યની કામના રાખે છે, જ્યારે અન્ય લોકો કેવળ અવાજ ઉપર ધ્યાન રાખે છે.

ઉચ્ચારણ દોષ : શરીરની અશક્તિને કારણે ઉચ્ચારણ દોષ થતા હોય તો તેની સંખ્યા ઘણી મોટી છે અને તે તે દોષ ક્ષમ્ય ગણવા જોઈએ, પરંતુ તે સિવાયના દોષ નીચે મુજબ બતાવ્યા છે.

(૧) **शङ्कितम्** : વક્તાએ એવું ઉચ્ચારણ ન કરવું જોઈએ કે જેનાથી શ્રોતામાં તેના અર્થના વિષયમાં શંકા જન્મે.

(૨) **भीतम्** : વક્તા ડરતાં ડરતાં બોલે છે એવું શ્રોતાને ન લાગવું જોઈએ.

(૩) **उद्‌धृष्टम्** : બોલવામાં સામાન્ય કરતાં વધુ સમય ન લેવો જોઈએ.

गीती शीघ्री शिरःकम्पी तथा लिखितपाठकः ।

अतिदेशोऽल्पकण्ठश्च षडेते पाठकाऽधमाः ॥

અર્થ : ગીત ગવાતું હોય તેમ ઉચ્ચારણ કરનાર, અત્યંત શીઘ્રતાથી (ઉતાવળે) ઉચ્ચારણ કરનાર, માથું હલાવતાં હલાવતાં ઉચ્ચારણ કરનાર, જેવું લખ્યું હોય તેવું જ (ખોટું છે એમ જાણવા છતાં) વાંચી જનાર, ખૂબ ધીમેથી વાંચનાર અને અટકી-અટકીને વાંચનાર — આ ૬ પ્રકારના પાઠક અધમ કહેવાય છે.

અવગ્રહ

ડ, ऽ મિત્ર જેવા દેખાતા આ બંનેને ઓળખી લઈને ધ્યાનમાં રાખવા જરૂરી છે. ધ્યાનપૂર્વક જોવાથી જણાશે કે બંનેની આકૃતિમાં ફેર છે. આ બેમાં જે પહેલો છે તે 'ડગલા'નો 'ડ' છે. જ્યારે બીજો છે તે 'ડ' નથી, તેમ બીજો કોઈ અક્ષર પણ નથી, પરંતુ તે એક નિશાની છે અને એને **'અવગ્રહ'** કહે છે.

અવગ્રહની જરૂર સંસ્કૃતમાં પડે છે. પ્રાકૃતમાં તેની આવશ્યકતા નથી. ખાસ કરીને **'ए-ओ'** પછી **'अ'** આવે ત્યારે તેની જરૂર પડે છે. પ્રાચીન લેખનપદ્ધતિમાં અત્યારની જેમ બે શબ્દો વચ્ચે અંતર રાખવામાં આવતું નહિ. તેથી સ્વરસંધિના નિયમ મુજબ **'ए-ओ'** પછી **'अ'**નો લોપ (દર્શનનો અભાવ) થતો હોવાથી, મૂળ ઉત્તરપદના આરંભમાં **'अ'** હતો કે નહિ, તે વિશે કોઈકોઈ વાર સંદિગ્ધતા રહેતી. એ સંદિગ્ધતાના નિવારણ માટે લુપ્ત **'अ'** દર્શાવવા માટે અવગ્રહનું ખાસ ચિહ્ન પ્રયોજાયું; દા.ત., **'युद्धेसमर्थः'** આ પદમાંથી **'युद्धे असमर्थः'** અને **'युद्धे समर्थः'** આ બંને સમજાય, પરંતુ જો **'युद्धेऽसमर्थः'** એમ અવગ્રહનું ચિહ્ન પ્રયોજીને લખ્યું હોય તો **'युद्धे असमर्थः'** એમ અસંદિગ્ધપણે સમજાય છે.

સંસ્કૃત ભાષામાં સંધિના નિયમ મુજબ કોઈ શબ્દમાં **'અ'** સ્વરનો લોપ (દર્શનનો અભાવ) થયો હોય ત્યારે તે શબ્દના ઉચ્ચારણમાં તે (**'અ'**) બોલવાનો હોતો નથી, તેથી તે શબ્દમાં **'અ'** લખાયેલો પણ હોતો નથી, પરંતુ તે શબ્દનો સ્પષ્ટ અર્થ કરવા લોપાયેલા (નહિ દેખાતા) **'અ'**નું જ્ઞાન કરવું જરૂરી બનતું હોવાથી **"અહીં લખાયેલા શબ્દમાં આ સ્થાને 'અ' લોપાયેલો છે."** એવું સૂચવવા માટે 'ऽ' આવું ચિહ્ન મૂકવામાં આવે છે, તેને **'અવગ્રહ'** કહે છે. આ અવગ્રહચિહ્નને ડગલાનો 'ડ' સમજીને તેનું 'ડ' એવું ઉચ્ચારણ કરવું નહિ. તેને નિશાની સમજીને તેનું કાંઈ પણ ઉચ્ચારણ કરવું નહિ.

નાનાં બાળકોને સૂત્રો ગોખવાનાં જ હોય છે, એના અર્થ કરવાના હોતા નથી. માટે એમાં અવગ્રહચિહ્નો મૂકવાની જરૂર જ હોતી નથી. નિરર્થક અવગ્રહચિહ્નો મૂકવાથી બાળકો તેને ડગલાનો 'ડ' સમજીને સૂત્રોનાં અશુદ્ધ ઉચ્ચારણો કરે છે ને ખોટું ગોખે છે. બાળકો અશુદ્ધ ઉચ્ચારણો ન કરે અને શુદ્ધ જ ગોખે તે માટે બે પ્રતિક્રમણનાં સૂત્રોનાં પુસ્તકો છપાવનાર, સૂત્રોમાં અવગ્રહચિહ્નો નહિ મૂકવાનો વિવેક રાખે તે જરૂરી છે.

સૂત્રોમાં અવગ્રહચિહ્નો છપાયેલાં હોય તો પાઠશાળાના શિક્ષકે બાળકોને ઉપર જણાવ્યા મુજબ તેની સમજ અવશ્ય આપવી જોઈએ.

ઉચ્ચારણશુદ્ધિ

જોડાક્ષરમાં અક્ષરો જે ક્રમથી જોડાયા હોય તે જ ક્રમથી તેનું ઉચ્ચારણ થવું જોઈએ. તેના ક્રમમાં ફેરફાર થવા દેવાય નહિ. આગળ રહેલા અક્ષરનું ઉચ્ચારણ પાછળ ન થવું જોઈએ ને પાછળ રહેલા અક્ષરનું ઉચ્ચારણ આગળ ન થવું જોઈએ.

તેવી જ રીતે જોડાક્ષરમાં જે અક્ષર અડધો હોય તે આખો ન બોલાવો જોઈએ અને આખો હોય તે અડધો ન બોલાવો જોઈએ. જે અક્ષર અડધો હોય તે અડધો અને આખો હોય તે આખો જ બોલાવો જોઈએ.

જોડાક્ષરમાંના અક્ષરો તેના અનુક્રમ પ્રમાણે ન બોલાય કે કોઈ એક અક્ષર બોલાયા વગરનો રહી જાય, અથવા તો એકના સ્થાને બીજો જ અક્ષર બોલાઈ જાય, જે અક્ષર હોય તે નીકળી જાય અને ન હોય તે ઉમેરાઈ જાય તો અશુદ્ધ ઉચ્ચારણ થાય.

શબ્દમાં અને જોડાક્ષરમાં રહેલા એકએક અક્ષરને સાંભળનારા બરાબર સાંભળી શકે તેવી રીતે તેનું સુસ્પષ્ટ જ ઉચ્ચારણ થવું જોઈએ. જોડાક્ષરનું ઉચ્ચારણ કરતી વખતે તેમાંનો એક પણ અક્ષર બોલાયા વિનાનો ન રહેવો જોઈએ. તેમ જ તેમાં ન હોય એવો વધારાનો અક્ષર પણ ન જ બોલાવો જોઈએ.

જોડાક્ષરનું ઉચ્ચારણ સ્પષ્ટપણે અને સાંભળનારને કર્ણપ્રિય લાગે તેવી રીતે મધુર સ્વરે કરવું જોઈએ, પણ પોતાના મુખ આદિનો વિકાર કરીને, અર્થાત્ મુખની સુંદર આકૃતિને બગાડીને અને સ્વરનો વિકાર કરીને, એટલે સાંભળનારના કાનને કઠોર લાગે તેવી રીતે અવાજ બગાડીને તો ન જ કરવું જોઈએ.

ચંદ્ર, મંદ, કંત, વસંત, ગુણવંત વગેરે શબ્દો રાગમાં ગવાય છે ત્યારે તેમાં વધારાનો સાનુનાસિક ઉઁ સ્વર ઉમેરીને **ચઉઁદ્ર, મઉઁદ, કઉઁત, વસઉઁત, ગુણવઉઁત**– આવી રીતે પણ બોલાય છે. કેટલાક સંગીતકારો અને ગાયકોની આ વિશિષ્ટતા છે. સામવેદના ગાનમાં પણ આવી પદ્ધતિ હોય છે. શબ્દમાં સાનુનાસિક 'ઉઁ' જેવા વધારાના ઉમેરાતા અક્ષરોને **'સ્તોભ'** સંજ્ઞા આપવામાં આવી છે.

સંસ્કૃત-પ્રાકૃત ભાષાના શબ્દોના અન્તે રહેલા મીંડાનો બે હોઠ ભેગા કરીને **'મ્'** બોલાય છે; જેમ કે, **તં-તમ્, પ્રથમં-પ્રથમમ્, જિનેન્દ્રં-જિનેન્દ્રમ્, શાન્તિં-શાન્તિમ્, મંગલં-મંગલમ્; વંદિઉં-વંદિઉમ્, પડિક્કમિઉં-પડિક્કમિઉમ્, ખામેઉં-ખામેઉમ્** અપવાદ : ઠાઉઁ (ઠાઉમ્ નહિ.) (ગુજરાતી ભાષાના શબ્દો માટે આ વાત સમજવી નહિ.)

શબ્દોની વચમાં રહેલા મીડાંનો માત્ર **'મ્'** જ બોલાતો નથી, પણ **'ઙ-ઞ-ણ-ન-મ'** આ પાંચ અનુનાસિક વ્યંજનોમાંથી (પછીના વ્યંજનના વર્ગનો) કોઈ પણ એક અનુનાસિક વ્યંજન બોલાય છે;

જેમ કે, **પંકજ-પઙ્કજ, શંખ-શઙ્ખ, અંગ-અઙ્ગ, સંઘ-સઙ્ઘ; પંચ-પઞ્ચ, પુંજ-પુઞ્જ, શત્રુંજય-શત્રુઞ્જય; ઘંટ-ઘણ્ટ, કંઠ-કણ્ઠ, મંડપ-મણ્ડપ; સંત-સન્ત, કુંથુ-કુન્થુ, ચંદ્ર-ચન્દ્ર, બંધ-બન્ધ; સંપ-સમ્પ, સંભવ-સમ્ભવ, સંબંધી-સમ્બન્ધી; અંબરંતર-અમ્બરન્તર, અંતરંગ-અન્તરઙ્ગ** વગેરે.

અપવાદ : અંશ-અઉઁશ (અન્શ નહિ), અંસ-અઉઁસ (અન્સ નહિ), કંસ-કઉઁસ (કન્સ નહિ), દંશ-દઉઁશ (દન્શ નહિ), ધ્વંસ-ધ્વઉઁસ (ધ્વન્સ નહિ), પુમાંસ-પુમાઉઁસ (પુમાન્સ નહિ), પ્રશંસા-પ્રશઉઁસા (પ્રશન્સા નહિ), બંસરી-બઉઁસરી (બન્સરી નહિ), રંહસ-રઉઁહસ (રમ્હસ નહિ), વંશ-વઉઁશ (વન્શ નહિ), વાંસ-વાઉઁસ (વાન્સ નહિ), વિધ્વંસ-વિધ્વઉઁસ (વિધ્વન્સ નહિ), સંસાર-સઉઁસાર (સન્સાર નહિ), સંસ્તવન-સઉઁસ્તવન (સન્સ્તવન નહિ), સંસ્થિત-સઉઁસ્થિત (સન્સ્થિત નહિ), સિંહ-સિઉઁહ (સિમ્હ નહિ), સિંહાસન-સિઉઁહાસન (સિમ્હાસન નહિ), સૂર્યાંશુ-સૂર્યાઉઁશુ (સૂર્યાન્શુ નહિ), હંસ-હઉઁસ (હન્સ નહિ), હંસા-હઉઁસા (હન્સા નહિ), હિંસા-હિઉઁસા (હિન્સા નહિ), અહિંસા-અહિઉઁસા (અહિન્સા નહિ)

આ બધા શબ્દોમાં મીડાંના સ્થાને 'ન્' કે 'મ્' બોલાતા નથી, પણ (સાનુનાસિક 'ઉઁ') અનુસ્વાર બોલાય છે.

ભક્તામર, કલ્યાણમન્દિર વગેરે ભણનારે શુદ્ધ ઉચ્ચારણને માટે આ અપવાદ ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

> અનુસ્વાર એ સ્વર પછી ઉચ્ચારતો હોય છે, છતાં એ પૂર્વના સ્વરને અનુનાસિક-નાસિક્ય કરી નાખે છે અને પોતે 'વ્', 'ઉ' જેવો બની જાય છે.
>
> – (ડૉ.) કે. કા. શાસ્ત્રી (અમદાવાદ)

૪ સંયુક્ત વ્યંજનો (જોડાક્ષરો)

ધાર્મિક સૂત્રોમાંના ઘણા જોડાક્ષરોવાળા કઠિન શબ્દોના ઉચ્ચારો સહેલાઈથી કરી શકાય તે માટે જોડાક્ષરોનું જ્ઞાન હોવું જરૂરી છે. અહીં મહત્ત્વના જોડાક્ષરોને સરળતાથી સમજાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

બે વ્યંજનોની વચ્ચે કોઈ સ્વર ન હોય ત્યારે બંને વ્યંજનો પરસ્પર જોડાઈ જાય છે. આવી રીતે જોડાઈ ગયેલા વ્યંજનોને સંયુક્ત વ્યંજન કહે છે; દા.ત. **ગ્મ, દ્ય, દ્વ, ટ્ટ, ષ્ઠ, મ્લ, વ્ય, સ્ત, ન્ત્ય** વગેરે. સાદી ભાષામાં એને જોડાક્ષર કહે છે.

બે કે બેથી વધુ વ્યંજનો જોડાઈને બનેલા વર્ણોના સમૂહને જ **'જોડાક્ષર'** કહેવાય છે; દા.ત., **ત્ય, ટ્ટ; સ્ત્ર, ન્ત્ય, ત્સ્ન્ય** વગેરે.

'સઙ્ઘ, પઞ્ચ, ઘણ્ટ, સન્ત, સમ્પ' વગેરે શબ્દોમાં અનુનાસિક વ્યંજન સાથે પછીના વ્યંજનનું જોડાણ થતું હોવાથી એમાં જોડાક્ષર છે, પરંતુ એ શબ્દો ગુજરાતીમાં જ્યારે **'સંઘ, પંચ, ઘંટ, સંત, સંપ'** આમ અનુસ્વારપૂર્વક લખાય છે ત્યારે એમાં બે વ્યંજનો જોડાયેલા દેખાતા નથી, માટે અનુસ્વાર સાથે લખાતા શબ્દોમાં અનુસ્વાર સાથે પછીના વ્યંજનનો જોડાક્ષર માની શકાય નહિ.

સંયુક્ત વ્યંજનોનું લેખન અને ઉચ્ચારણ શુદ્ધ રીતે થવું જોઈએ. સંયુક્ત વ્યંજનોને સાચી રીતે ઓળખ્યા વિના એઓનું શુદ્ધ લેખન-ઉચ્ચારણ થઈ શકતું નથી. શુદ્ધ લેખન-ઉચ્ચારણ કરવા માટે સંયુક્ત વ્યંજનોને સાચી રીતે ઓળખવા જરૂરી છે. સંયુક્ત વ્યંજનોને ધારીને જોવાથી એઓમાં કયા વર્ણો કેવી રીતે જોડાયેલા છે એ સહેલાઈથી સમજી શકાય છે.

સંયુક્ત વ્યંજનો સીધી આડી લીટીમાં અને ઉપર-નીચે એમ બે રીતે જોડાય છે.

સંયુક્ત વ્યંજનોમાં વર્ણોના જોડાણનો ક્રમ

સંયુક્ત વ્યંજનોનું શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે સૌપ્રથમ એમાં જોડાયેલા વર્ણોનો ક્રમ સમજી લેવો જોઈએ. વર્ણોના જોડાણનો ક્રમ ન સમજાય તો ઉચ્ચારણમાં અને લેખનમાં ગોટાળા થાય; જેમ કે, **'બ્રાહ્મણ'**ને બદલે **'બ્રામ્હણ'**, **'આહ્લાદ'**ને બદલે **'આલ્હાદ'**, **'પ્રહ્લાદ'**ને બદલે **'પ્રલ્હાદ'**, **'આશીર્વાદ'**ને બદલે **'આશીર્વાદ'**, **'સમર્પણ'**ને બદલે **'સર્મપણ'** વગેરે. માટે વર્ણોના જોડાણનો ક્રમ સમજવો જરૂરી છે; જેમ કે, **'ન્ત્ય'**. સીધી લીટીમાં જોડાયેલા આ વ્યંજનોમાં પ્રથમ **'ન્'** પછી **'ત્'** અને છેલ્લે **'ય'** જોડાયેલો છે.

'ક્ક, ખ્ય, મ્મ, જ્વ, ષ્ટ, ન્ત્ય' આ સંયુક્ત વ્યંજનોમાં વર્ણો સીધી આડી લીટીમાં જોડાયેલા છે.

ઉપર-નીચે જોડાતા વર્ણોવાળા સંયુક્ત વ્યંજનોમાં વર્ણો ઉપરથી નીચેના ક્રમે જોડાય છે, તેથી એમાં સૌપ્રથમ ઉપરના વર્ણનું ઉચ્ચારણ થાય, પછી નીચેના વર્ણનું ઉચ્ચારણ થાય; જેમ કે, **દ્મ** (પદ્‌મ), **ટ્ટ** (ટટ્‌ટુ)

'દ્મ'માં ઉપર દેવનાગરીનો અડધો **'દ્'** છે અને તેની નીચે આખો **'મ'** જોડાયેલો છે, માટે પ્રથમ અડધા **'દ્'**નું ને પછી આખા **'મ'**નું ઉચ્ચારણ થાય.

'ટ્ટ'માં ઉપર અડધો **'ટ્'** છે અને એની નીચે આખો **'ટ'** જોડાયેલો છે, માટે પ્રથમ અડધા **'ટ્'**નું ને પછી આખા **'ટ'**નું ઉચ્ચારણ થાય.

વર્ણોના ઉપર-નીચે જોડાણવાળા સંયુક્ત વ્યંજનોમાં ઉપરનો વર્ણ આખો દેખાતો હોય તોપણ એને અડધો સમજી એનું ઉચ્ચારણ અડધા વર્ણ પ્રમાણે કરવું જોઈએ; જેમ કે, **પટ્ટો, ગઠ્ઠો, ઉડ્ડયન** (આમાં ઉપરના **'ટ-ઠ-ડ'** અડધા સમજવાના છે.)

❋

‘દ-ર-શ-સ-હ’ આ પાંચ વર્ણ પૂર્વમાં (આગળ) રહેલા હોય એવા સંયુક્ત વ્યંજનો જ ગુજરાતી ભાષામાં વધારે જોવા મળે છે, તેથી અહીં એમાંના મહત્ત્વના સંયુક્ત વ્યંજન સમજાવાય છે.

‘દ’(द)યુક્ત સંયુક્ત વ્યંજનો

ગુજરાતી લિપિના દંડ વગરના ‘દ’ની સાથે પછીના વર્ણોને જોડવાનું કામ અગવડભર્યું હોવાથી અને દેવનાગરી લિપિના નીચે દંડવાળા ‘द’ની સાથે પછીના વર્ણોને જોડવાનું કામ સગવડભર્યું હોવાથી ‘દ’યુક્ત સંયુક્ત વ્યંજનોમાં ‘દ’ને પૂર્વના વ્યંજન તરીકે લખતી-છાપતી વખતે આપણે એનું શિરોરેખા વગરનું ‘द’ આવું દેવનાગરી સ્વરૂપ સ્વીકાર્યું છે.

એવી જ રીતે **દ્ + ઋ = ‘દૃ’** આ એક અક્ષર લખવામાં પણ આપણે દેવનાગરીનો ‘द’ સ્વીકાર્યો છે. ‘द’ના નીચેના દંડને કાઢી નાખીને ત્યાં ‘ઋ’નું ‘ૃ’ આવું ચિહ્ન જોડવામાં આવે છે; જેમ કે, **‘द् + ઋ = ૮ + ૃ = દૃ’**

એક માત્ર ખોડાના (હલન્ત) ચિહ્નવાળો ‘દ્’ ગુજરાતી લિપિનો લખાય છે.

૧.



(હવે પછીના સંયુક્ત વ્યંજનોમાં પણ આ પ્રમાણે સમજવું.)

(द् + ગ = દ્ગ) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **‘ઉદ્ગમ, ઉદ્ગાર, મુદ્ગર, પુદ્ગલ’**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. આમાં ‘द’નો નીચેનો અર્ધદંડ ‘ગ’ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી ‘ગ’ આખો બને છે.

આ સંયુક્ત વ્યંજન ‘દ્ગ’ આવી રીતે પણ લખાય-છપાય છે; જેમ કે, **‘ઉદ્ગમ, ઉદ્ગત, પુદ્ગલ, મુદ્ગર’**

૨.



(द् + ઘ = દ્ઘ) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **‘ઉદ્ઘાટન, ઉપોદ્ઘાત, ઉદ્ઘોષ’**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે અને એમાં દેવનાગરીના 'द'ના નીચેના દંડની સાથે 'ઘર'નો આખો **'ઘ'** જોડાયેલો છે. 'ઘ'નો ઉપરનો છેડો અંદરની બાજુએ વળાંકવાળો હોવાથી એ 'द'ના ગોળાર્ધ સાથે જોડાઈ જાય છે.

આ સંયુક્ત વ્યંજન **'દ્ઘ'** આવી રીતે પણ લખાય-છપાય છે; જેમ કે, **'ઉદ્ઘાટન, ઉદ્ઘોષ'**

❋

૩.



(द् + ध = द्ध) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'બુદ્ધ, યુદ્ધ, શુદ્ધ, બુદ્ધિ, શુદ્ધિ'**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. 'द'નો નીચેનો અર્ધદંડ 'ધ'ના પૂર્ણદંડ સાથે ભળી જવાથી 'ધ' આખો બને છે.

'ધ'નો ઉપરનો છેડો વળાંક વગરનો હોવાથી ખુલ્લો રહે છે. એ 'द'ના ગોળાર્ધ સાથે જોડાતો નથી.

'द् + ઘ'(= દ્ઘ) અને 'द् + ધ'(= द्ध)ના જોડાણનો આ તફાવત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

ગુજરાતીમાં આ સંયુક્ત વ્યંજન દેવનાગરીનો જ લખાય છે.

❋

૪.



(द् + द = द्द) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'મુદ્દલ, મુદ્દો, રદ્દી'**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. ઉપરના 'द'ની નીચેની ઊભી રેખા કાઢી નાખીને આ જોડાણ કરાય છે. પ્રથમ ઉપરના અડધા 'द्'નું ઉચ્ચારણ કર્યા પછી જ નીચેના આખા 'द'નું ઉચ્ચારણ થાય.

૫.



૧. આ ઉપરના તીરની નીચે દેવનાગરીનો અડધો 'દ્' છે.

૨. આ નીચેના તીરની સામે આખો 'મ' છે.

(દ્+મ=દ્મ) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **પદ્મ, સદ્મ, પદ્મિની, પદ્માવતી**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. 'દ'ના નીચેના દંડની સાથે 'મ'ના મુખવાળા ભાગને એકાકાર કરીને આ જોડાણ કરાય છે.

❖

૬.

૧. આ ઉપરના તીરની સામે દેવનાગરીનો અડધો 'દ્' છે.

૨. આ નીચેના તીરની સામે આખો 'ય' છે.

(દ્+ય=દ્ય) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **વૈદ્ય, વિદ્યા, વિદ્યાર્થી, ઉદ્યોગ**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. '**દ્**'નો નીચેનો દંડ અને '**ય**'નો ઉપરનો વળાંક કાઢી નાખીને આ જોડાણ કરાય છે.

આ સંયુક્ત વ્યંજનમાં 'ધજા'નો '**ધ**' છે જ નહિ, માટે '**ધ**'નું ઉચ્ચારણ પણ નથી.

આમાં 'દરવાજા'ના '**દ**' સાથે '**ય**' જોડાયેલો હોવાથી પ્રથમ અડધા '**દ્**'નું ઉચ્ચારણ કરવાનું છે અને પછી આખા '**ય**'નું ઉચ્ચારણ કરવાનું છે.

આજકાલ ઘણા લોકોએ '**દ્+ય**'ના આ સંયુક્ત વ્યંજનને '**ધ્+ય**'નો (ધ્ય) સંયુક્ત વ્યંજન માની લીધો છે, તેથી એઓ એનું '**દ્ય**' ને બદલે '**ધ્ય**' એવું ખોટું ઉચ્ચારણ કરે છે; જેમ કે, '**વૈદ્ય, વિદ્યા, વિદ્યાર્થી, ઉદ્યોગ**'ને બદલે '**વૈધ્ય, વિધ્યા, વિધ્યાર્થી, ઉધ્યોગ**'. **આપણે આ ભૂલ સુધારી લેવી જોઈએ.**

૭.



૧. આ ઉપરના તીરની સામે દેવનાગરીનો અડધો 'દ્' છે.

૨. આ નીચેના તીરની સામે '∧' આવા ચિહ્નરૂપે 'રથ'નો આખો 'ર' છે.

(દ્+ર=દ્+∧=દ્ર) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : 'દ્રવ્ય, ભદ્ર, મુદ્રા, રુદ્ર, ક્ષુદ્ર'

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. દેવનાગરીના ‘द’ની નીચે આખો અક્ષર ‘રથ’નો ‘र’ આમ ‘~’ આડો થઈને ‘^’ આવા સ્વરૂપે જોડાયેલો છે.

(ડાબું પાંખિયું → ‘^’ ← જમણું પાંખિયું) ‘^’ આ ચિહ્નનું જમણું પાંખિયું ‘द’ની નીચેની ઊભી રેખા સાથે મળીને એકાકાર બની જાય છે.

આ સંયુક્ત વ્યંજન ગુજરાતીના ‘દ’ની સાથે ‘ર’ને ‘⁄’ આવા ચિહ્નરૂપે જોડીને ‘દ્ર’ આવી રીતે પણ લખાય-છપાય છે; જેમ કે, ‘**द्रव्य, भद्र, मुद्रा, द्राक्ष**’

૮. द्व

← ૧. આ ઉપરના તીરની સામે દેવનાગરીનો અડધો ‘द्’ છે.

← ૨. આ નીચેના તીરની સામે આખો ‘व’ છે.

(द्+व=द्व) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : ‘**द्वार, द्वेष, विद्वान**’

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે.

આ સંયુક્ત વ્યંજનમાં ‘ધજા’નો ‘ध’ છે જ નહિ, માટે ‘ध’નું ઉચ્ચારણ પણ નથી. આમાં ‘દરવાજા’ના ‘द’ની સાથે ‘व’ જોડાયેલો હોવાથી પ્રથમ અડધા ‘द्’નું ઉચ્ચારણ કરવાનું છે અને પછી આખા ‘व’નું ઉચ્ચારણ કરવાનું છે, તેથી ‘**द्वार**’ વગેરે ‘દ’વાળાં ઉચ્ચારણ થાય, પણ ‘**ध्वार, ध्वेष, विध्वान**’ એવાં ‘**ध**’વાળાં ઉચ્ચારણ ન થાય.

✡

‘र’(રેફ)યુક્ત સંયુક્ત વ્યંજનો

૯. र्क

← ૧. આ ઉપરના તીરના સામે ‘ᐟ’ આવા ચિહ્નરૂપે અડધો ‘र्’ (રેફ) છે.

← ૨. આ નીચેના તીરની સામે આખો ‘क’ છે.

(र्+क=ᐟ+क=र्क) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : ‘**अर्क, कर्क, तर्क**’

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે.

'રથ'ના 'ર'ની પાછળ બીજા વર્ણો જોડાય છે ત્યારે વર્ણો ઉપર-નીચે જોડીને લખાય છે. પૂર્વમાં રહેલો અડધો 'ર્'(રેફ) પાછળ રહેલા વર્ણના માથે મુકાય છે. અહીં એનો આકાર બદલાઈને '૮' આવો એટલે કે અંગ્રેજીના મૂળાક્ષર 'સી' જેવો બની જાય છે. એને 'રેફ' કહે છે; 'ર્ + ક = ૮ + ક = ર્ક (અર્ક), ર્+મ=૮+મ=ર્મ (ધર્મ), ર્+ય=૮ + ય=ર્ય (સૂર્ય)'

'ર્ક' આ એક સંયુક્ત વ્યંજનના આધારે 'ર્ખ-ર્ગ-ર્ઘ' વગેરે સંયુક્ત વ્યંજન પોતાની મેળે સમજી શકાય એવા છે.

'શ'(શ્ર)યુક્ત સંયુક્ત વ્યંજનો

દેવનાગરીના મીંડાવાળા (તાલવ્ય) 'श'ને માત્ર શિરોરેખા દૂર કરીને એના એ જ સ્વરૂપમાં ગુજરાતીમાં સ્વીકારી લેવામાં આવ્યો છે. આ મૂળ સ્વરૂપવાળા દંડરહિત 'શ' સાથે રૂઢિથી 'ક-મ-ય' જોડાય છે; જેમ કે, 'ઈશ્ક, મુશ્કેલી; ચશ્માં, દુશ્મન; શ્યામ, અવશ્ય' વગેરે. વળી પછીના વ્યંજન સાથે જોડાણની અનુકૂળતા માટે દેવનાગરીમાં 'श'ના બદલામાં વપરાતા ઊંધા ચોગડા જેવા 'શ્ર' આવા ચિહ્નને (વૈકલ્પિક ખોડાસૂચક સ્વરૂપને) જોડાણની સગવડ માટે ગુજરાતીમાં પણ સ્વીકારી લેવામાં આવ્યું છે. એની સાથે ખાસ કરીને 'ચ-ન-ર-લ-વ' જોડાય છે; જેમ કે, 'શ્ચ-શ્ચ, શ્ન, શ્ર, શ્લ, શ્વ'

❋

૧૦.



(શ્+व=શ્ર+व=श्व) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : 'નિશ્ચય, પશ્ચાત્તાપ'

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે. આમાં ઉપર '~' આમ આડો થઈને ઊંધા ચોગડા જેવો બનેલો અડધો મીંડાવાળો (તાલવ્ય) 'શ્ર'(શ્) છે અને એની નીચે દેવનાગરીનો આખો 'व' છે. 'શ્+ચ'ના જોડાણ માટે દેવનાગરીનો 'च' સ્વીકારાયો છે. આ સંયુક્ત વ્યંજન ગુજરાતીમાં 'શ્ચ' આવી રીતે કે 'श्च' આવી રીતે પણ લખાય-છપાય છે; જેમ કે, 'આશ્ચર્ય, પશ્ચિમ'

૧૧.



૧. આ ઉપરના તીરની નીચે 'શ્‍' આવા ચિહ્નરૂપે અડધો 'શ્' છે.

૨. આ નીચેના તીરની સામે 'ʎ' આવા સ્વરૂપે 'રથ'નો આખો 'ર' છે.

(શ્ + ર = શ્‍ + ʎ = શ્ર) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'શ્રમ, શ્રેષ્ઠ, વિશ્રામ, પરિશ્રમ'**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ સીધી આડી લીટીમાં જોડાયેલા છે. આમાં ઊંધા ચોગડા જેવા બનેલા મીંડાવાળા અડધા 'શ્‍'(શ્)ની સાથે, ઉપર-નીચેના બે વળાંક દૂર થવાથી સરજાયેલા 'ʎ' આવા સ્વરૂપવાળો 'રથ'નો આખો 'ર' સીધી આડી લીટીમાં જોડાયેલો છે; જેમ કે, **'શ્‍ + ʎ = શ્ર'**

'સ'યુક્ત સંયુક્ત વ્યંજનો

૧૨.



૧. આ ઉપરના તીરની નીચે 'સસલા'નો અડધો (દંત્ય) 'સ્' છે.

૨. આ નીચેના તીરની સામે 'ʎ' આવા સ્વરૂપે 'રથ'નો આખો 'ર' છે.

(સ્ + ર = સ્‍ + ʎ = સ્ર) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'સ્રજ, સ્રષ્ટા, સ્રોત, સહસ્ર'**

આમાં 'સસલા'ના અડધા (દંત્ય) 'સ્'ની સાથે, ઉપર-નીચેના બે વળાંક દૂર થવાથી સરજાયેલા 'ʎ' આવા સ્વરૂપવાળો 'રથ'નો આખો 'ર' સીધી આડી લીટીમાં જોડાયેલો છે; જેમ કે, **'સ્‍ + ʎ = સ્ર'**

૧૩.



૧. આ ઉપરના તીરની નીચે 'સસલા'નો અડધો (દંત્ય) 'સ્' છે.

૨. આ વચ્ચેના તીરની નીચે '⌒' આવા ચિહ્નરૂપે અડધો 'ત્' છે.

૩. આ નીચેના તીરની સામે 'ʎ' આવા સ્વરૂપે 'રથ'નો આખો 'ર' છે.

(સ્ + ત્ + ર = સ્‍ + ⌒ + ʎ = સ્ત્ર) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **શાસ્ત્ર, શસ્ત્ર, સ્ત્રી**

આ સંયુક્ત વ્યંજનમાં ત્રણ વર્ણ જોડાયેલા છે અને એમાં **'ત્ર'**નાં બે પાંખિયાંની વચમાં 'સસલા'નો (દંત્ય) અડધો **'સ્'** સીધી આડી લીટીમાં જોડાયેલો છે.

આમાં અડધા **'સ્'**ની સાથે, નીચેની બાજુના આગળના વળાંક વગરનો અને '~' આવી ત્રાંસી રેખારૂપે અડધો **'ત્'** તેમ જ ઉપર-નીચેના બે વળાંક દૂર થવાથી સરજાયેલા **'/'** આવા સ્વરૂપવાળો 'રથ'નો આખો **'ર'** જોડાયેલો છે; જેમ કે, **'સ્ + ત્ર = સ્ત્ર'**

'સ્ત્ર' આવી રીતે પણ આ સંયુક્ત વ્યંજન લખાય-છપાય છે.

'હ'યુક્ત સંયુક્ત વ્યંજનો

૧૪. **હ્મ**

૧. આ ઉપરના તીરની નીચે અડધો 'હ્' છે.

૨. આ નીચેના તીરની સામે આખો 'મ' છે.

(હ્+મ=હ્મ) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'બ્રહ્મા, બ્રાહ્મી, બ્રાહ્મણ'**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ જોડાયેલા છે. **'હ'**ના મધ્યદંડ સાથે **'મ'**ના મુખવાળા ભાગને એકાકાર કરીને આ જોડાણ કરાય છે.

ઓછા શિક્ષણવાળા સામાન્યજનોને સંયુક્ત વ્યંજનોના આદિમાં મહાપ્રાણ **'હ'** બોલવો કઠણ પડતો હોવાથી, તેઓ સરળતા ખાતર **'હ'**નું ઉચ્ચારણ પૂર્વે કરવાને બદલે પછી કરે છે; જેમ કે, **'બ્રાહ્મણ'**ને બદલે **'બ્રામ્હણ'**, **'ચિહ્ન'**ને બદલે **'ચિન્હ'** વગેરે. પરંતુ આ ઉચ્ચારણો અશુદ્ધ છે એ વાત ધ્યાનમાં રાખીને આપણે શુદ્ધ ઉચ્ચારણ માટે પ્રયત્નશીલ બનવું જોઈએ.

'બ્રાહ્મણ'ને બદલે કરાતું **'ભ્રામણ'** કે **'ભામણ'** એવું અશુદ્ધ ઉચ્ચારણ તો અવશ્ય સુધારી લેવા યોગ્ય છે.

૧૫



૧. આ ઉપરના તીરની નીચે અડધો 'હ્' છે.

૨. આ નીચેના તીરની સામે આખો 'ય' છે.

(હ્+ય=હ્ય) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'અસહ્ય, કહ્યું, રહ્યું, બાહ્ય'**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ જોડાયેલા છે. આમાં 'હ'નો મધ્યદંડ કાઢી નાખીને ત્યાં **'ય'** જોડાય છે.

૧૬.



૧ આ ઉપરના તીરની સામે અડધો 'હ્' છે.

૨. આ નીચેના તીરની સામે '∧' આવા ચિહ્નરૂપે 'રથ'નો આખો 'ર' છે.

(હ્+ર=હ્+∧=હ્ર) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'હ્રસ્વ, હ્રાસ, હ્રદ (પાણીનો ધરો)'**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ ઉપર-નીચે જોડાયેલા છે.

'હ'ની નીચે આખો અક્ષર **'રથ'**નો **'ર'** આમ **'~'** આડો થઈને **'∧'** આવા સ્વરૂપે જોડાયેલો છે. **'ર'**ના **'∧'** આ ચિહ્નનું જમણું પાંખિયું **'હ'**ના નીચેના છેડા સાથે એકાકાર થયેલું છે.

ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત : 'ર'ના '∧' આ ચિહ્નનાં બંને ત્રાંસાં પાંખિયાં એક સરખી લંબાઈનાં હોવાં જોઈએ.

આ સંયુક્ત વ્યંજન **'હ્ર'** કે **'હ્ર'** આવી રીતે પણ લખાય-છપાય છે; જેમ કે, **'હ્રી, હ્રસ્વ; હ્રાસ, હ્રદ'**

શેષ સંયુક્ત વ્યંજનો

૧૭.

આ ઉપરના તીરની સામે નીચેની બાજુના વળાંક વગરનો અડધો 'ત્' છે. ૧. → **त्त**

આ નીચેના તીરની સામે આખો 'ત' છે. ૨. →

(ત્+ત=–+ત=ત્ત) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **ચત્તું, સત્તા, અત્તર, ઉત્તર**

આ સંયુક્ત વ્યંજનમાં, નીચેની બાજુનો આગળનો વળાંક દૂર થવાથી '–' આવી સીધી રેખારૂપે થયેલા અડધા **'ત્'**ની સાથે આખો **'ત'** સીધી આડી લીટીમાં જોડાયેલો છે.

૧૮.

આ પહેલાં તીરની સામે નીચેની બાજુના વળાંક વગરનો અને '⌒' આવી ત્રાંસી રેખારૂપે અડધો 'ત્' છે. → **ત્ર** ← ૨. આ બીજા તીરની સામે '৴' આવા સ્વરૂપવાળો 'રથ'નો આખો 'ર' છે.

(ત્+ર=⌒+৴=ત્ર) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'ત્રણ, ત્રાસ, ત્રુટિ, ત્રેપન'**

આ સંયુક્ત વ્યંજનમાં બે વર્ણ સીધી આડી લીટીમાં જોડાયેલા છે. આમાં નીચેની બાજુના વળાંક વગરના અને '⌒' આવી ત્રાંસી રેખારૂપ બનેલા અડધા **'ત્'**ની સાથે, ઉપર-નીચેના બે વળાંક દૂર થવાથી સરજાયેલા '৴' આવા સ્વરૂપવાળો 'રથ'નો આખો **'ર'** સીધી આડી લીટીમાં જોડાયેલો છે; જેમ કે, **'⌒+৴ =ત્ર'**

૧૯. **ક્ષ**

(ક્ + ષ = ક્ષ) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : **'ક્ષમા, ક્ષત્રિય, લક્ષ, પક્ષ, પક્ષી'**

આ એક સંયુક્ત વ્યંજન છે. આમાં અડધા **'ક્'**ની સાથે ફાડિયો (મૂર્ધન્ય) **'ષ'** જોડાયેલો છે. આ બંને વર્ણોની મૂળ આકૃતિ સમય જતાં સંપૂર્ણપણે બદલાઈ ગયેલી હોવાથી, એમાં જોડાયેલા વર્ણોની મૂળ આકૃતિનો

આપણને અણસાર આવી શકતો નથી. એથી ગુજરાતી લિપિમાં જાણે કે એ મૂળ વર્ણ હોય એવો એને ગણી લેવામાં આવ્યો છે.

૨૦. જ્ઞ

(જ્+ઞ=જ્ઞ) આ સંયુક્ત વ્યંજનવાળા શબ્દ : 'જ્ઞાન, અજ્ઞાન, વિજ્ઞાન, પ્રાજ્ઞ'

આ પણ એક સંયુક્ત વ્યંજન છે અને એમાં અડધા '**જ્**'ની સાથે '**ચ**' વર્ગનો આખો '**ઞ**' અનુનાસિક જોડાયેલો છે. '**ક્ષ**'ની જેમ આ સંયુક્ત વ્યંજનમાંના પણ બંને વર્ણોની મૂળ આકૃતિ સમય જતાં સંપૂર્ણપણે બદલાઈ ગયેલી હોવાથી એમાં જોડાયેલા વર્ણોની મૂળ આકૃતિનો આપણને અણસાર આવી શકતો નથી. એથી ગુજરાતી લિપિમાં જાણે કે એ મૂળ વર્ણ હોય એવો એને ગણી લેવામાં આવ્યો છે.

ખાસ ધ્યાનમાં રાખવા જેવી વાત : આ સંયુક્ત વ્યંજન '**જ્+ઞ**'નો બનેલો છે અને એનું એ જ સ્વરૂપે ઉચ્ચારણ થઈ શકે છે, પરંતુ ગુજરાતીમાં '**જ્ઞ**'નું ઉચ્ચારણ '**ગ્ન**', હિંદીમાં '**ગ્ય**' અને મરાઠીમાં '**દ્ન**' કે '**દ્ન્ય**'રૂપે થાય છે.

હાલનાં એનાં આ બધાં જ ઉચ્ચારણો ખોટાં છે એ નિર્વિવાદ છે.

વ્યંજનોનું જોડાણ

૧. '**ક-ફ**' આ બે વ્યંજન વચમાં '–' આવી આડી લીટીવાળા છે. એને આડો દંડ કે મધ્યદંડ કહે છે. પછીના વ્યંજન આ મધ્યમાં રહેલા દંડની સાથે જોડીને લખાય છે; જેમ કે, '**ક્ક, ક્ત, ક્ય, ક્લ, ક્વ; ફ્ય, ફ્લ**' (અપવાદ : **ફ્+ર=ફ્ર**)

૨. '**જ**' આ વ્યંજનની પાછળ બીજા વ્યંજનને જોડતી વખતે એને છેડે રહેલી ઊંચે જતી (**જ←**) કૌંસમાં તીરથી બતાવેલી લીટીને નાની કરવામાં આવે છે, અર્થાત્ એમાં '**જ**'ની જમણી ત્રાંસી રેખા કપાઈને ટૂંકી થઈ જાય છે અથવા આ આખા અક્ષરને નાનો કરવામાં આવે છે; જેમ કે, '**ઉજ્જ્વળ, જ્વાળા, રાજ્ય; ઉજ્જ્વળ-ઉજ્જ્વળ, જ્વાળા**'

૩. ગુજરાતીમાં ખાસ કરીને '**દ-ધ-મ-ય-ર-વ**' આ છ વર્ણ દેવનાગરીના '**द**'ની સાથે ઉપર-નીચે જોડાય છે; જેમ કે, '**મુદ્દલ, શુદ્ધ, પદ્મ, વૈદ્ય, દ્રાક્ષ, દ્વેષ**'

બાકીના વર્ણ હાલની પદ્ધતિ પ્રમાણે ઘણું કરીને ગુજરાતી લિપિના પૂર્વવર્તી **'દ'**ને ખોડો કરીને તેની સાથે સીધી આડી લીટીમાં જોડાય છે; જેમ કે, **'ઉદ્ગમ, ઉદ્ગાર, ઉદ્ઘાટન, ઉદ્બોધન, ઉદ્ભવ'**

૪. હાલની મુદ્રણની પદ્ધતિ પ્રમાણે (મુખ →**ય**) કૌંસમાં તીરથી બતાવેલું **'ય'**નું મુખ લંબાવીને અર્થાત્ ચાંચ કાઢીને (ચાંચ →**ચ**) એ ચાંચને પૂર્વવર્તી **'ટ-ઠ-ડ-ઢ'**ની ટોચ સાથે અને **'છ'**ના છેડે રહેલા મીંડા સાથે જોડવામાં આવે છે; જેમ કે, **'મટ્યું, કઠ્યું, જડ્યું, ચઢ્યું, પૂછ્યું, છ્યાસી'**

'ચ'ની ચાંચને ક્યારેક પૂર્વવર્તી **'ક-ફ'**ના આડા દંડ સાથે જોડવામાં આવે છે; જેમ કે, **'ક્યારે, ક્યારો, ક્યાંક, ફ્યૂઝ, પરફ્યૂમ'**

'ચ'ની ચાંચને ક્યારેક પૂર્વવર્તી **'હ'** સાથે પણ જોડવામાં આવે છે; જેમ કે, 'બા**હ્ય**, સ**હ્ય**'

૫. **'ભક્તિ, મુક્તિ, યુક્તિ, શક્તિ'** વગેરે શબ્દોમાં હ્રસ્વ **'ઈ'**ના **'િ'** આવા ચિહ્નના ઉપરના જમણી બાજુએ ઢળતા છેડાને, અંતે રહેલા **'ત'** વગેરે અક્ષરના દંડ સુધી લંબાવીને પણ વિકલ્પે **'ક્+ત'** આદિનું જોડાણ સૂચવાય છે; જેમ કે, **'ભક્તિ, મુક્તિ, યુક્તિ, શક્તિ, ક્લિષ્ટ'**

૬. તાલવ્ય **'શ'**ની સાથે '⁄' આવા ચિહ્ન રૂપે **'ર'** વ્યંજન જોડાય છે ત્યારે **'શ'**ની આકૃતિ બદલાઈને **'શ્ર'** આમ ઊંધા ચોગડા જેવી થઈ જાય છે; જેમ કે, **'શ્રી, શ્રમ, શ્રેયાંસ'**

૭. દેવનાગરીનો **'ह'** (**ह**←મધ્યદંડ) કૌંસમાં તીરથી બતાવ્યા પ્રમાણે મધ્યમાં અકારસૂચક દંડવાળો હોવાથી પછીના વર્ણોને તે દંડની સાથે જોડવામાં આવે છે, પરંતુ ગુજરાતી **'હ'**માં એ દંડવાળો ભાગ ગોળાકાર થઈ ગયેલો છે. એ ગોળાકારને સીધો (દંડરૂપ) કરીને પછીના વર્ણો એની સાથે જોડાય છે, તેમ જ **'હ'**ને ખોડો કરીને પણ તેની સાથે પછીના વર્ણોનું જોડાણ સૂચવાય છે; જેમ કે, **'ચિહ્ન-ચિહ્ન, બ્રહ્મ-બ્રહ્મ, ગહ્વર-ગહ્વર'**

૮. વર્ણને ખોડો બતાવવાના ચિહ્નરૂપે અક્ષરની નીચે કરાતી છેદસૂચક ત્રાંસી લીટીને ઉપરથી નીચે '⟍' આમ ડાબેથી જમણી બાજુએ ખેંચીને લઈ જવાય છે અને એને અક્ષર સાથે જોડીને નહિ, પણ અક્ષરથી છૂટી લખવામાં આવે છે; જેમ કે, **'પટ્ટ, લઠ્ઠ, ઉદ્ગમ, ઉદ્ભવ'**

૯. સંયુક્ત વ્યંજનોમાં ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત એ છે કે એક સંયુક્ત વ્યંજનમાં જેટલા વર્ણ જોડાયેલા હોય, તેમાંનો છેલ્લો એક જ વર્ણ આખો (સ્વરયુક્ત) હોય છે. તેની પૂર્વના બધા જ વર્ણો અડધા (ખોડા-સ્વરરહિત) હોય છે; જેમ કે, **'જ્યોત્સ્ના'** શબ્દમાંના **'ત્સ્ના'** આ સંયુક્ત વ્યંજનમાંનો છેલ્લો વર્ણ **'ના'** એક જ આખો (સ્વરયુક્ત) છે. તેની પૂર્વના **'ત્-સ્'** બંને અડધા છે.

વ્યંજનોનું (વર્ણોનું) જોડાણ યોગ્ય રીતે કરાય.

સંયુક્ત વ્યંજનોમાં વ્યંજનોનું (વર્ણોનું) જોડાણ યોગ્ય રીતે જ થવું જોઈએ.

૧. ક્ર (વક્ર) : 'ક્+ર'માં **'ર'**નું જોડાણ (ક્ર) કૌંસમાં તીરથી બતાવેલા **'ક'**ના આડા દંડના નીચેના ભાગ સાથે '/' આવા એક પાંખિયાથી થાય છે.

૨. જ્ય (રાજ્ય) : આમાં **'જ'**નું જોડાણ **'જ'** રૂપે **'ય'**ના મુખ સાથે નહિ, પણ પેટ સાથે થવું જોઈએ. **'જ્ય'** આવું જોડાણ યોગ્ય નથી, કારણ કે એમાં **'જ'** આખો જ રહે છે.

૩. જ્વ (જ્વર) : આમાં **'જ'**નું જોડાણ **'જ'** રૂપે **'વ'**ના ઉપરના છેડા સાથે નહિ, પણ (→**વ**) કૌંસમાં તીરથી બતાવેલા **'વ'**ના મધ્યભાગ સાથે થવું જોઈએ. **'જ્વ'** આવું જોડાણ યોગ્ય નથી, કારણ કે એમાં **'જ'** આખો જ રહે છે.

૪. જ્ર (વજ્ર) : **'જ્+ર'**માં **'ર'**નું જોડાણ (**જ્ર**) કૌંસમાં તીરથી બતાવેલા **'જ'**ના ડાબી બાજુના ગોળાર્ધ સાથે '/' આવા એક પાંખિયાથી થાય છે. ક્યારેક **'જ'**ની નીચે **'ર'** નું જોડાણ **'જ્ર'** આમ બે પાંખિયાંથી પણ થાય છે. **'જ્+ર'**નું **'જ્ર'** આવું જોડાણ યોગ્ય નથી.

૫. દ્ધ (શુદ્ધ) : 'ધજા'ના **'ધ'**નું જોડાણ ગુજરાતીના **'દ'** સાથે નહિ, પણ દેવનાગરીના **'द'** સાથે જ કરવું જોઈએ. દેવનાગરીના **'द'** સાથે **'ધ'**નું જોડાણ, (द्ध) કૌંસમાં તીરથી બતાવેલા સ્થાને **'द'**ની ગાંઠ સાથે કરવું જોઈએ, પણ **'ધ્द'** આવી રીતે **'द'**ના ગોળાર્ધ સાથે કરાય નહિ. **'ધ્द'** આવું અયોગ્ય જોડાણ કરવાથી આ સંયુક્ત વ્યંજન **'द्+ધ'**ને બદલે **'ધ્+द'**નો બની જાય.

૬. **દ્વ** (દ્વાર) : 'વ'નું જોડાણ ગુજરાતીના 'દ' સાથે નહિ, પણ રૂઢિથી દેવનાગરીના 'द' સાથે કરાય છે. 'દ્+વ'નું 'વ્દ' આવું જોડાણ યોગ્ય નથી. 'વ્દ' આવું અયોગ્ય જોડાણ કરવાથી આ સંયુક્ત વ્યંજન 'દ્+વ'ને બદલે 'વ્+દ'નો બની જાય.

૭. **વ્ય** (વ્યાયામ) : 'વ'નું જોડાણ 'ય'ના મુખ સાથે નહિ, પણ પેટ સાથે જ થાય છે. 'વ્ય' આવું જોડાણ યોગ્ય નથી.

૮. **ળ્ય** (મળ્યું) : 'ળ'નું જોડાણ 'ય'ના મુખ સાથે નહિ, પણ પેટ સાથે જ થાય છે. 'ળ્ય' આવું જોડાણ યોગ્ય નથી.

'ળ' સાથે 'ય' સિવાયનો બીજો કોઈ પણ વર્ણ જોડાતો નથી.

૯. 'છ-ટ-ઠ-ડ-ઢ' આ પાંચ વર્ણો સાથે 'ર'નું જોડાણ નીચેના ભાગે '**∧**' આવાં બે પાંખિયાંથી જ થાય છે; જેમ કે, 'છ્ર-ટ્ર-ઠ્ર-ડ્ર-ઢ્ર' પણ 'છ્ર-ટ્ર-ઠ્ર-ડ્ર-ઢ્ર' આમ એક પાંખિયાથી થતું નથી.

✡

'શ-ષ-સ'નાં અલગ અલગ પ્રતીકો !

શાન્તિ, સંતોષ, વિશેષ, શુશ્રૂષા, સૌષ્ઠવ, સુશ્લિષ્ટ વગેરે શબ્દોમાં કુદરતી રીતે **'શ-ષ-સ'** જુદા બોલાય છે, પણ એનો ભેદ આપણને પરખાતો નથી. એ ભેદ લિપિના રચયિતા ઋષિમુનિઓએ પારખ્યો તેથી જ એમણે 'શ-ષ-સ'નાં અલગ-અલગ પ્રતીકો બનાવ્યાં.

– (ડૉ.) કે. કા. શાસ્ત્રી

✦

વ્યંજન 'ર'ની વિશેષતા

હાલના 'ર' વ્યંજનનું સ્વરૂપ બ્રાહ્મી લિપિમાં '၄' આવું હતું. ઇતર વ્યંજનોને દંડનો આધાર છે, જે આ 'ર' વ્યંજનને નથી, તેથી એને અડધો બનાવવા માટે આડો (વચ્ચેથી) કાપવામાં આવતાં એના '៸' અને '।' આવા બે ભાગ થયા. ઉપરનો '៸' આવો અડધો ભાગ વર્ણના મથાળે મુકાય છે અને ગુજરાતીમાં એ 'રેફ' તરીકે ઓળખાય છે. નીચેનો અડધો ભાગ જે '।' આવી ઊભી લીટીરૂપ હતો તે પછીથી '/' આવી આડી લીટીરૂપ થયો અને એ પૂર્ણદંડવાળા વર્ણના દંડ સાથે નીચેના ભાગમાં **'ત્ર - મ્ર - વ્ર'** આવી રીતે જોડાય છે.

❀

રેફ ('ર'કાર)

વર્ણના માથા ઉપર મુકાતા અંગ્રેજી મૂળાક્ષર 'C'(**સી**) જેવા આકારના અડધા 'ર'ને **'રેફ'** કહે છે. રેફ જે વર્ણ ઉપર હોય એની પહેલાં એનું ઉચ્ચારણ થાય છે; જેમ કે, **'મુહૂર્ત'** (મુહૂર્‌ત). **સંયુક્ત વ્યંજન (જોડાક્ષર) એક જ અક્ષર ગણાય છે.**

રેફ પછી જો અડધા (ખોડા-સ્વરરહિત) વર્ણ હોય તો રેફ છેલ્લા આખા (સ્વરયુક્ત) વર્ણના માથે ચડે છે, એટલે કે લખાણમાં રેફ એની પછી સ્વરસહિતનો જે આખો વર્ણ આવતો હોય એના મથાળે જ મુકાય છે, પણ વચમાં આવતા અડધા (ખોડા-દંડરહિત) વર્ણો ઉપર એ ક્યારેય મુકાતો નથી; જેમ કે, **'પાર્શ્વ, મર્ત્ય, અર્ઘ્ય, આર્ટ્સ, ધાર્ષ્ટ્ય, કાર્ત્સ્ન્ય'**

ઉચ્ચારણમાં તો **'ર્ શ્ વ'**, **'ર્ ત્ ય'**, **'ર્ ઘ્ ય'**, **'ર્ ટ્ સ'**, એમ પહેલાં **'ર્'** ને **'ર્'** પછી નજીકનો અડધો વ્યંજન જ ઉચ્ચારાય છે, છેલ્લો આખો વ્યંજન નહિ **'ર્ ટ્ સ'** બોલાય પણ **'ટ્ ર્ સ'** નહિ.

વ્યંજન 'ર'ના ત્રણ પ્રકાર

જોડાક્ષરમાં વાપરવા માટે 'ર' વ્યંજનના ત્રણ પ્રકાર છે: પ્રથમ પ્રકાર તે 'ૂ' આવું ચિહ્ન છે, જે અંતે દંડવાળા અક્ષરના દંડ ઉપર અને 'ક-છ-જ' ઈત્યાદિ અક્ષરોના મથાળે મુકાય છે અને ગુજરાતીમાં એ 'રેફ' તરીકે ઓળખાય છે; જેમ કે, ર્ક-ર્ખ

બીજો પ્રકાર તે '/' આવું ચિહ્ન છે, જે પૂર્ણદંડવાળા વર્ણોના દંડ સાથે નીચેના ભાગે જોડાય છે; જેમ કે, 'ત્ર - મ્ર - વ્ર'

ત્રીજો પ્રકાર એ '^' આવું ચિહ્ન છે, જે 'છ - ટ - ઠ - ડ - ઢ - હ' આટલા વર્ણો માટે જ છે; જેમ કે, 'છ્ર - ટ્ર - ઠ્ર - ડ્ર - ઢ્ર - હ્ર'

હવે આપણે 'ર' વ્યંજનના ઉપર કહેલા ત્રણેય પ્રકારો અંગે ક્રમશઃ વિચારીએ.

❄

૧. લેખનમાં શીર્ષસ્થ રેફનું સ્થાન

અક્ષરના મથાળે મુકાતા (શીર્ષસ્થ), અંગ્રેજી મૂળાક્ષરના 'c' (સી) જેવા આકારના, રકાર(ર્)ને ગુજરાતીમાં 'રેફ' કહે છે.

રેફનો 'c' આ જ આકાર યથાર્થ છે. '◡', '◟', '◜' આવા બીજા બધા રેફના આકારો યથાર્થ નથી. આ બાબત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

શીર્ષસ્થ રેફને પૂર્ણદંડવાળા અક્ષરના દંડ ઉપર, કાના ઉપર, હ્રસ્વ-દીર્ઘ 'ઇ-ઈ'નાં 'િ - ી' આવાં ચિહ્નો ઉપર, એક માત્રા ઉપર, બે માત્રા ઉપર અને 'ક - છ - જ - ઝ - ટ - ઠ - ડ - ઢ - દ - ફ - ર - હ' આટલા અક્ષરોના મથાળાના જમણી બાજુના છેડે મુકાય છે.

વ્યંજન 'ર'નો બીજો પ્રકાર

સંયુક્ત વ્યંજનો(જોડાક્ષર)માં વાપરવા માટે 'ર' વ્યંજનનો બીજો પ્રકાર તે '/' આવું ચિહ્ન છે. આ ચિહ્ન **'ખ-ગ-ઘ'** વગેરે પૂર્ણદંડવાળા વર્ણો અને 'દ-હ'ની સાથે નીચેના ભાગે જોડાય છે; જેમ કે, **'ખ્ર-ગ્ર-ઘ્ર; દ્ર (દ્ર)-હ્ર'**

'હ્+ર'નું જોડાણ 'હ્ર', 'હ્ર' આવી રીતે પણ થાય છે. 'ફ્+ર'નું જોડાણ ક્વચિત્ 'ફ્ર' આવી રીતે મધ્યદંડ સાથે કરાય છે, પણ 'ફ્ર' આવી રીતે નીચેની ગાંઠ સાથે કરાય એ વધુ યોગ્ય છે.

'પ્ર-ત્ર-શ્ર' આવા મૂળ જોડાણમાંથી વિકાસ દ્વારા **'પ્ર-ત્ર-શ્ર'** આવાં વ્યંજન-જોડાણો આપણને પ્રાપ્ત થયાં છે, કલમ ઉપાડ્યા વગર લખવાની લોકોની આદત અને ઝડપી લેખન વગેરે કારણસર કાળક્રમે 'ર'નો આકાર બદલાઈને '२' આવો ઓછા વળાંકવાળો થયો. પરિવર્તન ચાલુ રહેતાં છેવટે એનો આકાર '/' આવો બિલકુલ વળાંક વગરનો થયો.

એટલે 'પ્+ર'નો જોડાક્ષર **'પ+ર=પ+२=પ+/'='પ્ર'** થયો.

તેથી હવે આપણને એવો ભાસ થાય છે કે **'પ-મ-ય-વ'** વગેરે પૂર્ણદંડવાળા વર્ણો દંડ સહિત આખા લખાય છે અને આખા 'ર'ના સ્થાને '/' આવું ચિહ્ન જોડવામાં આવે છે.

(જોકે હાલમાં તો એને 'ર' વ્યંજનનું ચિહ્ન જ માનવામાં આવે છે.)

'ક્+ર'નું જોડાણ વિશેષ પ્રકારે 'ક્ર' આમ 'ક'ના વચ્ચેના દંડ સાથે કરાય છે અને ક્વચિત્ 'ક્ર' આમ નીચેના ભાગે બે પાંખિયાંથી પણ કરાય છે.

ખાસ ધ્યાનમાં રાખવા જેવી બાબત :

'ર' વ્યંજનના '∧' આ ચિહ્નનાં બંને ત્રાંસાં પાંખિયાં એક સરખી લંબાઈનાં હોવાં જોઈએ.

વ્યંજન 'ર'નો ત્રીજો પ્રકાર

'છ-ટ-ઠ-ડ-ઢ' આ પાંચ વર્ણો સાથે સુવિધા ખાતર 'ર'ને '៷' આમ આડો કરીને જોડવામાં આવે છે; જેમ કે, 'છ્ર'. આમ આડો કરીને જોડેલા 'ર'માંથી વચ્ચેનો મીંડાવાળો ભાગ દૂર થવાથી એનું '^' આવું બે પાંખિયાંવાળું રૂપ બન્યું છે, તેથી જ 'છ-ટ-ઠ-ડ-ઢ' આ પાંચ વર્ણો સાથે 'ર'નું જોડાણ 'છ્ર-ટ્ર-ઠ્ર-ડ્ર-ઢ્ર' આમ બે પાંખિયાંથી જ થાય છે, પણ 'છ્ર-ટ્ર-ઠ્ર-ડ્ર-ઢ્ર' આમ એક પાંખિયાથી થતું નથી.

વ્યંજન 'ર'ના 'c , / , ^ ' (ર્ન-ત્ર-છ્ર) આ ત્રણેય પ્રકારો લેખનમાં સારી રીતે સ્થિર થયેલા છે અને એ સરળતા માટે છે.

❀

સંયુક્ત વ્યંજનોમાં રેફનું સ્થાન

સંયુક્ત વ્યંજનોમાં રેફનું સ્થાન પ્રથમ હોય તો એ લખાણમાં પછી આવતા આખા (સ્વરયુક્ત) વર્ણના મથાળાના છેડે અને અંતે દંડવાળા વર્ણના દંડ ઉપર મુકાય છે; જેમ કે, **દર્દ, કર્ક, સર્જન; વર્ય, વર્ણ, મર્ત્ય**

રેફ (ર્) પછી કોઈ પણ વ્યંજન આવે તો એ રેફ આખા છેલ્લા વ્યંજનના શિર પર ચડી જાય છે; જેમ કે, **અર્ + ક = અર્ક, કર્ + ક = કર્ક, કાર્ + ય = કાર્ય**

પરંતુ ખાસ લક્ષમાં રાખવાનું એ છે કે રેફ પછી જો અડધા (સ્વરરહિત) વ્યંજનો હોય તો એ છેલ્લા આખા (સ્વરયુક્ત) વ્યંજનના માથે મુકાય છે, પણ વચમાં આવતા અડધા-ખોડા (સ્વરરહિત) વ્યંજનો ઉપર એ મુકાતો નથી. જેમ કે, **'મર્ત્ય, પાર્શ્વ, અર્ઘ્ય, ધાર્ષ્ટ્ય, કાર્ત્સ્ન્ય'**

ઉચ્ચારણમાં તો **'ર્ત્ય', 'ર્શ્વ' 'ર્ઘ્ય', 'ર્ષ્ટ્ય', 'ર્ત્સ્ન્ય'** એમ પહેલાં **'ર્'** (રેફ) અને **'ર્'** પછીના ક્રમશઃ અડધા વ્યંજનો જ ઉચ્ચારાય છે, આમ પ્રથમ **'ર્'** (રેફ) જ બોલાય. રેફ પછીના અડધા વ્યંજનો (**'ર્'** પછી) ક્રમશઃ ઉચ્ચારાય છે અને છેલ્લે સ્વરયુક્ત વ્યંજન ઉચ્ચારાય છે. **'ર્ત્ય, ર્ત્સ્ન્ય'** બોલાય, પણ **'ત્ર્ય, ત્સ્ન્ર્ય'** બોલાય નહિ.

આમ **'મર્ત્ય'** આદિ શબ્દોમાં ઉચ્ચારણમાં રેફનું સ્થાન પ્રથમના **'મ'** આદિ અક્ષરો પછી તરત જ, અર્થાત્ બીજા જ ક્રમે હોય છે, પરંતુ લખાણમાં એનું સ્થાન વચ્ચેના તમામ અડધા (સ્વરરહિત) અક્ષરોને વટાવી દઈને છેડે રહેલા આખા (સ્વરયુક્ત) વ્યંજન **'ય'**ના (દંડના) મથાળે પહોંચી જાય છે.

શુદ્ધ લેખન-ઉચ્ચારણ માટે રેફ અંગેની આ વાત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે. રેફને લેખનમાં કયા અક્ષર ઉપર મુકાય એને અંગેની સાચી સમજ આજના મોટા ભાગના લોકોને નહિ હોવાથી રેફ લખવાની બાબતમાં આજકાલ **'આયર્ન'**(લોઢું)ને બદલે **'આર્યન'**; **'આશીર્વાદ'**ને બદલે **'આશીર્વાદ'**, **'સમર્પણ'**ને બદલે **'સર્મપણ'**; **'ફોટોગ્રાફર્સ'**ને બદલે **'ફોટોગ્રાર્ફસ'** લખવા જેવી ભારે અરાજકતા પ્રવર્તે છે.

રેફનું ઊર્ધ્વગમન !

रेफः स्वरपरं वर्णं दृष्ट्वाऽऽरोहति तच्छिरः ।। सारस्वतव्याकरणम् (२-१२)

અર્થ : જેનાથી પરમાં સ્વર છે તેવા વર્ણને જોઈને રેફ એના માથા ઉપર ચડી જાય છે.

जलतुम्बिकान्यायेन रेफस्य ऊर्ध्वगमनम् ।

અર્થ : જળમાં નાખેલી તૂંબડી જેમ પાણીની સપાટી ઉપર આવીને પાણી ઉપર ચડી જાય છે એવી જ રીતે રેફનું પણ ઊર્ધ્વગમન થાય છે.

– ડૉ. અ. ન. જાની (વડોદરા)

સ્વરછેદસૂચક (ખોડાનું) ચિહ્ન

વ્યંજનમાં ભળેલા 'અ' સ્વરને રદ કરવો હોય, અક્ષરના અંતે 'અ' સ્વરનો ઉચ્ચાર કરવો નહિ એવું દર્શાવવું હોય ત્યારે એ વર્ણની નીચે છેદસૂચક '્' આવું ચિહ્ન મૂકીને એને 'અ' સ્વરરહિત (ખોડો-અડધો) બતાવાય છે. અંતે દંડવાળા વર્ણોમાં દંડ અકારસૂચક છે. દંડની નીચે છેદસૂચક '્' ('।્') આવું ચિહ્ન મૂકવાથી એ વ્યંજનમાં ભળેલો 'અ' સ્વર રદ થાય છે. આ છેદસૂચક ચિહ્નને **'હલન્ત'** પણ કહે છે.

વ્યંજનને સ્વરરહિત (ખોડો-અડધો) બતાવવાના ચિહ્ન રૂપે એની નીચે કરાતી છેદસૂચક આડી લીટીને ઉપરથી નીચે '્' આવી રીતે ડાબેથી જમણી બાજુ ખેંચીને લઈ જવાય છે અને એને વ્યંજનની સાથે જોડી દઈને નહિ, પણ વ્યંજનથી છૂટી અર્થાત્ વ્યંજનથી સહેજ નીચે લખાય છે; જેમ કે, 'ક્-ખ્-ગ્-ઘ્-છ્' આ ખોડાનું ચિહ્ન અંતે દંડવાળા અક્ષરના દંડના નીચેના છેડાની અંદરથી ('ન્') કે બહારથી ('ન્') નહિ, પણ દંડના છેડાની બરાબર નીચેથી ('ન્') શરૂ કરીને જમણી બાજુએ ખેંચાય છે અને 'ક-છ-જ' વગેરે વ્યંજનોના નીચેના જમણી કે ડાબી બાજુના છેડેથી શરૂ કરીને ('ક્-ક્') નહિ, પણ એ વ્યંજનોની નીચેના બરાબર મધ્યભાગેથી ('ક્ - છ્ - જ્') શરૂ કરીને જમણી બાજુએ ખેંચાય છે.

'/' આમ જમણેથી ડાબી બાજુએ ખેંચીને લઈ જવાતું આ ચિહ્ન 'ર' વ્યંજનનું છે, જ્યારે '્' આમ ડાબેથી શરૂ કરીને જમણી બાજુએ ખેંચીને લઈ જવાતું આ ચિહ્ન ખોડાનું છે. આ તફાવત ખાસ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

અનુનાસિક વ્યંજન : 'ઙ - ઞ'

'કંપ - પંક, ખંડ - ડંખ, પંચક - ચંપક' આમાં લેખનની સરળતા છે, પણ ઉચ્ચારણની સ્પષ્ટતા નથી.

'કમ્પ-પઙ્ક, ખણ્ડ - ડઙ્ખ, પઞ્ચક-ચમ્પક' આમાં જોડાક્ષરમાં રહેલા પરસવર્ણ તરીકે આવેલા પૂર્વ વર્ણના ઉચ્ચારણની સ્પષ્ટતા છે.

'ઙ - ઞ - ણ - ન - મ' આ પાંચ અનુનાસિકો ઉચ્ચારણની સ્પષ્ટતા બતાવનારા છે. આમ છતાં ગુજરાતીમાં લેખનની સરળતા ખાતર એ પાંચેય અનુનાસિકોના સ્થાને અનુસ્વાર(બિંદુ-ટપકું) મુકાય છે. લેખનની સરળતા અને ઝડપ ખાતર અનુનાસિક વ્યંજનોના સ્થાને અનુસ્વાર લખવાનું ચાલુ રહે એ જેમ જરૂરી છે તેમ ઉચ્ચારણની સ્પષ્ટતા બતાવવા-સમજાવવા ખાતર, પરંપરાપ્રાપ્ત **'ણ - ન - મ'**ની સાથે **'ઙ - ઞ'** આ બે અનુનાસિક - ચિહ્નોને પણ લિપિમાં જાળવી રાખવાં હિતકર છે તેમજ શીખવવાં અને પરંપરામાં વહેતાં રાખવાં જરૂરી છે. **'ઙ - ઞ'**નાં ઉચ્ચારણ ચોક્કસ પ્રકારે આપણે કરીએ જ છીએ.

❀

અનુનાસિક

'ઙ - ઞ - ણ - ન - મ' આ પાંચને અનુનાસિક વ્યંજન કહે છે. **'સઙ્ઘ, પઞ્ચ, ઘણ્ટ, સન્ત, સમ્પ'**માં સંયુક્ત વ્યંજનમાં પહેલાં અનુક્રમે પાંચેય અનુનાસિક વ્યંજન છે. ગુજરાતીમાં લેખનની સરળતા માટે આ પાંચેય અનુનાસિકને બદલે એની પહેલાંના વ્યંજનની ઉપર અનુસ્વારનું બિંદુ (મીંડું) મૂકીને લખાય છે; જેમ કે, **'સંઘ, પંચ, ઘંટ, સંત, સંપ'**

'દ્-દ-દ઼-દ્દ-દ્ર (દ્ર)'નો ભેદ

સદ્બુદ્ધિ, દરવાજો, દૃષ્ટિ, ઉદ્દેશ, અને ભદ્ર - આ પાંચેય શબ્દોમાં અનુક્રમે રહેલા **'દ્ - દ - દૃ - દ્દ - દ્ર'** આ પાંચેય થોડે ઘણે અંશે સમાનતાને ધારણ કરનારા હોવાથી એક-બીજાની ભ્રાન્તિ કરાવનારા છે, માટે એક **'મા'**ના દીકરા જેવા આ પાંચેયને સારી રીતે ઓળખી લેવા જરૂરી છે.

૧. (દ્) આમાં પ્રથમ ક્રમે **'સદ્બુદ્ધિ'** શબ્દમાં રહેલો ગુજરાતી લિપિનો, દરવાજાનો ખોડો 'દ્' છે. (ઉદ્ઘાટન)

૨. (દ) બીજા ક્રમે **'દરવાજો'** શબ્દમાં રહેલો, ગુજરાતી લિપિનો આખો 'દ' છે. (દયા)

૩. (દૃ) ત્રીજા ક્રમે **'દૃષ્ટિ'** શબ્દમાં રહેલો, દેવનાગરી લિપિના અડધા 'द्'માં 'ऋ' સ્વર ભળીને, અર્થાત્ 'ऋ'નું 'ృ' આવું ચિહ્ન જોડાઈને બનેલો 'દૃ' (કે 'દૃ') અક્ષર છે. (દૃષ્ટાન્ત કે દૃષ્ટાન્ત)

નાગરીના द् + ऋ = द् + ृ = 'दृ' આવા મૂળ સ્વરૂપમાંથી ચાલુ કલમે લખવાથી 'દૃ' આવા ગુજરાતી સ્વરૂપનું ઘડતર થયું છે.

૪. (દ્દ) ચોથા ક્રમે **'ઉદ્દેશ'** શબ્દમાં રહેલો, દેવનાગરી લિપિના અડધા 'द्'ની નીચે દેવનાગરી લિપિનો આખો 'द' (द्+द) જોડાવાથી બનેલો જોડાક્ષર 'દ્દ' છે. (મુદ્દલ)

૫. (દ્ર) પાંચમા ક્રમે **'ભદ્ર'** શબ્દમાં રહેલો, ગુજરાતી લિપિના 'દ'ની સાથે '⟋' આવા ચિહ્નરૂપે 'ર' વ્યંજનાક્ષર જોડાવાથી બનેલો જોડાક્ષર 'દ્ર' છે. (દ્રવ)

'દૃ' અને 'દ્ર'(દ્ર)નો ભેદ

દૃઢ અને દ્રવ (દ્રવ) શબ્દમાં રહેલા અનુક્રમે 'દૃ' અને 'દ્ર'(દ્ર) આ બંને સમાન નથી, પણ અક્ષર-જોડાક્ષરભેદ, વર્ણસંખ્યાભેદ, વ્યંજનભેદ, સ્વરભેદ અને ઉચ્ચારણભેદ આદિ ભેદો દ્વારા અનેક રીતે ભિન્ન છે.

૧. **અક્ષર-જોડાક્ષરભેદ** – 'દૃ' એ દેવનાગરી લિપિના 'દ'માં '૮' આવા ચિહ્નરૂપે 'ઋ' સ્વર ભળીને બનેલો અક્ષર છે, જ્યારે 'દ્ર' એ દેવનાગરી લિપિના 'દ્' વ્યંજન સાથે '/' આવા ચિહ્નરૂપે 'ર' વ્યંજનાક્ષર જોડાઈને બનેલો સંયુક્ત વ્યંજન છે, ('દ્ર' દેવનાગરી છે).

૨. **વર્ણસંખ્યાભેદ** - 'દૃ'માં 'દ્' અને 'ઋ' છે, અર્થાત્ એક વ્યંજન એક સ્વર છે, જ્યારે 'દ્ર(દ્ર)'માં 'દ્-ર્' અને 'અ' છે, અર્થાત્ બે વ્યંજન અને એક સ્વર છે.

૩. **વ્યંજનભેદ** - 'દૃ'માં 'દ' એ એક જ વ્યંજન છે, જ્યારે 'દ્ર(દ્ર)'માં 'દ્' અને 'ર્' આ બે વ્યંજન રહેલા છે.

૫. **ઉચ્ચારણભેદ** - 'દૃ'માં 'ઋ' સ્વર રહેલો હોવાથી એનું ઉચ્ચારણ **'કૃ-નૃ-મૃ-વૃ'** જેવું થશે, જ્યારે 'દ્ર(દ્ર)'માં 'અ' સ્વર રહેલો હોવાથી એનું ઉચ્ચારણ **'ક્ર-ન્ર-મ્ર-વ્ર'** જેવું થશે.

૬. **આકૃતિભેદ** - ઉપર બતાવેલા ભેદોને કારણે 'દૃ' અને 'દ્ર(દ્ર)'ની આકૃતિમાં પણ ભેદ હોય જ. બંનેની આકૃતિમાં રહેલો ભેદ સુસ્પષ્ટ છે.

આમ 'દૃ' અને 'દ્ર(દ્ર)' બંને એકબીજાથી સદંતર ભિન્ન હોવાને કારણે બંનેનું ઉચ્ચારણ ભિન્ન હોવા છતાં મોટા ભાગના લોકો વાતચીતના વ્યવહારમાં **'દૃષ્ટિ, સૃષ્ટિ, વૃષ્ટિ, દૃશ્ય, દૃષ્ટાંત'** વગેરે શબ્દોના સ્થાને **'દ્રષ્ટિ, સ્રષ્ટિ, વ્રષ્ટિ, દ્રશ્ય, દ્રષ્ટાંત'**

એવાં ખોટાં ઉચ્ચારણો કરવા ટેવાયેલા હોવાથી લખતી વખતે પોતાની ખોટી આદતને અનુસરીને એ શબ્દોને ખોટી રીતે જ લખે છે, પરંતુ તેથી શબ્દના અર્થમાં કેટલો મોટો ફેરફાર થઈ જાય છે એ નીચેનાં ઉદાહરણોથી સમજી શકાશે :

૧. **દૃષ્ટા**=જોવાયેલી
દ્રષ્ટા=જોનાર

૨. **વૃત**=વરાયેલ, પસંદ કરાયેલ
વ્રત=દીક્ષા, નિયમ

૩. ગૃહ=ઘર
ગ્રહ=સૂર્ય વગેરે નવ ગ્રહ

૪. **તૃણ**=ઘાસ
ત્રણ='૩'ની સંખ્યા

૫. **ઋણ**=દેવું
રણ=રેતાળ પ્રદેશ

૬. **હૃદ્**=હૃદય
હ્રદ=ધરો, ધૂનો (નદીમાં જ હોય છે.)

'**ઋ**' સ્વરના સ્થાને '**ર**' વ્યંજનાક્ષરનું ઉચ્ચારણ કરવાથી શબ્દોના અર્થમાં આવો મોટો ફેરફાર થઈ જાય છે.

❀

'**દ્ય**' અને '**દ્વ**'નો ભેદ

દ્ય આ જોડાક્ષર '**દ્ + ય**' ('**द् + य**') જોડાઈને બનેલો છે, પણ '**ધ્ + ય**' જોડાઈને બનેલો નથી. આ જોડાક્ષર બોલતી વખતે આપણા મુખમાંથી પ્રથમ ધજાના '**ધ**'નું નહિ, પણ દરવાજાના '**દ**' નું જ ઉચ્ચારણ થવું જોઈએ. તો જ આપણે આ જોડાક્ષર '**દ્ય**'ને સાચી રીતે ઓળખ્યો કહેવાય.

દ્વ આ જોડાક્ષર '**દ્+વ**' ('**द् +व**') જોડાઈને બનેલો છે, પણ '**ધ્ + વ**' જોડાઈને બનેલો નથી. આ જોડાક્ષર બોલતી વખતે આપણા મુખમાંથી પ્રથમ ધજાના '**ધ**'નું નહિ, પણ દરવાજાના '**દ**'નું જ ઉચ્ચારણ થવું જોઈએ. તો જ આપણે આ જોડાક્ષર '**દ્વ**'ને સાચી રીતે ઓળખ્યો કહેવાય.

'ઘ-ધ-દ્ય'નો ભેદ

ઘર, ધર્મ, વૈદ્ય – આ ત્રણેય શબ્દોમાં રહેલા અનુક્રમે **'ઘ-ધ-દ્ય'** આ ત્રણેય વત્તેઓછે અંશે સમાનતાને ધારણ કરનારા હોવાથી એકબીજાની ભ્રાન્તિ કરાવનારા છે. માટે સગા ભાઈ જેવા દેખાતા આ ત્રણેયને પણ સારી રીતે ઓળખી લેવા જરૂરી છે.

૧. (ઘ) આમાં પ્રથમ ક્રમે **'ઘર'** શબ્દમાં રહેલો 'ક' વર્ગનો ચોથો અક્ષર **'ઘ'** છે. (ઘડિયાળ)

૨. (ધ) બીજા ક્રમે **'ધર્મ'** શબ્દમાં રહેલો **'ત'** વર્ગનો ચોથો અક્ષર **'ધ'** છે. (ધજા)

૩. (**દ્ય**) ત્રીજા ક્રમે **'વૈદ્ય'** શબ્દમાં રહેલો, દેવનાગરી લિપિના **'દ્'**ની સાથે **'ય'** વ્યંજનાક્ષર જોડાઈને બનેલો જોડાક્ષર **'દ્ય'** છે. (**વૈદ્ય**)

આ ત્રણેયમાં થોડો થોડો આકૃતિ-ભેદ જરૂર છે. એ સૂક્ષ્મ આકૃતિ-ભેદને આંખથી બરાબર પકડીને મનમાં બેસાડી દેવામાં આવે તો આ ત્રણેયને અલગ-અલગ ઓળખી લેવામાં જરાય મુશ્કેલી પડે એવું નથી.

આમાં પહેલા-બીજા ક્રમે રહેલા **'ઘ-ધ'**ને એના લાંબા-ટૂંકા દંડના અને ઉપરના પાંખડાના વળાંકના ભેદને ધ્યાનમાં રાખીને, એ મુજબ જ લખવામાં આવે તો ગોટાળો થવાની શક્યતા જ નથી, પણ અજ્ઞાનથી, ઉતાવળથી કે પ્રમાદથી એ બંનેને ફાવે એમ લખી દેવામાં આવે તો ગોટાળો થવાનો સંભવ ખરો.

ત્રીજા ક્રમે રહેલા જોડાક્ષર **'દ્ય'**ના ઉપરના છેડાને (**→દ્ય**) કૌંસમાં તીરથી બતાવ્યા પ્રમાણે પાછળની બાજુએ પૂરતો વળાંક આપીને લખવામાં આવે તો જ એને **'ઘ-ધ'**થી જુદો પાડીને ઓળખવાનું સહેલું બને.

'દ્ય' અને 'ધ્ય'નો ભેદ

ઉચ્ચારણની શુદ્ધિ માટે '**દ્ય**' અને '**ધ્ય**' આ બંને જોડાક્ષરો વચ્ચેનો ભેદ સમજી લેવો જરૂરી છે. વ્યંજનભેદ, આકૃતિભેદ અને ઉચ્ચારણભેદ આમ ત્રણ ભેદો બંનેને બરાબર જુદા પાડી બતાવે છે.

૧. '**દ્ય**' આ જોડાક્ષર 'द् + ય'નો બનેલો છે. આમાં દેવનાગરીના 'द्'ની સાથે નીચેના ભાગે '**ય**' જોડાયેલો છે, અર્થાત્ 'द् + ય'નું જોડાણ ઉપર - નીચે થયેલું છે.

તેથી તેમાં પ્રથમ દરવાજાના 'દ'નું જ ઉચ્ચારણ થાય, ત્યાર પછી જ '**ય**'નું ઉચ્ચારણ થાય.

વિદ્યા-વિદ્યાર્થી-વિદ્યાલય-વિદ્યાપીઠ-વિદ્યાશાળા-વિદ્યાદેવી-વિદ્યાગુરુ-વિદ્યાધર-વિદ્યાનંદ-વિદ્યાવાચસ્પતિ-અદ્યતન-અદ્ય- ગદ્ય-પદ્ય-સદ્ય-હૃદ્ય-આદ્ય-વાદ્ય-ખાદ્ય-અખાદ્ય-અદ્યાપિ-આતોદ્ય-આસ્વાદ્ય-આદ્યંત-સાદ્યંત-ઉદ્યત-ઉદ્યમ-ઉદ્યમી-ઉદ્યાન-ઉદ્યાપન-ઉદ્યોત-ઉદ્યોગ-ગ્રામોદ્યોગ-ઉદ્યોગપતિ-ખદ્યોત-પ્રદ્યોતન-છેદ્ય-ભેદ્ય-વેદ્ય-વૈદ્ય-દ્યૂત-દ્યુતિ-વિદ્યુત-દ્યુસત્-દ્યુમણિ - દ્યુમ્ન - પ્રદ્યુમ્ન - કૂદ્યું - ખૂંદ્યું - ખોદ્યું - છેદ્યું.

ઉપરના સર્વ શબ્દોમાં દરવાજાના 'द्'ની સાથે 'ય' જોડાઈને બનેલો 'દ્ય' જોડાક્ષર છે.

આ જોડાક્ષર બોલતી વખતે આપણા મુખમાંથી પ્રથમ ધજાના 'ધ'નું નહીં, પણ દરવાજાના 'દ'નું જ ઉચ્ચારણ થવું જોઈએ. તો જ આપણે આ જોડાક્ષર '**દ્ય**'ને સાચી રીતે ઓળખ્યો કહેવાય.

૨. '**ધ્ય**' આ જોડાક્ષર 'ધ્ + ય'નો બનેલો છે. આમાં ધજાના 'ધ'ની સાથે '**ય**' સીધી લીટીમાં જોડાયેલો છે.

તેથી તેમાં પ્રથમ ધજાના '**ધ**'નું અને પછી '**ય**'નું ઉચ્ચારણ થાય.

અધ્યયન - અધ્યાપક - આધ્યાત્મિક - આરાધ્ય - સાધ્ય - ધ્યેય - ધ્યાન - બેધ્યાન - બાધ્ય - વધ્ય - વંધ્ય - વિંધ્ય - વિંધ્યાચલ

ઉપરના સર્વ શબ્દોમાં ધજાના '**ધ**'ની સાથે '**ય**' જોડાઈને બનેલો '**ધ્ય**' જોડાક્ષર છે.

આમાં ખાસ નોંધપાત્ર બાબત એ છે કે, 'ધ્ + ય'નો જોડાક્ષર '**ધ્ય**' આવો બને છે, પણ '**દ્ય**' આવો બનતો નથી.

આ જોડાક્ષર બોલતી વખતે આપણા મુખમાંથી પ્રથમ દરવાજાના 'દ'નું નહીં, પણ ધજાના '**ધ**'નું જ ઉચ્ચારણ થવું જોઈએ. તો જ આપણે આ જોડાક્ષર '**ધ્ય**'ને સાચી રીતે ઓળખ્યો કહેવાય.

'**દ્ય**' અને '**ધ્ય**' જોડાક્ષરનો આ ભેદ સારી રીતે સમજીને ધ્યાનમાં રાખવામાં આવે તો **વિદ્યા**, **વિદ્યાર્થી**, **ઉદ્યોગ**, આદિ '**દ્ય**' જોડાક્ષરવાળા અને **અધ્યાપક**, **આધ્યાત્મિક**, **બેધ્યાન**, **સંધ્યા** આદિ '**ધ્ય**' જોડાક્ષરવાળા શબ્દોનાં લેખન-ઉચ્ચારણમાં ગુજરાતભરમાં વ્યાપકરૂપે પ્રચલિત બનેલી અશુદ્ધિનું પણ સહેલાઈથી નિવારણ થઈ જાય.

ઓમ્ (ૐ)

(અ+ઉ+મ્=ઓમ્) 'અ+ઉ+મ્' એવા અક્ષરોનું 'ૐ' એ પ્રતીક છે, અર્થાત્ '**ઓમ્**' એવા મૂળ સ્વરૂપનું એ વૈકલ્પિક રૂપ છે. એને સંયોગ (જોડાક્ષર) માનવો એ અજ્ઞાન છે.

– ડૉ. અ. ન. જાની

'ષ્ટ' અને 'ષ્ઠ'નો ભેદ

'ષ્ટ' અને 'ષ્ઠ' આ બે જોડાક્ષરો વચ્ચેનો ભેદ સમજી લેવા જેવો છે.

'ષ્ટ' જોડાક્ષરમાં રહેલો '**ટ**' એ કર્મણિ ભૂતકૃદન્તના '**ત**' પ્રત્યયનું સંધિથી બનેલું રૂપાન્તર છે; જેમ કે, કૃષ્ + ત = કૃષ્ટ, પૃચ્છ્ + ત = પૃષ્ટ વગેરે.

'ષ્ઠ' જોડાક્ષરવાળા શબ્દોમાં, શબ્દની ઉત્તરમાં (પછી) ઘણું કરીને સર્વોત્કુષ્ટતાદર્શક 'ઈષ્ઠ' પ્રત્યય જોડાયેલો હોય છે; જેમ કે, ગુરુ + ઈષ્ઠ = **ગરિષ્ઠ** (અત્યંત ગુરુ), સ્વાદુ + ઈષ્ઠ = **સ્વાદિષ્ઠ** (અતિ સ્વાદુ) વગેરે.

ગુજરાતી ભાષામાં **ઈષ્ટ, અનિષ્ટ, શિષ્ટ, વિશિષ્ટ, નષ્ટ, ભ્રષ્ટ** જેવા અંતે 'ષ્ટ' જોડાક્ષરવાળા શબ્દોની સંખ્યા વધુ હોવાથી '**ઈષ્ઠ**' પ્રત્યય લાગીને બનેલા અંતે 'ષ્ઠ' જોડાક્ષરવાળા અલ્પસંખ્યક એવા ગરિષ્ઠ, **વરિષ્ઠ, જ્યેષ્ઠ, પાપિષ્ઠ, ધર્મિષ્ઠ, સ્વાદિષ્ઠ** વગેરે શબ્દોનાં લેખન-ઉચ્ચારણમાં સામ્યભ્રાન્તિથી અશુદ્ધિ પ્રવેશે છે. તેથી લોકો, '**વરિષ્ઠ કોર્ટ વકીલ**', '**જ્યેષ્ઠ બંધુ**', '**પાપિષ્ઠ** કે **ધર્મિષ્ઠ માણસ**', '**સ્વાદિષ્ઠભોજન**' એમ સાચું લખવા-બોલવાને બદલે, '**વરિષ્ટકોર્ટ વકીલ**', '**જ્યેષ્ટ બંધુ**', '**પાપિષ્ટ** કે **ધર્મિષ્ટ માણસ**', '**સ્વાદિષ્ટ ભોજન**' એવું ખોટું લખે-બોલે છે. અર્થાત્ 'ષ્ઠ'ના સ્થાને ખોટી રીતે 'ષ્ટ' જોડાક્ષર પ્રયોજે છે.

'ષ્ટ' અને 'ષ્ઠ' જોડાક્ષરનો ઉપર બતાવેલો ભેદ જો સમજી-વિચારીને ધ્યાનમાં રાખવામાં આવે તો જ અશુદ્ધિનું નિવારણ થઈ શકે.

'સ્ર' અને 'સ્ત્ર'નો ભેદ

સ્ + ર = **'સ્ર'** અને સ્ + ત્ + ર = **'સ્ત્ર'**.

'સ્ર' અને **'સ્ત્ર'**નો આ ભેદ ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

'સહસ્ર' એટલે એક હજારની સંખ્યા. આ **'સહસ્ર'** શબ્દમાં 'સ્+ર' આ બે સંયુક્ત વર્ણોવાળો **'સ્ર'** છે, પણ **'સ્+ત્+ર'** આ ત્રણ સંયુક્ત વર્ણોવાળો **'સ્ત્ર'** નથી.

'સહસ્ર' શબ્દ છે, પણ **'સહસ્ત્ર'** શબ્દ નથી, તેથી **'સહસ્રફણા'**, **'સહસ્રલિંગ'** લખાય-બોલાય, પણ **'સહસ્ત્રફણા'**, **'સહસ્ત્રલિંગ'** એમ લખાય-બોલાય નહિ. એમ લખવું-બોલવું વ્યાકરણ-દૃષ્ટિએ ખોટું છે. **આપણે આ ભૂલ સુધારી લેવી જોઈએ.**

હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સ્વરોની માત્રા

હ્રસ્વ સ્વરની ૧ માત્રા, દીર્ઘ સ્વરની ૨ માત્રા અને પ્લુત સ્વરની ૩ માત્રા.

સ્વરમાત્રા એટલે સ્વરના ઉચ્ચારણમાં લાગતો સમય.

સંસ્કૃત વૈયાકરણોના મત પ્રમાણે કુકડાના કુક્, કુઉક્, કુઉઉક્ (કુઊક્) **કુક રે કૂક** - વાસ્તવમાં ઉ - ઊ - ઊ એ અવાજમાં

૧ ૨ ૩ ૧ ૨ ૩

ક્રમશઃ હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત સ્વરોની માત્રા(માપ) મળે છે.

અરે, શાંતિ-ઇ-ઇ ! **'શાંતિ'** શબ્દનો છેલ્લો **'ઈ'** સ્વર લંબાવીને બોલાય તે પ્લુત છે.

‘ઘ’ અને ‘ધ’નો ભેદ

‘ઘ’યુક્ત અને **‘ધ’**યુક્ત જોડાક્ષરોને સાચી રીતે લખવા અને ઓળખવા માટે ઘરના **‘ઘ’** અને ધજાના **‘ધ’**ની આકૃતિના ભેદને પણ સારી રીતે સમજીને ધ્યાનમાં રાખવા યોગ્ય છે.



૧. ઘરના **‘ઘ’**નું તીરથી બતાવેલું આ પાંખડું અંદરની બાજુએ સહેજ વળેલું રહે છે.

૨. ઘરના **‘ઘ’**ની તીરથી બતાવેલી આ ઊભી લીટીને અર્થાત્ દંડને ઉપરના પાંખડા સુધી ઊંચે લઈ જવાય છે.

ઘરના **‘ઘ’** અંગેની આ બંને વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.



૧. ધજાના **‘ધ’**ના તીરથી બતાવેલા આ પાંખડાને અંદરની બાજુએ વળાંક આપવામાં આવતો નથી. એને ઊંચે જતું રખાય છે.

૨. ધજાના **‘ધ’**ની આ ઊભી લીટીને, અર્થાત્ દંડને તીર સુધી જ ઊંચે લઈ જવાય છે તેથી વધારે ઊંચે લઈ જવાતો નથી.

ઘરના **‘ઘ’**ની જેમ ધજાના **‘ધ’**ની પણ આ બંને વાત બરાબર ધ્યાનમાં રાખવા યોગ્ય છે.

‘ઘ’ અને **‘ધ’**ની ઉપર બતાવેલી આકૃતિનો અભ્યાસ કરવાથી **‘ઘ - ધ’** બંને એકબીજાથી સદન્તર ભિન્ન છે, એ વાત સારી રીતે સમજાઈ જાય છે.

નોંધ : સને ૧૯૩૫ આસપાસ ડૉ. કે. કા. શાસ્ત્રીએ નાગરી માટે મથાળે મીંડાવાળો '**ધ**' સૂચવેલો, જે હાલમાં કૉમ્પ્યુટરમાં નાગરી લિપિમાં પ્રચલિત છે.

તા.ક. '**ઘ**' અને '**ધ**'ની આકૃતિ એક-બીજાની ભ્રાન્તિ કરાવનારી હોવાથી સામાન્ય જનો દ્વારા '**ઘૃણા**'ને બદલે '**ધૃણા**', '**મેધા**'ને બદલે '**મેઘા**', '**અશ્વમેધ**'ને બદલે '**અશ્વમેઘ**' જેવા ઉચ્ચારણના અને લેખનના ગોટાળા થયા કરે છે.

નાગરી લિપિની જેમ ગુજરાતી લિપિમાં પણ મથાળે મીંડાવાળો '**ધ**' અપનાવાય તો '**ઘ-ધ**'ની આકૃતિનો સુસ્પષ્ટ ભેદ સામાન્ય જનો પણ સહેલાઈથી પારખી શકે, એથી ઉચ્ચારણનો ગોટાળો થવાનો સંભવ રહે નહિ.

વર્ણ અને અક્ષર

ઉચ્ચાર્યમાણ ધ્વનિનું ટૂંકામાં ટૂંકું લિપિ રૂપ એ '**વર્ણ**'. '**વર્ણ**' એ સ્વર પણ હોઈ શકે અથવા સ્વર સાથેનો વ્યંજન પણ હોઈ શકે.

વ્યવહારમાં સ્થૂળ દૃષ્ટિએ '**વર્ણ**' અને '**અક્ષર**' પર્યાયરૂપે પણ વપરાય છે; દા.ત., **સંસ્કૃત વર્ણમાળા.**

વ્યાકરણમાં '**વર્ણસમામ્નાય**' અને '**અક્ષરસમામ્નાય**' આ બંને વપરાય છે.

– ડૉ. અ. ન. જાની

૫ ઉચ્ચારવિચાર

ઉચ્ચારણપદ્ધતિ

જોડાક્ષરની સમ્યક્ (યોગ્ય) ઉચ્ચારણ-પદ્ધતિને જાણ્યા વિના તેનું ઉચ્ચારણ કરવાથી તેમાંના અડધા(ખોડા) અક્ષરો આખા અને આખા અક્ષરો અડધા બોલાઈ જવાનો તેમ જ તેમાં જે અક્ષરો હોય તે નીકળી જવાનો અને ન હોય તે આવી જવાનો સંભવ રહે છે. એવું ન બને તે માટે જોડાક્ષરના ઉચ્ચારણની સમ્યક્ પદ્ધતિને જાણી લેવી જરૂરી છે.

સમ્યક્ ઉચ્ચારણ પદ્ધતિ : શબ્દમાં બે/ચાર જોડાક્ષર હોય તેથી શબ્દ મોટો બની ગયો હોય ત્યારે તેના લાંબા ઉચ્ચારણમાં નીચે બતાવ્યા પ્રમાણે અર્થાત્ અડધા અક્ષરને અંતે અલ્પવિરામ આવે અને પ્રારંભ પૂર્ણ અક્ષરથી થાય તે રીતે આગળ વધવાથી જોડાક્ષરોનું પણ સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ કરી શકાય છે; જેમ કે,

કાર્યોન્મુખ – કાર્, યોન્, મુખ　　**સત્તત્ત્વ – સત્, તત્, વ**

મર્મોદ્ઘાટન – મર્, મોદ્, ઘાટન　　**ચાતુર્વર્ણ્ય – ચાતુર્, વર્ણ્ય**

મૂર્ધન્ય – મૂર્, ધન્ય　　**હર્ષોલ્લાસ – હર્, ષોલ્, લાસ**

વિદ્વદ્વર્ય – વિદ્, વદ્, વર્ય　　**ઉદ્યદ્દિવાકર – ઉદ્, યદ્, દિવાકર**

સમ્યક્ ઉચ્ચારણ અંગેની આ રીત (ચાવી) સર્વત્ર લાગુ પડશે એમ કહેવાનો આશય નથી. ક્યાંક બીજી રીતે પણ શુદ્ધ ઉચ્ચારણ થઈ શકે; જેમ કે,

સંક્રાન્તિ – સઙ્,ક્રાન્તિ　　**વિદ્યાવ્યાસંગ – વિદ્યા,વ્યાસંગ**

રાષ્ટ્રધ્વજ – રાષ્ટ્ર,ધ્વજ　　**સૂર્યસ્નાન – સૂર્ય,સ્નાન**

જ્યાં જેમ શુદ્ધ ઉચ્ચારણ થઈ શકે ત્યાં તેમ કરવું યોગ્ય છે.

જોડાક્ષરની સમ્યક્ ઉચ્ચારણપદ્ધતિને નહિ જાણનારાં બાળકોને, આગળ બતાવ્યા પ્રમાણે જોડાક્ષરોવાળા શબ્દોની અંદર વચમાં-વચમાં અલ્પવિરામ કરાવીને બોલતાં શીખવવાથી, તેઓ ગમે તેવા કઠિન

જોડાક્ષરોનું પણ સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ કરતાં શીખી શકે છે. આ વાત અનુભવસિદ્ધ છે; દા.ત.,

પાયચ્છિત્ત – પા, યચ્, છિત્, ત	**અન્નત્થ – અન્, નત્, થ**
પડિક્કમામિ – પ, ડિક્, કમામિ	**કાઉસ્સગ્ગં – કા, ઉસ્, સગ્, ગમ્**
આઇચ્ચેસુ – આ, ઇચ્, ચેસુ	**સવ્વન્નૂણં – સવ્, વન્, નૂણમ્**
ધમ્મસ્સ – ધમ્, મસ્, સ	**વઇક્કંતો – વ, ઇક્, કન્, તો**
અનિન્હવણે – અ, નિન્, હવણે	**સમ્મદિટ્ઠિ – સમ્, મદ્, દિટ્, ઠિ**
પચ્ચક્ખામિ – પચ્, ચક્, ખામિ	**નમોર્હત – નમોર્, હત્**

લોગવિરુદ્ધચ્ચાઓ – લોગ, વિરુદ્, ધચ્, ચાઓ

તિણ્હં ગુણવ્વયાણં – તિણ્, હમ્, ગુણવ્, વયાણમ્

વિદ્યાગુરુઓએ શરૂઆતમાં નાનાં બાળકોને જોડાક્ષરવાળો શબ્દ આવી રીતે અલ્પવિરામથી છૂટો પાડીને બોલતાં શીખવવું અને તેવી જ રીતે ગોખતાં શીખવવું, તે શબ્દ ગોખાઈને રૂઢ થયા પછી અલ્પવિરામ વિના શુદ્ધ રીતે બોલી શકાશે.

❀

સંસ્કૃત શબ્દોમાં અનુસ્વારને બદલે પરસવર્ણ જ કરવો; જેમકે, **गङ्गा, चञ्चू, कण्ठ, सम्प, शान्ति ।**

अनुस्वारस्य ययि परसवर्णः અનુસ્વાર પછી **'श-ष-स-ह'** સિવાયના વ્યંજનો આવે તો તે અનુસ્વારને બદલે તેના પછી આવેલા વ્યંજનનો સવર્ણ અનુનાસિક વ્યંજન મુકાય છે. **वा पदान्तस्य ।** આ સૂત્રથી શબ્દમાં બે પદ જુદા હોય ત્યાં વિકલ્પ છે; જેમકે, **'त्वं कुरु, त्वङ्कुरु ।**

धनंजयः શબ્દમાં સમાસમાં બે પદ હોવાથી વિકલ્પ આવે; જેમ કે, **'धनंजयः - धनञ्जयः ।** **'धनम् + जयः'** માં **'म्'**ના સ્થાને તેના પછી આવેલા **'ज्'** વર્ગનો અનુનાસિક વ્યંજન **'ञ्'** મુકાયો છે.

ઉચ્ચારશુદ્ધિ માર્ગદર્શન

૧. **'મહવ્વય'** શબ્દનું ઉચ્ચારણ **'મહાવય'** કરાતું જોવામાં આવે છે. આમાં બીજો અક્ષર **'હ'** છે, પણ **'હા'** નથી. ત્યાર પછી **'વ'** અક્ષર નથી, પણ **'વ્વ'** જોડાક્ષર છે. આ શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે પ્રથમ **'મ'** બોલીને સહેજ અટકવું અને પછી **'હવ્વય'** બોલવું, જેથી શુદ્ધ ઉચ્ચારણ શક્ય બનશે; જેમ કે, **મ - હવ્વય**

૨. સૂત્રોમાં જ્યાં જ્યાં **'વંદિઉં'** પદ આવે છે, ત્યાં ત્યાં સર્વત્ર છેલ્લો અક્ષર 'ઉ' મીંડાવાળો જ છે એ વાત ધ્યાનમાં રાખવી. મીંડા વગરનો 'ઉ' બોલતી વખતે બે હોઠ ભેગા નહિ થાય, જ્યારે મીંડાવાળો 'ઉં' બોલતી વખતે બે હોઠ ભેગા થઈ જશે, માટે **'વંદિઉં'** પદ બોલતી વખતે છેલ્લે બે હોઠ ભેગા થઈ જવા જોઈએ.

૩. **'મત્થએણ'** શબ્દમાં ત્રણ અક્ષર અને એક જોડાક્ષર મળીને ચાર અક્ષર છે, ત્રણ અક્ષરો નથી. **'મત્થએણ'** શબ્દનું શુદ્ધ ઉચ્ચારણ કરવા માટે પ્રથમ **'મત્થ'** બોલીને સહેજ અટકી **'એણ'** બોલવું, જેથી શુદ્ધ ઉચ્ચારણ શક્ય બનશે; જેમ કે, **'મત્થ - એણ'**

૪. **'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ઈરિયાવહિયં પડિક્કમામિ ?', 'ઈચ્છકારી ભગવન્ પસાય કરી સામાયિકદંડક ઉચ્ચરાવોજી', 'ઈચ્છકારી ભગવન્ પસાય કરી પચ્ચક્ખાણનો આદેશ દેશોજી', 'ઈચ્છકારી ભગવન્ પસાય કરી વાયણા પસાય કરશોજી'**. આ ચારેય વાક્યોમાં **'ભગવાન્'** શબ્દ નથી, પણ **'ભગવન્'** શબ્દ છે તે ધ્યાનમાં રાખવું.

૫. **'સ્વામી સાતા છે જી ?', ઈરિયાવહિયં પડિક્કમામિ?, અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર રાઈઅં (દેવસિઅં) ખામેઉં ?** આ બધાં વાક્યો પ્રશ્નરૂપે છે, તેથી તે વાક્યો આપણે પ્રશ્ન કરતા હોઈએ તે રીતે જ બોલવાં જોઈએ.

૬. **'પણગદગ, મટ્ટીમક્કડા'** એવી રીતે બોલવું નહિ, પણ **'પણગ, દગમટ્ટી, મક્કડા'** એમ બોલવું જોઈએ. **'દગ'** અને **'મટ્ટી'** બંને સંબંધિત પદો હોવાથી **'દગમટ્ટી'** એ પ્રમાણે સાથે જ બોલવું જોઈએ.

એવી જ રીતે **'ઠાણાઓ ઠાણં સંકામિઆ'** આ ત્રણેય પદો પણ સાથે જ બોલવાં જોઈએ.

૭. **'તસ્સ'** બોલ્યા પછી સહેજ અટકીને **'મિચ્છા મિ દુક્કડં'** બોલવું. 'દુક્કડં'માં **'ક'** નહિ, પણ **'ક્ક'** છે તે ધ્યાનમાં રાખવું.

૮. **'ભમલીએ'** શબ્દમાં **'મ'** એક જ છે, બે નથી, માટે **'ભમ્મલીએ'** બોલવું નહિ.

૯. **'સુહુમેહિં'** શબ્દમાંનો બીજો અક્ષર **'હુ'** છે, પણ **'હ'** નથી અને છેલ્લો અક્ષર મીંડાવાળો **'હિં'** છે, પણ મીંડા વગરનો **'હિ'** નથી, માટે **'સુહમેહિ'** એવું અશુદ્ધ બોલવું નહિ, પણ **'સુહુમેહિં'** એમ શુદ્ધ જ બોલવું.

એવી જ રીતે **'એવમાઇ - એહિં આગારેહિં'** પદમાં પણ બંને **'હિ'** મીંડાવાળા **(હિં)** છે તે ધ્યાનમાં રાખવું.

૧૦. **'લોગસ્સ'**માં **'ઉસભ, સંભવ, સીઅલ, સિજ્જંસ, વિમલ'** આ પાંચ ભગવાનનાં નામના છેલ્લા અક્ષર ઉપર મીંડાં નથી, પણ તે સિવાયના બધા જ ભગવાનનાં નામના છેલ્લા અક્ષર ઉપર મીંડાં છે, તે ખાસ ધ્યાનમાં રાખવું અને તેમાં છેલ્લે બે હોઠ ભેગા કરીને મીંડાં બરાબર બોલવાં.

૧૧. **'સંભવમભિણંદણં ચ'**ને બદલે મોટે ભાગે **'સંભવમભિ અણંદણં ચ કે હણંદણં ચ'** આવી રીતે પદચ્છેદ કરીને પાઠ આપવા-લેવામાં આવતો હોવાથી આ પદનું ઉચ્ચારણ અશુદ્ધ બને છે. બાળકો શબ્દના આદિમાં રહેલા 'ણ'નું શુદ્ધ ઉચ્ચારણ કરી શકતાં નથી. આગળ **'અ'** કે **'હ'** જોડીને **'અણ'** કે **'હણ'** બોલે છે. તેથી ઉચ્ચારણમાં અશુદ્ધિ આવે છે. આ અશુદ્ધિનું નિવારણ કરવા માટે આ પદનો **'સંભવ - મભિણંદણં ચ'** આવી રીતે પદચ્છેદ કરીને જ પાઠ આપવો-લેવો જોઈએ. **'ણંદણં ચ'**ની આગળ **'મભિ'** રાખી દેવાથી **'ણ'** અક્ષર પદની અંદર આવી જાય છે, તેથી તેનું શુદ્ધ ઉચ્ચારણ સરળ બની જાય છે.

૧૨. **'ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ !'**, **'કરેમિ ભંતે !'**, **'તસ્સ ભંતે !'** આ બધાં સંબોધનપદો છે. તે સંબોધનરૂપ હોવાથી **'ભગવન્'** અને **'ભંતે'** શબ્દમાંનો છેલ્લો સ્વર અર્થાત્ **'ભગવન્ !'** શબ્દમાં **'વ'**નો **'અ'** અને **'ભંતે !'** શબ્દમાં **'તે'**નો **'એ'** લંબાવીને બોલવા.

૧૩. **'કાઉસ્સગ્ગં'** કે **'કાઉસ્સગ્ગો'** શબ્દમાં બે **'સ્સ'** અને બે **'ગ્ગ'** છે તે ધ્યાનમાં રાખીને તે તેવી જ રીતે બોલવા અને બોલતી

વખતે બે **'સ્સ'** અને બે **'ગ્ગ'** બરાબર બોલાય છે કે નહિ તે જોવું. **'કા - ઉસ્ - સગ્ - ગમ્'** આમ ચાર વિભાગપૂર્વક આ શબ્દ બોલવાથી તેનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

૧૪. **'પચ્ચક્ખામિ'** શબ્દમાં બે **'ચ્ચ'** છે, તેમ જ **'ક્'** અને **'ખ'** જોડાયેલા છે. આમાં વચ્ચે બે જોડાક્ષર છે અને આગળ-પાછળ એક એક અક્ષર છે. બે અક્ષર અને બે જોડાક્ષર મળી ચાર અક્ષરનો બનેલો આ શબ્દ છે. તેનું ઉચ્ચારણ કરતી વખતે આપણા મુખમાંથી બે **'ચ્ચ'** અને પછી અર્ધો **'ક્'** બરાબર બોલાય છે કે નહિ તે ધ્યાનપૂર્વક જોવું ને બધા અક્ષરોનું સ્પષ્ટ ઉચ્ચારણ કરવું. **'પચ્-ચક્-ખામિ'** આમ ત્રણ વિભાગ કરીને બોલવાથી તેનું સુસ્પષ્ટ ઉચ્ચારણ સહેલાઈથી થઈ શકશે.

૧૫. **'સામાઇઅમ્મિ ઉ કએ'** આમાં **'ઉ'** પછી **'ક'** એક જ છે, બે નથી તે ધ્યાનમાં રાખીને તેનું શુદ્ધ ઉચ્ચારણ કરવું. **'ઉ'** બોલ્યા પછી સહેજ અટકીને **'કએ'** બોલવાથી તેનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

૧૬. **'એએણ કારણેણં'** આમાં બીજો **'ણ'** મીડાંવાળો **(ણં)** છે, પણ પહેલો **'ણ'** મીંડા વગરનો છે તે ધ્યાનમાં રાખીને તેનું શુદ્ધ ઉચ્ચારણ કરવું.

૧૭. **'તે સવિ હુ'**માં **'હુ'** મીંડાવાળો નથી, પણ મીંડા વગરનો છે તે ખાસ ધ્યાનમાં રાખવું.

૧૮. **'જં કિંચિ'**માં **'જાઈં'**, **'તાઈં'**, **'સવ્વાઈં'** આ ત્રણેય પદોમાં **'ઈં'** ઉપર મીંડું છે, તે ધ્યાનમાં રાખીને ત્રણેય પદોમાં છેલ્લો **'ઈં'** (ઇમ્) બોલતી વખતે બે હોઠ ભેગા થઈ જાય તે રીતે તેનું શુદ્ધ ઉચ્ચારણ કરવું.

૧૯. **'નમુત્થુ ણં'**માં **'ધમ્મદયાણં'** આદિ પદો બોલતી વખતે તેમાંનું **'ધમ્મ'** પદ બે **'મ્મ'**ના ઉચ્ચારણપૂર્વક બોલવું. તેમ જ **'ધમ્મદેસિયાણં'** નથી, પણ **'ધમ્મદેસયાણં'** છે (**'સિ** નથી, **'સ'** છે) તે ધ્યાનમાં રાખવું. **'જે અ અઈઆ સિદ્ધા'** અને **'જે અ ભવિસ્સંતિ'** પદ બોલતી વખતે તેમાંનો વચલો **'અ'** બોલવો રહી ન જાય તેની કાળજી રાખવી.

૨૦. **'ણાગએ કાલે'** અને **'ણમો જિણમએ'** વગેરે પદો બોલતી વખતે આદિમાં રહેલા **'ણા-ણ'**ની પૂર્વે **'અ'** કે **'હ'** જોડાઈ ન જાય તેની કાળજી રાખવી.

'અણાગએ' કે **'હણાગએ'** અને **'અણમો'** કે **'હણમો'** બોલવું નહિ, પણ **'ણાગએ'** અને **'ણમો'** જ બોલવું.

વારંવાર પ્રયત્ન કરવાથી આગળ **'અ'** કે **'હ'** જોડ્યા વિના **'ણ'**નું ઉચ્ચારણ થઈ શકે છે, તે માટે તેવો પ્રયત્ન કરવો.

૨૧. **'જાવંત કે વિ સાહૂ'**માં **'જાવંત'** અને **'વિરયાણં'** એવાં બે શુદ્ધ પદ બરાબર ધ્યાનમાં રાખવાં. તે બંને પદ **'જાવંતિ'** અને **'વીરિયાણં'** એવાં અશુદ્ધ ન બની જાય તેની કાળજી રાખવી.

૨૨. **'નમોર્હત્'**માં **'પાધ્યાયે'** નહિ, પણ **'પાધ્યાય'** એમ શુદ્ધ જ બોલવું.

૨૩. **'ઉવસગ્ગહરં'**માં **'મંગલકલ્લાણઆવાસં'** પદ બોલતી વખતે **'કલ્લાણ'** બોલવું, પણ **'કલ્યાણ'** બોલવું નહિ.

૨૪. **'જય વીયરાય'**માં **'ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ'**ને બદલે **'ભવનિવ્વેઓ મગ્ગા અણુસારિઆ'** એવું અશુદ્ધ બોલાતું સાંભળવામાં આવે છે. અશુદ્ધિના નિવારણ માટે **'મગ્ગાણુસારિઆ'** પદ સાથે જ બોલવું, પણ **'મગ્ગા ણુસારિઆ'** એમ છૂટું પાડીને બોલવું નહિ. **'ભવનિવ્વેઓ મગ્ગા ણુસારિઆ'** એવો ખોટો પદચ્છેદ કરીને પાઠ આપવા-લેવામાં આવતો હોવાથી આ પદનું ઉચ્ચારણ અશુદ્ધ બને છે. **'મગ્ગા'** પછી **'ણુસારિઆ'** જુદું પાડવાથી વચમાં રહેલો **'ણ'** અક્ષર આદિમાં આવી જાય છે. બાળકો પદના આદિમાં રહેલા **'ણ'**નું તેની પૂર્વે **'અ'** કે **'હ'** જોડ્યા વિના સ્પષ્ટ કે શુદ્ધ ઉચ્ચારણ કરી શકતાં નથી. આથી **'મગ્ગાણુસારિઆ'**ને બદલે **'મગ્ગા અણુસારિઆ'** કે **'મગ્ગા હણુસારિઆ'** એવું અશુદ્ધ પદ બની જાય છે. તેવું ન બને તે માટેની કાળજી શિક્ષકોએ જ રાખવી જોઈએ. **'ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ'** એ પ્રમાણે **'મગ્ગા'** બોલીને અટક્યા વિના જ પાઠ આપવો ને લેવો જોઈએ.

છેલ્લી ગાથામાં **'સર્વમંગલમાંગલ્યં'** એમ શુદ્ધ જ બોલવું, પણ **'સર્વ માંગલ્ય-માંગલ્યં'** એમ અશુદ્ધ કરીને બોલવું નહિ. **'પ્રધાનં સર્વધર્માણમ્'** નહિ, પણ **'પ્રધાનં સર્વધર્માણામ્'** બોલવું. આમાં છેલ્લો અક્ષર **'ણમ્'** નથી, પણ **'ણામ્'** છે તે ધ્યાનમાં રાખવું.

૨૫. **'કલ્લાણકંદં'**માં પહેલી ગાથામાં **'કલ્યાણ'** નહિ, પણ **'કલ્લાણ'** જ બોલવું. **'જિણંદં'** નહિ, પણ **'જિણિંદં'** બોલવું. **'સુગણિક્કઠાણં'** નહિ, પણ **'સુગુણિક્કઠાણં'** બોલવું. **'ભત્તીય'** કે **'ભત્તી'** નહિ, પણ **'ભત્તીઈ વંદે'** બોલવું. **'વર્ધમાનં'** નહિ, પણ **'વદ્ધમાણં'** બોલવું.

ત્રીજી ગાથામાં **'પણાસિઆસે સકુવાઈદપ્પં'** નહિ, પણ **'પણાસિઆસેસ કુવાઈદપ્પં'** બોલવું. ચોથી ગાથામાં **'કુંદિંદુગોક્ખી રતુસારવન્ના'** નહિ, પણ **'કુંદિંદુ-ગોક્ખીર-તુસારવન્ના'** એવા વિભાગ પાડીને જ બોલવું.

૨૬. **'સંસારદાવા'**ની થોય એમ બોલાય છે તે બરાબર નથી. તેમાં **'દાવાનલ'** શબ્દ તૂટી જાય છે. માટે **'સંસારદાવાનલ'**ની થોય એમ બોલવા-લખવાનો પ્રચાર થવો જોઈએ. છેલ્લી ગાથામાં **'લિઢલો'** નહિ, પણ **'લીઢલો'** બોલવું.

૨૭. **'પુક્ખરવર-દીવડ્ઢે'**માં **'પુક્ખરવરદી-વડ્ઢે'** નહિ, પણ **'પુક્ખરવર-દીવડ્ઢે'** બોલવું. તેમ જ બીજી ગાથામાં **'તમતિમિરપડલવિદ્ધંસણસ્સ'** આ આખુંય પદ સાથે જ બોલવું, **'સણસ્સ'** જુદું પાડવું નહિ. **'ણમો જિણમએ'**માં **'ણમો'** જ બોલવું, પણ **'અણમો'** કે **'હણમો'** બોલવું નહિ.

૨૮. **'વેયાવચ્ચગરાણં'**માં **'સમ્મદિટ્ઠિ'** શબ્દમાં **'દ્દ'** (**દ્+દ**) છે તે ધ્યાનમાં રાખીને **'સમ્મદિટ્ઠિ'** નહિ, પણ **'સમ્મદ્દિટ્ઠિ'** બોલવું. **'સમ્-મદ્-દિટ્ઠિ'** આમ ત્રણ વિભાગપૂર્વક આ શબ્દ બોલવાથી તેનું સહેલાઈથી શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

૨૯. **'ભગવાન્હં'**માં **'સર્વસાધુભ્યઃ'** કે **'સર્વસાધુભ્યમ્'** નહિ, પણ **'સર્વસાધુહં'** બોલવું.

૩૦. **'ઈચ્છામિ ઠામિ'**માં **'ઉસુત્તો ઉમગ્ગો'** નહિ, પણ **'ઉસ્સુત્તો ઉમ્મગ્ગો'** બોલવું. પહેલા પદમાં **'સુ'** નહિ, પણ **'સ્સુ'** છે અને બીજા પદમાં **'મ'** નહિ, પણ **'મ્મ'** છે તે ધ્યાનમાં રાખવું. **'ઉસ્-સુત્-તો'**, **'ઉમ્-મગ્-ગો'** આમ ત્રણ-ત્રણ વિભાગપૂર્વક બોલવાથી સહેલાઈથી તે બંનેનું શુદ્ધ ઉચ્ચારણ થઈ શકશે.

તેવી જ રીતે **'તિણ્ણં ચઉણ્ણં'** નહિ, પણ **'તિણ્હં ચઉણ્હં'** બોલવું. **'તિણ્-હં'**, **'ચઉણ્-હં'** આમ બબ્બે વિભાગપૂર્વક બોલવાથી તે બંનેનું શુદ્ધ ઉચ્ચારણ સહેલાઈથી થઈ શકશે.

૩૧. **'વાંદણાં'**માં **'વંદિઉ'** નહિ, પણ **'વંદિઉં'** બોલવું. છેલ્લે બે હોઠ ભેગા કરવા. **'નિસ્સિહિઆએ'** નહિ, પણ **'નિસી - હિઆએ'** બોલવું. તેવી જ રીતે આગળ **'નિસ્સિહિ'** નહિ, **'નિસીહિ'** બોલવું. આ બંનેમાં **'સ્સિ'** નથી, પણ **'સી'** છે તે ધ્યાનમાં રાખવું. **'કિલ્લામો'** નહિ, પણ **'કિલામો'** બોલવું.

'અપ્‌કિલંતાણં' નહિ, પણ **'અપ્પકિલંતાણં'** બોલવું. આમાં **'પ્‌'** નથી, પણ **'પ્પ'** છે તે ધ્યાનમાં રાખવું.

'દિવસો વઈકંતો' નહિ, પણ **'દિવસો વઈક્કંતો'** બોલવું. આમાં **'કં'** નથી, પણ **'ક્કં'** છે તે ધ્યાનમાં રાખવું.

'જવણિજ્જં ચ ભે' આ પદના અક્ષરોને બરાબર ધ્યાનથી જુઓ. આમાં **'વ્વ'** નથી, પણ **'વ'** છે, **'જં'** નથી, પણ **'જ્જં'** છે. તેમ જ **'ચ'** અને **'ભે'** જુદા છે, તે બેની વચમાં **'બ્‌'** નથી. માટે **'જવ્વણિ જં ચબ્ભે'** આવું અશુદ્ધ બોલવું નહિ, પણ **'જવણિજ્‌ જં ચ ભે'** આમ વિભાગ પાડીને શુદ્ધ જ બોલવું.

'વઈકમ્મં' નહિ, પણ **'વઈક્કમં'** બોલવું. બે **'મ્મ'** બોલવા નહિ, પણ બે **'ક્ક'** બોલવા. **'દુકડાએ'** નહિ, પણ **'દુક્કડાએ'** એમ બે **'ક્ક'** સહિત બોલવું. **'સવ્વધમ્માઈકમણાએ'** નહિ, પણ **'સવ્વધમ્માઈક્કમણાએ'** એમ બે **'ક્ક'** સહિત બોલવું.

૩૨. **'અબ્ભુટ્ઠિઓ'**માં **'અબ્ભુટ્ઠિઓમિ અભ્યંતર'** નહિ, પણ **'અબ્ભિંતર'** બોલવું. **'સુહમં વા'** નહિ, પણ **'સુહુમં વા'** બોલવું.

૩૩. **'નમોસ્તુ વર્ધમાનાય'**માં **'સ શુક્રમાસોદ્‌ભવવ્રષ્ટિસન્નિભો'** નહિ, પણ **'સ શુક્રમાસોદ્‌ભવવૃષ્ટિસન્નિભો'** બોલવું.

૩૪. **પ્રતિક્રમણમાં સંસ્કૃત ભાષાનું જ 'વરકનકશંખવિદ્રુમ' બોલાય, પણ શાન્તિસ્નાત્રમાં બોલાતું પ્રાકૃત ભાષાનું 'વરકણયસંખવિદ્દુમ' બોલાય નહિ.**

૩૫. **'લઘુ શાન્તિ'**માં **'પ્રધાનવાક્યોપયોગ'** બોલવું, પણ **'વાક્યોપ્રયોગ'** બોલવું નહિ. **'સમ્યગ્દષ્ટીનાં ધૃતિ'** બોલવું, પણ **'સમ્યગ્દ્રષ્ટીનાં ધ્રતિ'** બોલવું નહિ. **'નમો નમઃ શાન્તયે તસ્મૈ'** બોલવું, પણ **'નમો નમો શાન્તયે તસ્મૈ'** બોલવું નહિ.

૩૬. **'સ્નાતસ્યા'**ની થોયમાં **'અર્હદ્વક્ત્રપ્રસૂતં'** બોલવું, પણ **'અર્હદ્વક્ત્રં પ્રસૂતં'** બોલવું નહિ. **'મુનિગણવૃષભૈર્ધારિતં'** બોલવું, પણ **'વૃષભૈર્ધ્વારિતં'** બોલવું નહિ.

૩૭. **'મોટી શાન્તિ'**માં **'પુણ્યાહમ્' 'પુણ્યાહમ્'** બોલવું, પણ **'પુણ્યાહામ્' 'પુણ્યાહામ્'** બોલવું નહિ. **'બૃહસ્પતિ'** બોલવું, પણ **'બ્રહસ્પતિ'** બોલવું નહિ. **'યેષાં શાન્તિર્ગૃહે ગૃહે'** બોલવું, પણ **'યેષાં શાન્તિર્ગ્રહે ગ્રહે'** બોલવું નહિ. **'શાન્તિર્ભવતુ'** બોલવું, પણ **'શાન્તિર ભવતુ'** બોલવું નહિ. **'મેધા વિદ્યાસાધન'** બોલવું, પણ **'મેઘા વિદ્યાસાધન'** બોલવું નહિ.

આ મોટી શાન્તિ સંસ્કૃત ભાષામાં છે, પણ તેની એક ગાથા પ્રાકૃત ભાષામાં છે. પ્રાકૃત ભાષામાં **'શ-ષ'** હોતા નથી. તેનો દન્ત્ય **'સ'** થઈ જવાથી એક જ **'સ'** હોય છે. માટે –

અહં તિત્થયરમાયા, **શિવાદેવી** તુમ્હ નયરનિવાસિની ।
અમ્હ શિવં તુમ્હ શિવં, અશિવોવશમં શિવં ભવતુ ॥

આ ગાથા આમ તાલવ્ય (મીડાંવાળા) **'શ'**પૂર્વક બોલવી નહિ, પણ નીચે પ્રમાણે દન્ત્ય ('સસલા'ના) **'સ'**પૂર્વક જ બોલવી.

અહં તિત્થયરમાયા, **સિવાદેવી** તુમ્હ નયરનિવાસિની ।
અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ ॥ (પ્રાકૃત ભાષા)

૩૮. **'ભરહેસર'**ની સજ્ઝાય ગાથા ૭મી

'વિલિજ્જંતિ', 'વિ+લી' ધાતુનું ૩ પુ.બ.વ.નું રૂપ છે. તે વિલીન થવું, નાશ પામવું એવો અર્થ સૂચવે છે.

વ્યાકરણશાસ્ત્ર અને છંદશાસ્ત્રને નજર સમક્ષ રાખીને વિચારતાં બુદ્ધિ **'વિલયં યાન્તિ'** કે **'વિલયં જન્તિ'**ના સ્થાને **'વિલિજ્જંતિ'** (**સં૰ વિલીયન્તે**) પાઠનો પક્ષપાત કરનારી બને છે.

૩૯. **'સકલાર્હત્'** ગાથા ૩૦મી

'ભાવતોऽહં નમામિ' પાઠની વ્યાકરણ દ્વારા નીચે પ્રમાણે સિદ્ધિ થઈ શકે છે.

'જિનવરભવનાનાં' આ ષષ્ઠી વિભક્ત્યન્ત પદને **'નમામિ'** ક્રિયાપદનું કર્મ માની તેમાં કર્મત્વની અવિવક્ષા કરીને **'શેષે'** (૨-૨-૮૧) (ષષ્ઠી) એ વ્યાકરણના સૂત્ર દ્વારા કર્મમાં દ્વિતીયાને બદલે ષષ્ઠી વિભક્તિનો પ્રયોગ કરી શકાય. જેમ કે **'માષાણામશ્નીયાત'** (અડદ ખાવા જોઈએ)

આ નિયમ પ્રમાણે **'જિનવરભવનાનાં નમામિ'** બને અને તેનો અર્થ **'હું જિનેશ્વરદેવોનાં ચૈત્યોને નમસ્કાર કરું છું'** એવો થાય.

'ભાવતોઽહં નમામિ'ના સ્થાને **'ભાવતોઽર્ચાં નમામિ'** એવો પાઠ કેટલીક પ્રતોમાં જોવા મળે છે. વળી **'હીરસૌભાગ્ય'** કાવ્યના કર્તાએ કાવ્યમાં **'અર્ચા'** શબ્દને પ્રતિમા અર્થમાં યોજ્યો છે અને પોતાના આ અર્થની પુષ્ટિને માટે ટીકામાં **'ભાવતોઽર્ચાં નમામિ'** પાઠનું ઉદાહરણ આપ્યું છે. તેનો અર્થ **'હું જિનપ્રતિમાને ભાવથી નમસ્કાર કરું છું'** એવો થાય છે. વિશેષ વિદ્વાનોએ વિચારવું.

૪૦. પ્રતિક્રમણનાં મોટા ભાગનાં સૂત્ર પ્રાકૃત ભાષામાં છે. બહુ થોડાં સૂત્ર સંસ્કૃત ભાષામાં છે. જે સૂત્ર પ્રાકૃત ભાષામાં છે તે પ્રાકૃત ભાષા પ્રમાણે જ બોલવાં જોઈએ અને જે સંસ્કૃત ભાષામાં છે તે સંસ્કૃત ભાષા પ્રમાણે જ બોલવાં જોઈએ. પણ સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાઓનું મિશ્રણ કરીને બોલાય નહિ; દા.ત.,

૧. **વરકણયસંખવિદ્દુમ-મરગયઘણસન્નિહં વિગયમોહં ।**
સપ્તતિશતં જિનાનાં, સર્વામરપૂજિતં વંદે ॥

આમ અડધું પદ પ્રાકૃતમાં ને અડધું પદ સંસ્કૃતમાં એવી રીતે ગાથા બોલાય નહિ. આખી ગાથા બેમાંથી કોઈ પણ એક જ ભાષામાં બોલાય. **પ્રતિક્રમણમાં તો બે પ્રતિક્રમણ કે પંચ પ્રતિક્રમણ સૂત્રની ચોપડીમાં આપ્યા મુજબ સંસ્કૃત ભાષામાં જ બોલાય.**

૨. દેવસિઅ **પ્રતિક્રમણે** ઠાઉં ? (**'પડિક્કમણે'** બોલવું જોઈએ.)

૩. ભગવાન્હં, આચાર્યહં, ઉપાધ્યાયહં, **સર્વસાધુભ્યઃ**
(**'સર્વસાધુહં'** બોલવું જોઈએ.)

૪. અબ્ભુટ્ઠિઓમિ **અભ્યન્તર** દેવસિઅં ખામેઉં ? (**'અબ્ભિંતર'** બોલવું જોઈએ.)

૫. **શ્રુતદેવતાએ** કરેમિ કાઉસ્સગ્ગં (**'સુઅદેવયાએ'** બોલવું જોઈએ.)

૬. **ક્ષેત્રદેવતાએ** કરેમિ કાઉસ્સગ્ગં. (**'ખિત્તદેવયાએ'** બોલવું જોઈએ.)

આ બધાં દૃષ્ટાંતોમાં સંસ્કૃત-પ્રાકૃત ભાષાઓનું મિશ્રણ કરી નાખવામાં આવ્યું છે. આવી રીતે બે ભાષાનું મિશ્રણ કરીને બોલવાથી દોષ લાગે છે. **'શ્રુતદેવતાએ'** અને **'ક્ષેત્રદેવતાએ'** આ બંને પ્રયોગો પણ અશુદ્ધ છે.

❖

શુદ્ધ ઉચ્ચાર કોને કહેવાય ?

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર કરવા અંગેની મહત્ત્વની બાબતો

(૧) જે શબ્દની અંદર જેટલા અક્ષરો હોય તેટલા જ અક્ષરો બોલાય. એમાં એક અક્ષરની પણ વધ-ઘટ થવી જોઈએ નહિ.

'ખાસીએણં'ને બદલે **'ખાસસીએણં'** બોલાય નહિ. (અક્ષર વધે)

'નમો અરિહંતાણં' ને બદલે **'નમોરિહંતાણં'** બોલાય નહિ. (અક્ષર ઘટે)

'ખમાસમણો' ને બદલે **'ખમાસણો'** બોલાય નહિ. (અક્ષર ઘટે)

'મત્થએણ' ને બદલે **'મથેણ'** બોલાય નહિ. (અક્ષર ઘટે)

(૨) શબ્દમાં જે અક્ષર અડધો (ખોડો) હોય તે અડધો જ બોલાય અને જે અક્ષર આખો હોય તે આખો જ બોલાય. અડધા અક્ષરને બદલે આખો અક્ષર અને આખા અક્ષરને બદલે અડધો અક્ષર બોલાય નહિ.

'શાન્તિર્ ભવતુ' ને બદલે **'શાન્તિરભવતુ'** બોલાય નહિ, અર્થાત્ આમાં અડધાં **'ર્'** ને બદલે આખો **'ર'** (=છેલ્લે **'અ'** ઉમેરીને) બોલાય નહિ.

આખો **'ર'** બોલવાથી પાછળ **'ભવતુ'** ને બદલે **'અભવતુ'** થાય, તેથી **'શાંતિ થાવ'** એવો અર્થ રહે નહિ, અર્થનો અનર્થ થાય.

'જરમરણા'ને બદલે **'જર્મર્ણા'** બોલાય નહિ, અર્થાત્ આમાં આખા **'ર'** ને બદલે અડધો **'ર્'** બોલાય નહિ.

(૩) શબ્દમાં જે અક્ષર હોય તે જ અક્ષર બોલાય, એકને બદલે બીજો અક્ષર બોલાય નહિ.

'એગિંદિયા' ને બદલે **'એકિંદિયા'** બોલાય નહિ, અર્થાત્ આમાં **'ગ'** ને બદલે **'ક'** બોલાય નહિ.

'મેધા' (બુદ્ધિ)ને બદલે **'મેઘા'** (વાદળ) બોલાય નહિ, અર્થાત્ આમાં ધજાના **'ધ'** ને બદલે ઘરનો **'ઘ'** બોલાય નહિ. **'ધ'** ને બદલે **'ઘ'** બોલવાથી અર્થ બદલાઈ જાય છે.

સૂત્રોમાં જ્યાં **'ગૃહ'**, **'દૃષ્ટિ'** વગેરે શબ્દો હોય ત્યાં **'ગૃહ'** (ઘર)ને બદલે **'ગ્રહ'** (સૂર્યાદિ ૯ ગ્રહ) અને **'દૃષ્ટિ'** ને બદલે **'દ્રષ્ટિ'** તેમજ **'વૃષ્ટિ'** ને બદલે **'વ્રષ્ટિ'** બોલાય નહિ, અર્થાત્ આમાં **'ઋ'** સ્વરના સ્થાને **'ર'** વ્યંજન બોલાય નહિ. **'ઋ'** ને બદલે **'ર'** બોલવાથી અક્ષર બદલાઈ જવા ઉપરાંત અર્થ પણ બદલાઈ જાય છે. (જુઓ પાનું ૧૧૫)

'ગ્રહ' ને બદલે **'ગૃહ'** બોલાય નહિ, અર્થાત્ આમાં **'ર'** વ્યંજનને બદલે **'ઋ'** સ્વર બોલાય નહિ, કારણ કે અર્થ બદલાઈ જાય છે.

'સહસ્ર' શબ્દ છે, પણ **'સહસ્ત્ર'** એવો શબ્દ જ નથી, તેથી **'સહસ્ર'** ને બદલે **'સહસ્ત્ર'** બોલાય નહિ, અર્થાત્ બે અક્ષરવાળા **'સ્ર'** (સ્ + ર)ને બદલે ત્રણ અક્ષરવાળો **'સ્ત્ર'** (સ્ + ત્ + ર) બોલાય નહિ.

(૪) શબ્દમાંનો જે અક્ષર હ્રસ્વ હોય તે હ્રસ્વ બોલાય અને દીર્ઘ હોય તે દીર્ઘ બોલાય. હ્રસ્વને બદલે દીર્ઘ અને દીર્ઘને બદલે હ્રસ્વ બોલાય નહિ.

'નિસીહિ' શબ્દમાંનો પહેલો અક્ષર **'નિ'** અને છેલ્લો અક્ષર **'હિ'** હ્રસ્વ હોવાથી હ્રસ્વ બોલાય અને વચ્ચેનો **'સી'** અક્ષર દીર્ઘ હોવાથી દીર્ઘ (= સહેજ લંબાવીને) બોલાય.

હ્રસ્વ સ્વર અને દીર્ઘ સ્વર કેમ બોલાય તે જ્ઞાની ગુરુ પાસે શીખી લેવું જરૂરી છે.

(૫) જે સૂત્ર સંસ્કૃત કે અર્ધમાગધી-પ્રાકૃત જે ભાષામાં હોય તેમાંના બધા શબ્દો એજ ભાષામાં બોલાય.

સંસ્કૃત ભાષાના સૂત્રના બધા શબ્દો સંસ્કૃત ભાષામાં જ બોલાય અને પ્રાકૃત ભાષાના સૂત્રના બધા શબ્દો પ્રાકૃત ભાષામાં જ બોલાય.

સંસ્કૃત ભાષાના સૂત્રમાં **'કલ્યાણ'** શબ્દ હોય ત્યાં પ્રાકૃત ભાષાનો **'કલ્લાણ'** શબ્દ બોલાય નહિ અને પ્રાકૃત ભાષાના સૂત્રમાં **'કલ્લાણ'** શબ્દ હોય ત્યાં સંસ્કૃત ભાષાનો **'કલ્યાણ'** શબ્દ બોલાય નહિ.

એવી જ રીતે સંસ્કૃત ભાષાના સૂત્રમાં **'વર્ધમાન'** હોય ત્યાં **'વદ્ધમાણ'** અને પ્રાકૃત ભાષાના સૂત્રમાં **'વદ્ધમાણ'** હોય ત્યાં **'વર્ધમાન'** બોલાય નહિ.

સંસ્કૃત સૂત્રમાંની કોઈ ગાથા પ્રાકૃત ભાષામાં હોય તો એ આખી ગાથા પ્રાકૃત ભાષામાં જ બોલાય. સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાનું મિશ્રણ(ભેળસેળ) કરીને બોલાય નહિ.

'મોટી શાન્તિ' સૂત્રનો પાઠ સંસ્કૃત ભાષામાં છે, પણ એમાંની એક ગાથા પ્રાકૃત ભાષામાં છે તે **"અહં તિત્થયરમાયા શિવાદેવી, તુમ્હ નયરનિવાસિની; અમ્હ શિવં તુમ્હ શિવં, અશિવોવસમં શિવં ભવતુ સ્વાહા ॥"** (જુઓ પાનું ૧૩૧)

આવી રીતે **'સ'** ને બદલે **'શ'** બોલવાપૂર્વક સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાનું મિશ્રણ કરીને બોલાય નહિ. આખી ગાથા પ્રાકૃત ભાષામાં જ બોલાય.

'જયવીયરાય' સૂત્રનો પાઠ પ્રાકૃત ભાષામાં છે, પણ એમાંની **'સર્વમઙ્ગલમાઙ્ગલ્યં'** આ છેલ્લી એક ગાથા સંસ્કૃત ભાષામાં છે એ સંપૂર્ણ સંસ્કૃત ભાષામાં જ બોલાય, એમાંનો કોઈ પણ શબ્દ પ્રાકૃત ભાષા પ્રમાણે બોલાય નહિ. (એમાં **'જૈનમ્'** નહિ, **'જૈનં'** લખાય.)

સૂત્રમાંની જે ગાથા સંસ્કૃત ભાષામાં હોય તે સંસ્કૃત ભાષામાં જ બોલાય અને જે ગાથા પ્રાકૃત ભાષામાં હોય તે પ્રાકૃત ભાષામાં જ બોલાય, પણ એમાંના કેટલાક શબ્દો સંસ્કૃતમાં અને કેટલાક શબ્દો પ્રાકૃતમાં એમ બે ભાષાની ભેળસેળ કરીને બોલાય નહિ.

વરકનક-શંખ-વિદ્રુમ-મરકતઘન-સન્નિભં વિગતમોહમ્ ।
સપ્તતિશતં જિનાનાં, સર્વામરપૂજિતં વન્દે ॥ (સંસ્કૃત)
વરકણય-સંખ-વિદ્દુમ-મરગયઘણસન્નિહં વિગયમોહં ।
સત્તરિસયં જિણાણં, સવ્વામરપૂઇયં વંદે ॥ (પ્રાકૃત)

આમ આ ગાથા સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષામાં છે. આ ગાથા

વરકનક-શંખ-વિદ્રુમ-મરકતઘન-સન્નિભં વિગતમોહમ્ । (સંસ્કૃત)
સત્તરિસયં જિણાણં, સવ્વામરપૂઇયં વંદે ॥ (પ્રાકૃત)

આવી રીતે બે ભાષાની ભેળસેળ કરીને બોલાય નહિ.

નોંધ : કોઈ રચયિતા પોતાની રચનામાં સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાનો પ્રયોગ કરે એમાં દોષ નથી, પણ ધાર્મિક સૂત્રોમાં **'કલ્લાણકંદં'**ને બદલે **'કલ્યાણકંદં'** બોલાય કે **'સપ્તતિશતં'**ને બદલે **'સત્તરિસયં'** બોલાય, અર્થાત્ પ્રાકૃત ભાષાના શબ્દોને બદલે સંસ્કૃત ભાષાના શબ્દો બોલાય કે સંસ્કૃત ભાષાના શબ્દોને બદલે પ્રાકૃત ભાષાના શબ્દો બોલાય તો સૂત્રોના અક્ષરોમાં ફેરફાર કર્યાનો દોષ લાગે જ. **ધાર્મિક સૂત્રોમાં ભાષાની ભેળસેળ કરવી એ મોટો દોષ છે.**

'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પડિક્કમણે ઠાઉં ?'

આ પ્રાકૃત ભાષાનું વાક્ય છે, એ સંસ્કૃત-પ્રાકૃત બંને ભાષાની ભેળસેળ કરીને **'ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! દેવસિઅ પ્રતિક્રમણે ઠાઉં ?'** આવી રીતે બોલાય નહિ. **'ઠાઉં'** શબ્દમાંના **'ઉ'** અક્ષર પરનો અનુસ્વાર જ્ઞાની ગુરુના મુખેથી શીખી લઈને સ્પષ્ટ બોલવો.

"ઠાઉં ?, કરું ?, સંદિસાહું ?, પડિલેહું ?" આ બધા આદેશ વચનોમાં અનુસ્વારનું જ ઉચ્ચારણ થાય. આમાં અનુસ્વાર પૂર્વેનો સ્વર નાસિક્ય બને છે, તેથી અનુસ્વારનું નાસિક્ય ઉચ્ચારણ થાય. પ્રાકૃત-ગુજરાતી ભાષાના ઘણા શબ્દોમાં તેમજ શબ્દોના અંતે અનુસ્વારનો અનુનાસિક ઉચ્ચાર થાય છે. ઉપર-નીચેના બંને હોઠ ગોળાકાર થાય, પણ ભેગા ન થાય એવો ઉચ્ચાર આમાંના અનુસ્વારનો થાય.

"ઠાઉમ્ ?, કરુમ્ ?, સંદિસાહુમ્ ?, પડિલેહુમ્ ?" આમ આ બધા શબ્દો બે હોઠ ભેગા કરીને **'મ્'**ના ઉચ્ચારણપૂર્વક બોલાય નહિ.

ધાર્મિક સૂત્રોના શુદ્ધ ઉચ્ચારણ શીખવાની ભાવનાવાળા પુણ્યાત્માઓએ સંસ્કૃત ભાષાના કેટલાક અક્ષરોના પ્રાકૃત ભાષામાં જે ફેરફાર થાય છે તે પણ જાણવા યોગ્ય છે. અહીં તો માત્ર મહત્ત્વના અક્ષરોના ફેરફાર બતાવાય છે. વિશેષ ગુરુગમથી જાણવું.

(૧) સંસ્કૃત **'ઋ'** સ્વરનો પ્રાકૃતમાં **'રિ'** થાય છે.

ઋદ્ધિ-રિધ્ધિ, ઋષિ-રિસિ, ઋષભ-રિસહ, ઋતુ-રિઉ, ઋક્ષ-રિચ્છ

(૨) સંસ્કૃત **'ઐ'**નો **'એ'** અને **'ઔ'**નો **'ઓ'** પ્રાકૃતમાં થાય છે.

શૈલ-સેલ, વૈર-વેર, સૈન્ય-સેન; ગૌરી-ગોરી, ચૌર-ચોર, મૌન-મોણ

(૩) સંસ્કૃત **'ન'**નો પ્રાકૃતમાં **'ણ'** પણ થાય છે.

જન-જણ, જિન-જિણ, વન-વણ, મુનિ-મુણિ, નમો-ણમો, મૌન-મોણ

(૪) સંસ્કૃત **'ય'**નો પ્રાકૃતમાં **'જ'** થાય છે.

યશ-જસ, યમ-જમ, સંયમ-સંજમ, યાત્રા-જત્તા, યતિ-જઇ

(૫) સંસ્કૃત **'શ-ષ'** નો પ્રાકૃતમાં **'સ'** થાય છે.

શંખ-સંખ, શત-સય; વિષ-વિસ, પૌષધ-પોસહ, સન્તોષ-સંતોસ

પંચ પ્રતિક્રમણસૂત્ર : અશુદ્ધિ-શુદ્ધિ

સૂત્રપાઠ આપતી-લેતી વખતે તેમ જ ગોખતી વખતે, ઉચ્ચારશુદ્ધિ અંગે રાખવી જોઈતી કાળજીના અભાવે તથા કેટલાક અક્ષરો અને જોડાક્ષરોના જ્ઞાનના અભાવે, ચૈત્યવંદન-ગુરુવંદન-સામાયિક-પ્રતિક્રમણ-પૌષધ આદિ ધર્મક્રિયાઓ કરનારા મોટા ભાગના પુણ્યાત્માઓ જે સૂત્રો બોલે છે તેમાં ભૂલો પાર વગરની હોય છે. ઉચ્ચારણ પણ ઘણાં અશુદ્ધ હોય છે. રેફ(ર્), અનુસ્વાર(મીંડું), વિસર્ગ(:) વગેરેની અશુદ્ધિઓ પણ પાર વગરની હોય છે, તે બધી અશુદ્ધિઓ અહીં બતાવવા જઈએ તો પાનાં પણ પાર વગરનાં ભરાય.

અશુદ્ધિ-શુદ્ધિપત્રક ઘણું લાંબું ન થઈ જાય તે માટે અહીં કેટલીક જ અશુદ્ધિઓને સ્થાન આપીને આ વિષયને સંક્ષેપમાં રજૂ કરવામાં આવ્યો છે.

❋

૧. નવકાર

અશુદ્ધ	શુદ્ધ
૧. નમોરિહંતાણં	નમો અરિહંતાણં
૨. નમો આરિયાણં	નમો આયરિયાણં
૩. સવપાવપણાસણો	સવ્વપાવપ્પણાસણો

૨. પંચિંદિય

અશુદ્ધ	શુદ્ધ
૧. તહનહવિહ / તવનવવિહ	તહ નવવિહ
૨. પંચમહાવયજુત્તો	પંચ મહવ્વયજુત્તો
૩. પંચવિયારપાલણ સમત્થો	પંચવિહાયાર પાલણ સમત્થો
૪. છત્તીસ ગુરુ ગુરુ મજ્ઝ	છત્તીસ ગુણો ગુરુ મજ્ઝ

૩. ખમાસમણ

અશુદ્ધ	શુદ્ધ
૧. ઈચ્છામિ ખમાસણો	ઈચ્છામિ ખમાસમણો
૨. વંદિઉ(વંદેઉ) જાવણિજાએ	વંદિઉં જાવણિજ્જાએ
૩. મથેણ વંદામિ	મત્થએણ વંદામિ

❋

	અશુદ્ધ	શુદ્ધ
	૪. ઇરિયાવહિયં	
૧.	ઇચ્છા. સંદિ. ભગવાન્	ઇચ્છા. સંદિ. ભગવન્
૨.	ઇચ્છામિ પડિકમિઉ	ઇચ્છામિ પડિક્કમિઉં
૩.	ઇરિયાવિયાએ	ઇરિયાવહિયાએ
૪.	મકડા	મક્કડા
૫.	એકિંદિયા	એગિંદિયા
૬.	અભિયા	અભિહયા
૭.	સંઘાયા	સંઘાઇયા
૮.	ઉદ્દુવિયા	ઉદ્દવિયા
	૫. તસ્સ ઉત્તરી	
૧.	પાયછિત્ કર્ણેણં	પાયચ્છિત્ત કરણેણં
૨.	નિગ્ઘાયણ ઠાએ	નિગ્ઘાયણટ્ઠાએ
૩.	કાઉસગં	કાઉસ્સગ્ગં
	૬. અન્નત્થ	
૧.	અનત્થ	અન્નત્થ
૨.	ખાસસિએણં	ખાસિએણં
૩.	જંભાએણં	જંભાઇએણં
૪.	સુહમેહિ	સુહુમેહિં
૫.	એવમાઇ આગારેહિ	એવમાઇ એહિં આગારેહિં
૬.	માણેણં	મોણેણં
	૭. લોગસ્સ	
૧.	કિતઇસં	કિત્તઇસ્સં
૨.	સંભવમભિ અણંદણં ચ	સંભવ-મભિણંદણં ચ
૩.	પઉમપહં	પઉમપ્પહં
૪.	ચંદપહં	ચંદપ્પહં
૫.	કુંથુ	કુંથું
૬.	એવ મહે અભિત્થુઆ	એવં મએ અભિથુઆ
૭.	વિહુયરયમલ્લા	વિહુયરયમલા
૮.	સિદ્ધા સિદ્ધિ મમ દિસતુ	સિદ્ધા સિદ્ધિં મમ દિસંતુ

અશુદ્ધ	શુદ્ધ
૮. કરેમિ ભંતે !	
૧. પચ્‌ખામિ	પચ્ચક્ખામિ
૨. દુવિહેણં તિવિહેણં	દુવિહં તિવિહેણં
૩. મણેણં વાએણં	મણેણં વાયાએ
૯. સામાઇઅ વયજુત્તો	
૧. ઉક્કએ	ઉ કએ
૨. એએણ કારણેણ	એએણ કારણેણં
૧૦. જગચિંતામણિ	
૧. અપડિહય	અપ્પડિહય
૨. કમ્મભૂમિહિ	કમ્મભૂમિહિં
૩. મુણિબિહુ	મુણિબિહું
૪. ઉજ્જિંજત	ઉજ્જિંજતિ
૫. બાસિયાઇ	બાસિયાઇં
૬. સયાઇ	સયાઇં
૭. અસિઇ	અસિઇં
૧૧. જં કિંચિ	
૧. માણસે લોએ	માણુસે લોએ
૨. જાઇ જિણબિંબાઇ	જાઇં જિણબિંબાઇં
૩. તાઇ સવ્વાઇ	તાઇં સવ્વાઇં
૧૨. નમુત્થુ ણં	
૧. લોગ પજ્જોગરાણં	લોગ પજ્જોઅગરાણં
૨. ચખુદયાણં, મગ્‌દયાણં	ચક્ખુદયાણં, મગ્ગદયાણં
૩. ધમ્‌દયાણં, ધમ્‌દેસિયાણં	ધમ્મદયાણં, ધમ્મદેસયાણં
૪. ચક્‌વટ્ટીણં	ચક્કવટ્ટીણં
૫. અપડિહયવરનાણં	અપ્પડિહયવરનાણ
૬. જિણ્ણાણં જાવયાણં	જિણાણં જાવયાણં
૭. તિન્નાણં તારિયાણં	તિન્નાણં તારયાણં
૮. બુદ્ધાણં બોહિયાણં	બુદ્ધાણં બોહયાણં
૯. સવનૂણં	સવ્વન્નૂણં

અશુદ્ધ	શુદ્ધ
૧૦. મપુણરાવિતિ	મપુણરાવિત્તિ
૧૧. જે અઈઆ સિદ્ધા	જે અ અઈઆ સિદ્ધા
૧૨. ભવિસંતિ અણાગએ કાલે	ભવિસ્સંતિ ણાગએ કાલે

૧૩. જાવંતિ ચેઈયાઈ

૧. જાવંત ચેઈયાઇ	જાવંતિ ચેઈયાઈ
૨. સવ્વાઇ તાઇ	સવ્વાઈં તાઈં
૩. ઈઅ સંતો તત્થ સંતાઇ	ઈહ સંતો તત્થ સંતાઈં

૧૪. જાવંત કે વિ સાહૂ

૧. જાવંતિ કે વિ સાહૂ	જાવંત કે વિ સાહૂ
૨. મહાવિદેહે	મહાવિદેહે અ
૩. પણહો	પણઓ
૪. તિદંડ વીરિયાણં	તિદંડ વિરયાણં

૧૫. નમોર્હત્

૧. નમોહર્ત	નમોર્હત્
૨. સિધાચાર્યો	સિદ્ધાચાર્યો
૩. પાધ્યાયે	પાધ્યાય

૧૬. ઉવસગ્ગહરં

૧. મંગલકલ્યાણઆવાસં	મંગલકલ્લાણઆવાસં
૨. તુઅ સમત્તે લદ્ધે	તુહ સમ્મત્તે લદ્ધે
૩. પાવંતિ અવિઘેણં	પાવંતિ અવિગ્ઘેણં
૪. ઈહ સંથુઓ મહાયસ્સ	ઈઅ સંથુઓ મહાયસ
૫. ભત્તિભર હિએણ	ભત્તિબ્ભર હિયએણ
૬. દિજ્જ બોહિ	દિજ્જ બોહિં
૭. પાસ જિણચંદં	પાસ જિણચંદ !

❋

અશુદ્ધ	શુદ્ધ

૧૭. જય વીયરાય

	અશુદ્ધ	શુદ્ધ
૧.	જય વીરાય	જય વીયરાય
૨.	હોઉ મમ	હોઉ મમં
૩.	મગ્ગા અણુસારિઆ	મગ્ગાણુસારિઆ
૪.	લોગવિરુધચ્ચાઓ	લોગવિરુદ્ધચ્ચાઓ
૫.	તવયણસેવણા	તવ્વયણસેવણા
૬.	વારિજઈ	વારિજ્જઈ
૭.	નિયાણબંધણ	નિયાણબંધણં
૮.	પ્રણામ કર્ણેણં	પણામ કરણેણં
૯.	સર્વમંગલ્યમાંગલ્યં	સર્વમંગલમાંગલ્યં
૧૦.	પ્રધાન સર્વધર્માણં	પ્રધાનં સર્વધર્માણાં

૧૮.અરિહંત ચેઈયાણં

	અશુદ્ધ	શુદ્ધ
૧.	સિદ્ધાએ મેહાએ ધિએ	સદ્ધાએ મેહાએ ધિઈએ
૨.	અણુપેહાએ વઢમાણીએ	અણુપ્પેહાએ વડ્ઢમાણીએ

૧૯. કલ્લાણકંદં

	અશુદ્ધ	શુદ્ધ
૧.	કલ્યાણકંદં	કલ્લાણકંદં
૨.	પઢમ જિણંદં	પઢમં જિણિંદં
૩.	સુગણિકઠાણં	સુગુણિક્કઠાણં
૪.	ભત્તીય વંદે	ભત્તીઈ વંદે
૫.	અપ્પારસંસાર	અપારસંસાર
૬.	સમુદ્રપારં	સમુદ્દપારં
૭.	સવ્વે જિણંદા	સવ્વે જિણિંદા

૨૦. સંસારદાવાનલ

	અશુદ્ધ	શુદ્ધ
૧.	નમ્માામિ વીરં	નમામિ વીરં
૨.	લિઢલોલાલિમાલા	લીઢલોલાલિમાલા
૩.	સુરપદપદવી	સુપદપદવી

❋

અશુદ્ધ	શુદ્ધ
૨૧. પુક્ખરવરદીવડ્ઢે	
૧. સિદ્ધે ભો ! પયઓ અણમો	સિદ્ધે ભો ! પયઓ ણમો
૨. કિન્નરગણસબ્ભૂઅ	કિન્નરગણસ્સસબ્ભૂઅ
૨૨. સિદ્ધાણં બુદ્ધાણં	
૧. લોઅગમુવગયાણં	લોઅગ્ગમુવગયાણં
૨. નરં વ નારિ વા	નરં વ નારિં વા
૩. તમધમ્મચક્કવટ્ટીણં	તં ધમ્મચક્કવટ્ટીં
૨૩. વેયાવચ્ચગરાણં	
૧. સમ્મદિટ્ઠિ	સમ્મદિટ્ઠિ
૨. ભગવાનં આચાર્ય ઉપાધ્યાયં	ભગવાન્હં આચાર્યહં ઉપાધ્યાયહં
૩. સર્વસાધુભ્યં કે સર્વસાધુભ્યઃ	સર્વસાધુહં
૨૪. ઇચ્છામિ ઠામિ	
૧. ઉસુત્તો ઉમગ્ગો	ઉસ્સુત્તો ઉમ્મગ્ગો
૨. દુવિચિંતિઓ	દુવ્વિચિંતિઓ
૩. તિણ્હ	તિણ્હં
૪. મિચ્છામિ દુક્કડમ્	મિચ્છા મિ દુક્કડં
૨૫. નાણંમિ	
૧. આયારણં આયારો	આયરણં આયારો
૨. નિસંકિઅ નિકંખિઅ	નિસ્સંકિઅ નિક્કંખિઅ
૩. વચ્છલ પભાવણે	વચ્છલપ્પભાવણે
૪. પંચહિ સમિહિં	પંચહિં સમિઇહિં
૫. વિતીસંખેવણં	વિત્તીસંખેવણં
૬. પરકમઇ	પરક્કમઇ
૨૬. વાંદણાં	
૧. વંદિઉ	વંદિઉં
૨. નિસ્સિહિઆએ	નિસીહિઆએ
૩. નિસ્સિહિ	નિસીહિ
૪. કિલ્લામો	કિલામો
૫. અપ્ કિલંતાણં	અપ્પકિલંતાણં

અશુદ્ધ	શુદ્ધ
૬. વઈકંતો	વઈક્કંતો
૭. જવ્વણિ જંચબ્ભે	જવણિજ્ જં ચ ભે
૮. વઈકમ્મં	વઈક્કમં
૯. તિતીસન્નયરાએ	તિત્તિસન્નયરાએ
૧૦. મણદુકડાએ વયદુકડાએ કાયદુકડાએ	મણદુક્કડાએ વયદુક્કડાએ કાયદુક્કડાએ
૧૧. સવ્ધમ્માઈકમણાએ	સવ્વધમ્માઈક્કમણાએ

૨૭. સાત લાખ

અશુદ્ધ	શુદ્ધ
૧. બે લાખ બેઈન્દ્રિ	બે લાખ બેઈન્દ્રિય
૨. તિર્યંચ પંચિન્દ્રિ	તિર્યંચ પંચેન્દ્રિય
૩. અનુમોધ્યો હોય	અનુમોદ્યો હોય
૪. મન-વચન-કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં	મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં

૨૮. પહેલે પ્રાણાતિપાત

અશુદ્ધ	શુદ્ધ
૧. અગિયારમે દ્રેષ	અગિયારમે દ્વેષ
૨. અનુમોધ્યું હોય	અનુમોદ્યું હોય
૩. મન-વચન-કાયાએ કરી તસ્સ મિચ્છા મિ દુક્કડં	મન-વચન-કાયાએ કરી મિચ્છા મિ દુક્કડં

૨૯. વંદિત્તુ

અશુદ્ધ	શુદ્ધ
૧. વંદિતુ સવ સિદ્ધે	વંદિત્તુ સવ્વ સિદ્ધે
૨. ઈચ્છામિ પડિકમિઉ	ઈચ્છામિ પડિક્કમિઉં
૩. સાવગ ધમાઈયારસ્સ	સાવગ ધમ્માઈયારસ્સ
૪. સુહમો અ બાયરો વા	સુહુમો અ બાયરો વા
૫. ત નિંદે તં ચ ગરિહામિ	તં નિંદે તં ચ ગરિહામિ
૬. પડિકમે દેવસિઅં સવ્વં	પડિક્કમે દેસિઅં સવ્વં
૭. અપ્સત્થેહિ	અપ્પસત્થેહિં

અશુદ્ધ	શુદ્ધ
૮. આગમણે નિગમણે	આગમણે નિગ્ગમણે
૯. છકાયસમારંભે	છક્કાયસમારંભે
૧૦. પંચણમણુવયાણં ગુણવયાણં	પંચણ્હ મણુવ્વયાણં ગુણવ્વયાણં
૧૧. થૂલગ પણાઇવાય વિરૈયો	થૂલગ પાણાઇવાય વિરઇઓ
૧૨. પઢમ વયસિઆરે	પઢમ વયસ્સ-ઇઆરે
૧૩. બીએણુવયમિ	બીએ અણુવ્વયમ્મિ
૧૪. આયરિયમપસત્થે	આયરિયમપ્પસત્થે
૧૫. ઇત્થ પમાયપસંગેણ	ઇત્થ પમાયપ્પસંગેણં
૧૬. અપરિગહિઆઇતર	અપરિગ્ગહિઆઇત્તર
૧૭. દુપએ ચઉપયમ્મિ	દુપએ ચઉપ્પયમ્મિ
૧૮. ઉવભોગે પરિભોગે	ઉવભોગ-પરિભોગે
૧૯. ભાડી ફોડી સુવજેએ કમ્મં	ભાડી ફોડી સુવજ્જએ કમ્મં
૨૦. વાણિજ્જ ચેવ દંતં	વાણિજ્જં ચેવ દંત
૨૧. એવં ખુ જંતાપિલ્લણ	એવં ખુ જંત-પિલ્લણ
૨૨. નિલંછણં	નિલ્લંછણં
૨૩. અસય પોસં ચ વજ્જિજ્જા	અસઇ પોસં ચ વજ્જિજ્જા
૨૪. તણકંઠે	તણકટ્ઠે
૨૫. કંદપ્પે કુકુઇએ	કંદપ્પે કુક્કુઇએ
૨૬. અહિગરણ ભોગઇરિત્તે	અહિગરણ ભોગ અઇરિત્તે
૨૭. સચિતે નિખવણે	સચિત્તે નિક્ખિવણે
૨૮. વાયસ્સ વાયાએ	વાઇઅસ્સ વાયાએ
૨૯. ન ય સંભારિઆ	ન ય સંભરિઆ
૩૦. પાવ પણાસણીય	પાવપણાસણીઇ
૩૧. વિણિગય કહાઇ	વિણિગ્ગય કહાઇ
૩૨. વિરિઓમિ વિરાહણાએ	વિરઓમિ વિરાહણાએ
૩૩. ખામેમિ સવ્વ જીવા	ખામેમિ સવ્વ જીવે

અશુદ્ધ	શુદ્ધ
૩૦. અબ્ભુટ્ઠિઓ	
૧. અબ્ભુઠિઓમિ અભ્યન્તર	અબ્ભુટ્ઠિઓમિ અબ્ભિંતર
૨. વિણિએ	વિણએ
૩. સુહમં વા	સુહુમં વા
૩૧. આયરિય ઉવજ્ઝાએ	
૧. ભગવો અંજલિ	ભગવઓ અંજલિં
૩૨. ખિત્તદેવયા	
૧. ચરણ સઇએહિં	ચરણ સહિએહિં
૩૩. નમોસ્તુ	
૧. જયાય ક્રમકમલાવલિં	જયાયઃ ક્રમકમલાવલિં
૨. સદ્રશૈરિતિ	સદશૈરિતિ
૩. જન્તુનિવૃતિ	જન્તુનિર્વૃતિં
૪. વ્રષ્ટિસન્નિભો	વૃષ્ટિસન્નિભો
૩૪. વિશાલલોચન	
૧. પ્રોધત્ દંતાંશુ	પ્રોદ્યદ્-દંતાંશુ
૨. ત્રણમપિ	તૃણમપિ
૩. અપૂર્વચન્દ્ર	અપૂર્વચન્દ્રં
૪. બુધૈ નમસ્કૃતમ્	બુધૈર્નમસ્કૃતમ્
૩૫. અડ્ઢાઈજ્જેસુ	
૧. અઢાઇ જેસુ	અડ્ઢાઇજ્જેસુ
૨. પનરસુ	પનરસસુ
૩. પડિગહધારા	પડિગ્ગહધારા
૪. પંચમહાવયધારા	પંચમહવ્વયધારા
૫. અઠારસ સહસ	અઢ્ઢારસ સહસ્સ
૬. અક્ખયાયાર ચરિત્તા	અક્ખુયાયાર ચરિત્તા
૭. મથેણ વંદામિ	મત્થએણ વંદામિ

૩૬. લઘુ શાન્તિ

અશુદ્ધ	શુદ્ધ
૧. મન્ત્રપદે	મન્ત્રપદૈઃ
૨. ભગવતે હતે	ભગવતેર્હતે
૩. નમો નમો શાન્તિદેવાય	નમો નમઃ શાન્તિદેવાય
૪. પાલનોધ્યત	પાલનોદ્યત
૫. પ્રથમનાય	પ્રમથનાય
૬. પધાન-વાક્યો પ્રયોગ	પ્રધાન-વાક્યોપયોગ
૭. વિજિયા કુરુતે	વિજયા કુરુતે
૮. નિવૃતિનિર્વાણજનનિ !	નિર્વૃતિનિર્વાણજનનિ !
૯. નિત્યમુધ્યતે દેવિ !	નિત્યમુદ્યતે દેવિ !
૧૦. સમ્યગ્દ્રષ્ટીનાં	સમ્યગ્દષ્ટીનાં
૧૧. કુરુ કુરુ સદેતિં	કુરુ કુરુ સદેતિ
૧૨. તુષ્ટિ પુષ્ટિ સ્વસ્તી	તુષ્ટિ-પુષ્ટિ-સ્વસ્તીહ
૧૩. ય ક્ષઃ	યઃ ક્ષઃ
૧૪. કુરુતે શાન્તિ	કુરુતે શાન્તિં
૧૫. નમો નમો શાન્તયે તસ્મૈ	નમો નમઃ શાન્તયે તસ્મૈ
૧૬. વિદર્ભિત સ્તવ શાન્તે	વિદર્ભિતઃ સ્તવઃ શાન્તેઃ
૧૭. યશ્ચેનં પઠતિ સદા	યશ્ચૈનં પઠતિ સદા
૧૮. શાન્તિ પદં યાયાત	શાન્તિપદં યાયાત્
૧૯. સૂરિ શ્રીમાનદેવશ્ચ	સૂરિઃ શ્રીમાનદેવશ્ચ
૨૦. ઉપ્સર્ગા	ઉપસર્ગાઃ
૨૧. છિધ્યન્તે	છિદ્યન્તે

૩૭. ચઉક્કસાય

૧. ચઉકસાય	ચઉક્કસાય
૨. ભુવણતય	ભુવણત્તય
૩. પયચ્છિઉ	પયચ્છઉ

અશુદ્ધ	શુદ્ધ
૩૮. ભરહેસર	
૧. વયરિસિ	વયરરિસિ
૨. એમાઈ મહાસતા	એમાઈ મહાસત્તા
૩. ગુણગણેહિ સંજુત્તા	ગુણગણેહિં સંજુત્તા
૪. જેસિં નામગહણે	જેસિં નામગ્ગહણે
૫. પાવબંધા	પાવપ્પબંધા
૬. કણઠ્ઠ	કણ્હઠ્ઠ
૩૯. મન્નહ જિણાણં	
૧. પરિહરહ ધર સમત્તં	પરિહરહ ધરહ સમ્મત્તં
૨. ભાસાસમિય છજીવ	ભાસાસમિઈ છજીવ
૩. સઢાણ કિચ્ચમેઅં	સદ્ધાણ કિચ્ચમેઅં
૪૦. સકલાર્હત્	
૧. સકલારત્	સકલાર્હત્
૨. આદિમં પૃથવીનાથ	આદિમં પૃથિવીનાથ
૩. ધ્યુસત્કિરીટ	દ્યુસત્કિરીટ
૪. શાણાગ્રોતેજિતાંઘ્રિ	શાણાગ્રોત્તેજિતાંઘ્રિ
૫. મૂર્તિ મૂર્તસિતધ્યાન	મૂર્તિર્મૂર્તસિતધ્યાન
૬. નિર્મલીકારકારિણમ્	નિર્મલીકારકારણમ્
૭. કમઠે ધરણેન્દ્રેચ્ચ	કમઠે ધરણેન્દ્રે ચ
૮. બાષ્પાદ્રયોભદ્રં	બાષ્પાર્દ્રયોર્ભદ્રં
૯. કુત્રિમાકુત્રિમાનાં	કૃત્રિમાકૃત્રિમાનાં
૧૦. વિશાલહ્રદયા	વિશાલહૃદયા
૪૧. સ્નાતસ્યા	
૧. વિસ્મયાહ્રતરસ	વિસ્મયાહૃતરસ
૨. ઉન્મ્રષ્ટં	ઉન્મૃષ્ટં
૩. વક્રં યસ્ય	વક્ત્રં યસ્ય

અશુદ્ધ	શુદ્ધ
૪. ક્ષીરાણવાંભોભૃતૈ	ક્ષીરાર્ણવાંભોભૃતૈઃ
૫. પસ્પર્દ્ધિભિ	પ્રસ્પર્દ્ધિભિઃ
૬. ગણૈ તેષાં	ગણૈસ્તેષાં
૭. અર્હદ્વક્ર પ્રસૂતં	અર્હદ્વક્ત્રપ્રસૂતં
૮. વૃષભૈદ્વારિતં	વૃષભૈર્ધારિતં
૯. નિત્યં પ્રપધ્યે	નિત્યં પ્રપદ્યે
૧૦. દુતિમલસદ્રશં	દ્યુતિમલસદશં
૧૧. બાલચન્દ્રાભદષ્ટ્રં	બાલચન્દ્રાભદંષ્ટ્રં
૧૨. મન્તં ઘંટારવેણ	મત્તં ઘંટારવેણ
૧૩. પ્રસૂતમદજલં	પ્રસૃતમદજલં
૧૪. સર્વાનુભૂતિ દિશતુ	સર્વાનુભૂતિર્દિશતુ

૪૨. અજિતશાન્તિ

૧. નિરુવમમહપભાવે	નિરુવમમહપ્પભાવે
૨. દુક્ખપસંતીણં	દુક્ખપ્પસંતીણં
૩. પાવપસંતીણં	પાવપ્પસંતીણં
૪. સુહપવતણં	સુહપ્પવત્તણં
૫. ઘિઇ મઇ પવતણં	ઘિઇમઇપ્પવત્તણં
૬. નિચિયં ચ ગુણેહિ	નિચિયં ચ ગુણેહિં
૭. સમાહિનિહિ	સમાહિં નિહિં
૮. હત્થિહત્થબાહુ	હત્થિહત્થબાહું
૯. સૂઇસુઅમણાભિરામ	સૂઇસુહમણાભિરામ
૧૦. દંતિ પંતિ	દંતપંતિ
૧૧. ભાવિઅપભાવણેઅ	ભાવિઅપ્પભાવણેઅ
૧૨. ધરણિધરપવરાઇરેઅ	ધરણિધરપ્પવરાઇરેઅ
૧૩. પાવઇ નત્તં	પાવઇ ન તં
૧૪. સિરિરઇઅંજલિ	સિરરઇઅંજલિ

અશુદ્ધ	શુદ્ધ
૧૫. ચલકુંડલગય	ચલકુંડલંગય
૧૬. વંદિઊણ તોઊણ તો જિણં	વંદિઊણ થોઊણ તો જિણં
૧૭. સભવણાઇ તો ગયા	સભવણાઇં તો ગયા
૧૮. વિઆરણિઆહિ	વિઆરણિઆહિં
૧૯. મંડણોડણપગારએહિ	મંડણોડ્ડણપ્પગારએહિં
૨૦. પત્તલેઅનામએહિ	પત્તલેહનામએહિં
૨૧. ભત્તિવસાગય પંડિઅયાહિ	ભત્તિવસાગયપિંડિઅયાહિં
૨૨. સુરવરરઇગુણપિંડિઅયાહિ	સુરવરરઇગુણપંડિઅયાહિં
૨૩. સુવિકમાકમા	સુવિક્કમા કમા
૨૪. વિબ્ભમપગારએહિ	વિબ્ભમપ્પગારએહિં
૨૫. ગુણેહિમ જિઠ્ઠા	ગુણેહિં જિઠ્ઠા
૨૬. ગઇ ગય સાસયં	ગઇં ગયં સાસયં
૨૭. તં મોએઉ અ નંદિ	તં મોએઉ અ નંદિં
૨૮. પક્ખિઅ ચઉમાસિઅ	પક્ખિઅ ચાઉમ્માસિઅ
૨૯. પુવ્વુપન્ના	પુવ્વુપ્પન્ના
૩૦. અહવા કિત્તિ	અહવા કિત્તિં
૩૧. તા તેલુકુધરણે	તા તેલુક્કુદ્ધરણે

૪૩. મોટી શાન્તિ

અશુદ્ધ	શુદ્ધ
૧. પુણ્યાહાં પુણ્યાહાં	પુણ્યાહં પુણ્યાહં
૨. ભગવતો રન્તઃ	ભગવતોર્હન્તઃ
૩. લોકોધ્યોતકરાઃ	લોકોદ્યોતકરાઃ
૪. ધ્રતિ મતિ	ધૃતિ મતિ
૫. મેઘા વિધ્યાસાધન	મેધા વિદ્યાસાધન
૬. સુગ્રહીતનામાનો	સુગૃહીતનામાનો
૭. વિધ્યાદેવ્યો	વિદ્યાદેવ્યો
૮. બ્રહસ્પતિ	બૃહસ્પતિ
૯. કોષ્ટાગારા	કોષ્ઠાગારા

અશુદ્ધ	શુદ્ધ
૧૦. સુહ્રત્ સ્વજન સબન્ધિ	સુહૃત્-સ્વજન-સમ્બન્ધિ
૧૧. અસ્મિંશ્ચ ભૂમંડલાયતન	અસ્મિંશ્ચ ભૂમંડલ-આયતન (અથવા ભૂમંડલયાયતન)
૧૨. માંગલ્યોત્સ્વાઃ	માંગલ્યોત્સવાઃ
૧૩. શાન્તિર્ગ્રહે ગ્રહે	શાન્તિર્ગૃહે ગૃહે
૧૪. ઉન્મ્રષ્ટ રિષ્ટ	ઉન્મૃષ્ટ રિષ્ટ
૧૫. ગોષ્ટિક પુરમુખ્યાણાં	ગોષ્ઠિક-પુરમુખ્યાણાં
૧૬. વ્યાહરણૈવ્યાહરેછાન્તિમ્	વ્યાહરણૈર્વ્યાહરેચ્છાન્તિમ્
૧૭. શાન્તિર ભવતુ	શાન્તિર્ભવતુ
૧૮. તુષ્ટિર ભવતુ	તુષ્ટિર્ભવતુ
૧૯. પુષ્ટિર ભવતુ	પુષ્ટિર્ભવતુ
૨૦. શાન્તિકલશં ગ્રહીત્વા	શાન્તિકલશં ગૃહીત્વા
૨૧. કંઠે ક્રત્વા	કંઠે કૃત્વા
૨૨. તિત્થયરમાયા શિવાદેવી	તિત્થયરમાયા સિવાદેવી
૨૩. અમ્હ શિવં તુમ્હ શિવં	અમ્હ સિવં તુમ્હ સિવં
૨૪. અશિવોવસમં શિવં ભવતુ	અસિવોવસમં સિવં ભવતુ

૪૪. સંતિકરં

૧. ખેલોસંઈમાઇ	ખેલોસહિમાઇ
૨. સોં રીં	સૌં હ્રીં
૩. પત્તાણં ચ દેઇ સિરિ	પત્તાણં ચ દેઇ સિરિં
૪. મહજ્વાલા માણવી અ	મહજાલા માણવી અ
૫. ઇહ તિત્થરક્ખણરયા	ઇઅ તિત્થરક્ખણરયા
૬. વ્યન્તર જોઇણિ પમુહા	વંતર જોઇણિ પમુહા
૭. ઇહ સંતિ નાહ સમ્મદિટ્ઠિ	ઇઅ સંતિ નાહ સમ્મદિટ્ઠિ

❄

અશુદ્ધ	શુદ્ધ

૪૫. અતિચાર

૧. પંચહિં સમિહિં	પંચહિં સમિઈહિં
૨. સાવધ્ય વચન બોલ્યા	સાવદ્ય વચન બોલ્યા
૩. ત્રણ ડગલ	તૃણ ડગલ
૪. પારિષ્ટાપનિકા સમિતિ	પારિષ્ઠાપનિકા સમિતિ
૫. નૈવેધ્ય કીધાં	નૈવેદ્ય કીધાં
૬. અનુમોધ્યાં	અનુમોદ્યાં
૭. અજાણતાં થાપ્યાં	અજાણનાં થાપ્યાં (અજાણ માણસોનાં થાપેલાં)
૮. પરિગ્રહિતાગમન કીધું	પરિગૃહીતાગમન કીધું
૯. દ્રષ્ટિવિપર્યાસ કીધો	દૃષ્ટિવિપર્યાસ કીધો
૧૦. તે સવિ હું	તે સવિ હુ
૧૧. મુહપત્તિઓ સંઘટ્ટી	મુહપત્તિ ઉત્સંઘટ્ટી

❀

પ્રચલિત	અપેક્ષિત
૧. અષ્ટાન્હિકા મહોત્સવ	અષ્ટાહ્નિક મહોત્સવ
૨. આદેશ્વર	આદીશ્વર
૩. ચૈત્ર પરિપાઠી	ચૈત્ય પરિપાટી
૪. જીવિચાર	જીવ-વિચાર
૫. નમણ	ન્હવણજળ
૬. બાર વૃતની પૂજા	બાર વ્રતની પૂજા
૭. વારણા પસાર કરશોજી	વાયણા-પસાય કરશોજી
૮. વૈયાવચ્ચ	વેયાવચ્ચ
૯. શેત્રુંજય	શત્રુંજય
૧૦. સહસ્ત્રફણા	સહસ્રફણા

સૂત્રો અશુદ્ધ બોલવાથી થતા અર્થના અનર્થ

ધાર્મિક સૂત્રો આપણે જો અશુદ્ધ લખીએ-બોલીએ તો એથી ઘણો મોટો અનર્થ થઈ જાય છે અને આપણને દોષ લાગે છે. માટે જરા પણ અશુદ્ધ પાઠ ગોખાઈ ન જાય તેની કાળજી રાખીને જ ભણવું જોઈએ અને તે માટે જરૂરી એવું જોડાક્ષર વગેરેનું જ્ઞાન પણ મેળવી લેવું જોઈએ. શ્વાસ ન ભરાય તેમ ધીમેથી સૂત્રો બોલવાની ટેવ પાડવી જોઈએ. સૂત્રો ભણી લીધા પછી તેના અર્થ પણ સમજી લેવા જોઈએ. સૂત્રો બોલતી વખતે તેના અર્થ વિચારવા જોઈએ. દિવસે બને ત્યાં સુધી સામાયિક લઈને તેમ જ જ્ઞાન અને જ્ઞાનીનો વિનય સાચવીને ભણવું જોઈએ. અકાળે ભણવું નહિ તેમ જ છોકરાઓ અને છોકરીઓએ સાથે બેસીને પણ ભણવું નહિ.

અશુદ્ધ ઉચ્ચારણ કરવાથી ધાર્મિક સૂત્રોના અક્ષરોમાં નજીવો ફેરફાર થઈ જાય તોપણ કેવા ખરાબ અને વિપરીત અર્થ થઈ જાય છે, તે નીચે આપેલાં દૃષ્ટાંતોથી સારી રીતે સમજી શકાશે.

✡

નવકાર

૧. **સવ્વપાવપ્પણાસણો** (શુદ્ધ પાઠ) **અર્થ** : સર્વ પાપોનો નાશ કરનાર
સવપાવપ્પણાસણો (અશુદ્ધ પાઠ) **અર્થ** : શબનાં (મડદાનાં) પાપનો નાશ કરનાર

(શુદ્ધ) **સવ્વ**-સર્વ, (અશુદ્ધ) **સવ**-શબ, મડદું

અન્નત્થ

૨. **અન્નત્થ ઊસસિએણં** (શુદ્ધ પાઠ)

અર્થ : ઉચ્છ્‌વાસનિઃશ્વાસ આદિ ક્રિયાઓના આગાર (અપવાદ) છોડીને મારો કાઉસ્સગ્ગ અભંગ અને અવિરાધિત હો. (**ભાવાર્થ** : ઉચ્છ્‌વાસનિઃશ્વાસ આદિ કારણો ઉપસ્થિત થવાથી જે કાયવ્યાપાર થાય, તેનાથી મારો કાયોત્સર્ગ ભાંગે નહિ, કે વિરાધિત થાય નહિ.)

અનત્થ ઊસસિએણં (અશુદ્ધ પાઠ)

અર્થ : અનર્થ(સંકટ) ઉચ્છ્‌વાસનિઃશ્વાસ આદિ આગારો વડે મારો કાઉસ્સગ્ગ હો.

(શુદ્ધ) **અન્નત્થ**-અન્યત્ર, સિવાય કે

(અશુદ્ધ) **અનત્થ**-અનર્થ, સંકટ

નમુત્થુ ણં

૩. **ધમ્મદયાણં** (શુદ્ધ પાઠ)

અર્થ : ધર્મને આપનારા અરિહંત ભગવંતોને (નમસ્કાર થાઓ.)

ધમ્‌દયાણં (અશુદ્ધ પાઠ) **અર્થ** : ધનને આપનારાને

(શુદ્ધ) **ધમ્મ**-ધર્મ, (અશુદ્ધ) **ધમ્**-ધન

૪. **સવ્વન્નૂણં** (શુદ્ધ પાઠ)

અર્થ : સર્વજ્ઞ એવા અરિહંત ભગવંતોને (નમસ્કાર થાઓ.)

સવ્વનૂણં (અશુદ્ધ પાઠ) **અર્થ** : સર્વથી ન્યૂનને

(શુદ્ધ) **'સર્વજ્ઞેભ્યઃ'**નું પ્રાકૃતમાં **'સવ્વન્નૂણં'** થાય છે અને તેનો અર્થ **'સર્વજ્ઞોને'** એવો થાય છે.

(અશુદ્ધ) **'સર્વન્યૂનમ્'**નું પ્રાકૃતમાં **'સવ્વનૂણં'** થાય છે અને તેનો અર્થ **'સર્વથી ન્યૂન'** એટલે **'સર્વથી હીન કે ઊતરતી કક્ષાવાળાને'** એવો થાય છે.

'સવ્વન્નૂણં' પદ (ચતુર્થીના અર્થમાં) ષષ્ઠી વિભક્ત્યન્ત છે, જ્યારે 'સવ્વનૂણં' પદ દ્વિતીયા વિભક્ત્યન્ત બની જાય છે.

❄

જાવંત કે વિ સાહૂ

૫. **તિવિહેણ તિદંડ-વિરયાણં** (શુદ્ધ પાઠ)

અર્થ : ત્રણ પ્રકારે ત્રણ દંડથી વિરામ પામેલા સર્વ સાધુઓને હું નમ્યો છું.

તિવિહેણ તિદંડ-વીરિયાણં (અશુદ્ધ પાઠ)

અર્થ : ત્રણ પ્રકારે ત્રણ દંડમાં પરાક્રમવાળા સર્વ સાધુઓને હું નમ્યો છું. (મનોદંડ, વચનદંડ અને કાયદંડ એ ત્રણ દંડ છે અને તે પાપસ્વરૂપ છે.)

(શુદ્ધ) **'વિરતેભ્યઃ'**નું પ્રાકૃતમાં **'વિરયાણં'** બને છે. (વિ + રમ્) **વિરયાણં** = વિરામ પામેલાઓને

(અશુદ્ધ) **'વીર્ય'** શબ્દનું પ્રાકૃતમાં **'વીરિય'** થાય છે અને તેનું ષષ્ઠી બહુવચનમાં **'વીરિયાણં'** થાય છે. **તિદંડવીરિયાણં** = ત્રણ દંડમાં પરાક્રમવાળાઓને

આમ '**વિરયાણં**' શબ્દમાં રહેલા '**વિ**'ને બદલે '**વી**' અને '**ર**'ને બદલે '**રિ**' બોલવાથી 'પાપસ્વરૂપ ત્રણ દંડથી ત્રણ પ્રકારે (મન - વચન - કાયાથી) વિરામ પામેલા સર્વ સાધુઓને' એવા સાચા અને સારા અર્થને બદલે, 'ત્રણ પ્રકારના દંડ કે જે પાપસ્વરૂપ હોવાથી અનર્થકારી છે, એવા ત્રણ દંડમાં ત્રણ પ્રકારે એટલે મન-વચન-કાયાથી પરાક્રમવાળા સર્વ સાધુઓને હું નમ્યો છું' એવો ખોટો ને ખરાબ અર્થ થઈ જાય છે.

નમોઽર્હત્

૬. **નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ** (શુદ્ધ પાઠ)

અર્થ : અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયેસર્વસાધુભ્યઃ (અશુદ્ધ પાઠ)

અર્થ : આ સૂત્રમાં '**પાધ્યાય**'ને બદલે '**પાધ્યાયે**' બોલવાથી ત્યાં સપ્તમી વિભક્તિનો આભાસ થાય છે. સમાસ તૂટી જાય છે. તેથી તેનો સાચો, સંગત ને ઈષ્ટ અર્થ માર્યો જાય છે અને ખોટો, અસંગત ને અનિષ્ટ અર્થ ઉત્પન્ન થાય છે, એથી પંચ પરમેષ્ઠીને નમસ્કાર થતો નથી.

જય વીયરાય

૭. **ભવનિવ્વેઓ મગ્ગાણુસારિઆ** (શુદ્ધ પાઠ)

અર્થ : હે પ્રભુ ! મને તમારા પ્રભાવથી ભવનો નિર્વેદ અને માર્ગાનુસારિતા (માર્ગને અનુસરવાપણું) પ્રાપ્ત થાઓ !

ભવનિવ્વેઓ મગ્ગા અણુસારિઆ (અશુદ્ધ પાઠ)

અર્થ : હે પ્રભુ ! મને તમારા પ્રભાવથી ભવનો નિર્વેદ અને માર્ગથી અનુસરવાપણું પ્રાપ્ત થાઓ !

અહીં શબ્દમાં માત્ર એક '**અ**'નો વધારો થઈ જવાથી આવો અસંગત અર્થ થાય છે.

'**માર્ગાનુસારિતા**' એ સંસ્કૃત પદનું પ્રાકૃતમાં '**મગ્ગાણુસારિઆ**' થાય છે. અને '**માર્ગાત્ અનુસારિતા**' એ સંસ્કૃત પદનું પ્રાકૃતમાં '**મગ્ગા અણુસારિઆ**' થાય છે.

(શુદ્ધ) **મગ્ગાણુસારિઆ** = માર્ગાનુસારીપણું

(અશુદ્ધ) **મગ્ગા અણુસારિઆ** = **'માર્ગથી અનુસારીપણું'** આવો અસંગત અર્થ નીકળશે.

૮. **પ્રધાનં સર્વધર્માણામ્** (શુદ્ધ પાઠ)

અર્થ : સર્વ ધર્મોને વિશે પ્રધાન (એવું જિનશાસન જય પામે છે.)

પ્રધાનં સર્વધર્માણમ્ (અશુદ્ધ પાઠ) **અર્થ :** સર્વ ધર્મવાળાને પ્રધાન.

'સર્વધર્માણામ્' એ **'સર્વધર્મ'** શબ્દનું ષષ્ઠી બહુવચન છે, જ્યારે

'સર્વધર્માણમ્' એ **'સર્વધર્મન્'** શબ્દનું દ્વિતીયા એકવચન છે.

✡

સિદ્ધાણં બુદ્ધાણં

૯. **તં ધમ્મચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ** (શુદ્ધ પાઠ)

અર્થ : તે ધર્મચક્રવર્તી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું.

તમધમ્મચક્કવટ્ટીં અરિટ્ઠનેમિં નમંસામિ (અશુદ્ધ પાઠ)

અર્થ : તે અધર્મચક્રવર્તી અરિષ્ટનેમિ ભગવાનને હું નમસ્કાર કરું છું.

(શુદ્ધ) **તં ધમ્મચક્કવટ્ટીં** = તે ધર્મચક્રવર્તીને

(અશુદ્ધ) **તમધમ્મચક્કવટ્ટીં** = તે અધર્મચક્રવર્તીને

આમ મીંડાંને બદલે **'મ'** આખો બોલવાથી આવો દુષ્ટ ને વિપરીત અર્થ થઈ જાય છે.

❉

અરિહંતચેઈયાણં

૧૦. **સદ્ધાએ** (શુદ્ધ પાઠ) **અર્થ** : શ્રદ્ધા વડે

સિદ્ધાએ (અશુદ્ધ પાઠ) **અર્થ :** સિદ્ધ થયેલી સ્ત્રી વડે

'શ્રદ્ધયા' (**'શ્રદ્ધા'** શબ્દનું તૃતીયા એકવચન) પદનું પ્રાકૃતમાં **'સદ્ધાએ'** થાય છે.

'સિદ્ધયા' (**'સિદ્ધા'** શબ્દનું તૃતીયા એકવચન) પદનું પ્રાકૃતમાં **'સિદ્ધાએ'** થાય છે.

કલ્લાણકંદં

૧૧. **સુગુણિક્કઠાણં** (શુદ્ધ પાઠ) **અર્થ :** સારા ગુણોના એક સ્થાનભૂત

સુગણિક્કઠાણં (અશુદ્ધ પાઠ) **અર્થ :** સારા ગણના (સમુદાયના) એક સ્થાનભૂત

(શુદ્ધ) **ગુણ** = ગુણ, સારાં લક્ષણ, (અશુદ્ધ) **ગણ** = સમુદાય

'ગુણિ'ના સ્થાને 'ગણિ' બોલવાથી અર્થમાં આવો ફેરફાર થઈ જાય છે.

૧૨. **અપાર-સંસાર** (શુદ્ધ પાઠ)

અર્થ : જેનો પાર ન પામી શકાય એવો સંસાર.

અપ્પાર-સંસાર (અશુદ્ધ પાઠ). **અર્થ :** અલ્પ આરાવાળો સંસાર.

(શુદ્ધ) **અપાર**=પાર ન પામી શકાય તેવો.

(અશુદ્ધ) **અપ્પાર**=અલ્પ આરાવાળો.

(**'અલ્પાર'** શબ્દ પરથી પ્રાકૃતમાં **'અપ્પાર'** શબ્દ બને છે.)

શબ્દમાં માત્ર અડધો **'પ્'** વધારીને બોલવાથી અર્થમાં આવો ફેરફાર થઈ જાય છે.

❁

લઘુ શાન્તિ

૧૩. **નમો નમઃ શાન્તયે તસ્મૈ** (શુદ્ધ પાઠ)

અર્થ : તે શાન્તિનાથ ભગવાનને નમસ્કાર થાઓ.

નમો નમોऽશાન્તયે તસ્મૈ (અશુદ્ધ પાઠ)

અર્થ : તે શાન્તિ વગરનાને નમસ્કાર થાઓ.

'વિસર્ગ'(**' : '**)ના સ્થાને **'ઓ'** બોલવાથી આવો વિપરીત અર્થ થઈ જાય છે.

મોટી શાન્તિ

૧૪. **યેષાં શાન્તિર્ગૃહે ગૃહે** (શુદ્ધ પાઠ)

અર્થ : જેમના ઘેરઘેર શ્રી શાન્તિનાથ પ્રભુ છે.

યેષાં શાન્તિર્ગ્રહે ગ્રહે (અશુદ્ધ પાઠ)

અર્થ : જેમના દરેક (સૂર્ય વગેરે) ગ્રહમાં શ્રી શાંતિનાથ પ્રભુ છે.

(ગૃહ = **ઘર**, ગ્રહ = **સૂર્ય** વગેરે નવ ગ્રહ)

'ગૃ' અક્ષરના સ્થાને **'ગ્ર'** જોડાક્ષર બોલવાથી આવો અનિષ્ટ અર્થ થઈ જાય છે.

❄

મિચ્છા મિ દુક્કડં

વેરઝેર શમાવવા માટેનું આ સૂત્ર જો સાચી રીતે લખવામાં આવે તો એના અર્થનો બોધ સૌને સ્પષ્ટ રીતે થાય.

હ્રસ્વ-દીર્ઘ સ્વરોની અને વ્યંજનની ભૂલ વિના અને ત્રણ વિભાગપૂર્વક સાચી રીતે **'મિચ્છા મિ દુક્કડં'** આમ જ લખાય.

'મિચ્છા'ની સાથે **'મિ'**ને જોડી દેવાય નહિ. બંને **'મિ'** આમ હ્રસ્વ 'ઈ'વાળા જ લખાય. **'દુક્કડં'**માં પ્રાકૃત વ્યાકરણના નિયમાનુસાર 'ડં' લખાય પણ **'ડમ્'** લખાય નહિ.

'મિથ્યા મે દુષ્કૃતમ્' (સંસ્કૃત ભાષામાં)
'મિચ્છા મિ દુક્કડં' (પ્રાકૃત ભાષામાં)
'મિથ્યા (થાવ) મારું પાપ' (ગુજરાતીમાં શબ્દાર્થ)

સુસ્પષ્ટ અર્થબોધ કરાવવા માટે જ અહીં સંસ્કૃત અને ગુજરાતીમાં લખવામાં આવ્યું છે.

એ વાત ધ્યાનમાં રાખવી જરૂરી છે કે પરસ્પર ક્ષમાપનાનો વ્યવહાર તો પ્રાકૃત ભાષાના **'મિચ્છા મિ દુક્કડં'**થી જ કરવાનો છે. ક્ષમાપના પત્રિકા છપાવનારા પુણ્યાત્માઓ **'મિચ્છા મિ દુક્કડં'** આમ શુદ્ધિપૂર્વક છપાવવાનો ખ્યાલ રાખે તો આ સૂત્ર શુદ્ધ રીતે લખવાના પ્રચારને વેગ મળે.

ધાર્મિક અભ્યાસ કેવી રીતે કરાવવો ? ગોખણપટ્ટી નિરર્થક છે ?

જૈનધર્મ સંબંધી અભ્યાસ હાલ જે નવકારમંત્રથી શરૂ કરાવવામાં આવે છે તે બધી રીતે સ્વીકાર કરવાને પાત્ર છે. જૈનધર્મની કોઈ પણ ક્રિયા એ સૂત્રોના અભ્યાસ વિના થઈ શકતી નથી. તે અભ્યાસ શુદ્ધ થવો જોઈએ અને તેના અર્થની વિચારણા પણ અમુક વયે વિદ્યાર્થી ધારી શકે ત્યારે કરાવવી જોઈએ. જેને પૂર્ણ શ્રદ્ધા છે, તેને કંઠે કરેલાં નવકાર આદિ સૂત્રો મૂળમાત્ર પણ મહાલાભ આપનારાં છે એમ સિદ્ધાંતમાં પ્રતિપાદન કરેલ છે.

આને ગોખણપટ્ટી શબ્દથી ઓળખાવીને એની કિંમત ઘટાડવાનો જે પ્રયત્ન કરવામાં આવે છે તે યોગ્ય નથી. ગોખાવવું એ ખાસ ઉપયોગી છે. માત્ર એની ક્રિયામાં વયને લઈને ફેરફાર થાય છે. નાનાં બાળકો ગોખે છે, જ્યારે મોટા વિદ્યાર્થીઓ વારંવાર વાંચીને અંગ્રેજી ભાષાના સ્પેલિંગ તથા અર્થ વગેરે કંઠે કરે છે, એટલે ગોખવું એ નિરર્થક છે એ વાત કોઈ રીતે સિદ્ધ થઈ શકે એમ નથી. આપણે કોઈ વાત યાદ રાખવા જેવી હોય તો તે એકથી વધારે વાર સંભારી જઈએ છીએ, એ પણ ગોખણનો જ એક પ્રકાર છે.

(**'શ્રી જૈનધર્મપ્રકાશ'**માંથી ટુંકાવીને સાભાર)

ગાથા ગોખવાની રીત

૧. ગુરુમહારાજ પાસે કે પાઠશાળાના શિક્ષક પાસે વિનય સહિત શુદ્ધ ઉચ્ચારપૂર્વક ગાથા લેવી જોઈએ.

૨. લીધેલી ગાથા ગોખતી વખતે, ચોપડીમાં તે ગાથાના અક્ષરો સામે જ નજર રાખવી જોઈએ. ચોપડી બહાર નજર રાખીને ગાથા ગોખાય નહિ.

૩. ગાથાનાં ચાર પાદ હોય છે. તેમાં સૌપ્રથમ એકલું પહેલું પાદ જ ગોખવું જોઈએ. પહેલું પાદ સારી રીતે ગોખાઈ ગયા પછી બીજું પાદ ગોખવું જોઈએ. ત્યાર પછી પહેલું અને બીજું આ બંને પાદ સાથે ગોખવાં જોઈએ. આમ અડધી ગાથા સારી રીતે ગોખાઈ ગયા પછી, એકલું ત્રીજું પાદ ગોખવું જોઈએ. ત્રીજું પાદ સારી રીતે ગોખાઈ ગયા પછી, ચોથું પાદ ગોખવું જોઈએ. ત્યાર પછી ત્રીજું અને ચોથું આ બંને પાદ સાથે ગોખવાં જોઈએ. આમ નીચેની અડધી ગાથા સારી રીતે ગોખાઈ ગયા પછી જ, આખી ગાથા એક સાથે સારી રીતે ગોખીને રૂઢ કરવી જોઈએ.

૪. આમ ખૂબ સારી રીતે ગોખીને રૂઢ કરેલી ગાથા જલદી ભુલાતી નથી, લાંબા સમય સુધી યાદ રહે છે.

૫. શિક્ષકે આવી રીતે ગોખાઈને રૂઢ થયેલી ગાથા જ લેવી જોઈએ.

૬. ચોપડી બહાર નજર રાખીને માત્ર બે મિનિટ ગોખેલી ગાથા રૂઢ થયેલી હોતી નથી. તે માત્ર ધારી લીધેલી જ હોય છે, તેથી થોડી વારમાં જ ભુલાઈ જાય છે. કલાક/બે કલાક સુધી પણ યાદ રહેતી નથી.

૭. શિક્ષકે ગોખાઈને રૂઢ થયા વગરની, માત્ર ધારી લીધેલી ગાથા લેવી જોઈએ નહિ.

અશુદ્ધ	શુદ્ધ
૧. જય જીનેન્દ્ર	જય જિનેન્દ્ર
૨. જીનાલય	જિનાલય
૩. જીનેશ્વર	જિનેશ્વર

પાઠશાળાના શિક્ષકો માટેની લાયકાત

દુનિયાના કોઈ પણ ક્ષેત્રમાં નોકરી મેળવવા માટે તે તે કાર્યને અનુરૂપ થોડીઘણી પણ લાયકાત મેળવવાની જરૂર પડે છે. માણસને નોકરીમાં રાખનાર વેપારીઓ વગેરે પણ સદાચાર, પ્રામાણિકતા, નિયમિતતા, ચોકસાઈ વગેરે ગુણો તથા માણસ પાસે જે કામ કરાવવાનું હોય તે કાર્યને અનુરૂપ થોડીઘણી પણ લાયકાત જેનામાં હોય એવા જ માણસને નોકરીમાં રાખે છે, પણ આવડત વગરનાને કે લાયકાત વગરનાને નોકરીમાં રાખતા નથી.

દુનિયામાં સર્વત્ર નોકરી મેળવવા માટે લાયકાતની જરૂર પડતી હોય ત્યારે પાઠશાળામાં બાળકોને ધાર્મિક ક્રિયાનાં સૂત્રો વગેરે કંઠસ્થ કરાવવા માટે શિક્ષક-શિક્ષિકા તરીકેની ફરજ બજાવવા માટે પણ નીચે મુજબની લાયકાતો હોવી જરૂરી છે :

૧. સદાચાર, શિસ્ત, દેવગુરુ પ્રત્યે શ્રદ્ધા-બહુમાનભર્યો ભક્તિભાવ, શ્રાવકધર્મના આચારોનું યથાશક્તિ પાલન, નિયમિતતા અને નિર્વ્યસનીપણું આ બધા ગુણો આવશ્યક છે.

૨. તદુપરાંત ખૂબ ખૂબ મહત્ત્વની લાયકાત ઉચ્ચારશુદ્ધિની છે. ઉચ્ચારશુદ્ધિ માટે સ્વરોનું અને વ્યંજનોનું જ્ઞાન આવશ્યક છે.

ઘ(ઘર), ધ(ધજા) અને 'દ' (દ્+ઋ) જેવા અક્ષરોનું જ્ઞાન,

દ્ઘ(દ્+ઘ)	**દ્દ**(દ્+દ)	**દ્ધ**(દ્+ધ)	**દ્મ**(દ્+મ)
દ્ય(દ્+ય)	**દ્ર**(દ્+ર)	**દ્વ**(દ્+વ)	**શ્ચ**(શ્+ચ)
શ્ન(શ્+ન)	**શ્ર**(શ્+ર)	**સ્ર**(સ્+ર)	**સ્ત્ર**(સ્+ત્+ર)

હ્મ(હ્+મ) **હ્ય**(હ્+ય) **હ્ર-હ્ર-હ્ર**(હ્+ર) વગેરે જોડાક્ષરોનું જ્ઞાન અને એમાં જોડાયેલા અક્ષરોનું તથા એના સુવિશુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન તેમજ **દૃ**('દ્+ઋ' સ્વર), **દ્ર**('દ્+ર' વ્યંજન) જેવા અક્ષર-જોડાક્ષરના ભેદનું અને એના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન પણ આવશ્યક છે.

'ગૃહ-ગ્રહ' જેવા શબ્દોમાં '**ઋ**' સ્વર તેમજ '**ર**' વ્યંજનના ભેદનું અને '**ઋ**'ના સ્થાને '**ર**'નો ઉચ્ચાર કરવાથી શબ્દોના અર્થમાં થતા ફેરફારનું જ્ઞાન; દા.ત., ગૃહ = ઘર; ગ્રહ = સૂર્ય વગેરે ગ્રહો

જોડાક્ષરમાં રેફનું સ્થાન અને રેફના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન; દા.ત., નમોર્હત્ (નમોર્ હત્), ભગવતેર્હતે (ભગવતેર્ હતે), કાત્સ્ર્ન્ય (કાર્ ત્સ્ન્ય)

'ઙ-ઞ-ણ-ન-મ' આ પાંચ અનુનાસિક વ્યંજનોનું અને એના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન; દા.ત., **'સંઘ, પંચ, કંઠ, સંત, સંપ'** આવા શબ્દોમાંના અનુસ્વાર(મીંડા)ના સ્થાને **'સઙ્ઘ, પઞ્ચ, કણ્ઠ, સન્ત, સમ્પ'** આ પ્રમાણે તે તે અનુનાસિક વ્યંજનોના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન, **'હંસ, હિંસા, પ્રશંસા, સિંહ'** જેવા શબ્દોમાંના અનુસ્વાર(મીંડા)ના શુદ્ધ ઉચ્ચારનું જ્ઞાન; દા.ત., **હઉઁસ**(હન્સ નહિ) તથા **'વિસર્ગ'**ના શુદ્ધ ઉચ્ચારનું અને **અવગ્રહ** (ઽ) ચિહ્નનું યથાર્થ જ્ઞાન હોવું જરૂરી છે. વળી અલ્પ ક્ષયોપશમવાળાં બાળકોને પણ સૂત્રોમાં આવતા જોડાક્ષરોવાળા કઠણ શબ્દોના શુદ્ધ ઉચ્ચારો સહેલાઈથી શીખવવાની કળાનું જ્ઞાન હોવું પણ જરૂરી છે.

ઉપર મુજબનું બધું જ્ઞાન જેને હોય તેના જ ઉચ્ચારો શુદ્ધ હોય. જેના પોતાના ઉચ્ચારો શુદ્ધ હોય તે જ શિક્ષક-શિક્ષિકા ભણનારાં બાળકોને શુદ્ધ ઉચ્ચારોપૂર્વક સૂત્રપાઠ આપી શકે, પરંતુ જે શિક્ષક-શિક્ષિકાના ઉચ્ચારો અશુદ્ધ હોય તે શિક્ષક-શિક્ષિકા બાળકોને પણ અશુદ્ધ સૂત્રપાઠ આપે, એથી બાળકો શુદ્ધ ઉચ્ચારપૂર્વક સૂત્રપાઠ શીખી શકે નહિ અને ઉચ્ચારની અશુદ્ધિઓ પરંપરામાં વહેતી જ રહે.

કેટલાંક ગામોની પાઠશાળામાં માત્ર બે પ્રતિક્રમણ જ ભણેલાં શિક્ષક-શિક્ષિકા હોય છે, વળી એમને શુદ્ધ ઉચ્ચાર આદિનું કોઈ વિશેષ જ્ઞાન હોતું નથી. તેઓ ભણનારને શું આપી શકે ?

ક્યાંક તો નિશાળના જૈનેતર શિક્ષકને પાઠશાળાના શિક્ષક તરીકે ગોઠવી દેવામાં આવ્યા હોય છે. એમણે સૂત્રો કંઠસ્થ કરેલાં હોતાં નથી. તેઓ તો માત્ર પુસ્તકમાં જોઈને ગાથા આપવા-લેવાનું કામ કરતા હોય છે. આવા શિક્ષક પાસેથી પણ વિશેષ શી અપેક્ષા રાખી શકાય ?

દુનિયાના શિક્ષણ-ક્ષેત્રમાં શિક્ષકો માટેની ટ્રેનિંગ કૉલેજમાં શિક્ષણ અંગેની તાલીમ લઈને, શિક્ષક તરીકેની લાયકાત મેળવ્યા પછી જ શાળામાં શિક્ષક તરીકેની નોકરી મેળવી શકાય છે, કારણ કે શિક્ષક-શિક્ષિકાનું સ્થાન ઘણી જવાબદારીવાળું હોય છે.

દુનિયાના શિક્ષણ કરતાં ધાર્મિક શિક્ષણનું મહત્ત્વ વિશેષ હોવાથી ધાર્મિક પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકાની શિક્ષણ અંગેની જવાબદારી તો દુનિયાદારીના શિક્ષણ કરતાંય વિશેષ હોય છે. **એટલે શ્રી સંઘે પાઠશાળાઓનાં શિક્ષક-શિક્ષિકાઓ માટે સુવિશુદ્ધ ઉચ્ચારોપૂર્વક ધાર્મિક સૂત્રોનાં શિક્ષણની તાલીમ આપવા માટેનાં કેન્દ્રોની સ્થાપના અમુક અમુક મોટાં શહેરોમાં કરવી જોઈએ.** આ કાર્ય ન થાય ત્યાં સુધી મહેસાણા વગેરેની પાઠશાળામાં આ વાત પર વિશેષ લક્ષ્ય અપાવું જોઈએ.

ધાર્મિક શિક્ષક-શિક્ષિકા તરીકેની ફરજ બજાવવા ઇચ્છનારા પુણ્યાત્માઓને સૂત્રોના શુદ્ધ ઉચ્ચાર આદિની સુંદર તાલીમ આશરે એક મહિના જેટલા સમયમાં અપાય પછી એમની પરીક્ષા લેવાય અને એ પરીક્ષામાં ઉત્તીર્ણ (પાસ) થયેલાઓને તાલીમ કેન્દ્રોનું પ્રમાણપત્ર (સર્ટિ૦) અપાય. આવું પ્રમાણપત્ર જેમણે મેળવ્યું હોય એમની જ ધાર્મિક પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકે નિમણૂક કરવામાં આવે તો જ તેઓ બાળકોને ધાર્મિક સૂત્રો શુદ્ધ ઉચ્ચારપૂર્વક સારી રીતે શીખવી શકે અને ધાર્મિક શિક્ષણનું (પાઠશાળાનું) સારું પરિણામ લાવી શકે.

પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકેનું પોતાનું કર્તવ્ય સાચી રીતે બજાવી શકાય, પોતાની ફરજ સારી રીતે અદા કરી શકાય તેમજ પોતાને અને ભણનારાં બાળકોને અશુદ્ધ ઉચ્ચારો કરવાથી જ્ઞાનાવરણીય કર્મોનો બંધ ન થાય અને અશુદ્ધિઓ પરંપરામાં વહેતી ન રહે તે માટે પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકેની ફરજ બજાવવાની પવિત્ર ભાવનાવાળા પુણ્યાત્માઓએ શ્રી સંઘે સ્થાપેલા તાલીમ કેન્દ્રમાં વિશુદ્ધ ઉચ્ચાર આદિની સુંદર તાલીમ લઈને શિક્ષક-શિક્ષિકા તરીકેની લાયકાત અવશ્ય મેળવવી જોઈએ.

વિશેષમાં છોકરા-છોકરીઓની પાઠશાળાઓ અલગ અલગ હોય અને પુરુષ શિક્ષક જ છોકરાઓને ભણાવે; સ્ત્રીશિક્ષિકા જ છોકરીઓને ભણાવે—આવી શ્રી જિનશાસનની સૌનું કલ્યાણ કરનારી ઉત્તમ મર્યાદા છે. પુરુષ શિક્ષક કે સ્ત્રીશિક્ષિકા છોકરા-છોકરીઓની ભેગી પાઠશાળા ચલાવે એ બાબત કલ્યાણકારી શ્રી જિનશાસનની મર્યાદાને સંગત નથી. જ્યાં પુરુષ શિક્ષક હોય ત્યાં ભણવા માટે મહદંશે નાની બાળાઓ જ આવે. મર્યાદા સંગત નહિ હોવાથી મોટી ઉંમરની સ્ત્રીઓ ભણવા આવી શકે નહિ

અને જ્યાં સ્ત્રીશિક્ષિકા હોય ત્યાં ભણવા માટે સાવ નાના છોકરાઓ જ આવે, લજ્જા-મર્યાદા આદિને કારણે મોટી ઉંમરવાળા છોકરાઓ આવે નહિ, એથી પાઠશાળાની પ્રગતિ પણ થઈ શકે નહિ. આ અપેક્ષાએ પણ છોકરા-છોકરીઓની પાઠશાળાઓ અલગ-અલગ જ હોવી જરૂરી છે.

પાઠશાળામાં ભણવા આવતાં બાળકો ભલે નાનાં હોય તોપણ છોકરા-છોકરીઓની પાઠશાળા અલગ જ હોવી જોઈએ. એ ભેગી રાખવી હિતાવહ નથી.

પડતો ને કામોત્તેજક કાળ, કુશિક્ષણ, નબળાં આલંબનો, લોકોની કામવાસનાને ભડકાવે એવાં છાપાં, ટી૦વી૦માં આવતાં લગભગ નગ્ન જેવાં સ્ત્રીઓના ફોટા અને અશ્લીલ દૃશ્યો, છાપામાં આવતાં સદાચારનાશક ને દુરાચારપોષક લેખો, દિનપ્રતિદિન વધતો જતો લજ્જા-મર્યાદાનો ત્યાગ, સારી રીતે ઢાંકવા યોગ્ય એવાં અંગોપાંગોને પણ ઉઘાડાં કરે એવા સ્ત્રીઓના અનુચિત પહેરવેશ, સ્ત્રીઓનું રાતદિવસ ઘરની બહાર એકલા ફરવું, નિર્મર્યાદ છૂટછાટો, રોકટોકનો સર્વથા અભાવ - આવાં ઢગલાબંધ નિમિત્તોથી સદાચારી ને સુસંસ્કારી માણસના પણ આત્મામાં રહેલા અનાદિકાલીન કુસંસ્કારો પ્રગટ થઈ જવાનો જ્યારે પૂરેપૂરો સંભવ હોય ત્યારે છોકરા-છોકરીઓની ભેગી પાઠશાળા રખાય એ શિક્ષક-શિક્ષિકાઓને માટે અને છોકરા-છોકરીઓને માટે પણ અનર્થકારી બનવા સંભવ છે.

ઘણું કરીને પાઠશાળાઓમાં ભણાવતી સ્ત્રીશિક્ષિકાઓના ધાર્મિક સૂત્રોના ઉચ્ચારો ઘણા અશુદ્ધ હોય છે, એટલું જ નહિ, એમનામાં શુદ્ધ ઉચ્ચારો પ્રત્યેની કાળજીનો પણ અભાવ હોય છે.

અશુદ્ધ ઉચ્ચારોપૂર્વક સૂત્રપાઠ આપવા-લેવાથી ભણનાર-ભણાવનાર બંનેને જ્ઞાનાવરણીય કર્મ બંધાય છે, જ્યારે શુદ્ધ ઉચ્ચારોપૂર્વક સૂત્રપાઠ આપવા-લેવાથી ઉભયપક્ષે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ થાય છે, માટે જ ઉચ્ચારશુદ્ધિનું મહત્ત્વ ઘણું ઘણું છે.

નમોસ્તુ, સ્નાતસ્યા, નાની શાંતિ, મોટી શાંતિ, અજિત શાંતિ તથા ભક્તામર, કલ્યાણમંદિર વગેરેનો પાઠ કરવામાં ઉચ્ચારશુદ્ધિની કાળજી ઘણી વધારે હોવી જરૂરી છે.

સૂત્રો જો શુદ્ધ ઉચ્ચારપૂર્વક બોલાતાં હોય તો બોલનાર-સાંભળનાર ઉભયપક્ષે આનંદનો અનુભવ થાય અને એકાગ્રતાથી સૂત્રો સાંભળવાનું મન પણ સૌને થાય.

શ્રી સંઘના અગ્રણીઓએ પણ પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકાઓમાં સદાચાર, નિયમિતતા, પ્રામાણિકતા, દેવગુરુ પ્રત્યે ભક્તિ-બહુમાન, ક્રિયારુચિ આદિ સદ્‌ગુણોની સાથે ઉચ્ચારશુદ્ધિની લાયકાત પણ અવશ્યમેવ જોવી જોઈએ અને એના માટે આગ્રહ પણ રાખવો જોઈએ.

દિનપ્રતિદિન વધતી જતી મોંઘવારીને નજર સમક્ષ રાખીને પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકાઓના પગારનું ધોરણ પણ એમનો નિભાવ સુખપૂર્વક થઈ શકે એવું હોવું જોઈએ.

સંઘ નાનો હોય એથી મોટો પગાર આપી શકે તેમ ન હોય ત્યાં મોટા સંઘો એમને સહાયક બને તો ઓછા પગારે લાયકાત વગરનાને શિક્ષક-શિક્ષિકા તરીકે ગોઠવી દેવાનું બને નહિ.

ખાસ નોંધપાત્ર બાબત એ છે કે મોટા સંઘોમાં જ્યાં પગાર-ધોરણ સારા હોય છે, ત્યાં પણ શિક્ષકોમાં જોઈએ તેવી ઉચ્ચારશુદ્ધિ જોવામાં આવતી નથી.

શ્રી સંઘના અગ્રણીઓએ આ વિષયમાં ખૂબ ખૂબ કાળજીવાળા બનીને પોતાની જવાબદારી સારી રીતે અદા કરવી જોઈએ. શ્રાવકોમાં મોટા ભાગે ઉચ્ચારશુદ્ધિનું જ્ઞાન હોતું નથી, માટે પાઠશાળાના શિક્ષક-શિક્ષિકા તરીકે જેમને પસંદ કરવામાં આવે તેમને સંસ્કૃત-પ્રાકૃતના સારા અભ્યાસી એવા વિદ્વાન સાધુમહારાજ પાસે લઈ જઈને એમની ઉચ્ચારશુદ્ધિની પરીક્ષા કરાવવી જોઈએ અને ત્યાર પછી જ શિક્ષક-શિક્ષિકા તરીકે એમની નિમણૂક કરવી જોઈએ.

પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકેની ફરજ બજાવવા માટે ખાસ કાંઈ શીખવાની, કોઈ જાતની તાલીમ લેવાની કે કોઈ પણ જાતની લાયકાત મેળવવાની જરૂર હોતી નથી, ગમે તેને પણ પાઠશાળાનાં શિક્ષક-શિક્ષિકા તરીકેની નોકરી બહુ સહેલાઈથી મળી જાય છે, એવી છાપ તો ન જ પડવા દેવી જોઈએ.

પાઠશાળાનાં બાળકો જ માત્ર પરીક્ષા આપે એટલું જ પૂરતું નથી, ઉચ્ચાર-શુદ્ધિ આદિની બાબતમાં શિક્ષક-શિક્ષિકાઓએ પણ પરીક્ષા આપવી જરૂરી હોય છે.

મિથ્યાજ્ઞાનના પ્રભાવે આજના મોટા ભાગના શ્રીમંતો પોતાને સુખસામગ્રી મળ્યાના મિથ્યાભિમાનમાં જીવે છે. પોતાના ઘરથી નિશાળ ભલે ગમે તેટલી દૂર હોય તો પોતાનાં સંતાનોને ત્યાં ભણવા જવા હોંશે હોંશે મોકલે, પણ પાઠશાળા જરાક દૂર હોય એ કારણે કે પછી પોતાને ધનસંપત્તિ મળ્યાના મિથ્યા ગર્વથી (સ્ટેટસના કારણે) મુંબઈ જેવા શહેરમાં શ્રીમંતોમાં પોતાનાં સંતાનોને ધાર્મિક શિક્ષણ આપવા માટે ટ્યૂશન રાખવાની પ્રથા ચાલી રહી છે. આમાં ભણાવવા આવનારા ધાર્મિક શિક્ષક કે શિક્ષિકાને માટે, ભણાવવા અંગેની લાયકાત મેળવવા માટે એમણે ધાર્મિક શિક્ષણ ક્યાં, કેવું અને કેટલું મેળવ્યું છે એને અંગેના કોઈ સંસ્થાના કે કોઈ એક પ્રતિષ્ઠિત વિદ્વાન વ્યક્તિના પણ પ્રમાણપત્ર(સર્ટિ૰)ની કોઈ જરૂર હોતી નથી એમ માનવામાં આવે છે. ધાર્મિક સૂત્રો શીખવવા માટે જે અવશ્ય જરૂરી છે, એવી શુદ્ધ ઉચ્ચાર કરવાની કળા અંગેની આવડતની પણ કોઈ જરૂર માનવામાં આવતી નથી. અક્ષર-જોડાક્ષરોનું પણ ખાસ કોઈ જ્ઞાન ન હોય ને ઉચ્ચારો પણ **'મેધા'**(બુદ્ધિ)ના સ્થાને **'મેઘા'**(વાદળો) અને **'દૃષ્ટિ'**ના સ્થાને **'દ્રષ્ટિ'**, **'વૃષ્ટિ'**ના સ્થાને **'વ્રષ્ટિ'** જેવા ભલે ગમે તેવા ગરબડિયા હોય તોપણ ચાલે. એમનામાં વિશેષ કોઈ બુદ્ધિમત્તાની પણ જરૂર હોતી નથી. એમને માત્ર લખતાં-વાંચતાં આવડતું હોય એટલું જ બસ છે. જે સૂત્રો એમને ભણાવવાનાં હોય એ એમણે ગુરુમુખેથી પાઠ લઈને શુદ્ધ ઉચ્ચારપૂર્વક કંઠસ્થ કરેલાં ન હોય તોપણ ચાલે. પુસ્તકમાં જોઈ જોઈને સૂત્રપાઠ અપાય ને લેવાય. એમાં સામાન્ય ભૂલો જ કાઢવાની. આથી એમના મગજ ઉપર ભણાવવા અંગેનો કોઈ ભાર પણ હોતો નથી ને ભણાવવામાં ભૂલ થવા અંગેની કોઈ જવાબદારી પણ હોતી નથી. પરીક્ષા પણ ભણનારાઓની જ લેવાય છે, ભણાવનારાઓની પરીક્ષા લેવાતી નથી. ભણનારાઓની પરીક્ષા લેવાય છે ત્યારે પણ ઓછા કે કાચા શિક્ષણ બદલ માત્ર ભણનારાઓનો જ

દોષ જોવાય-મનાય છે. ભણાવનારની ભણાવવા અંગેની કચાશ કે ભણાવવા અંગેનો દોષ જોવાતો કે મનાતો હોય એમ જણાતું નથી. આમ કોઈ પણ જાતની વિશિષ્ટ લાયકાત, આવડત, બુદ્ધિમત્તા અને પ્રમાણપત્ર વિના જ શ્રીમંતોનાં ઘરોનાં ટ્યૂશનો સહેલાઈથી ને સારા પગારે મળી જાય છે. એથી ધર્મબુદ્ધિ રહે નહિ ને માત્ર રૂપિયા રળી લેવાની વૃત્તિ આવી જાય એ સ્વાભાવિક છે.

પોતે મેળવેલા સમ્યગ્જ્ઞાનના પ્રભાવે ધાર્મિક પાઠશાળાના શિક્ષકો એવી હિતકર સમજવાળા હોય કે **'જ્ઞાન આત્મહિત સાધવા માટે છે. એ વેચાય નહિ, ભણાવવાનો પગાર લેવાય નહિ.' સમ્યગ્જ્ઞાન દ્વારા પોતાના આત્માને સુધારી લેવો એજ શિક્ષકોનો મુખ્ય આશય હોય.** આજીવિકા મેળવવાનો આશય તો નિરુપાયે ને ગૌણપણે જ હોય. શાણા શિક્ષકો તો એવું જ વિચારનારા હોય કે 'ભણાવવાનો પગાર તો અમારે નિરુપાયે લેવો પડે છે માટે લઈએ છીએ. આ રીતે પણ પારકા છોકરાઓને આત્મહિતકર શિક્ષણ આપવાની તક અમને મળી ગઈ છે તે અમારું સદ્ભાગ્ય છે. અમારી આજીવિકા ચલાવવા માટે અમારે ગમે તે ધંધો કે ગમે તેવી નોકરી કરવી પડત. અમારું એ સદ્ભાગ્ય છે કે આજીવિકા મેળવવા માટેનો આવો નિષ્પાપ માર્ગ અમને મળી જવાથી ઘણાં પાપ કરાવનારા વેપારધંધા વગેરેથી અમે બચી ગયા. આ કાળમાં આજીવિકા મેળવવા માટેનું આવું સુંદર ને નિષ્પાપ સાધન આપણા આત્માની સારી ભવિતવ્યતા વિના આપણને મળી શકે નહિ.' આવી આત્મહિતકર સમજ ધરાવનારા શિક્ષકો પરલોકને નજર સમક્ષ રાખીને નિર્લોભપણે સાદું ને સંતોષી જીવન જીવનારા હોય.

હવે એક છેવટની અને મહત્ત્વની વાત રહી ધાર્મિક શિક્ષકોના બહુમાન અંગેની.

દુન્યવી કોઈ પણ વસ્તુની લેશમાત્ર અપેક્ષા રાખ્યા વગર સંપૂર્ણ નિઃસ્વાર્થભાવે આત્મકલ્યાણની બુદ્ધિથી સ્વેચ્છાએ સેવાભાવે કામ કરનારા પુણ્યાત્માઓનાં બહુમાન કરાય તે યોગ્ય છે.

જે વૈદ્યો કે ડૉક્ટરો પૂ. સાધુ-સાધ્વીજી મહારાજની એક પાઈ પણ લીધા વિના નિઃસ્વાર્થભાવે સારવાર કરે છે એમનાં જ બહુમાન કરાય છે, પણ પૂરા પૈસા લઈને સારવાર કરનારા વૈદ્ય-ડૉક્ટરોનાં બહુમાન કરાતાં નથી.

શિક્ષકોનું ખરેખર બહુમાન તો એમના દ્વારા કરાતું જૈનકુળના ધર્મના આચારોનું પાલન, એમનું સાદું, સંયમી ને સંતોષી જીવન, એમનો ધાર્મિક અભ્યાસ, એમની લાયકાત, એમની આવડત, ઉચ્ચારોની શુદ્ધિપૂર્વક બાળકોને અપાતું શિક્ષણ, એમના દ્વારા પાઠશાળામાં ભણતાં બાળકોના અભ્યાસનો થયેલો વિકાસ, બાળકોને ધાર્મિક શિક્ષણ આપવા સાથે શિક્ષક દ્વારા એમનામાં કરવામાં આવેલું જૈનકુળના આચાર-પાલનનું અને વિનય-વિવેક આદિ સદ્ગુણોનું સિંચન, પ્રામાણિકપણે બજાવાતી ફરજ – આવી બધી બાબતોને ધ્યાનમાં લઈને કરવામાં આવતું હોય તો એ સ્વપર હિતાવહ હોવાથી જરૂર આવકાર્ય બને, પરંતુ આવી કોઈ પણ બાબતને ધ્યાનમાં લીધા વિના, માત્ર ધાર્મિક શિક્ષક હોવાના નાતે જ સર્વ શિક્ષકોનું સમાન રીતે બહુમાન કરવામાં આવે એ વ્યવહારદૃષ્ટિએ પણ યોગ્ય કે હિતાવહ જણાતું નથી. આવું બહુમાન સ્વીકારતા પૂર્વે શિક્ષકે તો સૂક્ષ્મ આત્માવલોકન કરવું જ જોઈએ.

હા, કોઈ શિક્ષક-શિક્ષિકાએ જીવનપર્યંત કે ઘણાં વરસો સુધી કોઈ એક પાઠશાળામાં ઘણી સારી રીતે ભણાવવાનું કાર્ય કરી લોકોની ચાહના મેળવી હોય એવા શિક્ષક-શિક્ષિકા વૃદ્ધાવસ્થાને કારણે નિવૃત્ત થવા ઇચ્છતાં હોય ત્યારે એમની લાંબી કારકિર્દીને ધ્યાનમાં લઈને અને તેઓ પોતાનું વૃદ્ધાવસ્થાનું નિવૃત્ત જીવન આજીવિકાની ચિંતા વગર, ધર્મની આરાધના કરવાપૂર્વક સમાધિમાં રહીને સુખપૂર્વક વીતાવી શકે, સદ્ગતિ સાધીને આત્મકલ્યાણ કરી શકે એવી ભાવનાથી એમની નિવૃત્તિ વેળાએ એમનું ઉચિત બહુમાન કરવામાં આવે તો તે જરૂર યોગ્ય ગણાય ને હિતાવહ બની શકે.

આમ સમજી-વિચારીને, અવસરે અને વિવેકપૂર્વક ધાર્મિક શિક્ષકોનાં કરવામાં આવતાં બહુમાન જૈન સંઘ માટે શોભાસ્પદ બને અને એ લોકોના હૃદયમાં પણ ધાર્મિક શિક્ષકો પ્રત્યે આદરભાવ, બહુમાનભાવ ને પૂજ્યભાવ પ્રગટાવનાર બની રહે.

પાણી ઊકળેલું (અચિત્ત થયેલું) ક્યારે ગણાય ?

અગ્નિ ઉપર ઉકાળવા મૂકેલા પાણીમાં ત્રણ (૩) ઊભરા (ઉકાળા) આવે
ત્યારે જ પાણી બરાબર ઊકળેલું એટલે અચિત્ત થયેલું ગણાય.
ત્રણ ઉકાળા આવ્યા વગરનું ઊનું પાણી મિશ્ર ગણાય છે.

ઉકાળેલા પાણીનો કાળ

(ઉકાળેલું પાણી અચિત્ત રહેવાના કાળની મર્યાદા)

૧. ચોમાસામાં (અષાડ સુદ ૧૫થી કારતક સુદ ૧૪ સુધી) ૩ (ત્રણ) પહોર
૨. શિયાળામાં (કારતક સુદ ૧૫થી ફાગણ સુદ ૧૪ સુધી) ૪ (ચાર) પહોર
૩. ઉનાળામાં (ફાગણ સુદ ૧૫થી અષાડ સુદ ૧૪ સુધી) ૫ (પાંચ) પહોર

❈

દિવસ : દિવસ એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો કાળ

રાત : સૂર્યાસ્ત થતાંની સાથે જ રાત્રિ શરૂ થઈ જાય.

❈

પહોર (પ્રહર) : પહોર એટલે દિવસનો ચોથો ભાગ

દિવસ નાનો-મોટો થાય એમ પહોર પણ નાનો-મોટો થાય.

૧. ચોમાસામાં દિવસ જ્યારે અંદાજે **૧૨** કલાકનો હોય ત્યારે
પહોર અંદાજે **૩** કલાકનો હોય.

૨. શિયાળામાં દિવસ જ્યારે અંદાજે **૧૧** કલાકનો હોય ત્યારે
પહોર અંદાજે **૨।।।** કલાકનો હોય.

૩. ઉનાળામાં દિવસ જ્યારે અંદાજે **૧૩** કલાકનો હોય ત્યારે
પહોર અંદાજે **૩।** કલાકનો હોય.

ઊકળીને તૈયાર થયેલું અને સળગતા ચૂલા પરથી ઉતારેલું ઉકાળેલું પાણી

૧. ચોમાસામાં અંદાજે ૯ કલાક અચિત્ત રહે.
૨. શિયાળામાં અંદાજે ૧૧ કલાક અચિત્ત રહે.
૩. ઉનાળામાં અંદાજે ૧૫ કલાક અચિત્ત રહે.

<u>વિશેષ નોંધ</u> : શિયાળામાં પાણીનો કાળ ૪ પહોરનો એટલે સૂર્યોદયથી સૂર્યાસ્ત સુધીનો જ હોવાથી સૂર્યોદય બાદ ઓછામાં ઓછી ૧૫ મિનિટ વીત્યા પછી જ પાણી ચૂલા પરથી ઉતારવું જોઈએ. સૂર્યાસ્ત પહેલાં ઉતાર્યું હોય તો સૂર્યાસ્ત પહેલાં કાચું થઈ જાય. (વિશેષ ગુરુગમથી જાણવું.)

— પૂ. મુનિરાજશ્રી હિતવિજયજી મહારાજ

પ્રાપ્તિસ્થાન : અલકા ટ્રેડર્સ : ૧૫૫૪, કાળુપુર રોડ, જ્ઞાનમંદિર પાસે, અમદાવાદ-૩૮૦ ૦૦૧
ફોન : ૨૨૧૩૧૬૧૩ (O), ૨૬૬૦૨૯૫૬ (R), ૯૩૭૬૧૦૫૬૬૦ (M)

મૂલ્ય : સદુપયોગ

શાસ્ત્રાનુસારી ૧૪ મહાસ્વપ્ન